श्रीहरिः

" सा विद्या तन्मतिर्यया ॥ "

"વિદ્યાનિધિ"(ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત આ નિરૂપકના અન્ય ગ્રંથો

નં.	ગ્રંથનાં નામ		ન્યોછાવર રૂ. (ટપાલ ખર્ચ જુદું)
૧.	શ્રીમદ્‌ભાગવત રસાસ્વાદ	(ગુજરાતી)	૩૦૦.૦૦
૨.	પુષ્ટિપુલિન	(ગુજરાતી)	૨૦૦.૦૦
૩.	ગીતાગુંજન	(હિન્દી)	૭૦.૦૦
૪.	શ્રીમદ્‌ભાગવતમાં અદ્‌ભુત વિજ્ઞાનવિહાર	(અંગ્રેજી-ગુજરાતી)	૧૦૦.૦૦
૫.	સુલભશાંતિ	(હિન્દી)	૨૦.૦૦
૬.	સુલભશાંતિ	(ગુજરાતી)	— —
૭.	જીવનમંગલ	(ગુજરાતી)	— —
૮.	પત્રપરિમલ	(ગુજરાતી)	— —
૯.	વ્રજવિહાર	(ગુજરાતી)	— —
૧૦.	કરાલકલિકાલમાં કલ્યાણ	(ગુજરાતી)	— —
૧૧.	ત્રિવિધનામાવલી	(ગુજરાતી)	— —
૧૨.	શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્ર	(ગુજરાતી)	— —
૧૩.	કુર્યાત સદા મંગલમ્	(ગુજરાતી)	૨૦.૦૦
૧૪.	વિજ્ઞપ્તિ	(હિન્દી)	૩૦.૦૦
૧૫.	સુમંગલ-નવનીત-સંચય	(ગુજરાતી)	— —
૧૬.	દુઃખ-દયાનું દાન	(ગુજરાતી)	— —
૧૭.	શ્રીમદ્-ભાગવતમહાપુરાણમ્ (સાત્વતસંહિતા)	(સંસ્કૃત)	— —
૧૮.	શ્રીમદ્-ભાગવત પ્રથમનજરે	(ગુજરાતી)	— —
૧૯.	શ્રીમદ્‌ભાગવત સિંહાવલોકન	(ગુજરાતી)	૨૦.૦૦
૨૦.	શ્રીમદ્‌ભાગવત સિંહાવલોકન	(હિન્દી)	૨૦.૦૦
૨૧.	શ્રીમદ્‌ભાગવત સિંહાવલોકન	(અંગ્રેજી)	૨૦.૦૦

આ ઉપરાંત બીજા અનેક ગ્રંથો છે.

થનારાં પ્રકાશનો :

(૧) સરલ શ્રીભાગવત, (૨) શ્રીમદ્-ભાગવતાન્વયાર્થ; બીજાં અનેક

અન્યત્રથી પ્રકાશિત :

(૧) શ્રીસ્વામિન્યષ્ટકમ્, (૨) ગુપ્તરસ, (૩) શ્રીમદ્-ભાગવત-પ્રથમનજરે,
(૪) પુષ્ટિ-માર્ગ, (૫) પુષ્ટિ-મંગલ, (૬) દ્વિજ-દિવ્યતા, (૭)સંગ્રહ-કુંજ

"પુષ્ટિ ત્રિવેણી"

श्रीहरिः

" सा विद्या तन्मतिर्यया ॥ "

પુષ્ટિપ્રભુ - પુષ્ટિભક્તિ - પુષ્ટિભક્તો

"પુષ્ટિ ત્રિવેણી"

: નિરૂપક :

ભાગવતભૂષણ,ભાગવતરત્ન,ભગવચ્છાસ્રનિષ્ણાત,
નવનીતપ્રિય શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય(પ્રદત્ત-સુવર્ણચન્દ્રક),કાવ્યતીર્થ
સિવિલ એન્જીનીઅર

: પ્રકાશક :

"વિદ્યાનિધિ"(ટ્રસ્ટ)
નડીઆદ

: સૌજન્ય :

શ્રી ગિરિધરભાઈ સંજાણવાળા
શ્રી જનકભાઈ મજમુદાર
સૌ.પન્નાબહેન મજમુદાર

શ્રીહરિઃ

" सा विद्या तन्मतिर्यया ॥ "

પુષ્ટિપ્રભુ-પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તો

"પુષ્ટિ ત્રિવેણી"

: નિરૂપક :

ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,

નવનીતપ્રિય શાસ્ત્રી

વલ્લભવેદાન્તાચાર્ય(પ્રદત્ત-સુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ

સિવિલ એન્જીનીઅર

: પ્રકાશક :
"વિદ્યાનિધિ"(ટ્રસ્ટ)
નડીઆદ

: સૌજન્ય :
શ્રીગિરિધરભાઈ સંજાણવાળા
શ્રીજનકભાઈ મજમુદાર
સૌ. પન્નાબહેન મજમુદાર

શ્રીહરિઃ

પ્રકાશકઃ "વિદ્યાનિધિ" (ટ્રસ્ટ)
"વ્રજવિહાર", મોટીપોળ, મોંદીસાંથ,
નડીઆદ-૩૮૭૦૦૧ (જિ.ખેડા), (ગુજરાત),
ફોન નં. ૯૧-૨૬૮-૫૦૯૦૮

: ન્યોછાવર :
રૂા. ૩૦/-
વી.પી.નહિ થાય; મોકલવાનું ખર્ચ જુદું

આ ગ્રન્થના સર્વાધિકાર "નિરૂપક"ને સ્વાધીન છે.

પ્રથમાવૃત્તિ પ્રત-૨૦૦૦ વિ.સં.૨૦૫૮, ઈ.સં.૨૦૦૨

ગ્રંથ-પ્રાપ્તિ-સ્થાન

શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી
ઠે."વ્રજવિહાર"
મોટીપોળ, મોદીસાંથ,
મુ.નડીઆદ -૩૮૭૦૦૧
ફોન નં. ૫૦૯૦૮

શ્રીજનકભાઈ મજમુદાર
ઠે.૧૦/એ, હીલવ્યુ એપાર્ટમેન્ટ,
નવરંગ સિનેમાની બાજુમાં,
અંધેરી(વેસ્ટ) મું.મુંબઈ
ફોન નં. ૬૨૮૨૯૪૮

શ્રીવિઠ્ઠલદાસભાઈ કારાણી
ઠે."નન્દાલય"પ્લોટ નં. ૨૦,
હાટકેશ કો.ઓ.હા.સોસાયટી,
જુહુસ્કીમ - છઠ્ઠો રસ્તો,
વીલે-પાર્લે (વેસ્ટ)
મુ.મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન નં. ૬૧૨૧૬૦૧, ૬૧૪૬૭૦૫

સૌ.નીલાક્ષીબેન હરિભક્તિ
પ્રગતિ એપાર્ટમેન્ટ,
વુડલેન્ડ હોટલ પાછળ,
રેસકોર્સ,
મુ.વડોદરા -
ફોન નં.૩૫૩૨૯૨

શ્રીપીયૂષભાઈ શાહ
ઠે."હરિકુંજ",
સી.એન.વિદ્યાલય સામે,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન નં. ૬૪૪૪૦૦૮

શ્રીવૈકુંઠભાઈ ભગત
ઠે. ઝવેરી મહોલ્લો,
મુ.ભરૂચ- ૩૯૨ ૦૦૧

શ્રીહરિઃ

" सा विद्या तन्मतिर्यया ॥ "

પુષ્ટિપ્રભુ-પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તો

"પુષ્ટિ ત્રિવેણી"

નિરૂપણ-નિવેદન

જીવન તો જગતમાં સૌને સુલભ છે. દેશ-કાલાનુરૂપ સૌ જીવે છે. ભગવદિચ્છાથી કર્માનુસાર જીવન-પ્રકાર બને છે. સ્વભાવનો પ્રભાવ પણ તેમાં ભળે છે. દુઃખ દૂર કરવા અને સુખ મેળવવા સૌની મથામણ છે. તેમાં પ્રાયઃ દુઃખ જ દેખાતાં જાય છે! સુખ સ્વપ્નની જેમ દૂર સરી જતાં લાગે છે! સાનુકૂલ લાગે તે-સુખ! પ્રતિકૂલ લાગે તે-દુઃખ! સુખ-દુઃખના દ્વન્દ્વમાં અથડાતાં-અકળાતાં જીવન વીત્યે જાય છે! તેમાંથી બચવા મથતાં-મૂઝાતાં-મુશ્કેલીમાં મૂકાતાં-મશ્કરીપાત્ર પણ થતાં-સૌ જીવનને જીરવવા જીવન વેડફે છે! દુઃખમાંથી છૂટવું તો સૌને ગમે છે, -મુશ્કેલીઓમાંથી મુક્ત થવા મથે છે; પણ દુઃખનો અંત આવતો તો નથી! બધાં દુઃખોનું મૂલ છે, -જન્મ! જન્મે જ નહિ તેને દુઃખ ક્યાંથી ?! એક વાર જન્મ તો મળી ગયો, પુનઃ ન મળે તેવો વિચાર-આચાર પણ કેટલાનો સંભવે ? ક્ષણિક તેવો ઝબકારો થાય તો પણ અનેકવિધ વૃત્તિ-પ્રવૃત્તિમાં તે ટકે કેટલો ? કદાચ ટકે તો તેનાં સાધન-સંયોગ-સહયોગ-પ્રયોગ સુલભ કેટલાને થાય ? તેવો સન્માર્ગ મળે ક્યાંથી ? જગતમાં જીવન છે, સન્માર્ગ પણ છે; છતાં બેનો મેળ ક્યાં સુલભ છે ? કાલ-કર્મ-સ્વભાવની ત્રિવેણીમાં સૌ ડૂબકાં ખાય છે; મન ભરાય છે-ગભરાય છે-ઊભરાય છે! જેમ તેમ કરીને જીવવા મથતો જીવ જીરવી કેટલું શકે ?! પરિણામે બળતરા અને બબડાટ વ્યવહારમાં વણાઈ જાય છે; તેથી અણગમતો તે અનેકને થઈ પડે છે; છતાં આમાંથી અટકાતું કે છટકાતું નથી! ભટકાતું રહેવાય છે, -ભવમાં !

કાલ-કર્મ-સ્વભાવના પ્રબલ-પ્રવાહમાંથી બચાય તો માત્ર ભગવાનના અનુગ્રહથી! **कृष्णानुग्रहरूपा हि पुष्टिः कालादिबाधिका । अनुग्रहो लोकसिद्धो गूढभावान्निरूपितः ॥-श्रीभागवतार्थप्रकरणम्(६-२)**-કૃષ્ણના અનુગ્રહ-રૂપા પુષ્ટિ કાલ-કર્મ-સ્વભાવનો બાધ કરનારી છે. અનુગ્રહ

લોકમાં સિદ્ધ-પ્રસિદ્ધ છે,ગૂઢભાવથી(કારણરૂપ)ભગવાનમાં તેનો નિર્ણય કરેલો છે.શ્રીભાગવતજીના છઠ્ઠા સ્કન્ધમાં ભગવાનની અનુગ્રહ-પુષ્ટિ-લીલા છે.અન્યત્ર કહેલી"રક્ષા"કરતાં તે વિશિષ્ટ છે, અલૌકિક છે."રક્ષા"-કથામાં તો ભગવાન્ વેદદ્વેષી અસુરોના સ્વરૂપનો નાશ કરે છે! આ"રક્ષા"તેમના દ્વેષના મૂલ કારણ-રૂપ સ્વભાવ અને તેમાં સહકારી કાલાદિનો બાધ કરતી નથી,ન તો અસુરોને મોક્ષ દે છે!આ પુષ્ટિ તો તેમના સ્વભાવને બદલી દે છે,જેથી સ્વરૂપતઃ તેઓ હોવા છતાં વેદનો દ્વેષ કરતા નથી,ભગવાન્ તેમને મારે તો તેઓ મુક્ત થાય છે!આ અલૌકિક-પ્રકાર છે.આ અનુગ્રહ-કૃપા મન કે આત્માનો વિશેષ ધર્મ છે, ઈચ્છાદિથી જુદો છે.ઈચ્છાદિતો કાલાદિની પ્રવર્તક છે;આ અનુગ્રહ તો કાલાદિનો નિવર્તક છે.અનુગ્રહ લોકમાં પ્રસિદ્ધ છે.કોઈ ખૂબ દેવાદાર થઈ જાય,નાદારી નોંધાવે,તો મૂલ મોટી રકમનો થોડોભાગ પણ ચૂકવીને તે દેવામાંથી મુક્ત થઈ શકે છે.સ્મૃતિમાં પણ આવું પ્રસિદ્ધ છે.જુદાં જુદાં પાપોનાં પ્રાયશ્ચિત્ત તેમાં બતાવેલાં છે.કોઈ અત્યંત પાપીને તેનું પ્રાયશ્ચિત્ત મળતું ન હોવા છતાં,સ્વલ્પ પ્રાયશ્ચિત્તથી પણ પાપમુક્ત થયેલો ગણે છે. લોક-શાસ્ત્રમાંનો આવો અનુભવ પણ છેવટે તો તેના મૂલકારણરૂપ ભગવાનને લીધે જ છે.સર્વના કારણરૂપ ભગવાનમાં આદ્ય-અનુગ્રહ ગૂઢ રહેલો હોવાથી,તેમના કાર્ય-રૂપ જગતમાં આવો અનુગ્રહ દેખાય છે.પુષ્ટિ-પોષણ-અનુગ્રહ-કૃપા-ક્ષમા-દયા-કરુણા-અનુકંપા-વગેરે શબ્દો પર્યાય જેવા છે,તેમાં અર્થ-ભેદ સૂક્ષ્મ છે.

૧.**પુષ્ટિ**- "**कालादिनिवर्तकोऽनुग्रहापरनामा वीर्यविशेषरूपो भगवद्धर्मः पुष्टिः।**"-**श्रीभागवतार्थप्रकरणम-योजना**(૬-૩)કાલ-કર્મ-સ્વભાવ-વગેરેને દૂર કરનાર,"અનુગ્રહ"જેનું બીજું નામ છે તેવો,સામર્થ્ય-વિશેષ-રૂપ, ભગવદ્ધર્મ પુષ્ટિ છે."**स्वरूपवलेन स्वप्रापणं पुष्टिः**"-**अणुभाष्यम्**(૩-૩-૨૧) સ્વરૂપબલથી ભગવાન્ સ્વપ્રાપ્તિ કરાવે તે પુષ્ટિ."પુષ્ટિ"-ભગવાનની સેવા કરતી મૂર્તિમતી શક્તિ પણ છે.જેના પ્રવેશથી સૌ પુષ્ટ બને છે,નહિ તો અત્યાહાર છતાં પુષ્ટ ન થવાય.શ્રીભાગવત(૧૦-૩૯-૫૫)-શ્રીસુબોધિનીજી "**पुष्टिर्नाम यया सर्वे पुष्टा भवन्ति सा यत्र न प्रविशति ते बह्वाहारा अपि न पुष्टा भवन्ति ।**"શાસ્ત્રમાં ભક્તિ કહી છે,તેથી"પુષ્ટિ"છે.

૨.**પોષણ** - તે "પોષણ" પણ કહેવાય છે."**पोषणं तदनुग्रहः**"-**श्रीभागवतम्**(૨-૧૦-૪)-પોષણ સ્થિતિ-વૃદ્ધિ-રૂપ છે.

૩.**પ્રસાદ**-"**प्रसादस्तु प्रसन्नता**"-**પ્રસાદ તો પ્રસન્નતા છે.**"**प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।**"-**गीताजी**(૨-૬૫) પ્રસન્નતા થતાં સર્વદુઃખોનો નાશ થાય છે.પ્રસાદ દુઃખ નાશક છે."**प्रसादस्तु स्वधर्माविर्भावः ।**"-**श्रीसुबोधिनी**(૧૦-૧૦-૨૧)પ્રસાદ તો સ્વધર્મનો(સામામાં) આવિર્ભાવ છે.

૪.**કૃપા**-"**कृपूसामर्थ्ये**"ભગવાનનુંસામર્થ્યજેવ્યક્તિનેસમર્થબનાવે,બાપડો-બિચારો-લાચાર ન થવા દે."**कृप दौर्बल्ये**"ભગવાન્ સ્વેચ્છાથી સ્નેહવશ દુર્બલતા સ્વીકારીને,ભક્તાનુકૂલ થઈ જાય તે નિર્દોષ પક્ષપાત પણ છે.

૫.**અનુગ્રહ**- "**अनुग्रहस्तु परदोषाणां स्वीकारः ।**"-**श्रीसुबोधिनीजी**(૧૦-૧૦-૨૧)અનુગ્રહ તો પારકાના દોષોનો સ્વીકાર છે,-સામાને છે તેવા તેમના દોષો સાથે અપનાવી લેવા તે.ભગવાન્ ઈચ્છે,તેને અનુરૂપ વરણ (પસંદગી)કરે,તેને અનુરૂપ અનુગ્રહ કરે છે.ઈચ્છા અને વરણ પછીનો સ્વીકાર અનુગ્રહ છે.કાલ-કર્મ-સ્વભાવ-નિવારક ભગવત્સામર્થ્ય-વિશેષ ધર્મ અનુગ્રહ છે.સ્થાપક-ધર્મ પણ અનુગ્રહ છે. આશ્રય પણ અનુગ્રહ રૂપ છે.

૬.**ક્ષમા**- માફી કે સહિષ્ણુતાના અર્થમાં છે.

૭.**દયા-કરુણા-અનુકંપા**- સહાનુભૂતિના અર્થમાં છે.

આમ,કાલ-કર્મ-સ્વભાવના પ્રભાવમાંથી બચવા,અધિકાર વગર પણ ઉત્તમતા મેળવવા,દોષો-ભૂલોમાંથી છૂટવા,ભગવાનની કૃપા (પુષ્ટિ)વિના,બીજો કોઈપણ ઉપાય સંપૂર્ણ નથી.ભગવાન્ સર્વસમર્થ છે.તે સ્વેચ્છાથી યોગ્ય કે અયોગ્યને,રાજા કે રંકને,હીન કે ઉત્તમને,કોઈને પણ,પોતાના સામર્થ્યથી કૃતાર્થ કરી દે છે.જીવને તેમાં કાંઈ જ કરવું પડતું નથી.જીવ ઈચ્છે કે ન પણ ઈચ્છે,પ્રભુ તેને પોતાના સામર્થ્યથી પોતાની પ્રાપ્તિ પણ કરાવી દે છે!આ પુષ્ટિ છે!ભગવાન્ કાલ-કર્મ-સ્વભાવના પ્રભાવમાંથી જીવને બચાવે,જીવનો વગર સાધને ઉદ્ધાર કરે,તે પુષ્ટિ છે; પણ તેમાં મર્યાદિત ફલ હોવાથી તે મર્યાદામિશ્ર છે.ભગવાન્ જીવને પોતે

જ પોતાના સામર્થ્યથી,પોતાના પ્રયત્નથી,પોતાની પ્રાપ્તિ કરાવે તે તો કેવલ પુષ્ટિ છે;શુદ્ધ પુષ્ટિ છે!તેમાં ફલ તો પ્રકટ ભગવાન્ પોતે જ છે.તે પ્રારંભદશા છે.ભગવાનના લીલા-વિહારોમાં સ્વરૂપાનન્દનો અનુભવ ફલ છે.તે ચરમદશા છે.આ શુદ્ધપુષ્ટિ છે.પુષ્ટિના ચાર પ્રકારો,-પ્રવાહપુષ્ટિ-મર્યાદાપુષ્ટિ-પુષ્ટિપુષ્ટિ-શુદ્ધપુષ્ટિ-ગ્રંથમાં પ્રસિદ્ધ છે.

જ્યાં જ્યાં અસ્તિત્વ છે,ત્યાં ત્યાં અનુગ્રહ છે,-પુષ્ટિ છે.અનુગ્રહ વિના તો કોઈનું અસ્તિત્વ પણ ન સંભવે!"द्रव्यं कर्म च कालश्च स्वभावो जीव एव च । यदनुग्रहतः सन्ति न सन्ति यदुपेक्षया ॥"श्रीभागवतम्(२-१०-१२)દ્રવ્ય-મહાભૂતો વગેરે,કર્મ-અદૃષ્ટ-વગેરે,કાલ-સર્વનો નિયામક-સર્વનિમિત્તભૂત,સ્વભાવ-પરિણામના હેતુરૂપ,જીવ-ભોક્તા(ભગવાન-નો અંશ),અન્ય સાધનો વગેરે,પ્રકટ થાય છે,-અસ્તિત્વ ધરાવે છે,કાર્યક્ષમ થાય છે,-ભગવાનના અનુગ્રહથી જ!ભગવાન્ ઉપેક્ષા પણ કરે તો કોઈનું અસ્તિત્વ ન સંભવે,અવ્યક્ત સૌને ખેંચી લે!તેમાં ભગવાનને ક્રોધ પણ ન કરવો પડે!આમ,અસ્તિત્વ-કાર્યક્ષમતા-વગેરે ભગવાનના અનુગ્રહથી જ સંભવે છે.આમ,પ્રવાહમાં પણ પુષ્ટિ છે.

મર્યાદામાં,શાસ્ત્રોક્ત કર્મ-જ્ઞાન-ભક્તિ-માર્ગમાં પણ સાધન-ફલ તો કેવલ ભગવાનના અનુગ્રહથી જ સંભવે છે.સાધન-ફલનું અસ્તિત્વ પણ અનુગ્રહથી જ સંભવે છે.તેમનું મળવાનું પણ અનુગ્રહથી જ સંભવે છે,તેમનું ફળવાનું પણ અનુગ્રહથી જ સંભવે છે.મર્યાદિત તેમાં સાધન,સાધનાનુરૂપ મર્યાદિત ફલ,તેથી આ છે-મર્યાદા!આમ,મર્યાદામાં પણ પુષ્ટિ છે."नारायणपरा वेदा देवा नारायणाङ्गजाः। नारायणपरा लोका नारायणपरा मखाः ॥ नारायणपरा योगा नारायण परं तपः । नारायणपरं ज्ञानं नारायणपरा गतिः ॥"-श्रीभागवतम्(२-५-१५,१६)વેદો નારાયણ-પરાયણ છે.દેવો નારાયણના અંગમાંથી થયેલા છે.લોકો નારાયણ-પરાયણ છે.યજ્ઞો નારાયણ-નારાયણ-પરાયણ છે.યોગો નારાયણ-પરાયણ છે.તપઃ નારાયણ-પરાયણ છે.જ્ઞાન નારાયણ-પરાયણ છે.ગતિ નારાયણ-પરા છે.બધું જ આમ,નારાયણ-પરાયણ છે,તો નારાયણના અનુગ્રહ વગર મળે કે ફળે શું ?

પુષ્ટિમાં તો ભગવાન્ પોતે જ પોતાના સ્વરૂપબલથી પોતાની પ્રાપ્તિ કરાવે છે.આમ,પુષ્ટિમાં તો પુષ્ટિ-પુષ્ટતા સ્વભાવિક જ છે.આમ, પ્રવાહ-મર્યાદા-પુષ્ટિમાં સર્વત્ર પુષ્ટિ વિલસી રહી છે!ભગવાન્ પણ પ્રવાહસ્થ-મર્યાદાસ્થ-પુષ્ટિસ્થ રહીને લીલા કરે છે!भगवानपि च पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ।-नवरत्नम्(१)ભગવાન્ અને જીવ પણ પુષ્ટિસ્થ હોવાથી,મર્યાદામાર્ગીય સાધન વૈરાગ્ય-વગેરે જીવમાં ન હોવા છતાં પણ,જીવને મહાપુરુષે(શ્રીમહાપ્રભુજીએ)નિવેદિત કરેલો હોવાથી, સ્વકીયરૂપે પોતે સ્વીકાર્યો હોવાથી,લૌકિકગતિ-વૈદિકગતિ નહિં કરે!-પુષ્ટિમાર્ગીય-ગતિ જ કરશે.આમ,સુલભ જીવન અને દુર્લભ સન્માર્ગનો સફલ જ સુમેળ ભગવાન્ પુષ્ટિથી જ કરી દે છે!પુષ્ટિસ્થ પ્રભુ છે,-પુષ્ટિ-પ્રભુ!પુષ્ટિથી ભક્તિનું પ્રદાન પણ કરે છે,-તે પુષ્ટિભક્તિ છે!-પોતાનું પોતે પ્રદાન કરી દે છે!પ્રેમમગ્નતામાં પરવશતા પ્રભુ પોતાની સ્વીકારી લે છે! જીવન અને સન્માર્ગના સુમેળ માટે પોતાના પુષ્ટિભક્તો ને પણ મેળવી દે છે!આમ, પુષ્ટિપ્રભુ-પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તોની "પુષ્ટિત્રિવેણી" પણ પુષ્ટિથી જ રચાઈ જાય છે! "भगवान् भक्तद्वारैव सर्वं विदधातीति सिद्धान्तः।" ભગવાન્ ભક્ત દ્વારા જ સર્વકાંઈ કરે છે,-આ ભક્તિમાર્ગીય સિદ્ધાન્ત છે.આ"પુષ્ટિત્રિવેણી"ભગવાનની લીલા જ છે!सर्वलीलाः पुष्टिमध्ये प्रविशन्तीति मे मतिः । अतः सृष्टिस्तु निखिला कृष्णार्थेति विनिश्चयः॥ तस्मात्सिद्ध्यन्ति कार्याणि भक्त्यैवाश्रयणाद्धरेः ॥-श्रीभागवतार्थप्रकरणम्(६-९८,९९)અધિકાર,-સાધન,સર્ગ,વિસર્ગ,સ્થાન,પોષણ,ઊતિ,મન્વન્તર, ઈશાનુકથા,નિરોધ, મુક્તિ અને આશ્રય રૂપ(સાધારણ અને વિશેષ)લોકિક અને અલૌકિક સર્વલીલાઓ પુષ્ટિમાં પ્રવેશે છે,આમ મારી (શ્રીમહાપ્રભુજીની)સમજ છે.આથી આખી સૃષ્ટિ તો કૃષ્ણ માટે જ છે,એવો વિનિશ્ચય છે.તે કારણે સઘળાં કાર્યો ભક્તિથી-હરિના આશ્રયથી-જ યથાધિકાર સિદ્ધ થાય છે.

મારા જીવનમાં તો પુષ્ટિપ્રભુ-પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તની "પુષ્ટિત્રિવેણી" અનાયાસે હર્ષથી રચાઈ ગઈ!પુષ્ટિલીલા છે! નિ.લી.પૂ.પા.ગો.૧૦૮શ્રીવ્રજરાયજી(નટવરગોપાલજી)મહારાજશ્રી દ્વારા શ્રીમહાપ્રભુજીએ જ પુષ્ટિપ્રભુ શ્રીનવનીતપ્રિયજી પધરાવી દીધા!

તેમની યથાધિકાર સેવા-કથાથી પુષ્ટિભક્તિનું પ્રદાન કરી દીધું!જીવન અને(ભક્તિ)સન્માર્ગનો સુમેળ સાધતા પુષ્ટિભક્તો(પૂ.પા.પ.ભ.દાદાજી શ્રીવ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજી,પૂ.પા.પ.ભ.શ્રીનાગરદાસકાકા,પ.ભ. મુ.શ્રીમોહનકાકા)મેળવી દીધા!નત મસ્તક છું,હૃદય રેલાય છે,આંખ ઊભરાય છે,મન મગ્ન છે,વાણી વિરમે છે,મૌન માણતો રહું છું,-આ **“પુષ્ટિત્રિવેણી”**ને!વિનમ્ર વંદન જ નિવેદન કરું છું. અનુપમ અનુગ્રહનો ઉલ્લેખ થઈ જાય છે-,**“श्रीनवनीतप्रिय शास्त्रीजी(नडीआद),निर्गुण भक्तिमार्गप्रतिपादक इन पण्डितप्रवरके प्रति आपश्रीका परमस्वत्वभाव था और इसीके कारण इनके घर पर(स्व)सेव्यस्वरूप श्रीठाकुरजी पधराये । आचार्यश्री इनके और इनकी पत्नीके हाथसे उनके घर प्रसादी अरोगने में गौरव समजते थे।” -(आत्मचरित,चोपडा नं.२,पृ.१०२,ता.१३/१/१९७४)**

પૂ.પા.પ.ભ.દાદાજીનાં વત્સલ-સંસ્મરણો તો **“વ્રજવિહાર”**માં થોડાં રેલાયેલાં!પૂ.પા.પ.ભ.શ્રીનાગરદાસકાકાની વત્સલ સ્મૃતિ તો આપના**“વલ્લભ-વેદાન્ત”**માં મારા લેખમાં આલેખાએલી! પ.ભ.મુ. શ્રીમોહનકાકાની વત્સલતા તો આ વખતે અહીં વ્યક્ત થઈ ગઈ!આ **“પુષ્ટિભક્ત-ત્રિવેણી”**એ તો મને પુષ્ટિજીવન-ઘડતર,વિરલ વિદ્યા અને ઉદાત્ત આચારની “ત્રિવેણી” દીધી છે!

પૂ.પા.પ.ભ.દાદાજીનું ઘણું સાહિત્ય-ટેપરેકોર્ડ,પત્ર,સત્સંગ-નોંધો વગેરેમાં-વિખરાએલું હતું!ચિ.સૌ.બહેન પન્ના(પૂ.પા.દાદાજીનાં ધર્મપુત્રી)ને મંગલ-મનોરથ થયો,-તેના સંકલનનો!સમય સાધીને દેવલાલીમાં પંદરેક દિ’ લાભ લીધો.મુ.પ.ભ.શ્રીગિરિધરભાઈ સંજાણવાળા,શ્રીજનકભાઈ મજમુદાર તથા સૌ.પન્નાજનકભાઈ મજમુદારે સન્નિષ્ઠા-સ્નેહ-સમજની“ત્રિવેણી”માં રાચતાં ખૂબ શ્રમપૂર્વક બધું લિપિબદ્ધ કર્યું.“ત્રિવેણી”વાક્યસંકલનમાં થઈ!શ્રીગોવિન્દભાઈ દાવડાનો પણ સ્વલ્પ લેખનમાં સહયોગ થયો!તેમને સધન્યવાદ મંગલાશીર્વાદ! -ભગવત્સ્મરણ!બધું તપાસીને ક્રમબદ્ધ કરવાની સેવા મને મળી!અમારા જેવા,પુષ્ટિમાર્ગમાં જીવનઘડતર તલસતા,સ્વજન-સુજનને તે વાત્સલ્યવૃષ્ટિ વિકાસ-પ્રકાશ દે,તે વિચારે તેને ગ્રંથાકાર દેવાયો!

નડીઆદમાં આવીને “ભક્તિહંસ”ના મંગલાચરણનું **“ब्रह्मादिदुर्लभकथं राधामानापनोदकं कृष्णम्। तदनुग्रहैकफलभ्यां भक्तिं च नुमस्तदीयांश्च ।”**-વ્યાખ્યાન અનુગ્રહૈકલભ્ય થયું.આંખ અને અક્કલ મારાં તો દુર્બલ! પુષ્ટિ તો પ્રબલ!તેણે રાત દિ’ સતત કાર્ય-સામર્થ્ય દીધું !સ્વાન્તઃસંવેદનો શબ્દરૂપે સાકાર થયાં!તેને મુદ્રણયોગ્ય રૂપ દેવા માટે પ્રિય ચિ.ભાઈ કીર્તને સોલ્લાસ સામેથી સેવા દીધી!કોમ્પ્યુટર પર ગ્રંથને ગ્રથિત કર્યો!તેને સવાત્સલ્ય હાર્દિક મંગલાશીર્વાદ!-પ્રભુ તેને ઉત્કર્ષ દે!ગ્રંથના પ્રુફ તપાસવાની સેવા તો ચીવટથી ચિ.સૌ.લતા જયેશભાઈ પરીખ,ચિ.કુ.સોનુ જીવણલાલ પારેખ,તથા(ઢબુ)ચિ. સૌ.જયશ્રી દીપકભાઈ પારેખ-“ત્રિવેણી”એ સસ્નેહ દીધી છે.સવાત્સલ્ય-સહૃદય-મંગલાશીર્વાદ તેમને!મુદ્રણ-વ્યવસ્થા સરલ-સન્નિષ્ઠ-સુજન શ્રીયોગિનભાઈ પરીખ દ્વારા સરલ થઈ ગઈ.તેમને મંગલાશીર્વાદ!આ સેવાકાર્યમાં જાણ્યે-અજાણ્યે સેવાભાગી સદ્ભાગિજનોને પણ સસ્નેહ ભગવત્સ્મરણ!મારા ગૃહસેવાકાર્યને સરલતાથી સંપાદન કરી લઈને,મને આવાં ભગવત્કાર્યમાં સાવકાશ કરતાં,મારાં સહધર્મચારિણી સૌ.વિનોદિનીને પણ સસ્નેહ-મંગલાશીર્વાદ! ભગવત્સ્મરણ! ઘણાં ગામોમાં અમારા “શ્રીમદ્ભાગવત-પરિવાર” પ્રભુકૃપાથી ચાલે છે. તે સૌને પણ સસ્નેહ ભગવત્સ્મરણ!

પુનઃ,પુષ્ટિપ્રભુ-પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તોને સદૈન્ય સા.દં.પ્રણામ નિવેદન કરું છું.મારા શ્રીમદાચાર્યચરણોના ચરણે તો મસ્તક-હૃદય મૂકાઈ જ ગયેલાં છે!પોતે પોતાના ભગવત્કાર્યમાં મને યોજીને સુદૃઢ સ્વકીયતાનો સ્વાનુભવ-સ્વાનુભાવ પ્રદાન કરી રહ્યા છે.મેં તો માત્ર**“પુષ્ટિત્રિવેણી”** નિરૂપણ-નિર્દેશ કર્યો છે! **“कर्ता कारयिता हरिः ॥”** સદૈન્ય-સા.દં.પ્રણામ !

સં.૨૦૫૮
વિજ્યાદશમી
મંગળવાર
તા.૧૫/૧૦/૨૦૦૨
“વ્રજવિહાર”
નડીઆદ

“પુષ્ટિત્રિવેણી”મજ્જનમગ્ન,
વિનીત
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
પ્રભુવંદન

श्रीहरिः

પુષ્ટિપ્રભુ-પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તો
“પુષ્ટિત્રિવેણી”

અનુક્રમણિકા

ક્રમ વર્ણનીયવિષય પૃષ્ઠાંક

નિરૂપણ-નિવેદન .... III-IX

હૃદયોદ્ગાર-સંગ્રહ XV

भावांजलिः XVI

ભાવાંજલિ-નિવેદન ભાષાંતર XVII

નિવેદન XVIII

(૧) **ब्रह्मादिदुर्लभकथम्** ૧

૧. બ્રહ્મા-વગેરેને જેમની કથા દુર્લભ છે તેવા(શ્રીકૃષ્ણ)
વિશ્વ-ભગવાનની લીલા ૧

૨. વિશ્વ-અખંડ બ્રહ્મ-રૂપ ૨

૩. વિવિધ સૃષ્ટિપ્રકાર-ભગવાનનો મહિમા ૩

૪. નિર્ગુણ ભગવાનના ત્રણ ગુણોઃ વિરાટ પુરુષ ૩

૫. પ્રભુ પ્રદત્ત શ્રીભાગવતસેવનથી ત્રિદેવોનું સામર્થ્ય ૫

૬. પ્રત્યેક કલ્પે સર્જનઃબ્રહ્મકલ્પ-કથાઃ બ્રહ્માજી દ્વારા સર્જન ૬

૭. પદ્મકલ્પની કથાઃ-બ્રહ્માજી દ્વારા સર્જન ૭

૮. બ્રહ્માજી વગેરે ગુણાવતાર છે ૯

૯. બ્રહ્માજીના સરસ્વતીપ્રસંગનો ગૂઢાર્થ ૧૦
વૈદિક-પૂજનાદિકર્મમાં લૌકિકભાષાનો ઉપયોગ ન થાય

૧૦. બ્રહ્માજીની સન્માર્ગશીલતાઃ પ્રભુનો પ્રભાવ ૧૧

૧૧. બ્રહ્માજી-આદિકવિઃ બ્રહ્માજીને ભગવાને કરેલું વેદ-પ્રદાન ૧૨

૧૨. ભગવાનને જાણવા-માણવાનો માર્ગઃ ૧૩
બ્રહ્માજીને ભગવાનનું શ્રીમદ્-ભાગવત-પ્રદાનઃ

૧૩. અવતાર-કર્મનાં ગાન છતાં બ્રહ્માજી વગેરેને ભગવાનનું તત્ત્વતઃ અજ્ઞાન ૧૪

૧૪. બ્રહ્માજીએ કરેલો જેવા છે તેવા રૂપે કૃષ્ણનો સ્વીકાર ૧૫

૧૫. બ્રહ્માજી વગેરેને વ્રજમાં અંગસંગનું ભગવાને દીધેલું વચન ૧૬

૧૬. બ્રહ્મા વગેરે વેણુનાદ-શ્રવણ કરીને તત્ત્વનિર્ણયમાં અસમર્થ ૧૭

૧૭. વ્રજલીલામાં તો પોતાનાં પશુને પોકારતા પ્રભુ તો સ્તુતિ
કરતા બ્રહ્માદિ પ્રત્યે મૌન છે. ૧૯

૧૮. બ્રહ્માદિને દુર્લભ કથા છે,-વ્રજવિહારીજીની ! ૨૦

૧૯. શ્રીકૃષ્ણાવતારની ગર્ભસ્તુતિમાં પણ બ્રહ્મા-શંકરાદિ-દેવોનું નિરૂપણ સંપૂર્ણ
યથાર્થ નથી-,બ્રહ્માદિને દુર્લભ કથા છે,-કૃષ્ણની ૨૦

૨૦. બ્રહ્માજીને પણ ભગવાનની ગતિ(ક્રિયાપ્રકાર-લીલા)સમજાતી નથી ૨૧

(૨) **राधामानापनोदकम्** ૨૨

૧. શ્રીરાધાજીનું માન મનાવે છે તેવા(શ્રીકૃષ્ણ):
વેદમાં મૂલપુરુષમાંથી દ્વિતીય સ્ત્રીરૂપનું પ્રાકટ્યઃ વિરૂદ્ધધર્માશ્રય બ્રહ્મઃ
સાકાર બ્રહ્મવાદ ૨૨

૨. બે પ્રકારનું જગતઃ નિત્ય સિદ્ધ પતિ-પત્ની રૂપ ૨૪

૩. વેદમાં નિત્ય સિદ્ધ પતિ-પત્નીઃ પુષ્ટિમાં નિત્ય-સિદ્ધ પ્રિયતમા-પ્રિયતમ
લક્ષ્મીજી-પાર્વતીજી વગેરે શ્રીરાધાજીના અંશરૂપ છે ૨૬

૪. શ્રીરાધા-કૃષ્ણની અભિન્નતા ૨૮

૫. રસાત્મક ભગવાનનું દાક્ષિણાંગ શ્રીકૃષ્ણરૂપ વામાંગશ્રી રાધારૂપ ૨૮

૬. આત્મારામ શ્રીકૃષ્ણનો આત્મા શ્રીરાધાજી
શ્રીરાધાજીમાંથી શ્રીકૃષ્ણનો વ્રજપરિકર અને દ્વારકા-પરિકર ૩૦

૭. શતપથ બ્રાહ્મણ તથા ઉપનિષદમાં દિવ્ય યુગલ ૩૧

૮. સર્વાધિક સુંદરતા શ્રીરાધાજીની ૩૨

૯. અનુપમ સુંદરતા-કોમલતા-મધુરતા-ઉત્તમતા-પ્રિયતાશ્રીરાધાજીની ૩૨

૧૦. યુગલ-સ્વરૂપનું નિત્ય સાહચર્ય ૩૫

૧૧. પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપમાં યુગલ-સ્વરૂપ-વિચાર ૩૬

૧૨. ત્રિતયાત્મક શ્રીવલ્લભસ્વરૂપ ૩૬

૧૩. “રાધા”-નામ નિર્વચન(વ્યુત્પત્તિ):“રાધા”-નામોચ્ચાર ૩૮

૧૪. શ્રીભાગવત-વગેરેમાં રાધા-નામોલ્લેખ વગર પણ શ્રીરાધાજી છે જ ૩૯

૧૫. આત્મારામ આપ્તકામ શ્રીકૃષ્ણ,શ્રીરાધાજી-વગેરે સહિત છે
પરોક્ષવાદથી શ્રીરાધાનામ-નિરૂપણ ૪૩

૧૬. શ્રીરાધા-સહચરીજીનો નિર્દેશ ૪૪

૧૭. શ્રીરાધાજીના શુકરૂપ શ્રીશુકદેવજીના“રાધા”નામોચ્ચારમાત્રથી સમાધિ-
સંભવથી નામોચ્ચાર નથી ૪૫

૧૮. પરિવૃઢાષ્ટક-મધુરાષ્ટકમાં અવ્યક્ત“શ્રીરાધા”નામ ૪૬

૧૯. શ્રીગુસાંઈજીનો શ્રીરાધાનુરાગ ૪૬

૨૦. શ્રીગુસાંઈજીનું શ્રીસ્વામિનીભાવસંપન્ન પુષ્ટિમાર્ગીય ષટ્કર્મ-
શ્રીસ્વામિનીપ્રાર્થના ૪૭

૨૧. શ્રીરાધા-પ્રાર્થના ચતુઃશ્લોકી ૫૨

૨૨. શ્રીસ્વામિની સ્તોત્રમ્(ભાવાનાનિર્દેશઃ) ૫૩

૨૩. રસિકોને રસાધિકારઃ રસાત્મક ભગવાન્ સાથે સર્વકામોપભોગ તો જીવનનું
પરમ ફલ છેઃ પ્રભુ જ પ્રેમ કરે છે-કરાવે છેઃ દશ રસાત્મક શ્રીકૃષ્ણ ૫૫

૨૪. ભગવાન્-લીલા-લીલાપરિકરમાં અભેદ છે
સર્વશક્તિયોનું મૂલ શ્રીરાધાજી છે ૫૮
૨૫. પ્રિયની પ્રિયાવશતા ૫૯
૨૬. અદ્ભુત ચતુરાઈ કલાકોવિદ શ્રીરાધાજીની ૬૦
૨૭. ચોસઠકલા-ચતુર છતાં ભોળાં શ્રીરાધાજી ૬૦
૨૮. રાજશ્રી શ્યામાજીનું: પ્રિયાવશ છે પ્રિય
પ્રત્યક્ષ-વિરહ શ્રીરાધાજીને ૬૧
૨૯. ગોવિંદનાં ગુરુ-શ્રીરાધાજી ૬૨
૩૦. પ્રિયા-પ્રિયતમની-પરસ્પર પ્રેમપ્રગાઢતા ૬૩
૩૧. અદ્ભુત રસિક શ્રીરાધાજી ૬૪
૩૨. માન મનાવે સખી શ્રીરાધાજીનું ૬૫
૩૩. માન મનાવતાં શ્રીયમુનાજી ૬૫
૩૪. શ્રીરાધાજીનું ચરણ મસ્તકે ધરીને માન મનાવતા શ્રીકૃષ્ણ ૬૬
૩૫. શ્રીરાધા-અધરસુધા-સેવનશીલ શ્રીકૃષ્ણ
"રાધા અધરસુધા વિના પિયુને બીજું કાંઈ નવ ભાવેજી"(વલ્લભાખ્યાન) ૬૭
૩૬. રસવશ કર્યા છે-,કુંવરી રાધિકાએ કુંવર કન્હાઈને! રસમાં રીસ ન થાય . ૭૦
૩૭. વિરહમાં કૃષ્ણ તો મુરલીમાં "રાધે! રાધે!" ગાય છે ૭૦
૩૮. પ્રિય સ્વયં માન મનાવવા આવે તેવો સ્નેહાગ્રહ પ્રિયાજીનો ૭૧
૩૯. માન મનાવાએલાં આનંદમગ્ન શ્રીરાધાજી ૭૨
(૩) **कृष्णम्** ૭૨
૧. મહત્તમ માહાત્મ્ય અને મહત્તમ માધુર્યનો સમન્વય-કૃષ્ણ
ભક્તની કૃષ્ણવશતા મર્યાદા:કૃષ્ણની ભક્તવશતા પુષ્ટિ ૭૨
૨. પરમત્મા-પુરુષોત્તમ-શ્રીકૃષ્ણ
ભગવાન્ સ્વમુખે તો પોતાને "પુરુષોત્તમ"કહે છે ૭૩
૩. પુરુષોત્તમ-મર્યાદાપુરુષોત્તમ-સ્વમર્યાદાપુરુષોત્તમ-ક્વચિત્પુરુષોત્તમ-
નિત્ય પુરુષોત્તમ-પુષ્ટિપુરુષોત્તમ ૭૪
૪. પુષ્ટિ-સેવ્ય-સ્વરૂપ:વ્રજાધિપ: ભજનીયના સાતગુણો
શ્રીગોપીજનવલ્લભ ૭૬
૫. શ્રીગીતાજીમાં સંજયે કહેલા યોગેશ્વર શ્રીકૃષ્ણ
શ્રીભાગવતમાં નવ યોગેશ્વરો ૭૮
૬. શ્રીભાગવતમાં તો યોગેશ્વરો નવ પણ કહેલા છે,-
શ્રીભાગવતજીમાં શુકદેવજીએ કહેલા"યોગેશ્વરેશ્વર"-શ્રીકૃષ્ણ ૭૯
૭. વેદે કહેલા"પરબ્રહ્મ"શ્રીકૃષ્ણ: નિત્ય ભગવાન્ શ્રીકૃષ્ણ
શ્રીભાગવતમાં સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણ ૮૦
૮. સર્વ અવતારોના અવતારી શ્રીકૃષ્ણ ૮૨

૯. અદ્ભુતકર્મા કૃષ્ણ ૮૩
૧૦. સ્વાનંદ-દાયક કૃષ્ણ ૮૪
૧૧. દશલીલા-વિશિષ્ટ-શ્રીકૃષ્ણ ૮૪
૧૨. ઉત્તમ સદ્ભક્તિ-દાતા કૃષ્ણ: સર્વોદ્ધાર-પ્રયત્નાત્મા કૃષ્ણ
નિ:સાધન-ફલાત્મા કૃષ્ણ ૮૬
૧૩. **"सत्यम् परम्"**-શ્રીકૃષ્ણ: આનંદપ્રચુર કૃષ્ણ ૮૭
૧૪. જગદ્ગુરુ કૃષ્ણ: શ્રીગીતા-શ્રીભાગવતના વક્તા કૃષ્ણ ૮૯
૧૫. સ્વભાવ-સુંદર;દયાલુ કૃષ્ણ ૯૦
૧૬. સ્વરૂપ-સુંદર:-શૃંગાર-રસાત્મક:-નટવર-કૃષ્ણ: ૯૧
૧૭. મન્ત્રોપાસનાદિ વડે સ્પર્શી ન શકાતા ભગવાન્ શ્રીગોપીજનવલ્લભ તો
નિજભક્તોમાં રમે છે ૯૬
(૪) **तदनुग्रहैकलभ्यां भक्तिं चः** ૯૧
૧. તેમના(શ્રીકૃષ્ણના)અનુગ્રહથી જ લભ્ય(પુષ્ટિ)ભક્તિ:
"ભક્તિ"-શબ્દાર્થ ૯૭
૨. "ભક્તિ"હેતુ-નિર્ણય: સૌ જીવો ભગવાનની ભક્તિ કરી શકે છે
કેવલ કૃપા(અનુગ્રહ)થી જ ભક્તિ મળે છે: ભગવદિચ્છાનુસાર મર્યાદા-
પુષ્ટિ-માર્ગ મળે છે ૯૭
૩. ભક્તિમાં ભગવદ્નુગ્રહ સિવાય અન્ય સાધનની અપેક્ષા નથી
ભક્તિથી સર્વફલ સુલભ છે: ભક્તિ કલ્પતરુ છે ૯૯
૪. મુક્તિ-સાધનપૂર્ણને,બ્રહ્મભૂતને,પરમહંસોને પણ ભગવાન્ પ્રદાન કરે
તો જ ભક્તિ મળે છે. પ્રારંભના શ્લોકનો "च"કાર ૧૦૨
૫. સઘળું ભગવદિચ્છાવશ છે: ભગવાન સ્વેચ્છાથી
સ્વલીલાનુરૂપ સઘળું કરે છે ૧૦૨
૬. ભગવાન્ પણ કેવલ અનુગ્રહૈક-લભ્ય છે,
કે અનુગ્રહ-જન્ય-ભક્તિલભ્ય છે ૧૦૩
૭. "ભક્તિહંસ"-ગ્રંથમાં ભક્તિપ્રકાર ૧૦૫
(૫) **नुमस्तदीयांश्च** ૧૦૮
૧. તેમના(શ્રીકૃષ્ણના)સંબંધવાળા અનન્ય ભક્તોને અમે સ્તવીએ છીએ
ભગવાનનાં ચરિતના શ્રવણનું ફલ તો ભગવદીય-ચરિતનું શ્રવણ છે ... ૧૦૮
૨. શ્રીભાગવત-શાસ્ત્ર સિદ્ધાંત દે છે,વૈષ્ણવ-વાર્તાઓ તેના દૃષ્ટાંત રૂપ છે .. ૧૧૦
૩. ભક્તોનો સ્વરૂપ ભેદ: -વૈષ્ણવ-ભગવદીય-તદીય-તાદૃશી-ભક્ત ૧૧૧
૪. શ્રીભાગવતમાં પણ ભાગવત-મહાભાગવત-પરમભાગવત-
ભાગવતપ્રધાન-ભાગવતપ્રવર-ભાગવતમુખ્ય છે ૧૧૨
૫. બાર મર્યાદાભાગવતધર્મજ્ઞો: પરમભાગવતો: પ્રારંભનો "च"કાર ૧૧૪

૬. પુષ્ટિભક્તિમાર્ગીય પરમ-ભાગવતો ૧૧૪
૭. હરિદાસ વર્ય-શ્રીગિરિરાજજી-શ્રીગોવર્ધનજી ૧૧૫
૮. વ્રજભક્તોઃ પુષ્ટિભક્તિમાર્ગનાં ગુરુ શ્રીગોપીજન ૧૧૬
૯. શ્રીમહાપ્રભુજી-શ્રીગવ્વલભાચાર્યચરણઃ પુષ્ટિભક્તિમાર્ગ-પ્રદર્શક ૧૧૯
૧૦. શ્રીગોપીનાથજીઃ શ્રીપ્રભુચરણ-શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજી
પુષ્ટિભક્તિમાર્ગના વિસ્તારક ૧૨૧
૧૧. પુષ્ટિસૃષ્ટિઃ ૧૨૩
૧૨. શ્રીગોકુલનાથજી-સંકલિત ૮૪ વૈષ્ણવોનાં નામ ૧૨૬
૧૩. શ્રીઅલિખાનજી-સંકલિત ૮૪ વૈષ્ણવોનાં નામ(ધોળ) ૧૨૭
૧૪. શ્રીદયારામભાઈ-સંકલિત ૮૪ વૈષ્ણવોનાં નામ
શ્રીચોરાશી વૈષ્ણવોનું ધોળ ૧૩૦
૧૫. શ્રીદુર્લભજી-સંકલિત ૨૫૨ વૈષ્ણવોનાં નામ ૧૩૩
૧૬. વાત્સલ્યવર્ષણવિદગ્ધ,પુષ્ટિમાર્ગમર્મજ્ઞ,ભગવદેકતાન,પરમભાગવત
મારા પૂ.પા.પ.ભ.દાદાજી(પં.શ્રીવ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજી)........ ૧૩૭
૧૭. શ્રીમદ્વલ્લભાચાર્ય-વાક્સુધાવર્ષણશીલ,સંતપ્રવર
મારા પૂ.પા.પ.ભ.શ્રીનાગરદાસકાકા ૧૫૮
૧૮. વિરલવાત્સલ્યવેલાફૂલ
મારા પ.ભ.મુ.શ્રીમોહનકાકા ૧૬૧
૧૯. પ.પૂ.શ્રીદાદાજીના સત્સંગનાનુરૂપ
પરમ પૂજ્યશ્રીમોટાભાઈ(શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી)એ કરેલી નોંધ ... ૧૭૧
૨૦. પ.પૂ.શ્રીદાદાજીના પ.પૂ.શ્રીમોટાભાઈ(શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી)
ઉપરના કૃપાપત્રો ઉપરથી ૧૮૮
૨૧. પૂ.પા.પ.ભ.દાદાજીની ગો.વા.શ્રીવિપિનભાઈએ કરેલી કથાનોંધમાંથી ૧૯૩
૨૨. પરમપૂજ્ય શ્રીદાદાજીની શ્રીમદ્ભાગવત કથાનોંધ માંથીઃ............ ૧૯૪
૨૩. પૂ.પા.શ્રીદાદાજીના ચિ.પન્ના પરના કૃપા પત્રો ઉપરથી (છૂટા કાગળો તથા
ડાયરીમાંથી) ૨૦૧
૨૪. પરમપૂજ્ય શ્રીદાદાજીના કૃપાપત્રો-ચોપડામાંથી ૨૦૫
૨૫. પ.પૂ.શ્રીદાદાજીના પત્રોમાંથી ૨૧૧
૨૬. પ્રભુના અનુગ્રહનું સ્વરૂપ ૨૨૩
૨૭. પુષ્ટિભક્ત ૨૨૪
૨૮. કેવા હતા એ પ.પૂ.ભાઈ ૨૨૫
૨૯. પ્રદૌહિત્ર-સંવેદન ૨૨૭

શ્રીહરિઃ

નિ.લી.પૂ.પા.ગો.૧૦૮શ્રીવ્રજરાયજી(શ્રીનટવરગોપાલજી)મહારાજશ્રી
હૃદયોદ્ગાર-સંગ્રહ

શ્રીવ્રજવલ્લભજી શાસ્ત્રી ગોકુલ વસતા હતા.આ કુટુંબ જયપુરથી શ્રીગોકુલનાથજી સાથે પાનઘરની સેવામાં આવીને નવાવાસમાં વસેલું. અમદાવાદના શ્રીમોટા વ્રજરાયજી મહારાજશ્રી(સં.૧૮૮૭)ના આશ્રિત તરીકે,એમના પિતા શ્રીશ્યામલાલભાઈ ખેડા ગામમાં શ્રીછોટાજી-મહારાજની બેઠકમાં આવીને વસ્યા.આચાર્યશ્રી જેમને પોતાના-મોટા બાપા તરીકે ઘણું માન આપતા હતા.અમદાવાદના ઘરના પ્રામાણિક સેવક-દાસ-કુટુંબિજન જેવો સ્નેહ તેમણે આ ઘરની પરંપરા સાથે છ પેઢી સુધી નિભાવ્યો.

(ચરિત્ર-પત્રાંક-નં.૨,તા.૭/૧૨/૧૯૮૫)

“શ્રીનટવરપ્રભુર્વિજયતે”

श्रीमत्प्रभूणां पुरतः स्मरामि तत्र स्मर्तव्यश्च। श्रीतुर्यप्रियासविधे स्मरणीयोऽहं मनसा सर्वदा। श्रीकृष्णः सेव्यः स्मर्तव्यश्च।

स्वति श्रीमत्सौजन्यधन्य-श्रीव्रजवल्लभजी श्रीशास्त्री-ताउ(मोटा बापा),अलौकिक संबंधसूं अनिर्वचनीय उत्कंठासूं यह पत्र लिखूं हूँ। मेरो लिख्यो समग्रसाहित्य प्रकाशनके पूर्व आपकूँ बचवायके मौखिक सर्टिफिकेट लियो चाहुं हूं। मेरे भावनाके अद्वितीय बृहस्पति तुम ही हो।

अब यह अमदाबादको घर अभिप्राय देवे योग्य,संप्रदायकूं अद्वितीय दिशा दिखाइवे योग्य भयो है। तुमारो मुकाम-चाकरी यह सब हम करेंगे-करावेंगे। कायमी निवास यहों करो,हम तिहारे नाती-बेटा है। असारवा श्रीगुसांईजीकी छत्रछायामें आपको क्षणभंगुर देह रहेगो। अनिर्वचनीय अलौकिक आनन्दको अनुभव मेरे परिवारकी अलौकिकता देखिकें तुम अनुभव कर सकेगो।

(चरित्र पत्रांक-नं.२,ता.१४/१/१९८५)

श्रीहरिः

वात्सल्यवर्षणशीलानां भगवदेकतानचेतसां पुष्टिमार्गमर्मज्ञानां परमभागवतानां मत्पितामहकल्पानां पं.श्रीव्रजवल्लभभाईमहोदयानां पदारविन्दयोः विनिवेद्यतेऽयं

भावांजलिः

सुलभाः सन्ति सर्वत्र संपत्सत्तासुखार्थिनः ।
कृष्णार्थी कः कलावस्मिनृते कृष्णास्यकिङ्करात् ॥१॥

भृत्याः स्वभृत्यार्थकृतः प्रसादाच्चरन्ति नूनं निरपेक्षमत्या ।
पुनन्ति सर्वान् किल दर्शनेन तदेव वृत्तं व्रजवल्लभानाम् ॥२॥

वाणी विदां वशकरी विनयश्च वृद्धान्
भक्तिर्मुकुन्दहृदयं जीवनञ्च जीवान् ।
प्रीतिः परान् द्रविणदेयदयाः दरिद्रान्
येषां हि तान् परमभागवतान् स्मरामि ॥३॥

विचारः शास्त्राणां तदुदितसदाचारपटुता
परानिष्ठा पुष्टौ सकलनिजकार्ये हरिमतिः ।
स्वदोषस्फुर्त्याद्वा प्रणयभरदैन्यं विरहतः
वचःसिद्धिः स्फीता प्रभुजननिसर्गोऽत्र मुदितः ॥४॥

वन्देऽहं व्रजवल्लभान् व्रजजनान् वात्सल्यवेलाकुलान्
आशीर्भिर्मधुराधिपस्य भजने येऽतानिषुर्मां मुदा ।
तेभ्यः केशवकेलिभूरिमहिमाग्रन्थस्त्रिवेणीकृपा
आनृण्याय निवेद्य नौमि करुणान् तुष्यन्तु मच्चापलात् ॥५॥

सं. २०५८ आ.शु.१० विनीतः ।
विजयादशमी श्रीज्येष्ठारामात्मजो नवनीतप्रियः शास्त्री
"व्रजविहार"
नडीआद

વાત્સલ્યવર્ષણશીલ, ભગવદેકતાનચિત્ત, પુષ્ટીમાર્ગમર્મજ્ઞ, પરમભાગવત, મારા દાદાજી રૂપ, પં. શ્રીવ્રજવલ્લભભાઈના ચરણકમલે ભાવાંજલિ-નિવેદન.

સંપત્તિ-સત્તા-સુખ-ઝંખતા(સંસારી) સર્વત્ર સુલભ છે.આ કલિયુગમાં કૃષ્ણાસ્ય-શ્રીમહાપ્રભુજી-નાં સેવક સિવાય કૃષ્ણાર્થી કોણ છે?! (૧)

સાચે જ, પોતાના સેવકોની કૃતાર્થતા કૃપાથી કરતા ભગવદ્-ભૃત્યો નિરપેક્ષબુદ્ધિથી(લોકમાં) વિચરે છે, દર્શનથી સૌને પાવન કરે છે, તે જ જીવનવૃત્ત(ચરિત્ર) શ્રીવ્રજવલ્લભભાઈનું હતું. (૨)

જેની વાણી વિજ્ઞોને, વિનય વડીલોને, ભક્તિ મુકુન્દહૃદયને, જીવન જીવોને, પ્રીતિ પારકાંને, દ્રવ્ય-દેવાયોગ્ય વસ્તુઓ-દયા દરિદ્રોને, વશ કરનાર છે; તે પરમ ભાગવત(પૂ.પા.દાદાજી)ને સ્મરું છું. (૩)

શાસ્ત્રોનો વિચાર, તદુક્ત સદાચાર-નૈપુણ્ય, પુષ્ટિમાં પરમ નિષ્ઠા, પોતાનાં સર્વકાર્યમાં પ્રભુ (પ્રસન્નતા) બુદ્ધિ, સ્વદોષ-સ્ફુર્તિથી-વિરહથી-સાક્ષાત્ પ્રણયભર્યું દૈન્ય, પુષ્કળ વચન-સિદ્ધિ, પ્રભુજનોનો આ સ્વભાવ અહીં (પૂ.પા.પ.ભ. દાદાજીમાં) પ્રસન્ન (વિલસતો) હતો. (૪)

વાત્સલ્યથી ઉભરાતા વ્રજજન શ્રીવ્રજવલ્લભજીને હું વંદું છું, જેમણે આશીર્વાદોથી મને મધુરાધિપના ભજનમાં હર્ષથી વિસ્તૃત કર્યો.તે દયાળુને, કૃષ્ણલીલા-પ્રચુર-મહિમા-ગ્રંથ "પુષ્ટિત્રિવેણી" આનૃણ્ય માટે નિવેદન કરીને નમું છું. તે મારા(આ) ચાપલ્યથી(મારા પર) સંતુષ્ટ થાવ! (૫)

卐

શ્રીહરિઃ

"પુષ્ટિત્રિવેણી"
નિવેદન

त्रिवेणी तीर्थरूपा हि पुनाति सकलान् सदा ।
पुष्टिरूपा तु सा नित्यं कृष्णप्रेमप्रदायिनी ॥
श्रीकृष्णास्यैः प्रदर्शिता निजानां सुखहेतवे ।
लोके लीलानुभूत्या वै तेभ्यो ग्रन्थनिवेदनम् ॥

તીર્થરૂપા "ત્રિવેણી" નિશ્ચિતપણે
સૌને સદા પાવન કરે છે;
પુષ્ટિરૂપા તે "ત્રિવેણી" તો
નિત્ય કૃષ્ણપ્રેમ-પ્રદાયિની છે;
લોકમાં લીલાનુભૂતિથી
નિજજનોના સુખહેતુ માટે;
શ્રીકૃષ્ણાસ્ય શ્રીવલ્લભાચાર્યજીએ તે પ્રદર્શિત કરી છે;
તે શ્રીવલ્લભાચાર્યજીને આ ગ્રંથ-નિવેદન છે.

"વ્રજવિહાર"
નડીઆદ
સં.૨૦૫૮
વિજ્યાદશમી
મંગળવાર
તા.૧૫/૧૦/૨૦૦૨

શ્રીકૃષ્ણકૃષ્ણાસ્યકિંકરકિંકર
વિનીત
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
સા.દં.પ્રણામ



શ્રીકૃષ્ણમુખારવિન્દવિરહાનલરૂપ વૈશ્વાનરાવતાર વાક્પતિ મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી

"अर्थं तस्य विवेचितुं नहि विभुर्वैश्वानराद्वाक्पतेरन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः ।
दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम् ॥"

"क्वचित्पाण्डित्यं चेन्न निगमगतिः सापि यदि न क्रिया सा सापि स्याद्यदि न हरिमार्गे परिचयः ।
यदि स्यात्सोऽपि श्रीव्रजपतिरतिर्नेति निखिलैर्गुणैरन्यः को वा विलसति विना वल्लभवरम् ॥"

卐

શ્રીહરિઃ

પુષ્ટિપ્રભુ-પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તો
"પુષ્ટિત્રિવેણી"

ब्रह्मादिदुर्लभकथं राधामानापनोदकं कृष्णम् ।
तदनुग्रहैकलभ्यां भक्तिं च नुमस्तदीयाँश्च ॥

- भक्तिहेतुनिर्णयः

બ્રહ્માદિ-દેવોને દુર્લભ કથાવાળા, રાધાજીનું માન મનાવનારા, કૃષ્ણને, તે(કૃષ્ણ)ના અનુગ્રહથી લભ્ય ભક્તિને અને તેવી ભક્તિવાળા અનન્ય ભક્તોને અમે સ્તવીએ છીએ.

(૧) ब्रह्मादिदुर्लभकथम् :

બ્રહ્મા-વગેરેને જેમની કથા દુર્લભ છે તેવા (શ્રીકૃષ્ણ):

વિશ્વ-ભગવાનની લીલાઃ

બ્રહ્માજી તો લોક-પિતામહ ! સૃષ્ટિસર્જન તેમનું કાર્ય ! તેમને ઘોર તપઃ કરતા જોયા. નારદજીને ખેદ થયો. બ્રહ્માજીના ખોળામાંથી થયેલા પુત્ર નારદજી! તે તો ભગવાનના પ્રિયતમ ભક્ત ! તેમણે બ્રહ્માજીને તપઃનું કારણ પૂછ્યું. બ્રહ્માજીએ સાચી સમજ દીધી. ભગવાન્ વાસુદેવ જ સર્વ રૂપ છે. (મહાભૂતો વગેરે)દ્રવ્ય, (જગતના જન્મનું નિમિત્તરૂપ અને ભૂત-સંસ્કાર રૂપ)કર્મ, (ગુણક્ષોભક અને નિમિત્તરૂપ)કાલ, (પરિણામના હેતુ-રૂપ)સ્વભાવ, (ભગવદંશરૂપ ભોક્તા)જીવ, (અને તે બધાની અભિમાની-દેવતા) વગેરે સર્વ રૂપે ભગવાન્ જ છે. તે સ્વયંપ્રકાશ છે; અને સર્વપ્રકાશક છે. ભગવાનના તેજઃથી જ સૂર્ય વગેરેનું તેજઃ છે. તેમની વ્યામોહિકા-માયાને કોઈ સ્વતઃ તરી શકે તેમ નથી. ભગવાનની જ શરણાગતિથી તેમની માયા તરાય છે. ભગવાનને સમર્પિત વસ્તુઓના જ ઉપયોગથી માયા જિતાય છે. માયા ભગવાનની સામે ઊભી પણ રહી શકતી નથી. આ માયાથી મોહિત લોકો જ "હું મારું" કર્યા કરે છે. વેદોનું તાત્પર્ય આ

ભગવાન્ છે.દેવો આ ભગવાનના અંગમાંથી થયેલા છે.બધા લોકો-યજ્ઞો - યોગો - તપઃ - જ્ઞાન - ગતિ - વગેરે પણ નારાયણ -પરાયણ છે. આ ભગવાન્ સર્વજ્ઞ છે , સર્વસમર્થ છે , સર્વકર્તા છે. આ ભગવાન્ જ આ વિશ્વને સર્જે છે , પણ પ્રકટ દેખાતા નથી.સઘળું કરવા છતાં ભગવાનમાં કોઈ વિકાર આવતો નથી.આ ભગવાન્ જ પોતાના સ્વલ્પાંશથી જગદ્રૂપે અવિકૃત પરિણામ પામે છે.સર્વના તે આત્મા છે.તેમનામાં વિષમતા કે પક્ષપાત નથી.આનંદ-પ્રચુર આ ભગવાન્ સ્વેચ્છાથી પોતાની લીલા માટે જગદ્રૂપ બને છે.

વિશ્વ-અખંડ બ્રહ્મરૂપઃ

आत्मैव तदिदं विश्वं सृज्यते सृजति प्रभुः।
त्रायते त्राति विश्वात्मा ह्रियते हरतीश्वरः ॥
- श्रीभागवतम्(११-२८-६)

દેખાતા કે સંભળાતા આ જગદ્રૂપે સ્વાત્મા જ છે. તે ભગવાન્ જ સર્જાય છે,પ્રભુ પોતે જ સર્જે છે.વિશ્વરૂપ ભગવાન્ રક્ષાય છે , વિશ્વાત્મા પોતે જ રક્ષે છે.વિશ્વરૂપ ભગવાન્ હરાય છે , વિશ્વાત્મા ઈશ્વર(નિયામક) પોતે જ હરે છે.અખિલ વિશ્વ અખંડ બ્રહ્મરૂપ છે.ભગવાન્ પોતે જ પોતાની આવિર્ભાવ - તિરોભાવ - શક્તિથી વિશ્વરૂપે પોતાનો આવિર્ભાવ - તિરોભાવ કરે છે.વર્તમાન વસ્તુની અનુભવ - યોગ્યતા આવિર્ભાવ છે.વર્તમાન વસ્તુની અનુભવની અયોગ્યતા તિરોભાવ છે.માયા - પ્રકૃતિ - શક્તિ - અવિદ્યા - વાસના - પરમાણુ - અદૃષ્ટ - વગેરે કોઈપણ પદાર્થ ભગવાનથી જુદા - સ્વતંત્ર નથી.સ્વતંત્ર અસ્તિત્વ જ ન ધરાવી શકે તો કરી તો શું શકે ?આ અખંડાદ્વૈત છે. દૈવીજીવને તે સમજાય છે , સૌને નહિ.આ પરબ્રહ્મ જ આ જગતનું અભિન્ન - નિમિત્તોપાદાન-કારણ છે.તે પોતાના સર્વભવન - સામર્થ્ય(માયા)થી સર્વરૂપ બને છે.તેમના અચિન્ત્ય-સ્વભાવ-પ્રયોજન-લીલાથી તે જડ-જીવાત્મક બને છે. સ્વભક્તો માટે તો તે સ્વદિવ્યધર્મો આકારાદિ પ્રકટ કરીને વાસ્તવરૂપથી પોતાની પૂર્ણાનંદમયતા નો અનુભવ પોતાની દિવ્યલીલાઓ દ્વારા

યથાધિકાર કરાવે છે.સર્વ વિરુદ્ધધર્મો પણ કોઈ જ વિરોધ વગર ભગવાનમાં આશ્રય કરીને રહે છે.

વિવિધ સૃષ્ટિપ્રકાર-ભગવાનનો મહિમા :

આ અજ(જન્મરહિત)ભગવાન્ - (૧)ક્યારેક સાક્ષાત્ સર્વોત્પત્તિ કરે છે .(૨)ક્યારેક પુરુષ દ્વારા કરાવે છે.(૩)ક્યારેક(વાસુદેવ-સંકર્ષણ-પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ એ) ચતુર્મૂર્તિ-પ્રકારે પણ ઉત્પત્તિ કરે છે.વાસુદેવ ભગવાન્ સર્વનું કારણ છે. તેમાંથી સંકર્ષણ-રૂપે જીવ ઉત્પન્ન થાય છે,પ્રદ્યુમ્ન-રૂપે મન ઉત્પન્ન થાય છે,અનિરુદ્ધ-રૂપે અહંકાર ઉત્પન્ન થાય છે.(૪)કોઈક વખત પ્રભુ પોતે જ લીલાર્થ,જીવોનો ક્લેશ સહન ન થતાં,આનંદાંશ -તિરોભાવ વગર સર્વરૂપે પ્રકટ થાય છે. આ પુષ્ટિસૃષ્ટિ-પ્રકાર છે.(૫)ક્યારેક ભગવાન્ ઈન્દ્રજાલની જેમ માયાથી સઘળું સર્જે છે.ત્યારે જ્ઞાન-વગેરે વાર્તામાત્ર હોય છે,વાસ્તવ નથી હોતાં.(૬)ક્યારેક આકાશાદિ-પદાર્થોનું સર્જન કરીને,તેમાં જીવ-અંતર્યામી- રૂપે પ્રવેશ કરીને, ભગવાન્ ક્રીડા કરે છે.અચિન્ત્ય અને અનંત શક્તિવાળા ભગવાનમાં આ બધું યોગ્ય જ છે.શ્રુતિમાં સૃષ્ટિના અનેક પ્રકારો કહ્યા છે.તે ભગવાનના માહાત્મ્યજ્ઞાનનો નિર્દેશમાત્ર કરાવે છે. જેથી અવજ્ઞા પ્રભુની ન થાય. “**तत्त्वमस्यादि**“વગેરે ખંડ-વાક્યો આત્મારૂપે ભગવાનનું જ્ઞાન કરાવે છે,જેથી સુદૃઢ-સર્વાધિક સ્નેહ થાય.આમ,માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક,સુદૃઢ-સર્વાધિક-સ્નેહ ભગવાનમાં થાય,તે ભક્તિ છે. તેનાથી જ મુક્તિ મળે છે.સાક્ષાત્કાર તો ભગવાનને આધીન છે.

નિર્ગુણ ભગવાનના ત્રણ ગુણોઃ વિરાટ્ પુરુષ :

બ્રહ્માજી નારદજીને સ્પષ્ટ કહે છે.-“**सृज्यं सृजामि सृष्टोऽहमिक्षयैवाऽभिचोदितः।**”-**श्रीभागवतम्**(૨-૫-૧૭).ભગવાન્ તો સર્વસમર્થ છે.તેમણે મને (બ્રહ્માજીને) સર્જ્યો.મારા પર કૃપાદૃષ્ટિ કરી,- પ્રેરણા કરી,અભય દીધું. મારા રૂપે જ સઘળું સર્જ્યું. પોતે તો અપ્રકટ રહ્યા.ત્યારે ભગવાનથી જ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ પ્રાપ્ત કરીને તેમણે(ભગવાને) સર્જવાનું હું(બ્રહ્મા)સર્જું છું. આ ભગવાન્ તો નિર્ગુણ છે.તેમના ત્રણ

ગુણો છે,-સત્ત્વ,રજઃ અને તમઃ.કરોળિયો તેનું જાળું કરવા માટે મોંમાંથી લાળ - એકતંતુ રૂપે-બહાર કાઢે છે,તેમ ભગવાન્ પણ ત્રિવિધ સૃષ્ટિમાટે ત્રણ ગુણોને બહાર કાઢે છે.આ ભગવાન્ સચ્ચિદાનંદ-રૂપ છે. તેમના સદ્રૂપથી પ્રકટ થયેલો ગુણ - સત્ત્વ.કેવલ ચિદ્રૂપમાંથી પ્રકટ થયેલ,-(ક્રિયાશક્તિની મુખ્યતા અને સદાનન્દના અભાવથી)રજઃ. આનંદાંશથી-તમઃ.આ ત્રણે ભગવદ્રૂપ જ છે,ભગવાને સર્જેલા છે.ભગવાનમાં તે પહેલાં ન હતા.જેમ કપાસમાં તંતુ હોતો નથી,કપાસ જ પોતાના અવયવોથી પૂર્વાપરતાને પ્રાપ્ત થઈને-કાંતવાથી-તંતુરૂપ બને છે. તેમ ભગવાન્ નિર્ગુણ છે.તે પોતે જ ગુણરૂપ બને છે.ભગવાને આ ત્રણે ગુણો સ્થિતિ-ઉત્પત્તિ-લય માટે માયાવડે ગ્રહણ કર્યા.આ માયા જગત્ કરવામાં સાધનરૂપા છે.માયાએ આ ગુણોને પુત્રવત્ રાખ્યા.તે બંધન કરનારા હોવાથી ગુણ કહેવાય છે. ભગવાન્ સૌના નિયામક છે.ભગવાને પોતાના વિશિષ્ટરૂપ અક્ષરનાં રૂપાન્તર કાલ-કર્મ-સ્વભાવ સ્વેચ્છાથી ગ્રહણ કર્યાં.અનેક-રૂપ થવા ભગવાને ઈચ્છ્યું.કાલથી ગુણોનો સંપર્ક થયો. સ્વભાવ-સંબંધથી ગુણો પરિણત થયા.તેમાં સર્વત્ર પુરુષનો આધાર છે.તેમાં કર્મથી પ્રથમ સ્થૂલતયા ઉત્પન્ન થયું,-"મહત્"!તેનો કાલ-કર્મ-સ્વભાવથી સંપર્ક થતાં દ્રવ્ય-જ્ઞાન-ક્રિયાત્મક થયો,-"અહંકાર"! તે પુનઃ કાલ-કર્મ-સ્વભાવના સંપર્કથી સાત્ત્વિક-રાજસ-તામસ થયો.તેમનાં ગૌણ નામ ક્રમશઃ જ્ઞાનશક્તિ-ક્રિયાશક્તિ-દ્રવ્યશક્તિ!તામસ-અહંકારમાંથી પંચ મહાભૂતો-પંચસૂક્ષ્મ ભૂતો થયાં.સાત્ત્વિક-અહંકારમાંથી મન અને દશ ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ થયા.રાજસ-અહંકારમાંથી દશ ઈન્દ્રિયો થઈ,-પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો.આ બધાં એકઠાં ન થઈ શક્યાં.ભગવાને તેમને આજ્ઞાશક્તિથી પ્રેર્યાં.તેમણે તેથી અંડ સર્જ્યું. હજારો વર્ષો સુધી તે જલમાં રહ્યું.તેમાં ભગવાને પ્રવેશ કર્યો,પ્રાણ યોજ્યા.તે "બ્રહ્માંડ" થયું.તે "વિરાટ્-પુરુષ".તે "યજ્ઞ"-રૂપ છે.હવે તે અંડભાવ છોડીને "પુરુષ" રૂપ થયું.હજારો મસ્તક-નેત્ર-કાન-હાથ-પગ-વગેરે તેમાં છે.આ પુરુષની નાભિમાંથી કમલ થયું.આ કમલમાંથી

બ્રહ્માજી થયા.બ્રહ્માજીએ આ યજ્ઞપુરુષનું યજન તે યજ્ઞના અવયવોમાંથી પ્રાપ્ત પદાર્થોથી કર્યું.યજ્ઞપુરુષ- અને યજ્ઞસાહિત્ય જુદાં નથી,યજ્ઞરૂપ જ છે.વેદમાં"**यज्ञेन यज्ञमयजन्त**"-કહેલું છે.આ બ્રહ્મવાદ છે.આ "પુરુષ" જ "નારાયણ" છે.ભગવાન્ જ સર્વ કાંઈ કરે છે.

सृजामि तन्नियुक्तोऽहं हरो हरति तद्वशः।
विश्वं पुरुषरूपेण परिपाति त्रिशक्तिधृक् ॥
-श्रीभागवतम्(२-६-३१)

ભગવાને નિયુક્ત કરેલો હું(બ્રહ્માજી) ભગવાનને વશ રહીને સર્જન કરું છું.પાલન તો વિશ્વનું પુરુષ-રૂપે ભગવાન્ જ કરે છે.તેમને વશ રહીને હર-મહાદેવજી હરણ-પ્રલય કરે છે.જો કે બ્રહ્માજી અને મહાદેવજીને સર્જન અને સંહારમાં ભગવાને યોજ્યા છે,ભગવાનને વશ રહીને તે બંને સ્વકાર્ય-સેવા-કરે છે.વાસ્તવમાં તો ઉત્પત્તિ-સ્થિતિ-લય નું સામર્થ્ય ભગવાનને જ વશ છે.

પ્રભુપ્રદત્ત શ્રીભાગવત-સેવનથી ત્રિદેવોનું સામર્થ્ય :

ईक्षाञ्चक्रे यदा कृष्णो मायापुरुषरूपधृक् ।
ब्रह्मा विष्णुः शिवश्चापि रजःसत्त्वतमोगुणैः ॥
पुरुषास्त्रय उत्तस्थुरधिकारांस्तदादिशत् ।
उत्पत्तौ पालने चैव संहारे प्रक्रमेण तान् ॥
-स्कान्दश्रीमद्भागवतमाहात्म्यम्(४-२१,२२)

સ્વસર્વભવન-સામર્થ્યથી પુરુષરૂપ ભગવાન્ કૃષ્ણે જ્યારે ઈચ્છા કરી,-વિચાર્યું,ત્યારે રજઃ-સત્ત્વ-તમો-ગુણ યુક્ત ત્રણ પુરુષો ઉત્પન્ન થયા,-બ્રહ્મા,વિષ્ણુ અને શિવ!ભગવાન્ શ્રીકૃષ્ણે તેમને ક્રમશઃ ઉત્પત્તિ-સ્થિતિ-સંહારમાં અધિકારની આજ્ઞા કરી. આ ત્રણેએ સ્વસ્વકાર્યમાં પોતાનું અસામર્થ્ય જણાવ્યું.ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે તેમને શ્રીભાગવત -સેવનની કૃપાપૂર્વક આજ્ઞા કરી. બ્રહ્માજીએ રજોગુણ બાધક ન બને,ભગવાનને ન ભૂલાવે,માટે સાત દિવસમાં શ્રીભાગવત-પારાયણનો

નિત્યક્રમ રાખ્યો.વિષ્ણુજીએ સૌને યથોચિત ધર્મસ્થાપન,યજ્ઞફલ,મોક્ષ વગેરે દેવા છતાં,ભોગ કે મોક્ષ પણ ન ઈચ્છનારનું પાલન કરવા માટે, માસ-પારાયણનો નિત્યક્રમ રાખ્યો.પોતાને માટે તથા લક્ષ્મીજી માટે પણ આ ક્રમ રાખ્યો.વિષ્ણુજી કથા કરે-લક્ષ્મીજી સાંભળે,તે માસમાં પૂરી થાય;લક્ષ્મીજી કથા કરે અને વિષ્ણુજી સાંભળે,તે બે માસે પૂરી થાય.તેમાં આનંદ વિશેષ આવે છે.રુદ્રજીએ આત્યન્તિક-સંહાર-સામર્થ્ય માટે પારાયણ વર્ષમાં પૂરું કરવાનો નિત્યક્રમ રાખ્યો.ત્રણેને પોતે ઈચ્છેલ સ્વકાર્ય-સામર્થ્ય તો આ શ્રીકૃષ્ણ-પ્રદત્ત શ્રીભાગવત-સેવનથી સુલભ થયું.

પ્રત્યેક કલ્પે સર્જનઃ બ્રહ્મકલ્પ-કથાઃ બ્રહ્માજી દ્વારા સર્જન :

स एष आद्यः पुरुषः कल्पे कल्पे सृजत्यजः।
आत्माऽऽत्मन्यात्मनाऽऽत्मानं संयच्छति च पाति च ॥

-श्रीभागवतम्(२-६-३८)

જે ભગવાન્ બ્રહ્માજી વગેરેથી પણ સમજી શકાતા નથી,તે અત્યારે તેમની બુદ્ધિમાં રહીને સર્વકાંઈ કરે છે.તે ભગવાન્"આદ્ય" છે,સર્વને સર્જનારા છે."પુરુષ"હોવાથી તે જ સાધનરૂપ છે.અન્ય-સાધનની તેમને જરૂર નથી.તે દરેક કલ્પમાં સૃષ્ટિ કરે છે.કલ્પ એટલે બ્રહ્માજીનો દિવસ.તે એક દિવસમાં ચારે યુગોનું હજાર વખત પરિવર્તન થયા કરે છે.આ ભગવાન્"અજ" છે.તેમનામાં કોઈ વિકૃતિ આવતી નથી.તે તો સદા એકરૂપ રહે છે.સૃષ્ટિ રચવામાં આ "આત્મા"-વ્યાપક ભગવાન્ સ્વયં જ ઉપાદાન-સાધન(નિમિત્ત)-અને કર્તા છે.તે પોતાનામાં જ સઘળું સર્જે છે,-સર્વનો આધાર ભગવાન્ પોતે જ છે, પોતાનાથી જ સર્જે છે,પોતે જ સાધન-રૂપ છે.પોતે જ પોતાને સર્જે છે,-વિશ્વરૂપે પોતે જ કર્મ છે.સઘળી વિભક્તિયોના અર્થરૂપ પણ ભગવાન્ જ છે.આ ભગવાન્ માત્ર ઉત્પત્તિ જ નથી કરતા,મારે પણ છે,-પ્રલય પણ પોતે જ કરે છે;અને પાલન-રક્ષણ પણ પોતે જ કરે છે.ભગવાન્ વિના બીજું કાંઈ છે જ નહિ.ઉત્પત્તિ-સ્થિતિ-લય તો સતત તે કર્યા જ કરે છે. કોઈ મહાયોગ-સિદ્ધ પુરુષ,કોઈ બાહ્યસાધન વગર જ,પોતે બહુરૂપ ધારણ કરે છે,તે પ્રસિદ્ધ છે.ભગવાનને

તો આવા કોઈ યોગની પણ જરૂર પડતી નથી.ભગવાનનું સ્વરૂપ જ સર્વસામર્થ્ય-યુક્ત છે,તે જ બધું બને છે.

ભગવાનના નાભિકમલમાંથી બ્રહ્માજી પ્રકટ થયા.તેમણે ભગવદર્થ સૃષ્ટિ કરવા વિચાર્યું, પણ કાંઈ સ્ફુર્યું નહિ.જલમાંથી બે વખત "તપઃ-તપઃ" ભગવાને સ્પષ્ટ આજ્ઞા કરી.બ્રહ્માજીએ બોલનારને શોધવા પ્રયત્ન કર્યો,જડ્યા નહિ. છેવટે કમલમાં બેસીને આજ્ઞાનો બ્રહ્માજીએ વિચાર કર્યો.દેવોનાં હજાર વર્ષ સુધી સાવધતાથી તપઃ કર્યું.તપઃમાં થતા દોષો(ક્રોધ-ગ્લાનિ-ઉદ્વેગ)બ્રહ્માજીમાં ન આવ્યા.બ્રહ્માજીનું તપઃ સર્વેન્દ્રિય-પ્રાણના સર્વવિષયના ત્યાગપૂર્વક નિષ્કપટ છે.તેનાથી સેવાએલા સંતુષ્ટ ભગવાને બ્રહ્માજીને પોતાના આનન્દ-રૂપનાં દર્શન કરાવ્યાં. વ્યાપિવૈકુંઠમાં દિવ્યદર્શન બ્રહ્માજીને થયાં.પ્રસન્ન પ્રભુએ બ્રહ્માજીને વરદાન માગવા કહ્યું.પુરુષને કલ્યાણનો પ્રયત્ન તો પુરુષોત્તમનાં દર્શન સુધી કરવાનો હોય.બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી.પ્રમાદ વગર પ્રભુની આજ્ઞાનું પાલન કરવાનું હોય.સૃષ્ટિસર્જન સમજ-સામર્થ્ય તેમણે માંગ્યાં.કૃષ્ણકૃપાથી જ બધું કરવા છતાં બંધન ન થાય,અભિમાન ન આવે.પ્રસન્ન ભગવાને કૃપાથી બ્રહ્માજીને મૂર્તિમંત પુરુષોત્તમ-જ્ઞાન દીધું.પરાવરજ્ઞાન-ક્રીડાજ્ઞાન-શિક્ષા(ચતુઃશ્લોકી-ભાગવત)અને ગર્વાભાવ ભગવાને દીધાં.ભગવાને દર્શન તિરોહિત કર્યાં.આ કથા છે,-બ્રહ્મકલ્પની !

પદ્મકલ્પની કથાઃ -બ્રહ્માજી દ્વારા સર્જન :

ભગવાન્ તો ક્યારેક સ્વરૂપાનંદમાં રમણ કરે,ક્યારેક પોતાના જ વિસ્તાર રૂપ વિશ્વમાં! આ વિશ્વ પદ્મકલ્પની પહેલાં પ્રલયજલમાં ડૂબેલું હતું. ભગવાન્ શેષશય્યા પર આંખ મીંચીને જાગતા પોઢ્યા હતા, સ્વરૂપાનન્દમાં રત હતા,સર્વ ચેષ્ટા -રહિત હતા.ભગવાનના શ્વાસમાંથી થતા વાયુથી શેષની કોમલતા-વિશાલતા વધે છે.આ સચ્ચિદાનન્દ ભગવાનમાં સઘળું સૂક્ષ્મરૂપે સમાએલું છે.ચતુર્યુગ હજાર વખત પરિવર્તન કરે તેટલી બ્રહ્માજીની રાત્રિ પણ છે.તે સમયે પ્રભુ પોઢેલા છે.ભગવાને સ્વેચ્છાથી પોતાની કાલશક્તિ દ્વારા સૃષ્ટિસર્જન ઈચ્છ્યું.ભગવાનની નાભિમાંથી કમલકોશ ઉત્પન્ન થયો.તેનાથી વિશાલ પ્રલયજલ તરત

પ્રકાશિત થયું.વ્યાપક ભગવાને(વિષ્ણુએ)તે પદ્મકોશમાં પ્રવેશ કર્યો.ત્યાં રહેલા પ્રભુ પ્રકટ થયા.તે થયા,-વેદમય-વિધાતા-સ્વયંભુ-બ્રહ્માજી! આમ,પ્રભુ પધારતાં કમલકોશ વિકસ્યો.તેમાં કર્ણિકામાં વિરાજતા બ્રહ્માજીએ કોઈ લોક ન દેખાતાં ચારે તરફ જોયું. ચાર દિશામાં ચાર મુખ થયાં. આ થયા,- ચતુર્મુખ બ્રહ્માજી! પ્રલય-પવનથી ઘૂમતાં-ઉછળતાં પ્રલયજલનાં મોજાં બ્રહ્માજીએ જોયાં.તેમાં કમલ તો ડૂબતું નથી,તેનું નાલ ભાંગતું નથી.આમ, કંપતા કમલમાં રહેલા બ્રહ્માજીને કાંઈ સમજાયું નહિ. "હું કોણ ? - પુરુષ છું. મારી ઉત્પત્તિ-આધાર આ કમલ છે. મારો કોઈ પિતા નીચે હશે;" તેમ તર્ક કરીને બ્રહ્માજીએ સૂક્ષ્મરૂપે કમલનાલ-મૂલમાં શોધ કર્યો.કાંઈ મળ્યું નહિ! સો વર્ષ મથામણ કરી,ઈચ્છા પૂરી ન થઈ.પાછા કમલમાં આવ્યા! સમાધિથી વિચાર કર્યો.આમ,ભગવાનને શોધતાં ચિત્ત શુદ્ધ થયું.ભગવાને કૃપા કરી.ભગવાને સ્વયં માયાનો ટેરો દૂર કર્યો,બ્રહ્માજીના હૃદયમાં અપૂર્વ અદ્ભુત દર્શન દીધાં.પહેલાં આવાં દર્શન ક્યારેય થયાં ન હતાં. બ્રહ્મકલ્પમાં તો હૃદયમાં વૈકુંઠસ્થ ભગવાનનાં દર્શન થયાં હતાં.પ્રત્યેક કલ્પમાં દર્શન તો થાય છે.ભગવાનનાં દર્શન વગર તો સર્જન-સામર્થ્ય ન મળે,પરંતુ આવાં દર્શન તો આ વખતે જ થયાં.હૃદયમાં દર્શન દેતા ભગવાનના નાભિકમલમાં બ્રહ્માજી પોતાને જુએ છે! કમલનાલ છેદાયું નથી ! આ નાલની નીચે રહેલા પ્રભુ ઉપર રહેલા બ્રહ્માજીના હૃદયમાં કમલ સહિત દર્શન દે છે! હૃદયમાં પધારીને શેષશાયી થયેલાનાં પણ આ દર્શન નથી. બ્રહ્માજીએ અભૂતપૂર્વ દિવ્યદર્શન શેષ-શાયી ભગવાનનાં સ્વહૃદયમાં કર્યાં! ચિત્ત તેમાં લાગી ગયું. ભગવાનની સ્તુતિ કરી. ભગવાનની પ્રસન્નતા-આજ્ઞા-માગી. ભગવાને પ્રમાદ વગર વિશેષ તપઃ કરવા કહ્યું. તપઃ અને ભગવદુપાસનાથી હૃદયમાં પ્રકટ લોકદર્શન થવા કહ્યું. આમ, માહાત્મ્ય દર્શન અને સ્નેહથી ભક્તિ થાય.તેનાથી ભગવાને દર્શનનું વરદાન દીધું,સૃષ્ટિસર્જન-સામર્થ્ય દીધું,રજોગુણથી બંધન ન થવા વચન દીધું.કઠિન કાર્યમાં સ્થિરતા પણ કૃપાથી જ સંભવે છે.યથાર્થ સમજવાળા તો પ્રભુપ્રેમ જ ઝંખે છે.સૌ આત્માનો આત્મા આ ભગવાન્ છે. તે અત્યંત પ્રિયતમ છે.આ ભગવાનમાં

જ પ્રીતિ કરવી.દેહ વગેરે પણ પ્રભુને કારણે જ પ્રિય લાગે છે.ભગવાને પોતાનામાં રહેલી પ્રજાઓનું સર્જન પૂર્વવત્ કરવાની આજ્ઞા કરી;કમલનાભ ભગવાન્ તિરોહિત થયા.બ્રહ્માજીએ ભગવત્સામર્થ્યથી સર્જન કર્યું.આ કથા છે,-પદ્મકલ્પની! શ્રીમદ્ભાગવતમાં આવી બધી અનેક અદ્ભુત લીલાઓ છે,- અદ્ભુતકર્મા કૃષ્ણની!

બ્રહ્માજી વગેરે ગુણાવતાર છેઃ

આ જગતનાં સ્થિતિ-ઉત્પત્તિ-લય-માટે પરમ પુરુષ જ સત્ત્વ-રજઃ-તમઃ-ગુણોને ધારણ કરે છે, તેથી તેનાં ત્રણ નામ તે ધારણ કરે છે,- વિષ્ણુ,બ્રહ્મા,શંકર! આ પ્રત્યેકનાં બીજાં અનેક નામ પણ છે,સ્વકાર્યમાટે ધારણ કરેલા આ ત્રણ ગુણો ઉપાધિ-રૂપ બને છે.આ ત્રણે બ્રહ્મના ગુણાવતારો હોવા છતાં ગુણોની મુખ્યતાથી તેમનાં કાર્ય જુદાં જુદાં દેખાય છે.

"सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणांस्तै -
र्युक्तः परः पुरुष एक इहास्य धत्ते ।
स्थित्यादये हरिविरञ्चिहरेति संज्ञाः
श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणांस्युः॥"

-श्रीभागवतम्(१-२-२३)

બ્રહ્મજ્ઞાનીને તો ત્રણે બ્રહ્મરૂપે અનુભવાય છે,પરંતુ સામાન્ય લોકોને તો જુદા જ લાગે છે.સેવ્યને સાનુકૂલ તેમના સેવકો રહેવા મથે છે.તેમાં કલ્યાણ-શુભફલો તો સત્ત્વ સ્વરૂપવાળા વિષ્ણુથી થાય છે. આ ત્રણેના નિયામક તો ભગવાન્ જ છે.

ત્રિદેવોમાં બ્રહ્માજીની સ્થિતિઃ

जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णुशिवास्ततः ।
देवतारूपवत् प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मतः ॥
कामचारस्तु लोकेऽस्मिन् ब्रह्मादिभ्यो न चान्यथा ।

-सिद्धान्तमुक्तावली(१०-११)

શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીએ ત્રિદેવોનું કાર્ય દર્શાવ્યું

છે.જગત્ તો ત્રિવિધ કહેલું છે.ભગવાન્ નિર્ગુણ છે.તેમનું સ્વરૂપ સચ્ચિદાનન્દ છે.તેના સત્ત્વ-રજઃ-તમઃ ત્રણ ગુણો છે.આ સ્વરૂપથી થતું જગત્ ત્રિગુણાત્મક કહેલું છે. તે ત્રણે ગુણના નિયામક રૂપે વિષ્ણુ-બ્રહ્મા-શિવને ભગવાને જ કર્યા છે.આ ગુણાભિમાની(કાલભયવાળા)દેવતાઓ આધિદૈવિકપણાથી પુરાણોમાં ઉપાસ્યરૂપે કહેલા છે.વાસ્તવમાં તો ભગવાન્ જ સર્વ-નિયામક છે.આ પ્રકારે,જગત્ અને અક્ષર-બ્રહ્મમાં નિયામક આધિદૈવિકરૂપ હરિ(શ્રીકૃષ્ણ) જ માનેલા છે.આ ત્રિવિધ જગતમાં ઉપાસકોની ઈચ્છા પ્રમાણે ફલ કે ભોગ તો તેના અધિષ્ઠાતા બ્રહ્મા વગેરેથી થાય છે;તે વિના કે તેમની ઈચ્છા વિના નહિ.ભગવદ્-ભક્તોને તો પરમાનંદ-રૂપ કૃષ્ણમાં જ સર્વફલ-ભોગ સિદ્ધ થાય છે. ભક્તોને તો લૌકિક-પારલૌકિક-અલૌકિક-ફલ ભગવાન્ જ પ્રદાન કરે છે,તેથી તે તો કૃષ્ણસેવા જ કરે છે.

બ્રહ્માજીની સ્થિતિ શ્રીમહાપ્રભુજી બતાવે છે,-

ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ।
ते सर्वार्था न चाद्येन शास्त्रं किञ्चिदुदीरितम् ॥

-बालबोधः(१०-११)

રજોગુણાભિમાની કે અનભિમાની બ્રહ્માજી વેદ કે પરબ્રહ્મને જાણનાર,બ્રાહ્મણ-વર્ણના અભિમાની દેવતારૂપે,બ્રાહ્મણપણાને પ્રાપ્ત થયા છે.તે રૂપે તે બ્રહ્મજ્ઞાન-વેદાધ્યયન-બ્રહ્મતેજઃ માટે સારી રીતે સેવાય છે.ધર્મ-અર્થ-કામ-મોક્ષ આ ચારે પુરુષાર્થો બ્રહ્માજી વડે સિદ્ધ થતા નથી.બે-ત્રણ-પુરુષાર્થો બ્રહ્માથી મળેલા દેખાય છે,મોક્ષ નહિ.જેમાં ધર્મ-અર્થ-કામ વિસ્તારથી છે અને મોક્ષ સંક્ષેપમાં છે તેવું કાંઈક શાસ્ત્ર-(વૈખાનસતંત્રાદિ)બ્રહ્માજીએ કહેલું છે.બ્રહ્માજી મોક્ષમાં ઉપયોગી થતા નથી..

બ્રહ્માજીના સરસ્વતી-પ્રસંગનો ગૂઢાર્થ:
વૈદિક-પૂજનાદિ-કર્મમાં લૌકિકભાષાનો ઉપયોગ ન થાયઃ

બ્રહ્માજીનો સરસ્વતી-પ્રસંગ પ્રસિદ્ધ છે.લોકો તો તેમાં અન્યથા કલ્પે છે.વાસ્તવમાં તો અર્થ જુદો જ છે.

वाचं दुहितरं तन्वीं स्वयंभूर्हरतीं मनः ।
अकामां चकमे क्षत्तः सकाम इति नः श्रुतम् ॥

-श्रीभागवतम्(३-१२-२८)

"**क्षत्तः**"-અંતઃપુરરક્ષક-વિદુરજીને સંબોધનથી ઈન્દ્રિયસંયમ સૂચવીને આ કથામાં અન્યથા વિચાર ન કરવાનું સૂચવેલું છે.બ્રહ્માજી અસંયમી નથી થયા,સંયમી જ છે.લોકો વ્યર્થ જ આ કથાનો અવળો અર્થ કરે છે,-અનર્થ સમજે છે.આ બ્રહ્માજી યજ્ઞાત્મક છે.તેમણે પ્રકટ કરેલાં આ પુત્રી સરસ્વતી ગદ્ય-પદ્યાત્મિકા લૌકિક વાણી છે.તે કોમલ-સુંદર-અંગવાળી છે.શબ્દ-અર્થાદિની સુંદરતા વગેરે ગુણો તેનામાં છે.વેદમાં તે તિરોહિત છે.લોકો પુનઃ તેનો ઉપયોગ વેદમાં-યજ્ઞાદિમાં-ન કરે માટે આ ચરિત છે.કર્મકાંડ-પ્રસંગોમાં વેદ-પુરાણ-તંત્ર-સ્મૃતિમાં કહેલા મંત્રો-શ્લોકો બોલાય છે. તે દેવવાણી-સંસ્કૃત-માં હોય છે.કર્મકાંડના પૂજન-યજ્ઞાદિ-પ્રસંગોમાં તે જ બોલાય,અયજ્ઞીય શબ્દો-લૌકિકભાષાનાં સુંદર લાગતાં ગદ્ય-પદ્ય-વગેરે તેમાં ન બોલાય.આ યજ્ઞાત્મક બ્રહ્માજીએ સૃષ્ટિને અધિક કરવા માટે લૌકિકવાણીનો પણ સ્વીકાર કરવાની ઈચ્છા કરી.તેનાથી લૌકિક (બહુત્વવાળું)-પ્રચુર-જગત્ થાય, બ્રહ્માજીના વૈદિક-પુત્રોએ તે ન ઈચ્છ્યું,અટકાવ્યા. આસુરસૃષ્ટિમાં તો યજ્ઞો-વેદો-વગેરે બધું લૌકિક હોય, ઉત્તમની હીનતા શીઘ્ર થાય;હીનની ઉત્તમતા ક્યારેય ન થાય. બુદ્ધાવતારમાં ભગવાને વેદ-યજ્ઞાદિની નિન્દા કરી,તે આ લૌકિક વેદાદિ-વિષયમાં છે.સ્થાપેલી ભૂતદયા પણ એવી જ છે.લૌકિક-લાલસાથી તો અનર્થો અનેક થાય.યજ્ઞાદિમાં લૌકિક-શબ્દોના ઉપયોગથી તો બધું લૌકિક જ થઈ જાય,વૈદિક ન રહે.તેનાથી પ્રજા તામસ થાય.ૠષિયો તેમાં સંમત નથી.બ્રહ્માજીએ આ મનોવૃત્તિનો ત્યાગ કર્યો.

બ્રહ્માજીની સન્માર્ગ-શીલતાઃ પ્રભુનો પ્રભાવ :

બ્રહ્માજી તો સ્વયં પોતાની સન્માર્ગશીલતા કહે છે,-

न भारती मेऽङ्ग मृषोपलक्ष्यते
न वै क्वचिन्मे मनसो मृषा गतिः।

न मे हृषीकाणि पतन्त्यसत्पथे
यन्मे हृदौत्कण्ठ्यवता धृतो हरिः ॥
-श्रीभागवतम्(૨-૬-૩૩)

ભગવાન્ હૃદયમાં તિરોહિત હોય તો તે અસદ્દ્બુદ્ધિને ઉત્પન્ન કરે છે.મેં(બ્રહ્માજીએ)તો ઉત્કટ પ્રેમોત્સુક હૃદયથી ભગવાનને ધારણ કર્યા છે.વાણી પણ હૃદયમાં વસે છે.આ વાણી ભગવાનને ભેટીને ભગવાન્ સાથે મારા મોંમાંથી બહાર નીકળે છે,તેથી તે ક્યારેય વ્યર્થ હોતી નથી,વ્યર્થને પોતાનો વિષય બનાવતી નથી.મારો મનોવ્યાપાર પણ ભગવત્ સંબંધવાળો જ હોવાથી ક્યારેય ક્યાંય પણ વ્યર્થ થતો નથી.જે ન થવાનું હોય તેને પોતાનો વિષય બનાવતો નથી.પરંપરા-સંબંધમાં પણ મહિમા છે,-ભગવાન્ સાથે મારો સંબંધ છે,અભિમાન-માત્રથી મન વગેરેનો મારી સાથે સંબંધ છે.મારી ઈન્દ્રિયો ક્યારેય નિન્દિત માર્ગે જતી નથી. હૃદયની(તીવ્ર પ્રેમની)આતુરતાથી પ્રભુ હૃદયમાં પધારે,તો વાણી વ્યર્થ થાય નહિ,-ખોટું બોલે નહિ;મનમાં મલિનતા-ચંચલતા આવે નહિ,-મન ભટકે નહિ;-ઈન્દ્રિયો વિષયોમાં આથડે નહિ.અયોગ્ય રસ્તે જાય નહિ.ચિત્તમાં ભગવાનનો પ્રેમ સંપાદન કરવો.પ્રેમાર્દ્ર ચિત્ત સર્વત્ર રહેલા ભગવાનનો અનુભવ કરે છે.વાનગીમાં રહેલો સ્વાદ જીભ પારખી લે છે,તેને પહેલેથી સ્વાદની ખબર હોતી નથી તો પણ!તેમ ભક્તિના આવેશવાળું ચિત્ત ભગવાનને પારખી લે છે,-પકડી લે છે.

બ્રહ્માજી-આદિકવિઃ બ્રહ્માજીને ભગવાને કરેલું વેદ-પ્રદાનઃ

આ બ્રહ્માજીતો "આદિ-કવિ" છે."આદિકવિ"-રૂપે તો લોકમાં ખૂબ પ્રસિદ્ધ છે,-મહર્ષિ વાલ્મિકીજી!" **तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।"-श्रीभागवतम्**(૧-૧-૧) માં છે.-ભગવાને આદિકવિ(બ્રહ્માજી) માટે વેદ-(બ્રહ્મ)નોવિસ્તાર કૃપાપૂર્વક પુરાણ-સહિત કર્યો.જે વેદ-વેદાર્થ કે વેદ-પ્રતિપાદ્ય ભગવત્-સ્વરૂપમાં વિદ્વાનો મોહ પામે છે, યથાર્થ જ્ઞાન થતું નથી. **"यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदाँश्च प्रहिणोति तस्मै ।"-श्वेताश्वतरश्रुतिः**(૬-૧૮) છે. જે બ્રહ્માને પહેલાં ઉત્પન્ન કરે છે;અને જે ખરેખર તેમને માટે વેદોનું પ્રદાન કરે છે.વેદ-વિસ્તાર બ્રહ્માજી માટે છે. ભગવાનનું તાત્પર્ય વેદમાં છે,લોકમાં નહિ.ભગવાન્ પોતાના જગદ્રૂપથી જીવોને મોહ કરાવે છે,-બંધન દે છે. ભગવાન્ પોતાના વેદ-રૂપથી યથાર્થ જ્ઞાન દે છે,બંધનમાંથી છોડાવે છે,મોક્ષ દે છે.બંને ભગવાનની તો લીલા છે.ભગવાનનો આ મહિમા છે.વેદમાર્ગે બ્રહ્મા જ મુક્ત થાય છે.બીજા વેદાર્થનિષ્ઠોની મુક્તિ પણ તે રૂપે જ થાય છે.આ બ્રહ્માજી શબ્દ- રસના નિષ્ણાત છે.-કવિ છે.રસ-રક્ષા માટે,રસાભાસ ન થાય તેમ,અન્યથા કહેવા પણ તે સમર્થ છે.બીજો કોઈ તેવો નથી,માટે તે "આદિ"છે.કવિઓમાં કાલ્પનિક કહેવાનો દોષ હોય છે.બ્રહ્માજી તો વેદની વાસ્તવ-વાતો કહે છે.તેમનામાં આ કવિદોષ નથી.વિવિધ-પ્રકારનાં સ્તોત્રોથી ભગવાનને બ્રહ્માજીએ સંતુષ્ટ કર્યા છે.સંતુષ્ટ ભગવાને વેદનો વિસ્તાર-પ્રકાશ-કર્યો છે;તેથી બ્રહ્માજી છે,-"આદિકવિ"!જ્યાં જ્યાં જ્યારે જ્યારે ભગવાનનો અવતાર થાય છે,ત્યારે ત્યારે ત્યાં ત્યાં બ્રહ્માજી પધારે છે,ભગવાનની સ્તુતિ કરે છે.પૃથ્વી વગેરેનાં દુઃખ સાંભળીને ભગવાનનું ઉપસ્થાન-(સ્તુતિ) પણ બ્રહ્માજી વગેરે દેવો કરે છે.

ભગવાનને જાણવા-માણવાનો માર્ગઃ

બ્રહ્માજીને ભગવાનનું શ્રીમદ્-ભાગવત-પ્રદાનઃ

ભગવાને આ બ્રહ્માજીને વેદ-સાર-રૂપ શ્રીમદ્ભાગવત સ્વયં કહ્યું છે. **"इदं भागवतं नाम यन्मे भगवतोदितम् ।"-श्रीभागवतम्**(૨-૭-૫૧)આ ભાગવત છે,જે ભગવાને કહેલું છે.ભગવાન્ જેનું ફલ છે,તેનું નામ છે"-ભાગવત"!ભગવાને સ્વયં મને-મારા માટે-કહ્યું છે. **"वेदैश्च सर्वैरहमेव वेद्यः-----।"गीताजी**(૧૫-૧૫) બધા વેદોથી હું(શ્રીકૃષ્ણ) જ વેદ્ય છું.બધાં વેદવાક્યોનું સમાધાન કરે છે,-ગીતાજી!ગીતાજીની સ્પષ્ટતા કરે છે, -બ્રહ્મસૂત્રો! બ્રહ્મસૂત્રોનો સંદેહ-નિર્ણય દે છે,-શ્રીમદ્ભાગવત! આમ,વેદ દ્વારા ભગવાન્ જાણી શકાય છે,ગીતા-બ્રહ્મસૂત્રો દ્વારા નાણી શકાય છે, ભાગવત દ્વારા માણી શકાય છે.ભગવાને સ્વયં બ્રહ્માજીને વેદ-ભાગવત કૃપાપૂર્વક દઈને પોતાને જાણવા-માણવાનો માર્ગ પ્રદાન કર્યો છે.આ બંને કૃપાથી સુલભ થવા છતાં બ્રહ્માજી કહે છે,-

यस्याऽवतारकर्माणि गायन्ति ह्यस्मदादयः ।
न यं विदन्ति तत्त्वेन तस्मै भगवते नमः ॥

-श्रीभागवतम्(२-६-३७)

જેનાં અવતાર-કર્મો અમે ગાઈએ છીએ,જેને તત્ત્વતઃ જાણતા નથી,તે ભગવાનને નમન!

અવતાર-કર્મનાં ગાન છતાં બ્રહ્માજી વગેરેને ભગવાનનું તત્ત્વતઃ અજ્ઞાનઃ

જ્ઞાન(વેદ)માર્ગ દુર્જ્ઞેય છે,ભક્તિમાર્ગ પણ સુલભ નથી.સાક્ષાદ્ ભક્તિ તો પ્રાપ્ય નથી જ.કોઈપણ રીતે,કોઈએ પણ,પરંપરા-ભક્તિ કરવી જરૂરી છે.પરંપરા-ભક્તિમાં ભગવાનનાં ગુણગાન ઉત્તમ છે.આથી અમે(બ્રહ્માજી-શંકરજી વગેરે)ભગવાનના અવતારકર્મો-(લીલા)-ગાઈએ છીએ."અવતાર"-કહે છે,તેથી તેનાં કર્મો પણ જાણતા નથી,તેમ સૂચવ્યું છે.અવતાર-કર્મો ન સમજાય,તો અવતારી-"કૃષ્ણ"-કે તેમની લીલાઓ તો સમજાય જ ક્યાંથી ?! કર્મ-ગાન કહ્યું છે,-ગુણો તો સમજાતા જ નથી.ગુણો ઉત્કર્ષના આધાર-રૂપ છે,ગુણોથી ઉત્તમતા સમજાય છે.ભગવાનના કયા ધર્મો કે ગુણો ભગવાનની સર્વોત્તમતા કે બીજા ઉત્કર્ષને સિદ્ધ કરે છે,- તેનું જ્ઞાન દુર્લભ છે.ભગવાન્ તો શરીરથી - આકૃતિથી ગૂઢ છે.અન્યનાં ગાન કરતાં આ ભગવાનનાં ગુણગાનમાં સુખ સ્પષ્ટ અનુભવાય છે.ગાય છે,છતાં તેનું જ્ઞાન નથી!જ્ઞાન કે અજ્ઞાનથી સમજાતા કોઈક ભગવાન્ છે,-એમ નિશ્ચય કરીને,બીજું કરી શકાય તેમ ન હોવાથી, ભગવાનને નમન જ કરે છે.

यादृशोऽसि हरे कृष्ण तादृशाय नमो नमः।
यादृशोऽस्मि हरे कृष्ण तादृशं मां हि पालय ॥

હે હરે! હે કૃષ્ણ! જેવા હો તેવા આપને વારંવાર નમન!હે હરે! હે કૃષ્ણ! હું જેવો હોઉં તેવો, આપ મારી રક્ષા કરો!

બ્રહ્મા-શંકર-વગેરે પોતાને સમજાય તેમ અવતારનાં ગુણગાંન કરે છે,પૂર્ણજ્ઞાન સુલભ નથી;તો "અવતારી",-શ્રીકૃષ્ણનું જ્ઞાન તો ક્યાંથી સંભવે?કેટલું સંભવે? વેદના પૂર્વકાંડમાં ક્રિયાશક્તિ-યુક્ત ભગવાન્ યજ્ઞનું નિરૂપણ છે.વેદના ઉત્તરકાંડમાં જ્ઞાનશક્તિ-યુક્ત ભગવાનનું બ્રહ્મ-રૂપે નિરૂપણ છે.શ્રીભાગવતમાં સંપૂર્ણ ક્રિયાશક્તિ અને સંપૂર્ણ જ્ઞાનશક્તિ-વાળા સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણનું નિરૂપણ છે.ભગવાનની શક્તિયો અનેક છે,-અનંત છે,-અચિંત્ય છે,-નિત્ય છે.તેમાં સ્વાભાવિકી છે,-ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ!બધી શક્તિયો ભગવાનને વશ છે,લીલાનુરૂપ સેવા કરે છે.

બ્રહ્માજીએ કરેલો,જેવા છે તેવા રૂપે,કૃષ્ણનો સ્વીકારઃ

ભગવાનને-ભગવાનના સામર્થ્યને-ભગવાનની લીલાને બ્રહ્મા-શંકર-ઈન્દ્રાદિ પણ સમજી શકતા નથી,તત્ત્વ-નિર્ણય કરી શકતા નથી.લોક-વેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ ન સમજી શકાય,તો લોક-વેદાતીત-પુરુષોત્તમ તો ક્યાંથી સમજી શકાય?! આ ભગવાનને સામાન્ય ગોપાલ સમજીને બ્રહ્માજી પરીક્ષા કરવા આવ્યા.વાછરડાં-છોકરાઓને હરી ગયા.ભગવાને આત્મસૃષ્ટિ પ્રકટ કરી.બધા બાલકો-વાછરડાં તેમની વસ્તુ-માત્ર રૂપે ભગવાન્ બન્યા.બ્રહ્માજીને તે સૌ પુરુષોત્તમ-રૂપે દેખાયા! બ્રહ્માજી મૂંઝાઈ ગયા!જ્ઞાન બચાવી ન શક્યું!પુનઃ એકમાત્ર પુરુષોત્તમ બાલકો-વાછરડાંને શોધતા દેખાયા! બ્રહ્માજી ચરણે પડ્યા,-સ્તુતિ કરી.

नौमीड्य तेऽभ्रवपुषे तडिदम्बराय
गुञ्जाऽवतंसपरिपिच्छलसन्मुखाय ।
वन्यस्रजे कवलवेत्रविषाणवेणु -
लक्ष्मश्रिये मृदुपदे पशुपाऽङ्गजाय ॥

-श्रीभागवतम्(१०-१४-१)

વ્યાકુલ બ્રહ્માજી છે.દેખેલું રૂપ વર્ણવે છે,નમે છે,સ્તવે છે. સૌ ભગવાનની સ્તુતિ કરે છે, તેથી બ્રહ્માજી પણ મંજુલ મહિમા સ્વલ્પ અનુભવીને ગાય છે,-આ ફલરૂપ ભગવાનને ! આકાશ-શરીર બ્રહ્મ તો છે,પણ તે રૂપે નહિ,આ પ્રત્યક્ષ દેખાતા ગોપબાલક-રૂપે!તે ફલ છે.તે પણ દિવ્યદ્રષ્ટિ થી દેખાતા ભગવાન્ નહિ,પ્રાકૃતદ્રષ્ટિએ દેખાતા,! તેમાં પણ સર્વાભરણ-ભૂષિત,છતાં બધાં પ્રાકૃત અલંકારવાળા!તેમાં પણ આ અવસ્થાવાળા!આ ભગવાન્ તો નીલ મેઘશ્યામ ! વિજળી જેવા

પીતામ્બરવાળા!ગુંજાફલનો અવતંસ ધરેલા!આસપાસ મયૂરપિચ્છથી શોભતા મુખવાળા!ચરણ સુધી લાંબી,વનમાં થયેલાં પુષ્પોની માલા ધારણ કરનારા!હાથમાં દહીં-ભાતના કોળવાળા!વેત્ર અને શિંગડી બે બાજુ કમરમાં ખોસેલા! આગળ જઠર અને પટની વચમાં ખોસેલા વેણુવાળા!આ બધાં ચિહ્નોથી જેની શોભા છે તેવા!કોમલ ચરણવાળા!નંદજીના દેહમાંથી ઉત્પન્ન થયેલા! -નંદસૂનુ !આમ,જેનો આ વ્યવહાર લૌકિક છે તેવા ભગવાન્ અમારા ફલરૂપ હો! એક અને અદ્વિતીય આ પુરુષોત્તમ!છતાં સ્વેચ્છાથી સ્વલીલા માટે પોતાનામાંથી વિશ્વરૂપ પણ ઉત્પન્ન કરનારા! બ્રહ્માંડ-વિગ્રહમાંથી નાભિકમલ ઉત્પન્ન કરનારા! નાભિકમલમાંથી બ્રહ્મારૂપે ઉત્પન્ન થનારા,-બ્રહ્માને ઉત્પન્ન કરનારા!બ્રહ્મા દ્વારા પણ વિશ્વને ઉત્પન્ન કરાવનારા!આ વિશ્વમાં પોતે પણ ઉત્પન્ન થનારા!તેમાં પણ પિતાના પુત્ર રૂપે!! લૌકિક-પ્રાકૃત-ભાવમાં પણ જેનો ભાવ છે,તે ભક્તિવાળો છે. તેને હીનભાવ જાણીને અન્યથા સમજે તે અધમ છે.

બ્રહ્માજી વગેરેને વ્રજમાં અંગસંગનું ભગવાને દીધેલું વચનઃ

સર્વાંગ-સુંદર ભગવાન્ શ્રીરામચન્દ્રજીના દર્શન થયા.ઋષિયોને-દેવોને સીતાજીની જેમ સેવાનો મનોરથ થયો!ભગવાને તે કૃષ્ણાવતારમાં પૂરો કરવા વચન દીધું.

रुद्रादीनां वचः श्रुत्वा प्रोवाच भगवान् स्वयम् ।
अङ्गसङ्गं करिष्यामि भवद्वाक्यं करोम्यहम् ॥
गोप्यो गाव ऋचस्तस्य यष्टिका कमलासनः ।
वंशस्तु भगवान् रुद्रः श्रृङ्गमिन्द्रः सगोसुरः ॥

-कृष्णोपनिषत्(२,८)

રુદ્ર-વગેરેનું વચન સાંભળીને સ્વયં ભગવાને કહ્યું,-"આપનું વચન(મનોરથ)સિદ્ધ કરીશ,અંગ-સંગ કરીશ" આ ભગવાનનાં ગોપી અને ગાય વેદની ઋચાઓ છે.યષ્ટિકા (વેત્ર-છડી)બ્રહ્માજી છે.વેણુ ભગવાન્ રુદ્ર છે,શિંગડી-રૂપે ઈન્દ્ર છે.ભગવાને આજે કૃષ્ણાવતારમાં વેત્ર-શૃંગને કમરમાં ખોસીને,વેણુને જઠર અને વસ્ત્રની વચમાં આગળ ખોસીને,દેવતાઓનો અંગસંગનો મનોરથ પૂરો કર્યો છે!બ્રહ્માજી-શિવજી-ઈન્દ્રાદિ દેવતાઓનો પણ ભગવાનની આ વ્રજલીલામાં દેવતારૂપે પ્રવેશ નથી!તેમને પણ વેત્ર-વેણુ-શૃંગ બનાવીને ભગવાને કૃતાર્થ કર્યા છે!

બ્રહ્મા વગેરે વેણુનાદ-શ્રવણ કરીને તત્ત્વનિર્ણયમાં અસમર્થઃ

ભગવાનના વેણુનાદનું શ્રવણ કરીને ઈન્દ્ર-શંકર-બ્રહ્મા પણ તત્ત્વનિર્ણય કરી શકતા નથી.

विविधगोपचरणेषु विदग्धो
वेणुवाद्य उरुधा निजशिक्षाः ।
तव सुतः सति यदाधरबिम्बे
दत्तवेणुरनयत् स्वरजातीः ॥
सवनशस्तदुपधार्य सुरेशाः
शक्रशर्वपरमेष्ठिपुरोगाः ।
कवय आनतकन्धरचित्ताः
कश्मलं ययुरनिश्चिततत्त्वाः ॥

-श्रीभागवतम्(१०-३५-१४,१५)

ભગવાનના દિવ્ય વેણુનાદે તો બ્રહ્માજી વગેરે દેવોને પણ કાંઈક કરી દીધું!વિશ્વના તો વન્દ્ય બ્રહ્માજી-શંકરજી-ઈન્દ્રજી!લોકમાં અલૌકિક તેમણે જોયું!તેથી તો સંદેહ થયો!વેદમાં વિભુનું વર્ણન તો છે.બ્રહ્માજી તે જાણે છે. બધી વિદ્યામાં વિધાતા-બ્રહ્માજી-વિશેષજ્ઞ છે.તેમણે આ વેણુનાદ સાંભળ્યો.સંગીતમાં વાદ્યો ચાર પ્રકારનાં,-૧ તંતુ-વીણા વગેરે,૨ સુષિર-છીદ્રવાળાં-વેણુ વગેરે,૩ ઘન-કાંસ્ય વગેરે,૪ આનદ્ધ-ચામડાથી મોં બાંધેલા-મૃદંગ વગેરે.વેણુના પણ વિવિધ અનેક પ્રકારો છે.તે શાસ્ત્રપ્રસિદ્ધ છે.બ્રહ્માજી તે તો જાણે છે.ભગવાન્ તો વેણુમાં પોતાના શિક્ષણના અનેક અભિવ્યક્તિ-પ્રકારો પ્રકટ કરે છે.નાદબ્રહ્મ નિત્ય છે. તેની અભિવ્યક્તિમાં અંગુલિ-નર્તનાદિ ક્રિયાશક્તિ સાધન છે.તે તો લૌકિક!છતાં નાદ તો અલૌકિક!ભગવાન્ તો અનંત બ્રહ્માંડના વિવિધ વિશિષ્ટ ગોપાચરણમાં નિષ્ણાત છે.ગોપાચરણ તો વૈદિક નથી,લૌકિક છે.એક બ્રહ્માંડના આવા

ગોપાચારો બીજા બ્રહ્માંડમાં પ્રસિદ્ધ ન હોય,વેદમાં પણ ન હોય! ભગવાન્ તો આ બધામાં નિપુણ છે.બ્રહ્મા-શંકર-ઈન્દ્ર તો એક બ્રહ્માંડના અધિકારી દેવો છે.તે તો પોતાના અધિકાર જેટલું જ જાણે છે. ભગવાને તો આ બ્રહ્મા-શંકર જે પ્રકાર નથી જાણતા તેવો,બીજા બ્રહ્માંડનો,પ્રકાર પ્રકટ કર્યો! બ્રહ્માજીની સૃષ્ટિમાં પ્રકટ થઈને બ્રહ્માજી પણ ન સમજે તેવો અદ્‌ભુત પ્રકાર ભગવાને પ્રકટ કર્યો. "સતિ! આ દીકરો તો તમારો ને!" શ્રીગોપીજને મા યશોદાજી વચમાં પધારતાં વાત બદલી નાખી.કામ-કથાને બદલે અનિષિદ્ધ ઉત્કર્ષ કહ્યો. "મા ! સતિ ! તમારો પુત્ર હોવા છતાં તે તો મનથી પણ કલ્પી ન શકાય તેવું કરે છે!" વિશ્વાસ માટે તો "સતિ"-કહ્યું છે.ભગવાને વેણુ અધરે ધર્યો છે.અધર તો લોભ-રૂપ છે.આથી તે લોકમાં પ્રસિદ્ધ નથી.ભગવાને બ્રહ્માદિ-દેવોને તે અધરનો રસ દીધો નથી. અધરે ધરેલો વેણુ તો અધરથી પણ ઉત્તમ! તેમાંથી ભગવાને ષડ્‌જાદિ- જાતિભેદોને અપૂર્વ-નૂતન-રૂપે પ્રકટ કર્યા.તેના પરિજ્ઞાન માટે તો ત્રિગુણપ્રધાન દેવો પણ ત્રિકાલમાં આવે છે.સવન-સોમરસ કાઢવાનો સમય છે.અહીં તે આધિદૈવિક-રૂપે તે સેવા કરે છે. અત્યારે મધ્યાહ્નનો સમય લાગે છે!ત્રિદેવો આવ્યા છે.ઈન્દ્ર સાત્ત્વિક છે,બ્રહ્મા રાજસ છે,શિવ તામસ છે.સૌ પોતાના પરિકર-ગણ-સાથે આવ્યા છે.બધા દેવો આમ ત્રિગુણાત્મક છે. આ બધા નાદમાં નિપુણ છે.ઈન્દ્ર ત્રિલોકસ્વામી છે,સર્વદા નાદ-પરાયણ છે.શિવ તો નાદશાસ્ત્ર-કર્તા છે.બ્રહ્માજી તો તે બંનેના પણ ગુરુ છે,તેઓ એકાગ્ર ચિત્તે,ખભા પર મસ્તક ઝૂકાવીને, સાંભળે છે.તેઓ પણ તત્ત્વનિર્ણય ન કરી શક્યા! આ ત્રણે થોડો સમય સાંભળીને-વિચારીને-ઉદાસીનતાથી આ દેવો અજ્ઞાનથી મૌન થઈ ગયા નથી.તેમને તો ક્લેશ થયો ચિત્તમાં! ચિંતા થઈ!મૂર્ચ્છિત થઈ ગયા! વેણુનાદથી મોહિત થઈ ગયા!આ ગામડીઆનો નાદ નથી, નાદાભાસ નથી,તેમાં કોઈ ન્યૂનતા નથી.આ તો અલૌકિક વેણુનાદ છે. લૌકિક-વૈદિક નિપુણોને તે ન સમજાય.અલૌકિક રસોત્પાદક આ વેણુનાદ છે;તે લૌકિકો માટે નથી,વૈદિકો માટે પણ નથી. છે તે તો માત્ર અધરરસને જાણતા-માણતા શ્રીગોપીજનો માટે-પુષ્ટિભક્તો માટે!સામાન્યતઃ,શબ્દ

બે પ્રકારનો,-વર્ણાત્મક અને ધ્વન્યાત્મક!વર્ણાત્મક મુખમાંથી પ્રકટ થાય, ધ્વન્યાત્મક સંગીતના સાધનોમાંથી પ્રકટ થાય. "સા રે ગ મ", "ના ધીન્ ધીન્ ના "-વગેરે મોંથી ઉચ્ચારી શકાય-તે વર્ણરૂપ;હાર્મોનીયમ કે તબલામાંથી નીકળે તેમાં ધ્વનિ સામ્ય હોય,વર્ણ તેમાં ન હોય.આ તો લોક-વેદ-પ્રસિદ્ધ ! લાગે છે,-ભગવાનના વેણુમાંથી તો વર્ણ અને ધ્વનિ સાથે સંગતિથી પ્રકટે છે!રસ તો તેમાં અધરનો ઉમેરાય છે!-સંપૃક્ત થાયછે!

વ્રજલીલામાં તો પોતાનાં પશુને પોકારતા પ્રભુ તો સ્તુતિ કરતા બ્રહ્માદિ પ્રત્યે તો મૌન છેઃ

हिहीहीहीङ्कारान् प्रतिपशु वने कुर्वति सदा
नमद्ब्रह्मेशेन्द्रप्रभृतिषु च मौनं धृतवति ।
मृगाक्षीभिः स्वेक्षानवकुवलयैरर्चितपदे
रतिप्रादुर्भावो भवतु सततं श्रीपरिवृढे ॥

-परिवृढाष्टकम्(३)

વનમાં વ્રજાધિપ-કૃષ્ણ પોતાનાં પશુઓને ચરાવે છે.તેમાં તો ગાયો સાથે ભેંસ-હરણ-બકરી-કૂતરાં પણ ખરાં!તેમને ચરાવતા હમેશાં પ્રભુ પ્રત્યેક પશુને પોકારે છે!પશુ તો ઘાસ-ગ્રાસના લોભે,પેટ ભરવા,પ્રભુથી દૂર જાય,ચર્યા કરે! પશુ છે ને?! પ્રેમાળ પ્રભુ તો તેમની પાછળ પાછળ ચાલ્યા કરે! પ્રભુ પશુને ચરાવે,પશુ પ્રભુને ચલાવે!પશુ-દૂર જતાં-પેટ ભરતાં-છતાં પોતાનાં ને?!આ તો પુષ્ટિ છે! પુષ્ટિ-પ્રભુ તો પોતાનાં હોય તેમની પાછળ પાછળ પધાર્યા કરે છે!ગોવાળોની રીત તો પ્રસિદ્ધ છે.આ કૃષ્ણ તો તેમાં નિપુણ છે.જમણો કર કટિ પર મૂકીને,ડાબો હાથ ઊંચો કરીને,પોતાનાં પશુઓને પ્રેમાળ પ્રભુ પોકારે છે,-"**हिहीहीही**" - "અહીં-અહીં-અહીં-અહીં"- પાસે બોલાવે છે!-સ્વમાર્ગે-સાચવીને ચલાવે છે!સાથે બીજી અનેક લીલાઓ પણ પ્રભુ વનમાં કરે છે.ત્યાં તો નમન કરતા બ્રહ્માજી-શંકરજી-ઈન્દ્રજી આવે છે,સ્તુતિ કરે છે.આ પુષ્ટિપ્રભુ તો તેમના પ્રત્યે મૌન ધારણ કરે છે,-બોલતા પણ નથી,બોલાવતા પણ નથી!પુષ્ટિમાં તો દેવોને ન બોલાવાય,-દૈવીને બોલાવાય!આ પ્રભુના

ચરણનું અર્ચન વનમાં રહેલાં-ગયેલાં વ્રજભક્તો કરે છે.મૃગ જેવાં નેત્રવાળાં આ વ્રજભક્તો છે.તેમને તો કુલલાજ વગેરે પ્રતિબંધો છે.બીજું કાંઈ તેમનાથી બની શકતું નથી.તેમણે તો આંખમાં આંજેલાં કાજલ!શ્યામ થયેલાં તેમનાં નયન!ભગવદ્દર્શનથી થતા વિવિધ કામપૂર્ણ ભાવો તેમાં ઉભરાય!પૃથ્વીની શોભારૂપ,રસોદ્દીપક,કરનાં કંકણને પણ કુત્સિત કરે તેવાં તે તો નવાં શ્યામકમલ!પ્રિય-ચરણોમાં આ નવ કુવલય તો દષ્ટિ કરતાં પૂજન રૂપે પધરાવ્યાં છે,-બિછાવ્યાં છે!આવા,પ્રિયાજી સહિત વિરાજતા વિવિધ લીલારસ-પરવશ વિહરતા, પ્રિય પ્રભુ -પરિવૃઢ-માં રતિનું પ્રાકટ્ય મને સતત થાવ!

બ્રહ્માદિને દુર્લભ કથા છે,-વ્રજવિહારીજીની!

આમ,બ્રહ્માજીની ઉત્પત્તિ અદ્ભુત ! તેમને ઉત્પન્ન કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ અદ્ભુત!ભગવાને તેમને કૃપાપૂર્વક કરેલું વેદ-વિસ્તાર અને વેદસાર શ્રીભાગવત પ્રદાન અદ્ભુત!બ્રહ્માજી અવતાર-કર્મો ગાય છતાં તત્ત્વતઃ ભગવાનને ન જાણે,-તે અદ્ભુત!પુષ્ટિલીલામાં તો બ્રહ્મા-શંકર-ઈન્દ્ર અલૌકિક વેણુનાદ-શ્રવણ કરવા છતાં તત્ત્વનિશ્ચય ન કરી શકે,તે અદ્ભુત!તેની કથા તો શી કરી શકે?! બ્રહ્માદિને દુર્લભ કથા છે,-આ વ્રજવિહારી કૃષ્ણની!

શ્રીકૃષ્ણાવતારની ગર્ભસ્તુતિમાં પણ બ્રહ્મા-શંકરાદિ-દેવોનું નિરૂપણ સંપૂર્ણ યથાર્થ નથી-,બ્રહ્માદિને દુર્લભ કથા છે,-કૃષ્ણની!

કાલાત્મા ભગવાનને દેવકીજીના ગર્ભમાં પધારેલા માનીને બ્રહ્માજી-વગેરે દેવોએ ભગવાનની સ્તુતિ કરી; ચાર પ્રકારે ભગવાન પોતાનો પક્ષપાત કરે છે,-તેમ માન્યું.-૧.લોકકૃત, ૨.સ્મૃતિકૃત, ૩.વેદકૃત, ૪.ભગવન્માર્ગકૃત.ચારે પક્ષપાતને પુનઃ પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ-ચાર પ્રકારે ગણાવ્યો.કુલ સોળ શ્લોક કહ્યા.શ્રીશુકે છેલ્લે આ સ્તુતિ માટે કહી દીધું,-

इत्यभिष्टूय पुरुषं यद्रूपमनिदं यथा ।
ब्रह्मेशानौ पुरस्कृत्य देवाः प्रतिययुर्दिवम् ॥

-श्रीभागवतम्(१०-२-४२)

આ પ્રકારે "પુરુષ"ની સ્તુતિ કરી.આ ભગવાન્ તો સ્વતંત્ર રીતે સર્વકાર્ય કરવા સમર્થ છે.બ્રહ્માદિ દેવોએ ભગવાનનું જેવું રૂપ આ સ્તોત્રમાં નિરૂપ્યું છે,તેવું તે નથી હોતું.ભગવાન્ તો દૈત્યોને પણ મુક્તિ દઈને હિત કરે છે,તેથી આ સ્તોત્રમાં જેવું કહેલું છે તેવું હોવા છતાં તે તેમ નથી હોતું!પ્રકાર-ભેદથી સર્વ જ સત્ય છે,અસત્યપણ છે!બ્રહ્માજી-શંકરજી-વગેરે ભગવાનનું સંપૂર્ણ યથાર્થ નિરૂપણ કરી શકતા નથી.દુર્લભ છે,-બ્રહ્માદિને વ્રજવિહારી કૃષ્ણની કથા!

બ્રહ્માજીને પણ ભગવાનની ગતિ (ક્રિયાપ્રકાર-લીલા) સમજાતી નથી!:

ज्ञातोऽसि मेऽद्य सुचिरान्ननु देहभाजां
न ज्ञायते भगवतो गतिरित्यवद्यम् ॥

-श्रीभागवतम्(३-९-१)

બ્રહ્માજીને હૃદયમાં જલશાયી પદ્મનાભ ભગવાનનાં દર્શન થયાં.તેમની સ્તુતિ કરતાં બ્રહ્માજીએ આ કહ્યું છે.તેનાં શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.-"**देहभाजां भगवतो गतिर्न ज्ञायत इति महदवद्यं महान् दोषः । "नैतं ऋषिं विदित्वा नगरं प्रविशेत्"इति श्रुतिनिषेधात् । भगवांस्तु केनचित् प्रकारेण ज्ञायत एव गतिः परं न ज्ञायते । स केन प्रकारेण, कदा, कुत्र,कथम्,केन गच्छतीति । एतस्यां ज्ञातायां ज्ञातव्यं नावशिष्यते । -------त्वत्तोऽन्यन्नास्त्येव, यज्ज्ञातव्यं स्यात् ,त्वमेव परं तथा भवसि,अतस्तव गतिर्ज्ञातव्या ।**" - દેહધારીઓને ભગવાનની ગતિ સમજાતી નથી,એ મહાન્ દોષ છે.એ પરમાર્થ તત્ત્વને જાણીને શરીરમાં દેહાત્મકભ્રમ ન કરવો,-એ શ્રુતિ નિષેધ હોવાથી,ભગવાનની ગતિ ન સમજાય તો મોક્ષ ન મળે, આ મોટો દોષ છે.અહીં ગતિ ભગવાનનો ક્રિયાપ્રકાર છે.ભગવાન્ તો કોઈક પ્રકારે જાણી પણ શકાય છે,પણ ભગવાનની ગતિ સમજાતી નથી, તે કયા પ્રકારે, ક્યારે,ક્યાં,કઈ રીતે,કયા સાધનથી કે કોની સાથે જાય છે,-તે સમજાતું નથી.આ સમજાય તો કાંઈ સમજવાનું બાકી ન રહે.-----તમારા(ભગવાનના)સિવાય બીજું કાંઈ છે જ નહિ,જે જાણવા યોગ્ય હોય,પરંતુ તમે (ભગવાન્) જ જ્ઞાતવ્ય છો.આથી તમારી ગતિ જાણવી જરૂરી છે.આમ, બ્રહ્માજીને પણ ભગવાનની ગતિ (લીલા)સમજાતી

નથી,તો તેની કથા ક્યાંથી સુલભ થાય? કદાચ ભગવાન્ સુલભ થાય,ભગવાનની ગતિ-લીલા તો દુર્લભ જ છે, તો લીલાકથા પણ દુર્લભ જ છે.

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥

-गीताजी(૮-૧૪)

પત્ની-પુત્રાદિ કે અક્ષરબ્રહ્માદિમાં જેનું ચિત્ત નથી તેવો, અનન્યચિત્તવાળો,ભક્ત જે મને (લીલા-પુરુષોત્તમને) સતત નિત્ય સ્મરે છે,તેવા નિત્ય(ભગવાનમાં) અનુરક્તને હું(ભગવાન્ પુરુષોત્તમ)સુલભ છું.આનાથી નિર્ગુણ મુક્તિ તો મળી જાય,લીલા-લાભ તો કેવલ કૃપૈક-સાધ્ય છે. આવી લીલા-કથા તો બ્રહ્માદિને પણ દુર્લભ છે.

(૨) राधामानापनोदकम्ः

શ્રીરાધાજીનું માન મનાવે છે તેવા (શ્રીકૃષ્ણ):

વેદમાં મૂલપુરુષમાંથી દ્વિતીય સ્ત્રીરૂપનું પ્રાકટ્યઃ વિરુદ્ધધર્માશ્રય બ્રહ્મઃ સાકાર બ્રહ્મવાદઃ

શ્રીરાધાજી તો સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણનાં પ્રિયતમા ! "**पत्नीभावस्तु मर्यादा प्रियाभावो हि पोषणम् ।**"-**श्रीहरिरायजी** પત્નીભાવ તો મર્યાદા છે,પ્રિયાભાવ નિશ્ચિતરૂપે પુષ્ટિ છે. વેદમાં વિધાન છે,--"**सोऽविभेत्तस्मादेकाकी विभेति।स हायमीक्षाञ्चक्रे यन्मदन्यन्नास्ति कस्मान्नु विभेमीति ।तत एवास्य भयं वीयाय । कस्माद्धयभेष्यद्‌द्वितीयाद्वै भयं भवति ॥ स वै नैव रमे । तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् । स आत्मानं द्वेधा न्यपातयत् ।पतिश्च पत्नी चाभवताम्। तस्मादिदमर्धवृगलमिव स्व इति स्माह याज्ञवल्क्यस्तस्मादयमाकाशः स्त्रिया पूर्यत एव तौ समभवत्ततो मनुष्या अजायन्त ।**"-**बृहदारण्यकोपनिषत्** (૧-૪-૨,૩).તે(પુરુષવિધ આત્મા) ડર્યા;તેથી એકલો પુરુષ ડરે છે.તેણે આ વિચાર્યું-"જો મારા સિવાય બીજું કોઈ નથી,તો હું કોનાથી ડરું છું ?"તે (યથાર્થ આત્મદર્શન)થી તેનો ભય દૂર થયો.તેને કયા કારણે ભય થયો?ભય તો નિશ્ચિતપણે બીજાથી થાય છે.તે નિશ્ચિતપણે ન રમ્યા.(તેમણે) આનંદાનુભવ ન કર્યો,તેથી એકલો(પુરુષ) આનંદાનુભવ કરતો નથી.તેણે બીજાની ઈચ્છા કરી.જેમ સ્ત્રી-પુરુષ આલિંગિત હોય છે તેમ તે સ્પષ્ટ રીતે એટલા પરિમાણવાળા થયા.તેમણે પોતાના આ સ્વરૂપને બે રૂપમાં વિભાજિત કર્યું. તેનાથી પતિ અને પત્ની થયાં;તેથી આ શરીર દ્વિદલ અન્નના એક દલ જેવું છે,- તેમ યાજ્ઞવલ્ક્યે સ્પષ્ટ કહ્યું.તેથી આ આકાશ (પુરુષાર્થ)સ્ત્રીથી પૂર્ણ થાય છે જ, તે સ્ત્રી-સંયુક્ત થયા, પછી તેનાથી મનુષ્યો થયા.

સ્વેચ્છાથી લીલા-પરવશ બ્રહ્મે એકાકી દશામાં ભય દર્શાવ્યો! બીજું હોય તો ભય થાય,પોતાના સિવાય બીજું કાંઈ જ નથી, તેવા વિચારે ભય ગયો!પુનઃ એકલા આનન્દ ન અનુભવાય,તેથી બીજાની ઈચ્છા કરી!પોતે જ બીજા રૂપે પણ બન્યા!દ્વિતીયથી ભય પામે અને દ્વિતીયને આનંદ માટે પ્રકટ પણ કરે! આ તો બ્રહ્મનો વિરુદ્ધધર્માશ્રય છે. સર્વવિરુદ્ધધર્મો પણ બ્રહ્મમાં તો અવિરોધથી એક સાથે આશ્રય કરીને રહે છે. "**सर्वधर्मोपपत्तेश्च ।**"-**ब्रह्मसूत्र-अणुभाष्यम्**(૨-૧-૩૭) -વેદોક્ત બધા ધર્મો બ્રહ્મમાં યોગ્ય છે,શોભે છે,-બ્રહ્મ સર્વસમર્થ હોવાથી! "**उभयव्यपदेशात्त्वहिकुण्डलवत् ।**"--**ब्रह्मसूत्र-अणुभाष्यम्**(૩-૨-૨૭)--વેદથી જ બ્રહ્મ-સ્વરૂપજ્ઞાન થાય છે.આ બ્રહ્મ તો ઉભય -રૂપ છે,--સધર્મક છે; અને નિધર્મક પણ છે;- નિર્ગુણ છે અને અનન્ત ગુણોવાળું પણ છે.વેદમાં સર્વવિરુદ્ધધર્મથી-રૂપથી -બ્રહ્મનું નિરૂપણ છે.જેમ સાપ સીધો-અનેક આકારવાળો-ગોળ ગૂંચળું વળેલો-પણ થાય છે;તેમ બ્રહ્મ-સ્વરૂપ સર્વ પ્રકારનું બને છે.સ્વેચ્છાથી અને ભક્તેચ્છાથી તે તો સર્વ પ્રકારે સ્ફુરે છે,-બને છે.શ્રુતિસિદ્ધાન્તમાં આ બાધક નથી,કાલ્પનિક-યુક્તિયોમાં આ ખૂંચે છે! તે તો તેમનો મોહ છે. "**तेने व्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः।**" **श्रीभागवतम्**(૧-૧-૧) ભગવાને આદિકવિ- બ્રહ્માજી-માટે કૃપાપૂર્વક પુરાણ સહિત વેદનો વિ-સ્તાર કર્યો;જેમાં ભગવાનના શરણાગત ન હોય તેવા,પોતાની કલ્પિત યુક્તિયોમાં રાચતા,વિદ્વાનોને મોહ થાય છે.વેદમાં-વેદાર્થમાં-વેદપ્રતિપાદિત બ્રહ્મસ્વરૂપમાં-તેમને મોહ થાય છે, તેથી સાચું સમજાતું-સ્વીકારાતું નથી.ભગવાન્ તો સર્વવિરુદ્ધધર્મોનો આશ્રય

છે.પ્રમાણ-સિદ્ધ વસ્તુમાં યુક્તિ અપેક્ષિત નથી.લોકમાં પણ,શરીર-અંતઃકરણ;પરસ્પર વિરુદ્ધધર્મો (દયા-ક્રૂરતા,શત્રુત્વ-મિત્રત્વ,ગમો-અણગમો વગેરે) જુદા જુદા વિષયમાં એક સાથે પ્રતીત થાય છે.બધા ભગવાનના અંશ છે, તેથી વિરુદ્ધધર્મો પણ દેખાય છે!આમ બધા વિરુદ્ધધર્મો ભગવાનમાં જ શોભે છે.ભગવાન્ ભય-અભય-આનંદ-વગેરે લીલા માટે દર્શાવે છે.**"लोकवत्तु लीलाकैवल्यम् ।"-ब्रह्मसूत्र-अणुभाष्यम्**(૨-૧-૩૨). લોકવત્ લીલા છે,લૌકિક નથી.લીલામાં કાંઈ જ પ્રયોજન હોતું નથી.લીલાનું પ્રયોજન લીલા જ છે.સર્વનિયામક ઈશ્વરની લીલામાં કાંઈ પ્રશ્ન યોગ્ય ન હોય.સર્વસમર્થ ભગવાન્ સ્વેચ્છાથી સ્વલીલા માટે પોતે ઈચ્છે તેમ કરે છે,ભક્તેચ્છાથી પણ સર્વકાંઈ કરે છે.આ લીલા તો કૈવલ્ય-કેવલતાનો ભાવ-મોક્ષ છે.તે લીલા હોવાથી તેના કીર્તનથી પણ અન્યનો મોક્ષ થાય છે કે લીલા-પ્રાપ્તિ થાય છે.લીલા જ કેવલ છે.આમ,ભય અને રમણ બંને, લોકવત્ લાગે છતાં,સર્વસમર્થ-સર્વવિરુદ્ધધર્માશ્રય-ભગવાનની લીલા જ છે. બ્રહ્મ સિવાય બીજું કાંઈ હોય તો ભય થાય,બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ હતું નહિ,- છે નહિ, બ્રહ્મ જ સ્વેચ્છાથી બે રૂપ-બહુરૂપ-બને છે. છે તે બધું બ્રહ્મરૂપ જ છે.અહીં, પણ આ છે,-સાકાર બ્રહ્મવાદ! -ભગવલ્લીલા-નિરૂપણ !

બે પ્રકારનું જગત્: નિત્યસિદ્ધ પતિપત્ની રૂપ :

બ્રહ્મનાં સ્વેચ્છાથી સ્વલીલા માટે થયેલાં બે રૂપ,- પતિ અને પત્ની! બ્રહ્મનાં સ્વેચ્છાથી સ્વલીલા માટે થયેલાં બહુરૂપ - તે જગત્! **"सोऽकामयत ।वहु स्यां प्रजाययेति ।"-तैत्तरीयोपनिषत्** (૨-૬). જગત્ પણ બે પ્રકારનાં,- ૧.નિત્યલીલા-જગત્:-તેમાં આનંદ પ્રકટ હોય,-સદાનન્દ હોય.સઘળું ભગવદ્રૂપ હોય, સઘળું રસાત્મક હોય,આધિદૈવિક હોય; ૨. (નિત્ય છતાં) અનિત્યલીલા-જગત્:-તેમાં આનંદ અપ્રકટ હોય,તિરોહિત હોય,નિરાનંદ હોય,આધિભૌતિક હોય.તે અનિત્ય હોય.તેનાં ઉત્પત્તિ-સ્થિતિ-લય હોય.લયમાં જગત્ ભગવાનમાં સૂક્ષ્મરૂપે હોય,તેથી નિત્ય છે.બે રૂપમાં-પતિ અને પત્ની રૂપ-મર્યાદાલીલામાં-ભગવાન્ અને લક્ષ્મીજી-નિત્યસિદ્ધ પતિપત્ની!જ્યાં-જ્યારે-જે રીતે અવતરે ત્યાં બંને પતિ-પત્ની-રૂપે જ હોય.શ્રીભાગવતમાં પ્રસિદ્ધ છે.બ્રહ્માજીના પુત્ર રુચિ-ઋષિ.એ આગલા કલ્પમાંના હતા.બીજા કલ્પમાં સ્વાયંભુવ મનુએ તેમને પોતાનાં પુત્રી આકૂતિ પરણાવ્યાં.તેમને ત્યાં પુત્ર-પુત્રીનું જોડકું જન્મ્યું.

यस्तयोः पुरुषः साक्षाद्विष्णुर्यज्ञस्वरूपधृक् ।
या स्त्री दक्षिणा भूतेरंशभूतानपायिनी ॥
आनिन्ये स्वगृहं पुत्र्याः पुत्रं विततरोचिषम् ।
स्वायंभुवो मुदा युक्तो रुजिर्जग्राह दक्षिणाम्॥
तां कामयानां भगवानुवाह यजुषां पतिः ।
तुष्टायां तोषमापन्नोऽजनयद् द्वादशात्मजान् ॥

-(૪-૧-૪,૫,૬)

જોડકામાંના પુરુષ સાક્ષાદ્ વિષ્ણુ યજ્ઞરૂપ!જોડકામાંની જે સ્ત્રી તે-દક્ષિણા -ભગવાનથી ક્યારેય જુદાં ન રહેતાં લક્ષ્મીરૂપ! મનુએ પુત્રને લીધા,રુચિએ પુત્રીને રાખ્યાં.નિત્યસિદ્ધ પતિપત્ની-રૂપ હોવાથી બંને પરણ્યાં.સંતુષ્ટ પત્નીમાં પતિને સંતોષ થયો.તેમના બાર પુત્રો થયા.લોક-શાસ્ત્ર-દૃષ્ટિએ તો સુયજ્ઞ-દક્ષિણા એક જ મા-બાપનાં સંતાન,ભાઈ-બહેન, ગણાય;લગ્ન ન થાય!લોક-શાસ્ત્રનાં બંધન પશુને અને પ્રભુને ન હોય,પશુ લોક-શાસ્ત્ર-મર્યાદાથી નીચે,તેને દોષ નહિ!પ્રભુ તો લોક-શાસ્ત્ર-મર્યાદાથી પર,તેમને દોષ નહિ!તે તો નિત્ય નિર્દોષ!ઈચ્છે તો મર્યાદા પાળે,ન ઈચ્છે તો ન પણ પાળે!જેવી તેમની ઈચ્છા-લીલા!આ તો નિત્યસિદ્ધ પતિ-પત્ની છે.

મૃત વેનરાજાના હાથના બાહુના મથનમાંથી મિથુન(પુત્ર-પુત્રીનું જોડકું)જન્મ્યું.બ્રહ્મવાદી ઋષિયોએ કહ્યું,-

एष विष्णोर्भगवतः कला भुवनपालिनी ।
इयं च लक्ष्म्याः संभूतिः पुरुषस्यानपायिनी ॥
एष साक्षाद्धरेरंशो जातो लोकरिरक्षया ।
इयं च तत्परा हि श्रीरनुजज्ञेऽनपायिनी ॥

-(૪-૧૫-૩,૬)

ભગવાનનો અંશ-પુરુષ-પૃથુરાજા.લોકરક્ષા માટે પ્રકટ થયા.લક્ષ્મીજીનો અંશ-સ્ત્રી-અર્ચિ.-ભગવાનથી તે જુદાં ન રહે.બંને પરણ્યાં,-એક જ શરીરમાંથી પ્રકટવા છતાં!-નિત્યસિદ્ધ પતિ-પત્ની! વેદનું યથાર્થ જ્ઞાન તો વેદ-વિસ્તાર રૂપ પુરાણ કરાવે છે.ઈતિહાસ-પુરાણ તો પાંચમો વેદ છે. અલ્પશ્રુત-પુરાણાદિ ન જાણનાર-થી તો વેદ પણ ડરે છે,-ક્યાંય અનર્થ કરીને પ્રહાર ન કરી દે! વેદનાં નિત્યસિદ્ધ પતિ-પત્ની આ પુરાણકથામાં સ્પષ્ટ સમજાય છે.આ તો થઈ વેદ-વાર્તા!

વેદમાં નિત્યસિદ્ધ પતિપત્નીઃ- પુષ્ટિમાં નિત્ય-સિદ્ધ પ્રિયતમા-પ્રિયતમઃ લક્ષ્મીજી-પાર્વતીજી વગેરે શ્રીરાધાજીના અંશરૂપ છેઃ

લોક-વેદથી પર તો છે,-પુષ્ટિ!વેદનાં આ નિત્યસિદ્ધ-પ્રસિદ્ધ પતિપત્ની જ છે-નિત્યસિદ્ધ-પ્રસિદ્ધ પ્રિયતમા-પ્રિયતમ!વેદમાં તે લક્ષ્મી-(કૃષ્ણ)નારાયણ!પુષ્ટિમાં તે રાધા-કૃષ્ણ! "-એક પ્રાણ વપુ દોય!" મર્યાદામાં મર્યાદિત પ્રાકટ્ય હોય-મર્યાદિત આનંદ હોય,પુષ્ટિમાં તો પૂર્ણ પ્રાકટ્ય હોય,પૂર્ણ આનંદ હોય.

ऋषयो मनवो देवा मनुपुत्रा महौजसः ।
कलाः सर्वे हरेरेव सप्रजापतयः स्मृताः ॥
एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे ॥

-श्रीभागवतम्(१-३-२७,२८)

અર્યમા વગેરે ઋષિયો,સ્વાયંભુવ વગેરે મનુઓ,પ્રિયવ્રત વગેરે મનુપુત્રો,બીજા પણ સમર્થો;મરીચિ વગેરે પ્રજાપતિયો, આ બધા સત્ત્વમૂર્તિ જગદ્રક્ષક ભગવાન્ વિષ્ણુના જ કલા-રૂપ છે,ધર્મના આવેશવાળા છે.સનત્કુમારો ભગવાનના અંશ-રૂપ છે,કોઈ કલા-રૂપ છે.અહીં ગણાવેલો અને ન ગણાવેલા પણ બધા અવતારો ભગવાનના અંશ-કલા રૂપ છે. આ બધા બ્રહ્માંડમૂર્તિ પુરુષ "નારાયણ"ના અંશ અને કલા રૂપ છે.કૃષ્ણ તો, અવતારોમાં અહીં ગણાવેલા હોવા છતાં, "સ્વયં ભગવાન્" છે,જેના અંશરૂપ આ પુરુષ-રૂપ નારાયણ વગેરે છે,તે મૂલરૂપ ભગવાન્ કૃષ્ણ છે.દૈત્યોથી વ્યાકુલ જગતને તે અવતારો સુખ દે છે.ભગવાનના અનેક અવતારો પ્રયોજન પ્રમાણે થાય છે.કૃષ્ણ તો બધાના અવતારી છે.

यस्या अङ्के विलुण्ठन् कृष्णदेवो गोलोकाख्यं नैव सस्मार धामपदम् ।
सांशा कमला शैलपुत्री तां राधिकां शक्तिधात्रीं नमामि ॥

-अथर्ववेदीय श्रीराधिकातापनीयोपनिषत्(९)

જેના ઉત્સંગમાં પોઢેલા લીલારત ભગવાન્ શ્રીકૃષ્ણદેવ પોતાના નિત્યવિહારધામ ગોલોકને સ્મરતા જ નથી; કમલમાંથી પ્રકટેલાં લક્ષ્મીજી તથા પર્વતપુત્રી પાર્વતીજી જેમના અંશ-રૂપ છે,તે સર્વશક્તિયોનાં અધિષ્ઠાત્રી શ્રીરાધિકાજીને હું નમન કરું છું.બ્રહ્માજી શ્રીરાધાજીની સ્તુતિ કરતાં કહે છે,-

त्वं कृष्णाङ्गार्धसम्भूता तुल्या कृष्णेन सर्वतः ।
श्रीकृष्णस्त्वमयं राधा त्वं राधा वा हरिः स्वयम् ॥
यथा समस्तब्रह्माण्डे श्रीकृष्णांशांशजीविनः ॥
तथा शक्तिस्वरूपा त्वं तेषु सर्वेषु संस्थिता ।
पुरुषाश्च हरेरंशास्त्वदंशा निखिलाः स्त्रियः॥
आत्मना देहरूपा त्वमस्याधारस्त्वमेव हि ।
अस्यानुप्राणैस्त्वं मातस्त्वत्प्राणैरयमीश्वरः ॥

-ब्रह्मवैवर्तपुराण-श्रीकृष्णजन्मखंड(१५-१०१,१०३,१०४,१०५)

(હે રાધિકે!) તમે કૃષ્ણના અર્ધાંગ(વામાંગ)માંથી પ્રકટ થયાં છો,બધી રીતે કૃષ્ણ સમાન છો.તમે શ્રીકૃષ્ણ-રૂપ છો,અને આ (કૃષ્ણ)રાધા છે;અથવા તમે રાધા છો,સ્વયં હરિ(કૃષ્ણ)છો. જેમ સમસ્ત બ્રંહ્માંડનાં જીવો શ્રીકૃષ્ણના અંશાંશથી જીવે છે,(અંશ રૂપ છે);તેમ તે બધામાં તમે શક્તિરૂપે રહેલાં છો.બધા પુરુષો શ્રીકૃષ્ણના અંશરૂપ છે,સઘળી સ્ત્રિયો તમારા અંશ-રૂપ છે.શ્રીકૃષ્ણ-રૂપ આત્મા સાથે તમે દેહરૂપ છો,આ (શ્રીકૃષ્ણ)નો આધાર તમે જ છો!હે મા! તે(કૃષ્ણ)ના પ્રાણોથી તમે (ક્રિયારૂપ) છો અને તમારા પ્રાણોથી આ (કૃષ્ણ) સમર્થ(ઈશ્વર) છે. મર્યાદામાં ભક્ત તુલસીદાસજી પણ કહે છે,-

"सियाराममय सब जग जानी ।
करहूं प्रणाम जोरी जुगपानी ॥"

-श्रीरामचरित-मानस-बालकांड(१-८)

ભક્તને તો સઘળું ભગવદ્રૂપ જ અનુભવાય !

શ્રીરાધા-કૃષ્ણની અભિન્નતાઃ

આ રાધા-કૃષ્ણ ક્યારેય ક્યાંય જુદાં નથી,અભિન્ન છે,અવિનાભાવ તેમનો છે.બંને તત્ત્વતઃ તો એક જ,સ્વરૂપતઃ લીલા માટે જુદાં !

यथा क्षीरे च धावल्यं दाहिका च हुताशने ।
भूमौ गन्धो जले शैत्यं तथा त्वयि मम स्थिति : ॥
धावल्यदुग्धयोरैक्यं दाहिकानलयोर्यथा ।
भूगन्धजलशैत्यानां नास्ति भेदस्तथाऽऽवयोः ॥
मम प्राणसमा लक्ष्मीर्वाणी च सर्वमङ्गला ।
ब्रह्मेशानन्तधर्माश्च त्वं मे प्राणाधिका प्रिया ॥

-ब्रह्मवैवर्त पु.श्रीकृष्ण-जन्म.(६-२१४,२१५,२१९)

જેમ દૂધમાં ધવલતા(સફેદાઈ),અગ્નિમાં દાહિકા શક્તિ, પૃથ્વીમાં ગંધ અને જલમાં શીતલતા છે,તેમ તમારા(રાધાજી)માં મારી(શ્રીકૃષ્ણની) સ્થિતિ છે. જેમ દૂધ અને તેની સફેદાઈની એકરૂપતા છે,અગ્નિ અને તેની દાહકશક્તિનું ઐક્ય છે;પૃથ્વી અને ગંધ,જલ અને શીતલતાની એકરૂપતા છે,તેમાં કાંઈ ભેદ નથી;તેમ આપણા બે(રાધા-કૃષ્ણ)માં કોઈ ભેદ નથી.ભગવતી લક્ષ્મીજી,સર્વમંગલરૂપા દેવી સરસ્વતીજી,બ્રહ્માજી,શંકરજી,અનન્ત(શેષનાગ)અને ધર્મ મારા પ્રાણતુલ્ય છે,તમે(રાધાજી)મારાં(શ્રીકૃષ્ણનાં) પ્રાણોથી પણ અધિક-પ્રિયા છો.ભગવાન્ શ્રીકૃષ્ણે સ્વયં શ્રીરાધાજીને આ કહ્યું છે.

રસાત્મક ભગવાનનું દાક્ષિણાંગ શ્રીકૃષ્ણરૂપ-વામાંગ શ્રીરાધારૂપઃ

पुरा वृन्दावने रम्ये गोलोके रासमण्डले ।
शतशृङ्गैकदेशे च मालतीमल्लिकावने ॥
रत्नसिंहासने रम्ये तस्थौ तत्र जगत्पतिः ।

स्वेच्छामयश्च भगवान् बभूव रमणोत्सुकः ॥
रमणं कर्तुमिच्छा च तद् बभूव सुरेश्वरी ।
इच्छया च भवेत् सर्वं तस्य स्वेच्छामयस्य च ॥
एतस्मिन्नन्तरे दुर्गे द्विधारूपो बभूव सः ।
दक्षिणाङ्गं च श्रीकृष्णः वामार्धाङ्गं च राधिका ॥
कृष्णवामांशसंभूता राधा रासेश्वरी पुरा ।
तस्याश्चांशांशकलया बभूवुर्देवयोषितः ॥

-ब्रह्मवैवर्तपुराण-प्रकृतिखंड-(४८-२६तः२९,४१)

શ્રીશંકરે દેવી પાર્વતીને આ કહ્યું છે. પહેલાં,ગોલોકમાં રહેલા રમ્ય વૃન્દાવનમાં,સો શિખરવાળા શ્રીગોવર્ધન પર્વતના એકભાગમાં, માલતી-મલ્લિકા-પુષ્પોના વનમાં,રાસમંડલમાં ,રમ્ય રત્નસિંહાસન પર જગત્પતિ શ્રીકૃષ્ણ વિરાજ્યા હતા.આ સ્વેચ્છા-શરીરવાળા ભગવાન્ રમણોત્સુક થયા.ભગવાનની જાગેલી આ તીવ્ર રમણેચ્છા જ મૂર્તિમંત થઈ,સર્વદેવોનાં સ્વામિની શ્રીરાધિકાજી-રૂપે પ્રકટ થઈ.સ્વેચ્છામય તે ભગવાન્ શ્રીકૃષ્ણની ઈચ્છાથી જ સર્વ કાંઈ બને છે,એટલામાં, હે દુર્ગે!તે ભગવાન્ બે પ્રકારના રૂપવાળા થઈ ગયા!દક્ષિણાંગ શ્રીકૃષ્ણરૂપે અને વામાંગ શ્રીરાધાજી-રૂપે બન્યું.---પૂર્વકાલમાં,શ્રીકૃષ્ણના વામભાગમાંથી રાસેશ્વરી શ્રીરાધાજી પ્રકટ થયેલાં છે,તેમનાં અંશાંશકલાથી દેવસ્ત્રીઓ ઉત્પન્ન થઈ છે.

तत्प्रिया प्रकृतिस्त्वाद्या राधिका कृष्णवल्लभा ।
तत्कलाकोटिकोट्यंशा दुर्गाद्यास्त्रिगुणात्मिकाः ।
तस्याः पादरजः स्पर्शात् कोटिविष्णुः प्रजायते ॥

-पद्मपुराण-पातालखंड.(४८-१२०)

તે(પરાત્પર શ્રીકૃષ્ણ)નાં પ્રિયા કૃષ્ણવલ્લભા શ્રીરાધાજી આદ્યા(મૂલ)પ્રકૃતિરૂપા છે.ત્રિગુણમયી દુર્ગા વગેરે દેવીઓ તેમના કરોડના પણ કરોડમા અંશરૂપ છે.તે શ્રીરાધાજીની ચરણરજઃના સ્પર્શમાત્રથી કરોડો વિષ્ણુઓ પ્રકટ થાય છે.

બ્રહ્માજીને જેની ચરણરજ દુર્લભ તે,શ્રીરાધાજી સામાન્ય માનવ નથી:

भवती च हरेः प्राणा भवत्याश्च हरिः स्वयम् ।
वेदे नास्ति द्वयोर्भेदः कथं त्वं मानुषी सति ॥
षष्टिवर्षसहस्राणि ब्रह्मा तप्त्वा तपः पुरा ।
न ते ददर्श पादाब्जं कथं त्वं मानुषी सति ॥

-ब्रह्मवैवर्त पु.श्रीकृष्ण-जन्म(२७-१६७,१६८)

શ્રીપાર્વતીજી ભગવતી શ્રીરાધાજીને કહે છે,-આપ શ્રીકૃષ્ણની પ્રાણ-સ્વરૂપા છો;અને આપના પ્રાણ સ્વયં શ્રીહરિ(શ્રીકૃષ્ણ) છે;વેદમાં આપ બંનેનો ભેદ નથી,(તો પછી)આપ માનવ-સ્ત્રી કેમ હોઈ શકો? પૂર્વકાલમાં,બ્રહ્માજીએ સાઠ હજાર વર્ષ તપઃ કર્યું,છતાં તેમને આપના ચરણકમલનું દર્શન ન થયું.(તો પછી)આપ માનવ કેમ હોઈ શકો?! આ શ્રીરાધાજી માનવરૂપ નથી આનંદાકાર-રસમૂર્તિ છે,અલૌકિક-અપ્રાકૃત-સ્વરૂપ છે.

આત્મારામ શ્રીકૃષ્ણનો આત્મા શ્રીરાધાજી:

શ્રીરાધાજીમાંથી શ્રીકૃષ્ણનો-વ્રજ પરિકર અને-દ્વારકા-પરિકર:

શ્રીનન્દરાયજીના પુરોહિત મહર્ષિ શાંડિલ્યજી રાજા પરીક્ષિતને કહે છે,-

आत्मा तु राधिका तस्य तयैव रमणादसौ ।
आत्मारामतया प्राज्ञैः प्रोच्यते गूढवेदिभिः ॥

-स्कान्द.श्रीभागवतमाहात्म्यम्(१-२२)

ભગવાન્ શ્રીકૃષ્ણનો આત્મા તો શ્રીરાધિકાજી છે.તેમની સાથે રમણ કરવાથી જ આ(શ્રીકૃષ્ણ)ને રહસ્યવેત્તા પ્રાજ્ઞો "આત્મારામ" કહે છે.શ્રીકાલિન્દીજી(દ્વારકાલીલામાં ચોથાં મહિષીજી) શ્રીકૃષ્ણનાં અન્ય પત્નીઓને કહે છે,-

आत्मारामस्य कृष्णस्य ध्रुवमात्मास्ति राधिका ।
तस्या दास्यप्रभावेण विरहोऽस्मान्न संस्पृशेत् ॥
तस्या एवांशविस्ताराः सर्वाः श्रीकृष्णनायिकाः ।
नित्यसम्भोग एवास्ति तस्याः साम्मुख्ययोगतः ॥

स एव सा स सैवास्ति वंशी तत्प्रेमरूपिका ।
श्रीकृष्णनखचन्द्रालिसङ्गाच्चन्द्रावली स्मृता ॥
रूपान्तरमगृह्णाना तयोः सेवातिलालसा ।
रुक्मिण्यादिसमावेशो मयात्रैव विलोकितः ॥

-स्कान्द-श्रीभागवत-माहात्म्यम्(२-११तः१४)

આત્મારામ શ્રીકૃષ્ણનો આત્મા નિશ્ચિતપણે શ્રીરાધિકાજી જ છે.તેમના દાસ્ય સેવા-પ્રભાવથી જ શ્રીકૃષ્ણનો વિયોગ અમને સ્પર્શ પણ કરતો નથી.શ્રીકૃષ્ણની રુક્મિણી વગેરે જેટલાં પત્નિઓ છે,-નાયિકાઓ છે-,તે બધાં શ્રીરાધાજીના અંશનો વિસ્તાર છે.શ્રીરાધાજી અને શ્રીકૃષ્ણ સદા પરસ્પર સંમુખ રહે છે,તેથી તેમને પરસ્પર નિત્ય સંયોગ છે,તેથી શ્રીરાધિકાજીના સ્વરૂપમાં અંશતઃ વિદ્યમાન શ્રીકૃષ્ણનાં અન્ય રાણીઓને પણ સંયોગ સુલભ છે.શ્રીકૃષ્ણ જ શ્રીરાધાજી છે;અને શ્રીરાધાજી જ શ્રીકૃષ્ણ છે.વંશી તે બંનેના પ્રેમનું સ્વરૂપ છે.શ્રીકૃષ્ણની નખચંદ્રાવલિના સંગથી શ્રીચન્દ્રાવલીજી પ્રસિદ્ધ છે.અન્યરૂપ લીધા વિના તે શ્રીચન્દ્રાવલીજીને યુગલસ્વરૂપની સેવાની અતિલાલસા છે.મેં શ્રીરુક્મિણીજી વગેરેનો સમાવેશ અહીં શ્રીરાધિકાજીમાં જ મેં જોયો છે.

શતપથ બ્રાહ્મણ તથા ઉપનિષદ્‌માં દિવ્ય યુગલ:

"- - - तस्यैतन्मिथुनं योऽयं सव्येऽक्षन्पुरुषोऽर्ध्दमु हैतदात्मनो यन्मिथुनं यदा वै सह मिथुनेनाथ सर्वोऽथ कृत्स्नः ।"- - - तौ हृदयस्याकाशम्प्रत्यवेत्य। मिथुनी भवतस्तौ यदा मिथुनान्तगच्छतोऽथ हैतत्पुरुषः स्वपिति तद्यथा हैवेदम्मानुषस्य मिथुनस्यान्तं गत्वा संविदऽइव भवत्येवं हैवैतदसंविदऽइव भवति दैवं ह्येतस्मिन्मिथुनम्परमो ह्येष आनन्दः ॥

-शतपथब्राह्मणम्(१०-५-२-८,११)

આ યુગલાત્મક મિથુન નિત્ય છે.આથી સર્વ પૂર્ણ થાય છે.આ દિવ્ય યુગલસ્વરૂપ-લીલામગ્નતા પરમ આનંદ છે.

"- - -आत्मक्रीड आत्मरतिः ।"मुंडकोपनिषत्(३-१-४)

"आत्मरतिरात्मक्रीड आत्ममिथुन आत्मानन्दः ।" छांदोग्योपनिषत्(७-२५-२)

યથાર્થ બ્રહ્મજ્ઞાનીને,સર્વાત્મભાવ દશામાં,આત્મોપલબ્ધ આ સ્થિતિ બ્રહ્મની રસાત્મકતાની આ સ્વાભાવિકતા છે.તે પ્રભુ-આત્મા - પોતે અને આત્મા-રાધાજી સાથે વિહારો કરે છે.

સર્વાધિક સુંદરતા શ્રીરાધાજીની:

દેવર્ષિ નારદજીએ ગોકુલમાં શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં.પછી,પ્રભુપ્રિયા શ્રીરાધિકાજીનાં દર્શન કરવા બરસાના પધાર્યા.અદ્ભુત-દિવ્ય-અનુપમ-દર્શન કરતાં આનંદમગ્ન થઈ ગયા.કાંઈક સચેત થતાં સ્વાનુભવ વર્ણવી રહ્યા,-

ब्रह्मलोके रुद्रलोके इन्द्रलोके च मे गतिः ।
न कोऽपि शोभाकोट्यंशः कुत्राप्यस्या विलोकितः ॥
महामाया भगवती दृष्टा शलेन्द्रनन्दिनी ।
यस्या रूपेण सकलं मुह्यते सचराचरम् ॥
साप्यस्याः सुकुमाराङ्गी लक्ष्मीं नाप्नोति कर्हिचित् ।
लक्ष्मीः सरस्वती कान्तिर्विद्याद्याश्च वरस्त्रियः ॥
छायामपि स्पृशन्त्यस्याः कदाचिन्नैव दृश्यते ।
विष्णोर्यन्मोहनं रूपं हरो येन विमोहितः ।
मया दृष्टं तदपि कुतोऽस्याः सदृशं भवेत् ॥
-पद्मपुराण-पातालखंड.(७१-३९,४०,४१,४२)

બ્રહ્મલોક,રુદ્રલોક અને ઈન્દ્રલોકમાં મારી ગતિ છે.તેમાં ક્યાંય પણ મેં આ (ગોપરાજકુમારી શ્રીરાધાજી)ની શોભાનો કોઈ કરોડમો ભાગ પણ જોયો નથી!મહામાયા ભગવતી શૈલેન્દ્રનન્દિની પાર્વતીજી,જેના રૂપથી સચરાચર સકલ જગત્ મોહ પામે છે,તે સુકુમાર શરીરવાળાં પાર્વતીજી પણ આ ગોપરાજકુમારી શ્રીરાધિકાજીની સુંદરતાને ક્યારેય પ્રાપ્ત થતાં નથી.ભગવાનની ચરણસેવામાં નિરત લક્ષ્મીજી,સર્વશુભ્રા મુખમંડિત સરસ્વતીજી,શેષશાયી ભગવાનની સેવામાં રહેલી ભગવાનની મૂર્તિમંત બાર શક્તિયો(શ્રી-પુષ્ટિ-વાણી-કાન્તિ-કીર્તિ-તુષ્ટિ-ઈલા-ઊર્જા-વિદ્યા-અવિદ્યા-શક્તિ-માયા)વગેરે જેટલી પણ શ્રેષ્ઠ સ્ત્રીઓ છે,તેમાંથી

કોઈ પણ ક્યારેય આ શ્રીરાધાજીની છાયાનો પણ સ્પર્શ કરી શકતી દેખાતી જ નથી!ભગવાન્ વિષ્ણુનું મોહિની-સ્વરૂપ,જેનાથી શંકર પણ વિમોહિત થઈ ગયા હતા,તેનાં પણ મેં દર્શન કર્યાં; પરંતુ તે મોહિનીજી પણ આ શ્રીરાધિકાજીની સમાનતાને ક્યાંથી કઈ રીતે પ્રાપ્ત થઈ શકે?! આ શ્રીરાધાજીનાં દર્શનમાત્રથી દેવર્ષિજી ભક્તિસમાધિમાં પ્રેમપ્રયોધિમાં ડૂબી ગયા!

અનુપમ સુંદરતા-કોમલતા-મધુરતા-ઉત્તમતા-પ્રિયતા શ્રીરાધાજીની!:

શ્રીનાથજીના સખા કુંભનદાસજી!અષ્ટસખાઓમાંના એક! નિકુંજનાયક શ્રીનાથજીની પ્રમેયલીલામાં રસમત્ત-આસક્ત! ક્યારેક રાધાકુંડ આવ્યા.કોઈક ગોડીઆ વૈષ્ણવે શ્રીરાધિકાજી-શ્રીસ્વામિનીજીનું વર્ણન કર્યું,-પોતાની રીતે!પછી,આ રસમગ્ન વાલ્લભ વૈષ્ણવ કુંભનદાસજીને પૂછ્યું,-"આપનાં સ્વામિનીજી કેવાં છે?"તરત જ કુંભનદાસજીનો હૃદયરસકુંભ, ગાગરમાં સાગરની જેમ,રેલાઈ રહ્યો,-પોતાનાં સ્વામિનીજી શ્રીરાધિકાજીની અગાધ સુંદરતાને ઉદાત્ત અર્ઘ્ય દઈ રહ્યા,

"कुंवरि राधिका तुव सकल सौभाग्यकी सीमा वदन पर कोटिशत चन्द्र बारौं । खंजन कुरंग शतकोटि नैंनन पर बारने करत जीयमें न विचारौं ॥१॥ कदली शतकोटि जंघन ऊपर सिंह कोटि कटि पर न्यौछावर उतारौं । मत्तगज कोटिशत चाल पर कुंभ शतकोटि इन कुचन पर बार डारौं ॥२॥ कीर शतकोटि नासा ऊपर कुंद शतकोटि दसनन ऊपर कहि न पारौं । पक्व कंदूर बंधूक शतकोटि अधरन ऊपर बारि रुचि गर्व टारौं ॥३॥ नाग शतकोटि बेंनी ऊपर कपोत शतकोटि ग्रीवा पर बारि दूर सारौं । कमल शतकोटि कर जुगल पर बारमें नाहिन कोऊ लोक उपमा जो धारौं ॥४॥ दास कुंभन स्वामिनी नखसिख अंग अद्भुत सुठानसुं कहों लगि सोंम्हारौं । लाल गिरिधरन कहत मोहि तोहिलों सुख जोलों वह रूप छिन छिन निहारौं ॥५॥

હે કુંવરિ શ્રીરાધિકાજી! તમે સકલ સૌભાગ્ય-સુંદરતાની સીમા-રૂપ છો!આપની સમાન કે આપથી અધિક કોઈની પણ સુંદરતા નથી. આપના આ વદન ઉપર સો કરોડ ચન્દ્ર ઓવારીને વારી દઉં છું!સો કરોડ ચન્દ્ર એકઠા થઈને પણ આપના મુખની સુંદરતાની સમાનતા કરી શકતા

નથી! ચન્દ્ર તો સકલંક છે,આપનું મુખ તો નિષ્કલંક છે. ગાલે પડતાં ખંજન-નયન ઉપર સો કરોડ સુંદર નેત્રવાળાં હરિણ વારી નાખવા પણ જીવમાં હું વિચારી શકતો નથી!સો કરોડ હરણના નેત્રની સુંદરતા,આપના નેત્રની સુંદરતાની સમાનતા કરી શકે,તેમ તો હું વિચારી પણ શકતો નથી!સુંદર સો કરોડ કોમલ કેળ આપનાં જંઘા ઉપર વારી દઉં તો પણ તેની સમાનતા કલ્પી ન શકાય,તો કરી તો ક્યાંથી શકાય?!કમનીય કટિવાળા સો કરોડો કેસરી સિંહને આપની કટિ પર ન્યોછાવર કરીને ઉતારી દઉં!સિંહની કટિની સુંદરતા તો આપની કટિની સુંદરતાનો સો કરોડોમો ભાગ પણ થઈ શકે તેમ નથી!મદમસ્ત સો કરોડો ગજરાજ આપની ચાલ પર ન્યોછાવર કરી દઉં!મદમસ્ત ગજરાજની ચાલની સુંદરતા તો આપની ચાલવાની રમણીયતા-કમનીયતાનો સો કરોડમો ભાગ પણ નથી સંભવી શકતી! મત્ત ગજરાજની ચાલ કરતાં સો કરોડો ઘણી ઉત્તમ-આપની ચાલ છે,-પાદવિહારો છે!સો કરોડ કુંભ પણ આ રમણીય -કમનીય-નમનીય કુચની સુંદરતાની સમતા સ્વપ્ને પણ કરી શકે તેમ નથી,સો કરોડો કુંભને આપના કુચ ઉપર વારી ને ફેંકી દઉં!પોપટની ચાંચની વક્રતા વિશિષ્ટ હોય,તેવી તો સો કરોડ પોપટની ચાંચની સુંદરતાને આપની નાસિકાની સુંદરતા ઉપર વારીને ફેંકી દઉં!તુલના ન થઈ શકે!કુંદ કોમલ-હોય,-સુંદર મોતીના દાણા જેવાં હોય,પણ મોતીની કઠોરતા તેમાં ન હોય! સો કરોડ કુંદની સુંદરતા સાથે મળીને પણ આપની દંતપંક્તિની સમતા ન કરી શકે,-તેને વારીને ફેંકી દઉં! સો કરોડો પક્વ-કંદૂર-બંધૂક-પુષ્પની રક્તિમા-કોમલતા આપના અમૃતધરતા અધરની તુલના ક્યાંથી કરી શકે?! સો કરોડ કંદૂર-બંધૂક-પુષ્પની લાલિમા-કોમલતાને આપના અમૃતભર્યા અધર ઉપર વારીને ફેંકી દઉં! તેના રુચિ ગર્વને ટાળી દઉં! સો કરોડ નાગ આપની વેણી-કેશકલાપ-ઉપર વારીને દૂર ફેંકી દઉં!તો પણ સુંવાળાશ-કાળાશની તુલના વિચારી પણ ન શકાય! સો કરોડ કપોત(હોલા) આપની ગરવી ગ્રીવા પર વારીને દૂર ફેંકી દઉં!તુલના કલ્પી ન શકાય! આપના કર-યુગલ ઉપર સો કરોડ કોમલ-સુંદર-સુગંધી કમલ વારીને નાખી દઉં દૂર! તો પણ કોઈ કલ્પના પણ સમાનતાની ન કરી શકાય!જગતમાં એકાકી નહિ,સુંદરતમ ગણાતાં કરોડો સૌંદર્યો સાથે એકઠાં મળીને પણ આપની સુંદરતાની-સમુત્કૃષ્ટતાની-ઉપમાને પણ યોગ્ય થઈ શકતાં નથી! આપની સર્વોત્તમતાના સુંદરતાના સો કરોડમા ભાગની પણ આ લોકમાં ક્યાંય તુલના થઈ શકે તેમ નથી! આલોક-પરલોકની સમગ્ર સુંદરતા-સર્વોત્તમતાનો સરવાળો પણ શ્રીસ્વામિનીજી શ્રીરાધિકાજીની સુંદરતા-સર્વોત્તમતા-ના સો કરોડમા ભાગની પણ તુલનામાં તુચ્છ છે!નખ-શિખ અદ્ભુત અંગ સર્વોત્તમ કુંભનદાસનાં-શ્રીસ્વામિનીજીનું છે.ક્યાં સુધી તેનું સ્મરણ-સંભાળ કરી શકાય? શ્રીગિરિધરલાલ નિકુંજનાયક કહે છે,મને ત્યાં સુધી સુખ છે,જ્યાં સુધી તે રૂપ શ્રીસ્વામિનીજીનું ક્ષણે ક્ષણે નિહાળું! ક્ષણે ક્ષણે નવીનતા-રમણીયતા-કમનીયતા-નમનીયતા તો આ સર્વોત્તમ સુંદરતાની સ્વાભાવિકતા છે!

યુગલ-સ્વરૂપનું નિત્ય સાહચર્યઃ

ભગવાન્ રાધિકાજીથી જુદા નથી,-જુદા રહી શકતા નથી.

कृष्णप्राणाधिदेवी सा तदधीनो विभुर्यतः ।
रासेश्वरी तस्य नित्यं तया हीनो न तिष्ठति ॥

-देवीभागवतम्(९-५०-१७)

શ્રીરાધાજી કૃષ્ણના પ્રાણોની અધિષ્ઠાત્રી દેવી છે,તેથી સર્વસમર્થ -સર્વજ્ઞ-સર્વવ્યાપક-પરબ્રહ્મ-પરમાત્મા-સ્વયં ભગવાન્-શ્રીકૃષ્ણ સર્વથા તેમને વશ છે.રાસેશ્વરી શ્રીરાધાજી નિત્ય તેની નિકટમાં છે,નિત્યસિદ્ધા પ્રિયા છે. તેમના વિના કૃષ્ણ રહેતા નથી.

गौरं तेजो विना यस्तु श्यामतेजः समर्चयेत् ।
जपेद्वा ध्यायते वापि स भवेत् पातकी शिवे ॥

-संमोहनतंत्रम्

શ્રીમહાદેવજી પાર્વતીજીને કહે છે,-ગૌરતેજઃ(શ્રીરાધિકાજી) વિના જે એકલા શ્યામતેજઃ(શ્રીકૃષ્ણ)ને અર્ચે છે,જપે છે કે ધ્યાન કરે છે, હે શિવે!તે પાતકી થાય છે,તેનું પતન થાય છે.યુગલ-સ્વરૂપનું સાથે જ પૂજન-જપ-ધ્યાન-સેવન થાય.

પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપમાં યુગલ-સ્વરૂપ-વિચારઃ

પુષ્ટિમાર્ગીય-સેવામાં શ્રીસ્વામિનીજી-સહિત વિરાજતાં સેવ્ય કૃષ્ણ-સ્વરૂપો બહુ ઓછાં દર્શન દે છે!પ્રાયઃ કેવલ ભગવત્સ્વરૂપો સેવામાં દર્શન દે છે. આ તો માત્ર આધિભૌતિક-દર્શન છે.શ્રીગોવર્ધનનાથજી-શ્રીનવનીતપ્રિય જી-શ્રીબાલકૃષ્ણજી-વગેરે સ્વરૂપો સાથે શ્રીસ્વામિનીજીનાં પ્રકટ દર્શન થતાં નથી,છતાં તેવાં બધાં સ્વરૂપો શ્રીસ્વામિનીજી-યુક્ત જ છે, આધિદૈવિક-રૂપે સાથે જ છે.

स्त्रीभावो गूढः पुष्टिमार्गे तत्त्वमिति कृष्णपदार्थः क्वचिद् विवृतः । -श्रीसुबोधिनीजी(१०-(२१)-१८-५)

સ્ત્રીભાવ ગૂઢ છે,પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે,આ પ્રકારે કૃષ્ણ-પદાર્થ ક્યાંક જ પ્રકટ છે.ભગવાન્ શ્રીકૃષ્ણના હૃદયમાં સ્ત્રીભાવ ગૂઢ વિરાજે છે;અને શ્રીસ્વામિનીજીના હૃદયમાં પુંભાવ ગૂઢ વિરાજે છે.બંનેમાં ઉભયભાવ લીલા-વિહારાનુકૂલ પ્રકટ થાય છે.આમ,બધાં સેવ્ય સ્વરૂપો શ્રીસ્વામિનીજી-યુક્ત જ છે.તેનાં દર્શન કે અનુભવ તો કૃપૈકલભ્ય જ છે.રૂપા-પોરિઆ, શ્રીગુસાંઈજીને કાકા કહેતા કણબી વૈષ્ણવ-વગેરેના પ્રસંગોમાં શ્રીનાથજી-સ્વામિનીજી સહિત દર્શન-અનુભવ દેતા લાગે છે.ભગવત્સ્વરૂપને ધરાતા શૃંગારમાં નક્વેસર વગેરે સ્ત્રીગૂઢભાવ-નિર્દેશક શૃંગાર છે. સ્પષ્ટ રીતે ગર્ગોક્તિ છે,-બ્રહ્મવૈવર્ત પુરાણના શ્રીકૃષ્ણજન્મ ખંડમાં,-

एका मूर्तिर्द्विधा भूताऽभेदो वेदे निरूपितः ।
इयं स्त्री वा पुमान् किं वा सा वा कान्ता पुमानयम्॥

એક મૂર્તિ(સ્વરૂપ) બે પ્રકારે થયું.તેનો અભેદ વેદમાં નિરૂપિત છે. આ સ્ત્રી છે કે પુરુષ?કે તે પ્રિયા છે,આ પુરુષ છે?-ઉભય નિત્ય સાથે જ વિરાજે છે. આ તો રસાત્મક-સ્વરૂપ છે.

ત્રિતયાત્મક શ્રીવલ્લભસ્વરૂપઃ

પુષ્ટિભક્તિમાર્ગ-પ્રદર્શક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય-ચરણનું સ્વરૂપ આ ગૂઢ પુંભાવ-સ્ત્રીભાવ-યુક્ત સાક્ષિરૂપ છે. શ્રીપ્રભુચરણ

શ્રીગુસાંઈજીએ તેનું દિવ્યદર્શન કરાવ્યું છે,-

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं
पुंरूपं च पुनस्तदन्तरगतं प्राविविशत्स्वप्रिये ।
संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि यत्साक्षिकं
रूपं तत् त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ॥

સાક્ષાત્ પુષ્ટિરસામૃતલાલસ વ્રજભક્તોના યૂથમાં સ્વલાવણ્યામૃત-પ્રદાનની સ્વેચ્છાથી અનિર્વચનીય આનંદ-રસ-મય શ્રીકૃષ્ણ પ્રકટ થયા.સ્વગત પરમસૌન્દર્યને પ્રકટ કરવાની સ્વલીલેચ્છાથી સાકાર પ્રકટ થયેલા આ શ્રીકૃષ્ણ છે. આ ભગવાનમાં બે ભાવ છે,-૧. પુરુષભાવ, ૨. સ્ત્રીભાવ. આ જ પ્રકારે,મુખ્ય શ્રીસ્વામિનીજી શ્રીરાધિકાજીમાં પણ આ બે ભાવ છે.આમ, બંને સ્વરૂપોમાં બંને ભાવ રહે તો આ વિરુદ્ધ સ્ત્રી-પું-ભાવના સ્થાયિત્વથી,સંયોગરસમાં બે પુંભાવ-બે સ્ત્રીભાવની પ્રતીતિથી,રસાભાસ થાય.આથી ઉભયને સંપૂર્ણ રસાનુભવ માટે સંયોગ-વિશેષ સમયે ભગવાન્ અને સ્વામિનીજીમાંથી જુદા થઈને રહેલા એક એક ભાવ મળીને શ્રીવલ્લભમાં પ્રવેશાવ્યા.આમ, આ બંને ભાવ યુક્ત શ્રીવલ્લભાચાર્ય-ચરણ ત્રિતયાત્મક સાક્ષિ-રૂપ છે.મુખ્ય શ્રીસ્વામિનીજી-રૂપ સૌન્દર્ય, સર્વસૌન્દર્ય-યુક્ત શ્રીસ્વામિનીજી-રૂપ,ભગવદ્ભાવ-રૂપ હોવાથી ભગવાનના હૃદયમાં રહેલું છે. તે અતિગુપ્ત હોવાથી પ્રકટ કહ્યું નથી.ભગવાન્ શ્રીકૃષ્ણે પ્રકટ કરેલા આ નિજહૃદ્ગત સૌન્દર્યને પોતાના પ્રિય શ્રીવલ્લભમાં પ્રવેશાવ્યું.પુનઃ, શ્રીસ્વામિનીજી તથા વ્રજભક્તોના અંતર(હૃદય)માં રહેલું જે સૌન્દર્ય, ગૂઢભાવ,શૃંગાર-સ્થાયિ-ભાવ-રૂપ ભગવાનનું પું-રૂપ,તે પણ સ્વપ્રિય શ્રીવલ્લભમાં પ્રવેશાવ્યું.આમ, ભગવદ્-હૃદયમાં રહેલ શ્રીસ્વામિનીજી અને શ્રીસ્વામિનીજીના હૃદયમાં રહેલા ભગવાન્(સ્ત્રીભાવ તથા પુંભાવ) આ બંનેનો સર્વલીલારસાનુભવ સહિત સંયોગ થયો. તેનાથી શૃંગાર-રસ-મય સદાનન્દ કૃષ્ણ જ અધિક શોભ્યા. તે સ્ત્રીભાવ-પુંભાવના આધાર-રૂપ મધ્યસ્થ,અનુભવ કરનાર,સાક્ષિ-રૂપ છે.આ ત્રિતયાત્મક-

સ્વરૂપ,ત્રણેમય,સર્વોત્કૃષ્ટ ભગવાનનું પ્રિય-“વલ્લભ”રૂપ છે.ભક્તોએ તેનું નિત્ય ધ્યાન કરવું આવશ્યક છે.

“શ્રીવલ્લભાષ્ટક”માં,-“**वस्तुतः कृष्ण एव**” વગરે થી પું-રૂપનો નિર્દેશ છે. “શ્રીસર્વોત્તમસ્તોત્ર”માં,- “**रासस्त्रीभावपूरितविग्रहः**”તથા “સપ્તશ્લોકી”માં,-“**प्रिया गोपीभर्तुः**“ વગેરેથી સ્ત્રીભાવનો નિર્દેશ છે. “સપ્તશ્લોકી”માં,-“**राधावल्लभसेवया तदुचितप्रेम्णोपदेशैः**”-વગેરેમાં સાક્ષિરૂપનો નિર્દેશ છે.આમ, શ્રીવલ્લભાચાર્યજીનું રૂપ-નિરૂપણ “શ્રીવલ્લભાષ્ટક”માં છે.“સપ્તશ્લોકી”માં ગુણ-નિરૂપણ છે. “શ્રીસર્વોત્તમસ્તોત્ર”માં નામ-નિરૂપણ છે.પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીવલ્લભાચાર્યચરણમાં મુખ્ય શ્રીસ્વામિનીજી-શ્રીરાધાજીની ભાવના થાય છે.

“રાધા”-નામ-નિર્વચન(વ્યુત્પત્તિ):“રાધા”-નામોચ્ચાર ફલ:

શ્રીરાધાજીના નામમાં પણ વિલક્ષણતા છે,-યુગલ-સ્વરૂપના પરસ્પરના આરાધનની! “**कृष्णं राधयति समाराधयति इति राधा ।**”-“-કૃષ્ણને આરાધે,- પ્રેમસેવાથી સ્વવશ કરે-તે રાધા!” “**राध्यते समाराध्यते कृष्णेन इति राधा ।**” કૃષ્ણથી જે આરાધાય છે,કૃષ્ણ જેનું આરાધન કરે છે,પ્રેમ-સેવાથી તદ્‌વશ થાય છે,તે રાધા! કૃષ્ણ રાધાજીની પ્રસન્નતાનું સંપાદન કરે છે; અને રાધાજી શ્રીકૃષ્ણનીપ્રસન્નતાનું સંપાદન કરે છે.“**राध्नोति साध्नोति रसरूपाः लीला भगवत इति राधा ।(राध-संसिद्धौ)**” રાધે છે,-સાધે છે,-સિદ્ધ કરે છે,-ભગવાનની સર્વ રસરૂપા નિકુંજ લીલાઓ તે રાધા!**राधते समर्थं करोति भगवन्तं सर्वरसलीलार्थं इति राधा । (राधृ सामर्थ्ये)**રાધે છે,-સમર્થ બનાવે છે,-ભગવાનને રર્સરસલીલા માટે તે રાધા! **राध्यति वृद्धिमाप्नोति लीलारसानुभवेन स्वप्रियेण इति राधा ।(राधृ वृद्धौ)**-રાધ્ય બને છે,(આનંદ રસથી)વૃદ્ધિ પામે છે,-રસલીલાનુભવથી પોતાના પ્રિય સાથે,-તે રાધા! **राति इति रा,धावति इति धा, राति रसं स्वप्रियार्थे धावति तदर्थं च इति राधा । (रा दाने,धावु गतिशुद्ध्योः।)** પોતાના પ્રિયતમ પ્રભુને રસ- પ્રદાન કરે છે,તે માટે સ્વપ્રિય પાસે દોડે છે,-તે રાધા!શ્રીશંકરે પાર્વતીજીને કહ્યું છે,-

दृष्ट्वा कान्तां जगत्कान्तो बभूव रमणोत्सुकः ।
दृष्ट्वा चैव स्वकान्तं च दधाव हरेः पुरः ।
तेन राधा समाख्याता पुराविद्भिर्महेश्वरि ॥
राधा भजति श्रीकृष्णं स च तां च परस्परम् ।
उभयोः सर्वसाम्यं च सदा सन्तो वदन्ति च ॥
राशब्दोच्चारणाद्भक्तो याति मुक्तिं सुदुर्लभाम् ।
धाशब्दोच्चारणाद् दुर्गे धावत्येव हरेः पदम् ॥
रा इत्यादानवचनो धा च निर्वाणवाचकः ।
ततोऽवाप्नोति मुक्तिं च सा च राधा प्रकीर्तिता ॥

-ब्रह्मवैवर्त पु.(प्रकृतिखंड.(४८-३६तः४०-४२)

સ્વ-આકર્ષક સ્વપ્રિયા શ્રીરાધાને જોતાં ત્રિભુવનસુન્દર-સર્વાકર્ષક શ્રીકૃષ્ણ રમણોત્સુક થયા! પોતાના આકર્ષક-કાન્ત શ્રીકૃષ્ણને જોઈને જ શ્રીરાધાજી તેમની સામે દોડ્યાં; હે મહેશ્વરિ!,તેથી ઈતિહાસ-પુરાણ-વિજ્ઞો તેમને “રાધા” કહે છે.શ્રીરાધા શ્રીકૃષ્ણના સુખ માટે સેવા કરે છે;અને શ્રીકૃષ્ણ શ્રીરાધાજીને સુખ દે છે;બંને એક-બીજાને સુખ દેતાં આરાધે છે;સંતો-અનુભવી મહાપુરુષો-બંને ની સર્વપ્રકારે સમતા સદા કહે છે.“રા”-શબ્દના ઉચ્ચારણથી ભક્ત સુદુર્લભ મુક્તિને પ્રાપ્ત થાય છે,“ધા” શબ્દના ઉચ્ચારણથી શ્રીકૃષ્ણના ધામ ગોલોકમાં શીઘ્ર જાય છે,-દોડે છે!-“રા”-પ્રાપ્તિનો દાનનો વાચક છે,અને “ધા”-નિર્વાણ-(મોક્ષ)નો વાચક છે.“રાધા”થી મુક્તિ પ્રાપ્ત થાય છે,-તેથી “રાધા”નામ છે.

શ્રીભાગવત-વગેરેમાં રાધા-નામોલ્લેખ વગર પણ શ્રીરાધાજી છે જ :

આમ,સ્વરૂપ અને નામની સર્વોત્તમતા શ્રીરાધાજીની છે.તે લોક-શાસ્ત્ર-સિદ્ધ છે,છતાં સર્વવેદશાસ્ત્ર-સાર પુરાણતિલક શ્રીમદ્‌ભાગવત માં“રાધા”નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી!ઘણાંને તે મૂંઝવે છે. શ્રીભાગવતમાં તો સર્વત્ર શ્રીકૃષ્ણલીલા જ ગાએલી છે.બધા અવતારોના અવતારી તો શ્રીકૃષ્ણ છે.શ્રીરાધાજી તેમનાથી જુદાં નથી,તેથી સર્વત્ર લીલામાં તે સાથે જ હોય,છતાં સ્પષ્ટ નામ નથી!! છતાં સર્વત્ર શ્રીરાધાજી છે જ;છતાં

નામોલ્લેખ જરૂરી નથી! કોઈ પગથી ચાલે,હાથથી કામ કરે,બધી જ ઈન્દ્રિયો સક્રિય હોય; છતાં પગ ચાલે છે,-હાથ કામ કરે છે,-વગેરે તો નથી કહેતા!અમુક વ્યક્તિ ચાલે છે,-કામ કરે છે,-એમ કહેવાય છે. આ વ્યક્તિના પગમાં-હાથમાં-ઈન્દ્રિયોમાં તેમની જરૂરી શક્તિ હોય તો જ તે પોત-પોતાનું કામ કરી શકે;છતાં પ્રાયઃ આ શક્તિનો વિચાર પણ આવતો નથી,તેનો ઉલ્લેખ પણ વ્યવહારમાં તો થતો નથી.ઈન્દ્રિય કે પ્રાયઃ વ્યક્તિ જ તે કામ કરતી ગણાય છે,તેનો જ ઉલ્લેખ થાય છે.તેમ,શ્રીરાધાજી ભગવાનની (હ્લાદિની)-શક્તિ-રૂપા છે.તેમનાથી જ કાર્ય થાય છે,છતાં તેનો ઉલ્લેખ જરૂરી ન થાય.ઉલ્લેખ ન હોય તેથી તે નથી,તેમ સિદ્ધ ન થાય.

राधा देवी जगत्कर्त्री जगत्पालनतत्परा ।
जगल्लयविधात्री च सर्वेशी सर्वसूतिका ॥

-बृहन्नारदीयपराणम्-(पू.बृह३-८१)

આ સનત્કુમાર નારદજીને કહે છે.શ્રીરાધાદેવી જગતની રચના કરનારી છે,જગતના પાલનમાં પત્પર છે,(અંતે) જગતનો પ્રલય કરનારી છે,સર્વની સ્વામિની છે,-સર્વનિયામિકા છે,સંપૂર્ણ ચરાચર જગતની જનની છે.આ શ્રીરાધાજી તો ભગવાનની શક્તિ છે.શક્તિ અને શક્તિમાનનો અભેદ હોય.શક્તિ શક્તિમાનને વશ હોય.આ લોક-શાસ્ત્ર-સિદ્ધ-પ્રસિદ્ધ છે.આમ,શ્રીરાધા અને શ્રીકૃષ્ણમાં કોઈ ભેદ નથી.શ્રીસ્વામિનીજી પોતાના સ્વામીને વશ છે.ભગવાન્ તેમને કે ભક્તોને વશ થાય તે તો ભગવાનની સ્વેચ્છા-લીલા છે.સર્વતંત્ર-સ્વતંત્ર ભગવાનની આ પરતંત્રતા પણ સ્વતંત્ર લીલા છે.સર્વોધર્મોપપન્ન ભગવાને સર્વધર્મ-પૂર્ણતાને પ્રકટ કરવા માટે,વશત્વ-ધર્મ પણ પ્રકટ કરવા માટે, સ્વેચ્છાથી લીલારસ-પંરવશતા સ્વભક્તો પાસે પ્રકટ કરી છે!આમ, શ્રીરાધાજીનો ઉલ્લેખ ન દેખાવા છતાં પણ,શ્રીરાધાજી સર્વત્ર છે જ.

વ્યક્તિની ક્રિયાદિમાં સર્વત્ર તેની શક્તિ છે.તેનો સ્પષ્ટ ઉલ્લેખ સર્વત્ર હોતો નથી;છતાં,ક્યારેક નિર્દેશો તો થાય છે.અમુક વ્યક્તિ ચાલે છે,ખૂબ ઝડપથી ચાલે છે.ચાલવાની શક્તિ છે.પુનઃ હવે,ચલાતું નથી, ચાલવાની શક્તિ નથી,આવા શક્તિના નિર્દેશો ક્યારેક દેખાય છે. તેમ, શ્રીરાધાજીના નામ-નિર્દેશો ક્યારેક ક્યાંક દેખાય છે.વાસ્તવમાં તો, શ્રીભાગવતમાં ભગવાનની લીલાઓ ગાએલી છે.લીલા ભક્તો સાથે હોય.મુખ્યતા તો તેમાં ભગવાનની જ હોય.ભક્તો તો ભગવાનથી જુદા ન હોવા છતાં,ભગવદ્રૂપ હોવા છતાં,ભગવાનની લીલામાં તે તો વણાઈ ગયેલા હોય,કપડામાં તાણા-વાણાની જેમ!કપડાનો ઉલ્લેખ હોય,તેનાં તાણા-વાણાનાં સ્વતંત્રનામ ન હોય.તેમ,દશમસ્કંધમાં લીલામાં વણાએલા વ્રજભક્તોનાં નામ સ્વતંત્ર પ્રાયઃ બતાવ્યાં નથી! લીલામાં-ભગવાનમાં-તેઓ અભિન્નરૂપે સ્નેહ-સમર્પિત થઈ ગયેલા હોવાથી!અસુરોનાં નામ તો જરૂર દેખાય છે,-તેવા સમર્પિત ન હોવાથી! શ્રીનન્દજી-શ્રીયશોદાજી-શ્રીરોહિણીજી-શ્રીબલરામજી-ઉપનન્દ-ભદ્રસેન વગેરે નામ દેખાય છે. ભગવાનનાં અગિયાર અંતરંગ સખાઓનાં નામ પણ દેખાય છે.

हे कृष्ण स्तोक हे अंशो श्रीदामन् सुबलार्जुन ।
विशालार्षभ तेजस्विन् देवप्रस्थ वरूथप ॥

-श्रीभागवतम्(१०-२२-३१)

કૃષ્ણ,સ્તોક,અંશુ,શ્રીદામા,સુબલ,અર્જુન,વિશાલ,ઋષભ, તેજસ્વી,દેવપ્રસ્થ,વરૂથપ!-આ બધાં નામ પ્રસંગવશાત્ લીલા વિશેષતા દર્શાવવા દેખાય છે.સામાન્યતઃ સૌ ગોપ-ગોપીનાં નામનાં ઉલ્લેખો તો નથી.શ્રીરાધાજીના નામના નિર્દેશો તો દેખાય છે.

શ્રીરાધાજીનો સ્પષ્ટ નિર્દેશ દેખાય છેઃ

नमो नमस्तेऽस्त्वृषभाय सात्वतां
विदूरकाष्ठाय मुहुः कुयोगिनाम् ।
निरस्तसाम्यातिशयेन राधसा
स्वधामनि ब्रह्मणि रंस्यते नमः ॥

-श्रीभागवतम्(२-४-१४)

(ભગવાનને)વશ રહેનાર ભક્તોના સ્વામીને નમન! કુયોગિયોને જેમની દિશા વારંવાર ખૂબ દૂર છે તેવાને વંદન!જેમની સમાન

કે જેમનાથી અધિક કોઈ નથી તેવી “રાધસ્”નામની(પોતાની)સિદ્ધિ સાથે પોતાના ધામ અક્ષરબ્રહ્મમાં રમણ કરતા તમને નમસ્કાર!

શ્રીશુકદેવજી ભક્તિના ઉદ્રેકથી વારંવાર નમન કરે છે,નમન સ્વીકારવા પ્રભુને પ્રાર્થે છે!ભગવાનનાં દર્શન થતાં નમસ્કાર જ થાય.ભગવાનને વશ હોય તેવા ભક્તો-વૈષ્ણવો-સાત્વત! તેમના સ્વામી ભગવાન્ છે.સ્વામીને નમનથી(ભગવાનને)વશ થતાં ભગવાન્ સેવા કરાવે છે.વંદન પછી દાસ્ય છે. જે લોકો યોગ વગેરેથી ભગવાનને મેળવવા ઈચ્છે તે બધા કુયોગી છે,પૃથ્વી પરના યોગી છે.પૃથ્વી પર જ રહેનારને બ્રહ્માંડથી પર વસ્તુ ન જ મળે.આ હીનયોગ તો હીન ફલ જ આપે. અણિમા વગેરે સિદ્ધિયો યોગનું ફલ હોઈ શકે, ભગવાન્ તો નહિ! ભગવાન્ તો યોગેશ્વર છે,-યોગેશ્વરેશ્વર પણ છે.આથી,યોગમાં લાગેલી બુદ્ધિવાળાઓને તો ભગવાનની દિશા પણ વારંવાર ખૂબ દૂર છે.કોઈ સાધનથી તે સુલભ નથી.સાધનો તો ભગવાનથી વધારે દૂર દોરી જાય છે.વારંવાર આવા હીનયોગથી તો આશા પણ રહેતી નથી.ભગવાન્ તો અનન્યભક્તિથી જ સુલભ છે.

“काचिद् भगवतः सिद्धिरस्ति राधस् शब्दयाच्या । न तादृशी सिद्धिः क्वचिदन्यत्र । न वा ततोऽप्यधिका । तया सिध्द्या भगवान् स्वगृह एव रमते ।तच्चाक्षरात्मकं ब्रह्म । रंस्यन्निति स्वनिष्ठमेव रसं तत्संबंधादभिव्यक्तं करोति ।’’ -श्रीसुबोधिनीजी ભગવાનની“રાધસ્”-નામની કોઈ સિદ્ધિ છે.તેવી સિદ્ધિ અન્યત્ર ક્યાંય નથી. તેની સમાન કોઈ નથી.તેનાથી અધિક પણ કોઈ-ક્યાંય નથી. તે સિદ્ધિ સાથે ભગવાન્ પોતાના ધામ(ઘર)માં જ રમણ કરે છે.તે ધામ(ઘર) અક્ષરબ્રહ્મ-રૂપ છે.આ રમણમાં ભગવાન્ પોતાનામાં રહેલો રસ તે સિદ્ધિના સંબંધથી અભિવ્યક્ત કરે છે.મુખ્યતા ભગવાનની છે,સિદ્ધિ સાધન રૂપા છે,-ભગવાનમાં રહેલા રસને પ્રકટ કરવામાં! રસ ભગવાનમાં છે,આ સિદ્ધિ દ્વારા તે પ્રકટ થાય છે. સ્વરૂપસ્થિતિ સિવાય અન્યત્ર ભગવાન્ રમણ કરતા નથી.ભગદીય-રસ તો ત્યાં જ મળે.અક્ષરબ્રહ્મ ભગવાનનું પોતાનું ઘર(ધામ) છે.ત્યાં રસનું

સાધન છે,-આ નિરસ્તસામ્યાતિશય સિદ્ધિ!જેની સમાન કે જેથી અધિક કોઈ નથી તેવી આ સિદ્ધિ-“રાધસ્”-શ્રી રાધાજી! શ્રીવાલ્લભવિદ્વાનને ક્યારેક કોઈ ગૌડીય-નિમ્બાર્ક-વૈષ્ણવે પૂછ્યું,-“તમારે ત્યાં રાધાજીનો ઉત્સવ જન્માષ્ટમી કરતાં ઓછો કેમ મનાવાય છે?શ્રીવાલ્લભે કહ્યું-“તમારે ત્યાં એ દિકરી છે,તેથી ઉત્સવ વધુ હોય.અમારે ત્યાં તો તે અમારા દીકરાની વહુ છે,તેથી ઉત્સવ ઓછો હોય!”વિનોદમાં સિદ્ધાંત કહી દીધો! બીજાઓને આ રસલાભ દુર્લભ છે.ઘરના સેવકોને તો સુલભ છે.માત્ર અનન્ય-ભક્તિથી જ સુલભ છે.ઘર તો આ ભગવાનનું છે,તેથી તેમાં બીજા (જ્ઞાની-કર્મી-યોગી-વગેરે)ને જવું કે રહેવું શક્ય જ નથી.આ ધામ બ્રહ્મ છે,તેથી અનિન્દિત છે,નિર્દોષ છે.ત્યાં નિરન્તર-રસ-પ્રવાહથી સાયુજ્ય મુક્તિની પણ અપેક્ષા રહેતી નથી.ભગવલ્લીલારસાનુભવમાં તો **“मुक्ति लोन सी खारी लागे!”** આવી પુષ્ટિભક્તિ ન હોય,ત્યાં સુધી માત્ર નમન જ થાય.શ્રીશુક જેવા સિદ્ધ પરમહંસ પણ નમન જ કરે છે! આમ, અહીં“રાધા”-નામનો નિર્દેશ દેખાય છે,ઉલ્લેખ નહિ.

આત્મારામ આપ્તકામ શ્રીકૃષ્ણ શ્રીરાધાજી-વગેરે સહિત છે :પરોક્ષવાદથી શ્રીરાધાનામ-નિરૂપણ:

“-आत्मारामोऽप्यरीरमत् ।“-श्रीभागवतम्(૧૦-૨૯-૪૨),
આત્મારામે આત્મામાં જ રમણ નથી કર્યું.આત્મારામ હોવા છતાં પણ ભગવાને બહુ પ્રકારે રમણ કર્યું,ઉત્તરોત્તર રસની અધિકતા પ્રકટ કરી.---**“आत्मारामोऽप्यखण्डितः ।’’-श्रीभागवतम्**(૧૦-૩૦-૩૪)કામ પુષ્ટ થતાં આત્મરત ભગવાને તે (વનમાં પધરાવેલાં ગોપી)ની સાથે રમણ કર્યું.લક્ષ્મીજી સાથે અને તેમનો અંતઃપ્રવેશ જેમાં કરાવ્યો છે તેવાં શ્રીગોપીજી સાથે પણ રમણ કર્યું.નિષ્કામ ભગવાને યથેચ્છ કામપૂરણ કર્યું! રસાધાર માટે પોતાને તેમાં સ્થાપીને,આત્મામાં મુખ્યરતિવાળા અને આત્મામાં જ રમણ છે તેવા,ઈન્દ્રિય-અંતઃકરણ-વિષયથી અખંડિત, ભગવાને રમણ કર્યું.-**“आत्मारामोऽपि लीलया ॥’’-श्रीभागवतम्**(૧૦-૩૩-૨૦)આત્મારામ છતાં ભગવાને જેટલાં ગોપી તેટલાં રૂપ ધરીને તે ગોપીજનો સાથે લીલાપૂર્વક રમણ કર્યું.આવાં બધાં સ્થળોમાં ભગવાનને

"આત્મારામ"કહ્યા છે.સ્કન્દ-પુરાણના શ્રીભાગવત-માહાત્મ્યમાં સ્પષ્ટ રીતે કહેલ છે,-

आत्मा तु राधिका तस्य तयैव रमणादसौ ।
आत्मारामतया प्राज्ञैः प्रोच्यते गूढवेदिभिः ॥

-मा.(१-२२)

-આત્મા તો તેમનો રાધિકા છે.તેની સાથે રમણથી આ ભગવાનને પ્રાજ્ઞ-રહસ્યજ્ઞો તો "આત્મારામ"કહે છે.આમ, "આત્મારામ"-"રાધારમણ" છે.અહીં સર્વત્ર "આત્મા"-શબ્દથી પરોક્ષરીતે "રાધિકા"નામ છે."**परोक्षवादा ऋषयः परोक्षं मम च प्रियम् ।**"-**श्रीभागवतम्(११-२१-३५)**-ઋષિયો પરોક્ષ કહેનારા છે;અને પરોક્ષ મને (શ્રીકૃષ્ણને)પ્રિય છે. આમ, અહીં "આત્મારામ" શબ્દમાં પરોક્ષરીતે "રાધા-નામનો નિર્દેશ છે,સ્પષ્ટ નિરૂપણ નથી.

कामास्तु वाञ्छितास्तस्य गावो गोपाश्च गोपिकाः ।
नित्याः सर्वे विहाराद्या आप्तकामस्ततस्त्वयम् ॥

-स्का.भा.मा.(१-२३)

વાંછિત કામો તો કૃષ્ણના તેમની ગાયો-ગોપો-ગોપિકા અને સર્વ વિહારો-લીલાઓ છે.તેની પ્રાપ્તિથી તો આ ભગવાન્ "આપ્તકામ" છે. આ પણ પરોક્ષવાદ છે.

શ્રીરાધા-સહચરીજીનો નિર્દેશઃ

કેટલાકને આ વાક્યમાં રાધાજીનો ઉલ્લેખ લાગે છે, પરંતુ તેમ દેખાતું નથી.**अनया राधितो नूनं भगवान् - - - !-श्रीभागवतम्(१०-३०-२८)** આણે ખરેખર ભગવાનને આરાધ્યા છે.ફલરૂપ ભગવાન્ સ્વવશ થાય તેનું નામ આરાધના!ભગવાનને આ ગોપીએ વશ કર્યા છે.અહીં "પ્રકાશ" માં શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટ કરે છે, "**-एतेनानन्यपूर्वाभिरपि स्वस्य कात्यायनी द्वारकमेवाराधनं स्मृतमिति प्रतिभाति ।**"આનાથી અનન્યપૂર્વા (કુમારીકાઓ)ને પોતાનું કાત્યાયની (વ્રત)દ્વારા આરાધન યાદ આવ્યું છે.લાગે છે,તેથી અહીં મુખ્યસ્વામિનીજી શ્રીરાધાજીનો ઉલ્લેખ નથી,પણ કુમારિકાયૂથનાં મુખ્યાજી શ્રીરાધા-સહચરીજીનો નિર્દેશ છે. "શ્રીપુરુષોત્તમનામસહસ્ર-સ્તોત્ર" (૧૮૩) -તથા "ત્રિવિધનામાવલી"(૪૦) માં પણ આવું નામ દૃખાય છે.

શ્રીરાધાજીના શુકરૂપ શ્રીશુકદેવજીના "રાધા"નામોચ્ચારમાત્રથી સમાધિ-સંભવથી નામોચ્ચાર નથીઃ

શ્રીરાધાજીનો નામોલ્લેખ સ્પષ્ટ ન હોવામાં એક અનુશ્રુતિ પણ છે.શ્રીશુકદેવજી તો મૂલતઃ નિકુંજલીલામાં પોપટ-રૂપે છે.શ્રીસ્વામિનીજી શ્રીરાધાજી તેમને ભગવદ્-રહસ્યો ભણાવે છે.

"सुवा पढावत सारंगनयनी । वदन संकेत लाल गिरिधरसों गरजत गुप्त निकट मत केनी ॥१॥ अहो कीर तुम नीलवरण तन नेक चितें मन बुद्धि हर लेनी । होत अवेर जात दिन वन गृह हम तुम भेद होयगी गेनी ॥२॥ जब लग तुम जो सिधारो सघनवन हों जु गई यमुनाजल लेनी ।परमानन्द लाल गिरिधरसों मृदु मृदु बचन कहत पिकबैनी ॥"

મૃગનયની શ્રીરાધાજી નિકુંજમાં પોપટને ભણાવે છે.વદન સંકેત શ્રીગિરિધરલાલને છે.ગંભીર-શબ્દ કરતાં ગુપ્તરીતે નિકટમાં સંકેત કર્યો. અહો! પોપટ તું નીલવર્ણના તનનો છે. થોડી દૃષ્ટિ પડતાં મન-બુદ્ધિ હરી લીધી.વિલંબ થાય છે.દિવસે વનમાં તમે!ઘરમાં અમે!તમારું મળવાનું થશે માર્ગમાં.જ્યાં સુધી તમે જે સઘનવન માં પધારો!હું ગઈ યમુનાજલ લેવા!(આમ)પરમાનન્દ(દાસના)પ્રભુ લાલ ગિરિધરને કોમલ કોમલ વચન કોકિલકંઠી(રાધાજી)કહે છે!આ રાધાજીના ભણાવેલા પોપટરૂપ શ્રીશુક છે.લીલારહસ્યો તેમણે સાંભળ્યાં છે.તેમને પોતાનાં આ રસલીલા રહસ્ય-ગુરુ રાધાજીમાં અગાધભાવ છે.આ ભાવવિવશતાથી રાધાજીના નામનો ઉચ્ચાર કરતાં જ શ્રીશુકદેવજીને છ માસની ભાવસમાધિ લાગી જાય છે!આ સમાધિ લાગે તો કથા અટકી જાય!રાજા પરીક્ષિતજીના જીવનનો અવધિ તો સાત જ દિવસનો છે;તેથી પરીક્ષિતનું હિત કરનારા મુનીજીએ "રાધ"-નામનો સ્પષ્ટ ઉચ્ચાર જ નથી કર્યો!-

राधोच्चारणमात्रेण समाधिः षाण्मासिकी भवेत् ।
इति नोच्चारितं नाम परीक्षिद्धितकृन्मुनिः ॥

પરિવૃઢાષ્ટક-મધુરાષ્ટકમાં અવ્યક્ત "શ્રીરાધા"નામ:

મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યચરણે "પરીવૃઢાષ્ટકમ્"માં શ્રીરાધાકૃષ્ણ-રસવિહારનો નિગૂઢ નિર્દેશ કર્યો છે,-

कलिन्दोद्भूतायास्तटमनुचरन्तीं पशुपजां
रहस्येकां दृष्ट्वा नवसुभगवक्षोजयुगलाम् ।
दृढं नीवीग्रन्थिं श्लथयति मृगाक्ष्या हठतरं
रतिप्रादुर्भावो भवतु सततं श्रीपरिवृढे ॥१॥

કલિન્દ-ગિરિ-મસ્તકેથી ઉદ્ભવેલાં વિવિધ-લીલામાં ઉપયોગી શ્રીયમુનાજીના કિનારે વિરહ-લીલા-વિચરણ કરતાં,પ્રેમથી પ્રભુના હૃદયને જીતનારાં,ઐશ્વર્યાદિ સહિત,નૂતન સુંદર સ્તનયુગલવાળાં, અદ્વિતીય,ગોપ વૃષભાનુજીનાં પુત્રીને (શ્રીરાધાજીને) એકાંતમાં એકલાં જોઈને(તે) મૃગનયની (શ્રીરાધાજી)ના કટિવસ્ત્રની મજબૂત ગાંઠને ખૂબ હઠથી શિથિલ કરતા પ્રભુ શ્રીપરિવૃઢ-સર્વશોભાયુક્ત યુગલસ્વરૂપ-માં રતિનો પ્રાદુર્ભાવ-અનુભવ મને સતત થાવ!અહીં પણ "રાધા"-નામ ગુપ્ત રાખીને શ્રીમહાપ્રભુજીએ ગૂઢ લીલા-નિરૂપણ કર્યું છે. "શ્રીમધુરાષ્ટકમ્"માં શ્રીગોપીજનો પોતે સંયોગમાં માણેલી સ્વપ્રિયની મધુરતાને વિપ્રયોગમાં સ્મરે છે,સ્વાનુભવ વર્ણવે છે.તેમાં મુખ્ય સ્વામિનીજી શ્રીરાધાજી તો"**मधुराधिपतेरखिलं मधुरम् ।**"-વ્યક્ત કરે છે.અહીં "મધુરા"-"શ્રીરાધાજી" છે.મધુરાધિપતિ શ્રીરાધાના અધિપતિ છે. આમાં પણ "રાધા"-નામ નિગૂઢ રાખ્યું છે,-શ્રીમહાપ્રભુજીએ!

શ્રીગુસાંઈજીનો શ્રીરાધાનુરાગ:

रहस्यं श्रीराधेत्यखिलनिगमानामिव धनं
निगूढं मद्वाणी जपतु सततं जातु न परम् ।
प्रदोषे दृङ्मोषे पुलिनगमनायातिमधुरं
चलत्तस्याश्चंचच्चरणयुगमास्तां मनसि मे ॥

-श्रीस्वामिन्यष्टकम्(१)

પ્રભુચરણ શ્રીગુસાંઈજી મુખ્ય સ્વામિનીજી શ્રીરાધાજીનાં ચરણયુગલ સ્વમનમાં પધારે,-તેમ વિનંતી કરે છે. "શ્રીરાધા"-નામ તો નિગમના નિગૂઢ ધન જેવું છે. સંસારી સૌ સ્વધનને ગુપ્ત રાખે છે. આ "શ્રીરાધા"-નામ તો વેદોનું સંપૂર્ણ ગુપ્તધન છે. તેને પ્રકટ કેમ થાય? ગુપ્ત જ હોય. સર્વવેદોનું આ રહસ્ય છે,તેથી વેદ કે વેદસાર રૂપ શ્રીમદ્ભાગવતમાં તે પ્રકટ ન પણ દેખાય! એ "શ્રીરાધા"-નામ મારી વાણી સતત જપો!બીજું ક્યારે ન જપો!રાત્રિના આરંભમાં અંધકાર થતાં રાસલીલા માટે પુલિનમાં જવા માટે ચાલતાં આ શ્રીરાધાજીનાં ઉત્સુક-ચંચલ-અતિમધુર-કાન્તિયુક્ત બે ચરણ મારા(શ્રીગુસાંઈજીના)મનમાં કૃપાથી વિરાજો!અહીં શ્રીગુસાંઈજીએ શ્રીરાધાજીના નામને ઉપનિષદોના પણ સંપૂર્ણ ગૂઢ ધન-રહસ્ય-રૂપ કહ્યું છે.તે સર્વત્ર પ્રકટ ક્યાંથી હોય? તેથી "રાધા"-નામ વેદમાં-શ્રીભાગવતમાં પ્રકટ ન દેખાય!વેદ-રહસ્ય-નિગૂઢ ધનનો નિર્દેશ કરવા,સ્પષ્ટતા કરવા,શ્રીગુસાંઈજીએ અહીં "શ્રીરાધા"-નામનો ઉલ્લેખ કર્યો છે! છેલ્લે તો,અદ્ભુત કૃપાયાચના કરી દીધી છે,-

न मे भूयान्मोक्षो न पुनरमराधीशसदनं
न योगो न ज्ञानं न विषयसुखं दुःखकदनम् ।
त्वदुच्छिष्टं भोज्यं तव पदजलं पेयमपि तद्
रजो मूर्ध्नि स्वामिन्यनुसवनमस्तु प्रतिभवम् ॥

-श्रीस्वामिन्यष्टकम्(८)

મારો મોક્ષ ન થાવ!(સ્વર્ગમાં)ઇન્દ્રભવન મને ન મળો!મને યોગ(સિદ્ધિ)ન મળો!મને જ્ઞાન ન થાવ! દુઃખોમાં પીડતું વિષયસુખ મને ન મળો!(પરંતુ) હે સ્વામિનીજી-શ્રીરાધાજી! તમારું પ્રસાદી(ઉચ્છિષ્ટ)મારું ભોજ્ય થાવ!તમારું ચરણજલ મારું પેય થાવ!તમારા ચરણની રજઃ પણ મારા મસ્તક પર પ્રત્યેક જન્મે,પ્રત્યેક સમયે સુલભ હો!શ્રીરાધાજીની કૃપાથી તો સર્વ સુલભ થાય.

શ્રીગુસાંઈજીનું શ્રીસ્વામિનીભાવસંપન્ન પુષ્ટિમાર્ગીય ષટ્કર્મ-શ્રીસ્વામિનીપ્રાર્થના:

પ્રભુ કરતાં પણ પ્રભુપ્રિયાજીમાં વિશેષ ભાવોત્કટતા-નિષ્ઠા

તો પ્રિય પ્રભુને અતિપ્રિય લાગે છે.શ્રીગુસાંઈજી એ વિલક્ષણ પુષ્ટિભાવોત્કટતાનાં દર્શન કરાવ્યાં છે,-"શ્રીસ્વામિની-પ્રાર્થના"માં! યજ્ઞોપવીતવાળા-દ્વિજ-નાં નિત્ય છ કર્મ શાસ્ત્ર-પ્રસિદ્ધ છે,-૧. સ્નાન, ૨. સંધ્યા, ૩. જપ, ૪. હોમ, ૫. તર્પણ, ૬. બ્રહ્મયજ્ઞ. આ તો મર્યાદામાર્ગીય છે.પુષ્ટિ તો લોક-વેદથી પર છે,-વિલક્ષણ છે,તેથી અહીં શ્રીગુસાંઈજીએ લોક-વેદથી વિલક્ષણ-રૂપે,ભોજન-પાન અને છ દ્વિજ કર્મ દર્શાવ્યાં છે. આ તો કેવલ કૃપાથી જ પ્રાપ્ત થાય,તેથી તેવી કૃપા-યાચના કરી છે. કેવલ પુષ્ટિ-ભાવ દશામાં આ સંભવે છે.દેહાનુસંધાન-દશામાં તો લૌકિક-વૈદિક-કર્મો કર્તવ્ય રૂપે છે.

૧.સ્નાન- પ્રિયતમના નેત્ર-સંગમથી શ્રીસ્વામિનીજીના નયનમાંથી ઉભરાતાં પ્રેમાશ્રુજલથી મળે;ભોજન-પાન તો રાગપ્રાપ્ત છે,તેથી શાસ્ત્ર-વિહિત નથી.તે તો ધર્મના સાધનરૂપ દેહનાં નિર્વાહક છે. પુષ્ટિભાવની રાગ-વિશેષતાથી આ યાચના છે,કૃપા-વિશેષતાથી મનોરથ પૂર્તિ છે.**ભોજન**-શ્રીસ્વામિનીજીના ચર્વિત તાંબૂલનું! **પાન**- શ્રીસ્વામિનીજીએ કરેલા કરુણા-સભર સ્મિતાવલોકનું!૨. **સંધ્યા**- શ્રીસ્વામિનીજીના ચરણોમાં પ્રબલ દીનતાથી પ્રેમપૂર્વક ત્રિકાલ(સવાર-બપોર-સાંજ)પ્રણામ! ૩. **જપ**- તાપક્લેશ-પૂર્વક વિગાઢભાવે શ્રીસ્વામિનીજીના નામોનું ઉચ્ચારણ! ૪. **હોમ**- અસ્ત પામતા સૂર્ય-રૂપ અગ્નિ માં દિવસનાં વિરહ-દુઃખનું હોમવું તે! ૫. **બ્રહ્મયજ્ઞ(વેદ-સ્વાધ્યાય)**-શ્રીસ્વામિનીજી એ પૂછેલી પ્રિયતમની વાર્તાનું કથન! ૬. **તર્પણ**- શ્રીસ્વમિનીજીના પ્રિયતમ-સંગમથી થયેલા મનોમહોત્સવનાં દર્શનથી મનોરથ-લાભ વડે સર્વ-ઈન્દ્રિયોની તૃપ્તિ! જીવન-આ છ પ્રકારે સેવનથી;મરણ-શ્રીરાધાજીનાં ચરણના વિયોગમાં! શરણ-શ્રીરાધાજી પોતે!

સ્નાન :

श्रीराधे प्रियतमदृक्-संगमसंजातहासदृक्-सलिलैः।
भवदीयैः स्नानं मे भूयात्सततं न पाथोभि : ॥

-श्रीस्वामिनी-प्रार्थना-(१)

હે શ્રીરાધે! આપના પ્રિયતમ(શ્રીકૃષ્ણ)નો(આપને)નેત્ર-સમાગમ થતાં સ્નેહોત્કટતાથી ઉત્પન્ન થયેલા હાસ્યથી નેત્રમાં ઉભરાતાં આનંદ-પ્રેમાશ્રુ જલ વડે મારું સ્નાન સતત સંપન્ન હો!ભૂતલનાં સામાન્ય જલ વડે નહિ !

ભોજન-પાનઃ

भूयान्मेऽभ्यवहारस्तावक-ताम्बूल-चर्वितेनैव ।
पानं करुणाकूतस्मितावलोकामृतेनैव ॥

-श्रीस्वामिनी-प्रार्थना-(२)

હે શ્રીરાધે! મારું ભોજન તમારા પાનના ચર્વિતથી જ થાવ!મારું પાન કરુણાના પ્રયોજનથી કે ભાવપૂર્વકના સ્મિત-સહિતના અવલોકન-રૂપ અમૃત વડે જ સંપન્ન હો!

સંધ્યાઃજપઃ

त्रिषवणमिह भवदंघ्रिप्रणतिः सन्ध्या प्रकृष्टदैन्येन ।
जापस्तु तापक्लेशैर्विगाढभावेन कीर्तनं नाम्नाम् ॥

-श्रीस्वामिनी-प्रार्थना-(३)

હે શ્રીરાધાજી! અહીં(સવાર-બપોર-સાંજ)ત્રણ સમય આપના ચરણોમાં પ્રકૃષ્ટદૈન્યથી પ્રેમપૂર્વક પ્રણામ મારાં સંધ્યા-વંદન હો! જપ તો ભગવત્સંબંધી તાપ-ક્લેશ વડે વિશેષભાવથી આપનાં નામોનું અર્થાનુસંધાનપૂર્વક ઉચ્ચારણ હો!

હોમઃબ્રહ્મયજ્ઞઃ

अस्तं-गच्छसूर्याशुशुक्षणौ दिवसदुःखहोमोऽस्तु ।
त्वत्पृष्टप्रियवार्ताकथनं मे ब्रह्मयज्ञोऽस्तु ॥

-श्रीस्वामिनी-प्रार्थना-(४)

હે શ્રીરાધાજી!અસ્ત પામતા સૂર્ય-રૂપ અગ્નિમાં દિવસનાં વિરહ-દુઃખોનો હોમ હો!તમારી પૂછેલી પ્રિય(શ્રીકૃષ્ણ)સંબંધી વાર્તાનું કથન મારો બ્રહ્મયજ્ઞ હો!

તર્પણઃ

भवतीनां प्रियसंगमसंजातमनोमहोत्सवेक्षणतः ।
तर्पणमिह सर्वेन्द्रियतृप्तिर्भवतान्मनोरथाप्त्या मे ॥

-श्रीस्वामिनी-प्रार्थना-(५)

હે શ્રીરાધે!આપના પ્રિયતમ(શ્રીકૃષ્ણ)ના સમાગમથી સારી રીતે થયેલા મનના મહોત્સવનાં દર્શનથી,મનોરથની પ્રાપ્તિ વડે, મારી સર્વેન્દ્રિયની તૃપ્તિ અહીં તર્પણ રૂપ બનો !

જીવન-મરણઃ

इत्थं जीवनमस्तु क्षणमपि भगवदंघ्रिविप्रयोगे तु ।
मरणं भवतादेवं भावे शरणं शरणं त्वमेव भव ॥

-श्रीस्वामिनी-प्रार्थना-(६)

હે શ્રીરાધે! આ છ પ્રકારે મારું જીવન હો! એક ક્ષણ પણ આપના ચરણના વિયોગમાં તો મારું મરણ થાવ! આ પ્રકારના ભાવમાં તમે જ મારું શરણ હો!

શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીના ગ્રંથોમાં શ્રીરાધાજીના ઉલ્લેખોઃ

(૧)"**राधाविशेषसंभोगप्राप्तदोषनिवारकः ।**"

-श्रीपुरुषोत्तमनामसहस्रस्तोत्रम्(१८३)

અન્ય શ્રીગોપીજનને છોડીને એકાંતમાં પધરાવેલાં શ્રીરાધા સહચરીજીને બીજા કરતાં વિશેષ ભોગ પ્રાપ્ત થવાથી ઉત્પન્ન થયેલા દોષનું નિવારણ કરનાર(શ્રીકૃષ્ણ).

(૨)"**रासोल्लासमदोन्मत्तोराधिकारति लंपटः ।**"

-श्रीकृष्णप्रेमामृतम्(३३)

રાસવિહારના ઉલ્લાસથી રસાનુરૂપ મદથી મત્ત, શ્રીરાધિકાજીની રતિ વિલાસમાં લંપટ(શ્રીકૃષ્ણ).

(૩)-"**राधापते व्रजनार्तिहरावतार ।**"

-श्रीकृष्णाष्टकम्(१)

હે(નિકુંજલીલામાં)રાધાજીના પતિ(રસપોષક અને રસરક્ષક),હે વ્રજજનો-નાં સર્વપ્રકારનાં દુઃખો દૂર કરવા માટે અવતરેલા!

(૪)"**श्रीराधिकारमण माधव गोकुलेन्द्रसूनो ।**"

-श्रीकृष्णाष्टकम्(२)

હે સર્વ સુંદર-સાકાર-સર્વાનન્દમયી શ્રીરાધાજી(જેની સમાન કે અધિક કોઈ નથી તેવાં,નિત્યસિદ્ધા પ્રિયાજી)ના (લીલાવિહારોમાં સર્વપ્રકારે સ્વરૂપાનન્દ-પ્રદાનથી) રમણ (સુખ દેનારા)!હે માધવ! હે ગોકુલના રાજાના પુત્ર !

(૫)-**गोपीजनप्रियतम क्रिययैकलभ्य राधावर प्रिय वरेण्य शरण्य नाथ ।**

-श्रीकृष्णशरणाष्टकम्(६)

હે શ્રીગોપીજનના અત્યંત પ્રિય!(શ્રીગોપીજન જેમને અત્યંત પ્રિય છે તેવા),હે "વરણ"કે"સેવા"-"કથા"- રૂપ ક્રિયા દ્વારા જ મેળવી શકાય તેવા! હે શ્રીરાધાજી એ વરેલા!હે(આત્મા રૂપે)પ્રિય,હે વરવા યોગ્ય!હે શરણ લેવા યોગ્ય! હે નાથ!

(૬)**तस्यासौ व्रजराजसूनुरतुलां भक्तिं स्वपादाम्बुजे सत्सेव्ये प्रददाति गोकुलपतिः श्रीराधिकावल्लभः ।**

-श्रीकृष्णाष्टकम्(९)

(આ સ્તોત્ર-પાઠ કરે)તેને આ વ્રજરાજકુમાર સત્પુરુષોને સેવવા યોગ્ય, ગોકુલપતિ, શ્રીરાધિકાજીના પ્રિયતમ સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના ચરણકમલમાં અતુલ (પુષ્ટિ)ભક્તિ કૃપાપૂર્વક આપે છે.

(૭)**राधासहसचराय नमः ।**

-त्रिविधनामावली-प्रौढलीला-(४७)

જેને માન-મદ થયાં ન હતાં તેવાં,એક મુગ્ધ-નિર્દોષ-ગોપીજન , જે કુમારિકાઓમાં મુખ્ય છે તે,શ્રીરાધા-સહચરીજીના સહચર ભગવાનને નમન.

(૮)**राधावल्लभसेवया तदुदितप्रेम्णोपदेशैरपि श्रीमद्वल्लभनामधेयसदृशो भावी न भूतोऽस्त्यपि ।**

-सप्तश्लोकी(५)

(શ્રીરાધાજીના પ્રિયતમ શ્રીરાધાજી જેમનાં પ્રિયતમા છે તેવા શ્રીકૃષ્ણની(વેદ-ભાગવત-પ્રતિપાદ્ય)સેવા વડે,શ્રીરાધા-શ્રીકૃષ્ણ-ઉભયને ઉચિત(ફલરૂપ દાસ્યમાં ઉપયોગી)પ્રેમ (સર્વાત્મભાવ)વડે,તેના ઉપદેશો વડે,પણ"શ્રીમદ્વલ્લભ"-નામ ધારણ કરનાર જેવો બીજો કોઈ થવાનો નથી,થયો નથી, છે પણ નહિ.

(૯)सदा राधिकाराधिकासाधकार्थप्रतापप्रसाद प्रभो कृष्णदेव ।
-भुजंगप्रयाताष्टकम्(३)

હે સદા અનેક રસાનુરૂપ સ્નેહોપચારોથી(પ્રભુને)પ્રસન્ન કરનારાં શ્રીરાધાજીના સાધક પુરુષાર્થના પ્રતાપને વ્યક્ત કરનારા પ્રસાદ (પ્રસન્નતા)રૂપ! હે સર્વસમર્થ પ્રભો!હે દશલીલારત-નિકુંજલીલાનિરત-સદાનન્દ શ્રીકૃષ્ણ !

શ્રીરાધા-પ્રાર્થના-ચતુઃશ્લોકીઃ

कृपयति यदि राधा बाधिताशेषबाधा
किमपरमवशिष्टं पुष्टिमर्यादयोर्मे ।
यदि वदति च किंचित् स्मेरहासोदितश्री-
र्द्विजवरमणिपंक्त्या मुक्तिशुक्त्या तदा किम् ॥१॥

જો શ્રીરાધાજી કૃપા કરે તો અશેષ બાધા(પ્રતિબંધો)બાધિત થાય(અટકી જાય);પછી મારે માટે પુષ્ટિ અને મર્યાદા(ફલો)માં બાકી શું રહ્યું ?જો પ્રસન્ન(વિકસિત)હાસ્યની પ્રકટ શોભાયુક્ત શ્રેષ્ઠ મણિયો જેવા દાંતની પંક્તિ વડે કાંઈક કહે;તો પછી મારા માટે મુક્તિ-રૂપ છીપથી શું પ્રયોજન?

श्यामसुन्दर शिखंडशेखर
स्मेरहास्य मुरलीमनोहर ।
राधिकारसिक मां कृपानिधे
स्वप्रियाचरणकिंकरीं कुरु ॥२॥

હે શ્યામસુંદર! હે મોરચન્દ્રિકા જેના મસ્તકે છે તેવા! હે પ્રસન્ન(વિકસિત)હાસ્યવાળા! હે મુરલી(વાદન)થી મનને હરનારા!હે રાધિકાના રસિક!હે કૃપાભંડાર! મને પોતાની પ્રિયાના ચરણની તુચ્છ દાસી કરો!

प्राणनाथ वृषभानुनन्दिनी-
श्रीमुखाब्जरसलोलषट्पद ।
राधिकापदतले कृतस्थिति-
स्त्वां भजामि रसिकेन्द्रशेखर ॥३॥

હે પ્રાણનાથ! હે વૃષભાનુજીને આનંદ દેનારા પુત્રી (શ્રીરાધિકાજી)ના સુંદર મુખ-કમલના રસના ચંચલ ભ્રમર ! શ્રીરાધિકાજીના ચરણતલે(રસવિહારોમાં)જેણે સ્થિતિ કરી છે તેવા,હે રસિકોના મુખ્યોના મુખ્ય! હું તમને સેવું છું.

संविधाय दशने तृणं विभो
प्रार्थये व्रजमहेन्द्रनन्दन ।
अस्तु मोहन तवातिवल्लभा
जन्मजन्मनि मदीश्वरी प्रिया ॥४॥

હે રસવ્યાપક-સર્વસમર્થ! હે વ્રજરાજને આનંદદેનારા(પુત્ર)! હે મોહન! દાંતમાં તણખલું લઈને હું પ્રાર્થના કરું છું (કે) તમારાં અત્યંત પ્રિયતમા (શ્રીરાધાજી)પ્રત્યેક જન્મમાં મારાં પ્રિય સ્વામિની હો!(થાવ!).

શ્રીસ્વામિનીસ્તોત્રમ્(ભાવનાનિર્દેશઃ):

यदैव श्रीराधे रहसि मिलति त्वां यदुपति-
स्तदैवाकार्याहं निजचरणदास्ये निगदिता ।
मुदा चन्द्रावल्या शशिमुखि कृतार्थास्मि भवती
तथा संपन्ने मां स्मरति यदि संप्रेषणविधौ ॥१॥

હે શ્રીરાધે !જ્યારે પણ તમને યદુપતિ એકાંતમાં મળે ત્યારે નિજ-ચરણદાસ્યમાં નિયુક્ત હું બોલાવવા યોગ્ય દાસી છું. હે ચન્દ્રમુખિ! હર્ષપૂર્વક શ્રીચન્દ્રાવલીજી સાથે તે પ્રકારે (રહસ્યલીલા) સંપન્ન થતાં,જો મોકલવાના વિધિમાં(દૂતીરૂપે) મને સ્મરશો તો હું કૃતાર્થ છું,-થઈશ!

ક્યારેક શ્રીયમુનાજીમાં દિવસે આકંઠ ડૂબકી દઈને, સ્નાન કરીને શીઘ્ર વસ્ત્રો ધરીને,જો આપના સ્નાન કરતાં ઉતરેલાં વસ્ત્રો ધોવાના વિધિમાં મને સ્મરો તો હું નિજચરણદાસી આપની છું,એમ (સમજીને)કૃતાર્થ થાઉં !

રાત્રે પ્રિયતમ-નિકુંજમાં કોઈરીતે પધારતાં શૈયાજીમાં પધારતાં આપના ઝમકતાં ઝાંઝરવાળાં ચરણપ્રક્ષાલન માટે એકવાર મને સ્વદાસીને સ્મરશો તો હું કૃતાર્થ થઈશ.

વિવિધ લીલા-વિલાસોમાં પરિશ્રમિત પ્રભુના કપોલને જોઈને મને એક ક્ષણ વ્યજન(પંખા)ની સેવા માટે પણ સ્મરશો તો હું ધન્યતમ થઈશ.દિવસે શ્રીયમુનાજીના સ્નાનનાં બહાને પધારતાં આપના પ્રાણેશને યોગ્ય વસ્તુઓ-વસ્ત્રો લઈ જવાની સેવામાં મને સ્મરશો તો હું કૃતાર્થ થઈશ.

કુતૂહલવશ સ્વપ્રિયે હસ્તાકર્ષણ કરતાં હરેલી કંચુકી દેવામાં મને એકવાર પણ સ્મરશો તો હું હર્ષથી કૃતાર્થતાને પામીશ. સુંદર પુષ્પશૈયામાં પોઢતાં સ્વનાથે ચર્વિત તામ્બૂલ દેતાં આપના મુખમાંથી તે દેવાને મને સ્વદાસી ક્યારે સ્મરશો?-નમન કરું છું.

નિકુંજમાં પુષ્પશૈયા પરથી વિવિધ વિહાર શ્રમજલ-કણથી શોભતા પ્રિયના મુખથી હરાએલા મનવાળાં આપ જો સહજ કૃપાથી વિહાર-માલા દેવા મને સ્મરશો તો અન્યનું શું કામ ?આપ માર્ગ પર પધારો છો,કેલિશયન પછી ચરણકમલને નિર્મલ કુંકુમથી અલંકૃત કરો છો,ત્યારે એ ચરણ-રક્તતા મને હો એમ પ્રાર્થું છું.પ્રિયતમના કરકમલ સ્પર્શ-ભાવદૃષ્ટિ-કટાક્ષથી ઉદ્યત રસભારમાંથી જન્મેલ,ઉત્કટ હર્ષથી વ્યાકુલ, પ્રત્યેકની ચરણતલકાંતિ વડે શ્રીગોપીજનના હૃદયકમલમાંથી જન્મેલાને મારા નમન હો! હે હરિ પ્રિયાઓ! જેટલાં આપનાં ચરણકમલ હોય તેટલાં સ્વરૂપે હું આપનું સદાય દાસ્ય કરું !

गेहे निकुंजं निशि संगतायाः
प्रियेण तल्पे विनिवेशितायाः ।
स्वकेशवृन्दैस्तव पादपंकजं
संमार्जयिष्यामि मुदा कदापि ॥१२॥

નિકુંજ-ગૃહમાં-રાત્રે પ્રિયે શૈયામાં પ્રેમોદ્રેકથી પધરાવેલાં, સંયોગ-સુખ માણતાં,તમારાં ચરણકમલનું,હું પોતાના કેશસમૂહથી હર્ષપૂર્વક ક્યારે પણ સંમાર્જન કરીશ ?નિકુંજલીલા-નિરત શ્રીસ્વામિનીજી-શ્રીરાધાજી પોતાને દાસીરૂપે નિત્યલીલામાં સ્વલ્પ પણ સેવા દે-,તેમ વિનંતી કરી છે,-શ્રીગુસાંઈજીએ !વંદન આ ભાવભદ્રોત્કટતાને !

રસિકોને રસાધિકાર : રસાત્મક ભગવાન્ સાથે સર્વકામોપભોગ તો જીવનનું પરમ ફલ છે : પ્રભુ જ પ્રેમ કરે છે-કરાવે છેઃ દશ રસાત્મક શ્રીકૃષ્ણ :

"શૃંગારરસમંડનમ્"(૧)"રસ સર્વસ્વમ્"(વ્રતચર્યા)(૨) "દાનલીલા" (૩)"દશોલ્લાસઃ""શૃંગારરસઃ","સ્વપ્નદર્શનમ્","પ્રબોધઃ", "ગુપ્ત-રસઃ", માં નિત્યલીલાના વિવિધ રસલીલા-વિહારો પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ નિરૂપિત કર્યા છે.તે તો ભગવન્નિષ્ઠ યોગ્ય ઉત્તમાધિકારી માટે જ છે.અનધિકાર ઈચ્છા-ચેષ્ટા તો પતન કરાવે;તેથી શ્રીગુસાંઈજીએ સ્પષ્ટ સૂચવ્યું છે-,

प्रार्थये रसिकाः स्वैरं पश्यन्त्विदमहर्निशम् ।
एतद्रसानभिज्ञस्तु माद्राक्षीदपि वैष्णवः ॥

હે રસિકો! હું પ્રાર્થના કરું છું કે આનું તમે અહર્નિશ દર્શન કરો!આ રસને ન જાણનાર તો વૈષ્ણવ હોવા છતાં પણ આનાં દર્શન ન કરે!રસિકો તો લૌકિક કામ-રહિત-નિષ્કામ-ભગવદ્રત હોય.આ બધાં દિવ્યલીલા-નિરૂપણો તો અપ્રાકૃત રસાત્મક ભગવાનના રસોત્કટ વિહારોનાં છે.કોઈ કવિકલ્પના-કાવ્યો આ નથી.આ તો સાક્ષાદ્ રસાત્મક બ્રહ્મનું નિરૂપણ છે.

रसो वै सः । रसं ह्येवायं लब्ध्वानन्दी भवति । को ह्येवान्यात्कः प्राण्यात्। यदेष आकाश आनन्दो न स्यात् ।

-तैत्तरीयोपनिषत्(२-७)

"તે નિશ્ચિતપણે રસ છે. આ રસ પ્રાપ્ત કરીને જ આનન્દી(આનન્દપ્રયુક્ત) થાય છે. આ આનન્દ સિવાય બીજું કોણ જીવાડે? જો આ આકાશ આનન્દ ન હોય તો?!" અન્ન-જલ-હવા-દવા-વગેરે જીવાડતાં નથી,-જીવાડે છે તો આનન્દ જ!લૌકિકમાં પણ દેખાય છે ને?! જેને જેમાં રસ હોય,તેને તેમાં આનંદ લાગે છે.આનંદ લાગે તો જ જીવવું ગમે છે ને? નહિ તો મરવાનું મન તો થઈ જાય છેને?! આ તો આનન્દ-(માત્રા)બિન્દુ છે.તેનાથી સૌનું જીવન ટકે છે. ભગવાન્ તો આનન્દસિન્ધુ છે.પૂર્ણાનન્દ-

અગણિતાનન્દ આ ભગવાન્ નીરસ-નિરાનન્દ જગતને સરસ-સાનન્દ કરવા માટે તેમાં પોતે લીલા-પરિકર-સહિત પ્રકટે છે,-પધારે છે. બ્રહ્મજ્ઞાનનું પણ ફલ તો આ રસલીલાનુભવ છે,-મોક્ષ નહિ!

ब्रह्मविदप्नोति परम् । तदेषाभ्युक्ता । सत्यं ज्ञानमनन्तं ब्रह्म । यो वेद निहितं परमे गुहायां व्योमन् । सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता । -तैत्तिरीयोपनिषत्(२-१)

બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત કરે છે.આનું વ્યાખ્યાન બ્રહ્મજ્ઞ-અનુભવી કરે છે.સત્ય-જ્ઞાન-અનન્ત(સત્-ચિત્-આનંદ)બ્રહ્મ છે.તેને હૃદય-ગુહામાં પ્રકટ થયેલા અક્ષરબ્રહ્મમાં જે રહેલ જાણે છે.તે વિવિધલીલા-રસભોગ-ચતુર બ્રહ્મ સાથે સર્વકામોને ભોગવે છે,-માણે છે!અહીં ભગવાન્ ગૌણ! ભક્ત મુખ્ય! ભગવાનનો રસ-આનંદ ભક્ત માણે છે!નિરવધિ-નિરુપધિ આ આનંદની પ્રાપ્તિ કૃપાપાત્ર ભક્તોને જ છે,-બ્રહ્મજ્ઞાનના પણ કૃપાલબ્ધ ફલ-રૂપે છે,કેવલ બ્રહ્મજ્ઞાનીને પણ આ સુલભ નથી;તો સામાન્ય ભોગરત સંસારીની તો કથા જ ક્યાં?!આ ભગવાનનો નિકટતમ-સંબંધ ભારતીય વેદ-ધર્મનું યથાર્થ સાધ્ય છે,-લક્ષ્ય છે.શ્રીભાગવતે તો પુરુષાર્થનો સાધનક્રમ સ્પષ્ટ કર્યો છે,-કામ-અર્થ-ધર્મ-મોક્ષ!યથાયોગ્ય આહાર-વિહાર તે કામ!તેનાથી ટકેલું જીવન તે અર્થ!તેનાથી સધાય સ્વધર્મ!જે વેદમૂલક હોય,અનર્થ-રહિત હોય,જેથી અભ્યુદય-નિઃશ્રેયસ્ સિદ્ધ થાય તે ધર્મ!તેનાથી મળે મોક્ષ!આ મોક્ષ યથાધિકાર આનંદાનુભવ રૂપ હોય.આ આનંદ અલૌકિક-અપ્રાકૃત-અગણિત હોય તે ભગવાન્! આ ભગવાન્ છે,-શ્રીકૃષ્ણ-શૃંગારરસાત્મક!આ શૃંગાર છે,-શુચિ-ઉજ્જ્વલ!-પવિત્ર-નિર્મલ!શૃંગારરસનો વર્ણ શ્યામ!તેની દેવતા વિષ્ણુ!આ શૃંગારરસ-રૂપ શ્યામ વિષ્ણુની અનુભૂતિ તો મનુષ્ય જીવનનું ઔપનિષત્ પરમ-ફલ છે.

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनुश्रृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

-श्रीभागवतम्(१०-३३-४०)

વ્રજવરવધૂઓ સાથે રસવ્યાપ્ત ભગવાન્ શ્રીકૃષ્ણના આ રસવિહારો છે.શ્રદ્ધાપૂર્વક જે તેને યથાર્થરીતે સાંભળે,પછી વર્ણવે,તેને કૃષ્ણમહિમા અને સર્વભાવે સમર્પણ-શરણ-દાસભાવ ના ભાનથી ભગવાનમાં પરમ ભક્તિ થાય.હૃદયના રોગ-રૂપ બાધક કામ શીઘ્ર દૂર થઈ જાય.પૂર્વવાસના હોવા છતાં તે શીઘ્ર ધીર થાય;આ રાસલીલા-શ્રવણ-કીર્તનથી તો લૌકિક-કામી પણ પ્રભુપ્રેમી બની જાય!જે હૃદયકુંજમાં પ્રેમપુંજ પ્રભુ લીલાસહિત વિરાજે ત્યાં લૌકિક કામનો ગંધ પણ ક્યાંથી હોય ?! આવો પ્રેમોદ્બોધ તો પ્રભુ સ્વયં જ કરાવે છે.

आसक्तिः प्रेमपूर्वैव प्रेमापि हरिणा कृतम् ।
उद्‌बोधकं च हरिणा कृतं नान्येन केनचित् ॥

-श्रीसुबोधिनी(१०-२१-आभास कारिका-३)

આસક્તિ પ્રેમપૂર્વિકા છે.પ્રેમ પણ હરિએ-રસાત્મક શ્રીકૃષ્ણે-કર્યો છે.તેનું ઉત્તેજન પણ ભગવાને જ કર્યું છે,અન્ય કોઈએ નહિ.પ્રભુ જ પ્રેમનું પ્રદાન કરે છે,તેને પ્રવૃદ્ધિ પણ પ્રભુ જ કરે છે.પ્રેમ તો પ્રભુનું સ્વરૂપ છે.ભગવલ્લીલાના દૃષ્ટાંતથી લૌકિક પ્રવૃત્તિ કરનાર-કરાવનારનો સંગ પણ ત્યાજ્ય છે. લૌકિક-ભોગ તો સવિઘ્ન-અલ્પ-ઘાતક હોવાથી ત્યાજ્ય છે. પ્રભુપ્રદત્ત ભોગ તો અલૌકિક છે,-પ્રસાદરૂપ છે,-ફલરૂપ છે. "કામસૂત્ર"માં ઋષિ વાત્સાયન કહે છે,-

विहितं लोकयात्रार्थं न रागार्थोऽस्य संविधि : ।
अस्य शास्त्रस्य तत्त्वज्ञो भवत्येव जितेन्द्रियः ॥

લોકવ્યવહાર-યાત્રામાટે રાગાદિમાટે આનો સંવિધિ નથી કહેલો. આ કામશાસ્ત્રનો તત્ત્વજ્ઞ જિતેન્દ્રિય જ થાય છે.અલંકાર-શાસ્ત્ર,નાટ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર,કામશાસ્ત્ર,રસશાસ્ત્ર વગેરે લૌકિક હેતુઓ માટે નથી,પરંતુ તેનાથી ભગવદ્રસ-પરિજ્ઞાન માટે તેમનો પ્રભુમાં વિનિયોગ છે.

लौकिकपुंसि नार्यां वा तदाभासो रसशास्त्रे निरूप्यते,तद्दृष्टान्तेन भगवद्भाववद्भक्तरीतिभावनार्थं,न तु ऋषीणां लौकिके तात्पर्यं भवितुमर्हति॥

-अणुभाष्यम्(३-३-५७)

કામસૂત્રાદિથી ઋષિયોનું તાત્પર્ય લોકોને કામ-મોહ કરાવીને લૌકિકમાં લલચાવવાનું -લપસાવવાનું-લપટાવવાનું નથી. લૌકિક પુરુષ કે નારી (નટ કે નટી)માં ભગવાનની રસલીલાનો આભાસ રસશાસ્ત્રમાં નિરૂપવામાં આવે છે.તે દષ્ટાંતથી ભગવદ્ભાવવાળા ભક્તોની (પ્રીતિની) રીતિની ભાવના માટે છે. ઋષિયોનું તાત્પર્ય તો લૌકિકમાં હોવાનું યોગ્ય-શક્ય-નથી.

શ્રીગુસાંઈજીના ઉપરોક્ત ગ્રંથોમાં-“શૃંગારરસમંડન”માં,-શ્રીજયદેવકવિના“ગીતગોવિન્દ”માં,અન્યત્ર પણ , શ્રીગોપીજનવલ્લભ-ના શ્રીગોપીજન સાથેના નિર્દોષ અલૌકિક રસવિહારો છે.તે શ્રવણ-કીર્તન-સ્મરણ-ભાવનાદિથી નિર્દોષ બનાવીને જીવનફલ-રૂપ ભગવલ્લીલા-રસાનુભવ-યોગ્ય બનાવે છે.

शृंगारहास्यकरुणरोद्रवीरभयानकाः ।
बीभत्साद्भुतसंज्ञाश्चेत्यष्टौ नाट्य रसाः स्मृता ः ॥

-भरतनाट्यशास्त्रम्

શૃંગાર-હાસ્ય-કરુણ-રૌદ્ર-વીર-ભયાનક-બીભત્સ-અદ્ભુત-આ આઠ રસ નાટ્યશાસ્ત્રમાં માનેલા છે.“શાન્ત”કાવ્યમાં નવમો છે.“ભક્તિ” ભક્તિમાર્ગમાં દશમો રસ છે.આ છે,-રસરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ! શૃંગાર-સંવલિત જ બધા રસ છે; આ શૃંગાર-રસાત્મક છે,-ભગવાન્ શ્રીકૃષ્ણ!

ભગવાન્-લીલા-લીલાપરિકરમાં અભેદ છેઃસર્વશક્તિયોનું મૂલ શ્રીરાધાજી છેઃ

આ શૃંગાર-રસાત્મક શ્રીકૃષ્ણની મુખ્યશક્તિ(સિદ્ધિ)રૂપા આ મુખ્ય શ્રીસ્વામિનીજી -શ્રીરાધાજી છે.લીલાનુરૂપ ઐચ્છિકદ્વૈત પરંતુ વાસ્તવમાં અદ્વૈત બંનેનું છે.શ્રીરાધાજીનું સ્વરૂપ પણ આનન્દમય છે.**सर्वाभेदान्यत्रेमे।-ब्रह्मसूत्रम्**(३-३-१०) **तथा आनन्दादयः प्रधानस्य** ॥-(३-३-११) માં લીલામધ્યપાતી બધા પદાર્થોનો બ્રહ્મ સાથે અભેદ હોવાથી,બ્રહ્મ એક જ હોવાથી,પૂર્વલીલાથી અન્યત્ર ઉત્તરલીલામાં પણ આ પૂર્વલીલા-સંબંધી જ તેઓ હોય છે.“**रसो वै सः**” - **तैत्तरीय**(२-७) તથા “**सर्वरसः**”-**छान्दोग्य**-(३-१४-२) શ્રુતિથી તે રસ છે,સર્વરસ છે, બ્રહ્મ સર્વરસાત્મક છે.જે રસના જે વિભાવ-અનુભાવ-વગેરે હોય તેનાથી તે રસ નિષ્પન્ન થાય છે,જેમ તાણાવાણાથી કપડું બને છે તેમ.આમ,રસનું તેની સાથે તાદાત્મ્ય સિદ્ધ છે,તેથી સર્વનો અભેદ છે;છતાં લીલાનુરૂપરીતે પૂર્ણાનન્દ-ઐશ્વર્ય-વગેરે મુખ્ય-સ્વરૂપ બ્રહ્મના ધર્મો છે.ભેદ-સહિષ્ણુ-અભેદ-વિચારે,લીલા-પરિકરને આલંબન-વિભાવ-રૂપ ગણતાં,તેની ભિન્ન સત્તા લાગવા છતાં તેમાં ધર્મ-ધર્મિ-ભાવે અભેદ હોવાથી તે ભગવાનથી જાુદાં નથી. તેમને જાુદાં ન કરી શકાય.ભગવાન્-લીલા-લીલાપરિકર એકરૂપ જ છે.જ્યાં કૃષ્ણ ત્યાં રાધાજી! બંને અવિનાભાવે સર્વત્ર વિલસે છે.ધૂમ-અગ્નિ, પૃથ્વી-ગંધ,-વગેરેની વ્યાપ્તિ(નિત્યસંબંધ)ની જેમ તેમનો સ્વાભાવિક-સંયોગ-સંબંધ છે.સ્વકીયતા-પરકીયતા પણ શ્રીરાધાજીમાં નથી ગણી,તે તો નિત્યસિદ્ધા છે.ભગવાનની બધી જ શક્તિયો-જ્ઞાન-ક્રિયા-શ્રી-પુષ્ટિ-વગેરેનું મૂલરૂપ શ્રીરાધાજી છે. તેમનાં પ્રેમથી તો ભગવાન્ તેમને વશ છે.

પ્રિયની પ્રિયાવશતાઃ

વ્રજમાં શ્રીરાધાજી ભગવાનથી બે વર્ષ પહેલાં પ્રકટેલાં,-મોટાં હતાં.તેમણે પ્રભુ-પ્રાકટ્ય-પર્યંત પોતાનાં નેત્ર પણ ખોલ્યાં ન હતાં.આવી અનુશ્રુતિ છે.કોઈ કલ્પમાં શ્રીરાધાજી રાપાણ-ગોપ-પત્ની હોવાનું પણ પુરાણમાં સંભળાય છે.પ્રભુ રાપાણ-રૂપે પણ પ્રકટે!લીલા અદ્ભુત છે પ્રભુની!પ્રભુ તો પ્રિયાજીના પ્રેમમાં પરવશ છે.એક બરસાનાવાસી,શ્રીરાધાજીનાં મંદિરનાં પગથીઆં ચઢે.“રાધેશ્યામ-રાધેશ્યામ”-પ્રેમમસ્તીમાં બોલ્યે જાય.તેને જરા વિનોદમાં કોઈએ કહ્યું,-“ભાઈ!શ્યામરાધે-શ્યામરાધે બોલ!”સાંભળતાં જ છેડાયો બરસાનાવાળો! પરખાવી દીધું તેણે તો,-“અબે!તેરો શ્યામ તો હમારી રાધારાનીકી ખવાસી કરત હે ખવાસી !” મસ્તી છે,-પ્રેમની પ્રબલતાની!

चांपत चरन मोहनलाल ।
पलंग पौढी कुंवरी राधा नागरी नव बाल ॥
लेत कर धरि परसि नेननि हरषि लावत भाल ।

लाई राखत हृदैसों तब गनत भाग विसाल ॥
देखि पिय आधीनता भइ कृपासिन्धु दयाल ।
व्यास स्वामिनी लिए भुज भरि अति प्रवीन कृपाल ॥

અદ્ભુત પ્રેમરસ-પરવશતામાં પ્રિય પ્રભુ પ્રિયાજીના ચરણોની સેવા કરે છે!આ આધીનતા જોઈને પ્રિયાજી કેલિ-કૃપા વરસાવે છે!

અદ્ભુત ચતુરાઈ કલાકોવિદ શ્રીરાધાજીની:

बैठे हरि राधा संग कुंजभवन अपने रंग ।
कर-मुरली अधर धरे सारंग मुख गाई ॥
मोहन अति ही सुजान परम चतुर गुणनिधान ।
जानबूझ एक ही तान चूकके बजाई ॥१॥
प्यारी जब गह्यो बीन सकल कला गुण प्रवीण ।
अति नवीन रूप सहित वही तान सुनाई ॥
वल्लभ गिरिधरनलाल रीझ दई अंकमाल ।
करत भलें भलें लाल सुन्दर सुखदाई ॥२॥

અદ્ભુત લીલા-લાલ ગિરિધરની! કુંજ-ભવનમાં રાધાજી સંગે વિરાજે! પોતાના રંગમાં મગ્ન!પ્રિયાજીની પરીક્ષાનો વિચાર કર્યો!કરમાં મુરલી-અધરે ધરી!સારંગ-રાગ આલાપ્યો!પરમ ચતુર ગુણનિધાન અતિનિપુણ મોહન!જાણી જોઈને એક તાન છોડીને વેણુ બજાવી!ચતુર પ્રિયાજીએ ભૂલ ન બતાવી!ઉતાવળ ન કરી!અકળામણ ન કરી! બીન હાથમાં લીધું!પ્રિયાજી તો સકલ-કલા-ગુણમાં પ્રવીણ! આપે તો અતિનવીન-રૂપ સાથે, પ્રિયે છોડી દીધેલી,તે જ તાન સંભળાવી!ગિરિધરજી રીઝી ગયા!ભેટી પડ્યા!"ભલે!ભલે!"- પોકારી ઊઠ્યા!સુન્દર સુખપ્રદ આ પ્રિય છે!

ચોસઠકલા-ચતુર છતાં ભોળાં શ્રીરાધાજી! :

जयति श्रीराधिके सकलसुख साधिके तरुणीमणि नित्यनौतन किशोरि ।
कृष्णतन नीलघन रूपकी चातकी ,कृष्णमुख-हिमकिरण की चकोरी ॥१॥
कृष्णदृगभृंगविश्राम हित पद्मिनी कृष्णदृगमृगबंधन सुडोरी ।
कृष्ण अनुराग मकरंदकी मधुकरी कृष्णगुणगान-रससिन्धु बोरी ॥२॥

परम अद्भुत अलौकिक तेरी गति लख मनसि सांवरे रंग अंग गोरी ।
और आश्चर्य में कहुं न देख्यो न सुन्यो चतुर चौसठकला तदपि भोरी ॥३॥
विमुख परचित्तते चित्त याको सदा करत निजनाहकी चित्त चोरी ।
प्रकृत गदाधर यह कहत कैसे बने अमित महिमा इते बुद्धि थोरी ॥४॥

હે શ્રીરાધિકે! હે સકલસુખ સાધનારાં!હે તરુણીઓ શ્રેષ્ઠ!હે નિત્યનૂતન કિશોરિજી! આપ જય પામો છો!કૃષ્ણના સ્વરૂપ નીલમેઘશ્યામ-રૂપની આપ ચાતકી છો!કૃષ્ણમુખ-ચન્દ્રની આપ ચકોરી છો!કૃષ્ણનાં નેત્ર-ભ્રમરના વિશ્રામ માટે આપ પદ્મિની છો!કૃષ્ણના નેત્ર-મૃગને બાંધનારી સુંદર કોમલ દોરી આપ છો!કૃષ્ણના અનુરાગ મકરંદ(પુષ્પરસ)ની આપ મધમાખી છો!કૃષ્ણ-ગુણગાનના રસસિન્ધુમાં આપ તરબોળ છો!પરમ અદ્ભુત અલૌકિક આપની ગતિ છે,-મનમાં આલેખાએલ શ્યામ રંગ(કૃષ્ણ) છે,છતાં અંગથી આપ ગોરાં(ગૌર)છો!બીજું આશ્ચર્ય હું(ગદાધરદાસજી) કહું,-ન દેખ્યું,-ન સાંભળ્યું,-ચોસઠ કલામાં આપ ચતુર છો,છતાં ભોળાં છો!પરચિત્તથી વિમુખ ચિત્ત જેનું છે તેવાં આપ નિજનાથના ચિત્તની ચોરી કરો છો!શ્રીગદાધરદાસજી કહે છે,-અમાપ મહિમા આપનો છે!અહીં મારી બુદ્ધિ થોડી છે! તેથી આ કહેવાનું કેમ બને?

રાજ શ્રીશ્યામાજીનું!: પ્રિયાવશ છે પ્રિય: પ્રત્યક્ષ-વિરહ શ્રીરાધાજીને! :

हमारें माई श्यामाजू को राज ।
जाहि अधीन सदा हि साँवरो या व्रजको सिरताज ॥१॥
यह जोरी अविचल(श्री)वृन्दावन नाहि आन सौं काज ।
(श्री)विट्ठलविपुल विहारिन के बल दिन जलधर सँग गाज ॥२॥

હે માઈ! અમારે તો શ્યામાજી(શ્રીરાધાજી)નું રાજ છે!જેને સદા વશ છે,-શ્યામ(શ્રીકૃષ્ણ)!સકલ વ્રજનો તે તો શિરતાજ!છતાં શિર ઝૂકાવીને વશ રહે છે!શ્રીવૃન્દાવનમાં આ શ્યામા-શ્યામની જોડી અવિચલ છે,-નિત્ય છે.બીજાથી ત્યાં કાંઈ કામ નથી.શ્રીવિઠ્ઠલ આ વિપુલ-વિહારી-(યુગલ)ના બલે દિનમાં શ્રીગિરિધર સાથે ગર્જના છે!શ્યામની સ્નેહ-સાન્દ્રતામાં "શ્યામા" છે.

વાલ્લભ-વૈષ્ણવ-પુરુષોના ભાલમાં ઊર્ધ્વપુણ્ડ્ર તિલક પ્રસાદી કંકુંનું હોય છે.તેમાં ભાવના શ્રીકૃષ્ણના ચરણની છે.પોતે દાસ,ભગવાન્ સ્વામી.તિલક નો આકાર અને લાલાશ પ્રભુના ચરણનાં! ભાલમાં દાસત્વનું પરમ સૌભાગ્ય છે! પ્રભુના ભાલમાં તિલક તો શ્રીરાધાજી-સ્વામિનીજીના ચરણની ભાવનાથી છે.તે દાસ,સ્વામિનીજીના! વિજયા-દશમીએ ભગવાનને મસ્તકે જવારા ધરાય છે.તેમાં પણ પ્રિય ઉપર પ્રિયાજીના વિજયનો ભાવ છે.

શ્રીનન્દદાસજીએ "પદ્યમંજરી"માં ચાર પ્રકારનો વિરહ કહ્યો છે,-૧. પ્રત્યક્ષ,૨. પલકાન્તર,૩. વનાન્તર,૪. દેશાન્તર. પ્રભુ પાસે જ હોવા છતાં,મનમાં વિરહની વિલક્ષણ લહર લહેરાઈ જાય,તે પ્રત્યક્ષ-વિરહ!આ તો માત્ર શ્રીરાધાજીના પ્રેમની પરમોત્કટ દશા છે.આંખના પલકારા જેટલો પણ સમય પ્રિય વિના ન રહેવાય,તે પલકાન્તર-વિરહ છે.પ્રિય અન્યવનમાં વિરાજતાં થતો વિરહ વનાન્તર.પ્રિય દેશાન્તર (મથુરાદિ) પધાર્યાની ભાવનાથી થતો વિરહ દેશાન્તર છે.

ગોવિન્દનાં ગુરુ શ્રીરાધાજી!:

सिखवत हरिकों मुरली बजावन ।
सप्तरन्ध्र पर धरत अँगुलीदल बन्ध बाहु धर मधुरें गावन ॥१॥
सरस भेद जाति राग कान्हरो गति विलास वर नयन नचावन ।
कृष्णदास बलबल वैभवकी गिरिधर पियप्यारी मनभावन ॥२॥

શ્રીરાધાજી હરિને મુરલી બજાવતાં શિખવે છે!મુરલીનાં સાત છિદ્ર પર કોમલ અંગુલિકાઓ ધરી છે.પ્રિયના સ્કન્ધ ઉપર બાહુ ધરીને પ્રિયાજી મધુર ગાન કરે છે.સરસ-પ્રકાર-ભેદ,જાતિ-રાગ-કાન્હરો ગાય છે.ઉત્તમ ગતિ-વિલાસ થઈ રહ્યો છે.પરસ્પર પ્રેમભર્યા કટાક્ષોથી નયન નચાવે છે!આ ગિરિધરના વિલક્ષણ લીલા-વૈભવ પર કૃષ્ણદાસ વારી જાય છે. પ્રિય-પ્રિયાજી મનભાવતાં છે.

पियको नचवन सिखवत प्यारी ।
वृन्दावनमें रास रच्यो है शरदरैन उजियारी ॥१॥
ताल-मृदंग-उपंग बजावत अति प्रवीन ललिता री ।

रूप भरी गुण हाथ धरी लिये उरपत लालबिहारी ॥२॥
वीणा वेणु नूपुर ध्वनि बाजत खग मृग बुद्धि विसारी ।
व्यास स्वामिनी की छबि निरखत रीझ देत करतारी ॥३॥

પ્રિયને નાચતાં શિખવે છે,-પ્રિયાજી!વૃન્દાવનમાં રાસ રચ્યો છે.શરદની ઉજ્જ્વલ રાત્રી છે.તાલ-મૃદંગ-ઉપંગ બજાવી રહ્યાં છે,-અતિપ્રવીણ લલીતાજી!રૂપ-ગુણ-ભર્યાં પ્રિયાજી છે!પ્રિયાજીએ નૃત્ય-નિર્દેશ માટે હાથમાં છડી(વેત્ર)લીધી!પ્રિય લાલ-વિહારીજી ડરી રહ્યા છે!વીણા-વેણુ-નૂપુર-ધ્વનિ-ઊઠી રહ્યો છે!પક્ષી-મૃગ-વગેરેની બુદ્ધિ વિસરાઈ ગઈ છે,-ભાન ભૂલી ગયાં છે!વ્યાસ-સ્વામિનીજીની શોભા નિહાળતાં રાજી થઈને કર-તાલી દીધી!

પ્રિયા-પ્રિયતમની-પરસ્પર પ્રેમપ્રગાઢતા:

श्यामा-पद दृढ गहि सखि मिलि हैं निहचै श्याम ।
ना माने दृग देखिले श्यामा-पद बिच श्याम ॥

કવિ લલિતકિશોરીજી કહે છે,-હે સખિ!શ્યામાજીનાં ચરણ દઢતાથી પકડી લે!નિશ્ચયપૂર્વક શ્યામ મળશે!તું તેમ ન માને તો,જોઈ લે! શ્યામાજીનાં ચરણની વચમાં શ્યામ!અદ્‌ભુતલીલા યુગલસ્વરૂપની છે!શ્રીરાધાજી તો ગોરાં છે,છતાં "શ્યામા" કહ્યાં છે તેમને!શ્યામ-મયતામાં તે શ્યામા છે!રસશાસ્ત્રમાં **"श्यामा षोडशवार्षिकी"** -સોળ વર્ષની યુવતી ને "શ્યામા" કહેલ છે.

या शीते सुखोष्णसर्वांगी ग्रीष्मे या सुखशीतला ।
तप्तकांचनवर्णाभा सा स्त्री श्यामेति कथ्यते ॥

-भट्टिकाव्यम्

જે સ્ત્રી શીતકાલમાં સુખદ ઉષ્ણ હોય,ઉષ્ણકાલમાં સુખ થાય તેવાં શીતલ હોય,તપાવેલા સોના જેવા વર્ણની કાંતિ-વાળાં હોય,તેને "શ્યામા" કહેવાય છે.

राधे भई आपु घनश्याम ।
आपुन को गोविन्द कहत है छांडि राधिका नाम॥
वैसेई झुकि झुकि के कुंजनमें कबहुँक बेनु बजावै ।

कबहुं अपनो नाम लेइ कै राधा राधा गावै ॥
कबहुं मौन गहि रहत ध्यान करि मूंदि रहत दोउ नैन।
हरिचन्द मोहन बिनु व्याकुल नैकु नहीं चित चैन ॥

શ્રીરાધાજી પોતે જ ઘનશ્યામ(શ્રીકૃષ્ણ)થઈ ગયાં!પોતાને તે "ગોવિન્દ" કહે છે!-"રાધા"-નામ છોડીને!તે જ રીતે,ક્યારેક કુંજોમાં ઝુકી ઝુકીને વેણુ બજાવે છે!ક્યારેક પોતાનું નામ લઈને "રાધા"-"રાધા"-ગાય છે.ક્યારેક મૌન ગ્રહણ કરીને ધ્યાન કરી રહે છે!-બંને નેત્ર બંધ કરી દે છે! "હરિચન્દ"-કવિ કહે છે,-મોહન વિના(શ્રીરાધાજી)વ્યાકુલ છે.ચિત્તમાં થોડું પણ ચેન નથી!

શ્રીરાધાજીના વિરહમાં વ્યાકુલ શ્રીકૃષ્ણ પણ સર્વત્ર રાધામયતા અનુભવે છે,-

राधा पुरःस्फुरति पश्चिमतश्च राधा
राधाधिसव्यमिह दक्षिणतश्च राधा ।
राधा खलु क्षितितले गगने च राधा
राधामयी मम बभूव कुतस्त्रिलोकी ॥

-विदग्धमाधव(५-१८)

રાધા આગળ-સામે સ્ફુરે છે! પાછળ પણ રાધા! ડાબી બાજુમાં રાધા!જમણે પણ રાધા! સાચે જ પૃથ્વીતલે રાધા! ગગનમાં રાધા!રાધામય મારું તો ત્રિલોક ક્યાંથી થઈ ગયું!

અદ્‌ભુત રસિક શ્રીરાધાજી:

रसिकनी रस में गहत गडी ।
कनकबेलि वृषभानुनन्दिनी श्याम तमाल चढी॥
विहरत लाल संग राधाके कौने भॉंति गढी ।
कुंभनदास लाल गिरिधरसॅंग रतिरसकेलि पढी ॥

ભગવદ્-રસને જાણી અને માણી શકતાં શ્રીરાધાજી તે રસમાં સંપૂર્ણ નિમગ્ન છે!સુવર્ણની વેલ જેવાં,આ શ્રીવૃષભાનુજીને આનંદપ્રદ પુત્રી શ્રીરાધાજી શ્યામ તમાલ જેવા વર્ણવાળા શ્રીકૃષ્ણના તન પર અને

મનમાં વિજયી થઈને વિલસી રહ્યાં છે!લાલ-શ્રીગિરિધરજી શ્રીરાધાજી સાથે વિહારો કરે છે.કયા પ્રકારે ઘડાયાં છે?!કુંભનદાસજી કહે છે,-લાલગિરિધર સાથે રતિ-રસ-કેલિ(નિકુંજમાં થતા વિહારોની રસલીલા)માં કુશલતા મેળવી-કેળવી છે!

માન મનાવે સખી શ્રીરાધાજીનું:

तेरी भ्रोंहकी मरोरनतें ललितत्रिभंगी भये अंजन दे चितयो भये जू श्यामवाम। तेरी मुसकान देख दामिनी सी कोंधजात दीन ह्वे याचत प्यारी लेत राधे आधो नाम ॥१॥ ज्यों ज्यों नचायो चाहो तैंसे हरि नाचत बल अब तो दया कीजे चलिये निकुंज धाम । नन्ददास प्रभु बोलो तो बुलाय लाउॅं उनको तो कलप बीतें तेरी घरी याम ॥२॥

હે શ્રીરાધાજી!તમારી ભ્રમરના મરોડથી(ભ્રૂભંગથી)(પ્રિય શ્રીકૃષ્ણ) લલિત-ત્રિભંગીજી(ત્રણ સ્થળે સુંદર વક્રતા વાળા) થયા છે!(તમે)અંજન કરીને દષ્ટિ કરતાં જ શ્યામ વામ થઈ ગયા!તમારું વિજળી જેવું મંદ હાસ્ય દેખીને(પ્રિય)ચમકી ગયા(દિશા-રૂપ થયા)!દીન થઈને યાચે છે! પ્યારી રાધે! અર્ધું નામ લે છે!જેમ જેમ(તમે)નચાવવા ઈચ્છો છો તેમ હરિ નાચે છે!(તમારું)બલ છે!હવે તો દયા કરો!નિકુંજધામમાં પધારો! નન્દદાસજી કહે છે,-પ્રભુને કહો તો બોલાવી લાવું! એમને (પ્રિયને)તો (તમારા વિના)કલ્પ વીતે છે!તમારી તો ઘડી રાત્રિ વીતે છે! માન રાધાજી કરે!મનાવે કૃષ્ણ!-દૂતી દ્વારા પણ દયા માગે!

માન મનાવતાં શ્રીયમુનાજી:

પ્રગાઢ પ્રબલ પ્રેમની પરાકાષ્ઠા છે-આ માન!લૌકિકમાં તો માન બીજા પોતાને દે,-તેમ પ્રાયઃ સૌ ઈચ્છે છે.સન્માન મળે,તો અભિમાન પણ આવે છે.લૌકિકમાં રીસ પણ પ્રસિદ્ધ છે.સ્વકીય-સંબંધમાં સ્નેહવશ વાંકું પડતાં રીસાવાનું પણ બને છે.આ તો બધું દોષાવહ બને!લીલા તો છે જ નિર્દોષ-અલૌકિક! તેમાં તો રસની મસ્તીમાં એક વિલક્ષણ અનુભૂતિ છે,-માન!રસવૃદ્ધિ કરે છે,-આ માન!સેવા-ક્રમમાં શયન પછી નિત્યમાનનાં કીર્તન થાય છે,ઉત્સવમાં માન ન થાય!આ માન પરસ્પર પણ થાય છે. પ્રાયઃ પ્રિયાજી માન કરે છે, ક્યારેક તો પ્રિય પણ માન કરે છે!આ માન-

પ્રસંગથી તો શ્રીકૃષ્ણ-વેષવાળાં કૃષ્ણા-શ્રીયમુનાજી થયાં છે! અનુશ્રુતિ છે-,આ અદ્ભુત લીલાની! એક વખત પ્રિયાજીએ પ્રગાઢ માન કર્યું. પ્રિયે ખૂબ મનાવ્યાં, ન જ માન્યાં!વિકલ પ્રિય થયા!યમુના-કિનારે વ્યગ્રતામાં ટહેલે!શ્રીયમુનાજી પધાર્યાં.માન મનાવવા તત્પર થયાં.પ્રિયનાં પરિધાન (વસ્ત્ર-આભૂષણ)ધર્યાં.પ્રિયાજી પાસે પધાર્યાં.પ્રિયાજીએ પ્રેમથી હસતાં સત્કાર્યાં,-"પધારો! આપનાથી માન ક્યાં છે?"માન છૂટી ગયું.લીલામાં એકતાન થયાં!ક્યારેક શ્રીકૃષ્ણે માન કરેલું!શ્રીરાધાજીનો વેષ ધરેલો! શ્રીરાધાજી શ્રીકૃષ્ણવેષ ધરીને મનાવે!પ્રગાઢ માન! પ્રિય ન જ માને!છેવટે શ્રીરાધાજી પાસેથી પ્રિય પરિધાન ધરીને શ્રીયમુનાજી પધાર્યાં!પ્રિય તો પ્રસન્નતાથી હસી પડ્યા,-"આપની સાથે માન ક્યાં છે?" માન ગયું!લીલા રસદાન થયું!

શ્રીરાધાજીનું ચરણ મસ્તકે ધરીને માન મનાવતા શ્રીકૃષ્ણઃ

શ્રીનન્દદાસજીની "નામમાલા" કે"માનમંજરી" માં છે,-

अहंकार मद दर्प प्रति,गर्व स्मय अभिमान ।
मान राधिका कुंवरि को सबको करुं कल्याण ।।५।।

-(५)

શ્રીરાધાજીનું માન મનાવતાં શ્રીકૃષ્ણે વિનંતી કરી,-

स्मरगरलखण्डनं मम शिरसि मण्डनं,धेहि पक्षल्लवमुदारम् ॥

-गीतगोविन्दम्(१०-१९-७)

કામ-વિષતાપનું શમન કરનાર,ઉદાર,શોભારૂપ, (આપનું) પદપલ્લવ મારા મસ્તકે પધરાવો!- "**प्रिये चारुशीले मुञ्च मयि मानमनिदानम् ।**"
હે પ્રિયે! હે સુંદર શીલવાળાં! મારા પરનું અકારણ માન છોડો!અનુશ્રુતિ છે,-આ મસ્તકે ચરણ પધરાવવાનું લખતાં કવિ જયદેવ મૂંઝાયા,-ખચકાયા!સ્નાન માટે ગયા!સ્વયં પ્રભુ જયદેવ-રૂપે પધાર્યા!આ પંક્તિ સ્વયં લખી ગયા!અદ્ભુત લીલા!અદ્ભુત કથા!શ્રીગુસાંઈજી માનલીલાનાં દર્શન કરાવે છે,-

सरसिजनयने मानं त्यज । मयि न तवोचितमसमशरे परिधावति।

-उल्लास(६-१०)

હે કમલ જેવાં નેત્રવાળાં(રાધાજી)(આપ)માનનો ત્યાગ કરો! પંચબાણ-કામદેવ પાછળ દોડી રહ્યો છે,ત્યારે મારા પ્રત્યે તમારું(આ માન)ઉચિત નથી!

શ્રીહરિરાયજી માનલીલા વર્ણવે છે,-

जहि जहि मानिनि मदुपरि कोपम् ।
अहमिह सपदि पतामि पादयोरुपरि किमिति कुरुषे रतिलोपम्॥

-अष्टपदी(४०-१)

હે(માન ભર્યાં)માનિનિ(રાધાજી)!મારા પર ક્રોધને(માનને) ત્યજો,ત્યજો! હું(શ્રીકૃષ્ણ)અહીં ઝટ આપનાં ચરણે પડું છું ! કયા કારણે આપ રતિ-લીલા- લોપ કરો છો ?

શ્રીરાધા-અધરસુધા-સેવનશીલ શ્રીકૃષ્ણઃ

"રાધા અધરસુધા વિના પિયુને બીજું કાંઈ નવ ભાવેજી!"-વલ્લભાખ્યાન (૬-૧૪).શ્રીરાધાજીની અધરસુધા વિના પ્રિયને બીજું કાંઈ ભાવતું નથી,-પ્રિય નથી.મા યશોદાજીનો લાડકવાયો લાલ!સાયંકાલે ઠણઠણતો-બાલોચિત હઠ કરતો-નુપૂરને રણકાવતો-ભોજનશાલામાં પધારે છે!વત્સલ મા યશોદાજી સાંજે પોતાના લાડકવાયા પુત્રને સ્નાન કરાવીને શૃંગાર કરે છે.લીલામાં,ગોચારણમાંથી પાછા વ્રજમાં પધારતાં,ગોરજ-વ્રજરજ પ્રભુના શ્રી-અંગે લાગેલી દેખાતી હોવાથી સાંજે મા સ્નાન-શૃંગારાદિ કરે છે.સેવાક્રમમાં રજ લાગેલાં દર્શન થતાં ન હોવાથી સાંજે સ્નાનાદિ ક્રમ શ્રીમહાપ્રભુજીએ રાખ્યો નથી.આવા તો લીલા-ક્રમથી જુદા ઘણા ફેરફારો સેવાક્રમમાં શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીએ કર્યાં છે. "શ્રીમદ્ભાગવત રસાસ્વાદ"માં આવા અનેક નિર્દેશો કરેલા છે.

तयोर्यशोदारोहिण्यौ पुत्रयोः पुत्रवत्सले ।
यथाकामं यथा कालं व्यधत्तौ परमाशिषः ॥
गताध्वानश्रमौ तत्र मज्जनोन्मर्दनादिभिः ।
नीवीं वसित्वा रुचिरां दिव्यस्रग्गन्धमण्डितौ ॥

जनन्त्युपहृतं प्राश्य स्वाद्वन्नमुपलालितौ ।
संविश्य वरशय्यायां सुखं सुषुपतुर्व्रजे ॥
-श्रीभागवतम्(१०-१५-४४ तः ४६)

(કૃષ્ણ-રામ) તે બંને પુત્રોને પુત્રવત્સલ મા યશોદાજી તથા રોહિણીજીએ યથેચ્છ યથાકાલ મનોરથો પૂરા કર્યા.જલ અને સુગંધી તેલ-વગેરેથી સ્નાન વડે જેમના માર્ગશ્રમ દૂર થયા છે તેવા તે બંને,સુંદર વસ્ત્રો ધારણ કરીને,દિવ્યમાલા-સુગંધ-આભૂષણોથી શોભતા,માએ પ્રેમથી પીરસેલું સ્વાદિષ્ટ અન્ન આરોગીને,લાડલડાવેલા બંને,ઉત્તમ શય્યામાં વિરાજીને,સકલ વ્રજ માં પોઢ્યા!મા તો વાત્સલ્યથી આરોગાવે છે,માનું મન રાજી કરવા પ્રસન્નતાથી બહુ સ્વાદે પ્રભુ આરોગે છે!પરંતુ પ્રભુને તો રાધાજીની અધરસુધા વિના બીજું કાંઈ ભાવતું નથી,પ્રિય નથી!માએ ધરેલા ભોગમાં રાધાજીની અધરસુધાની ભાવનાથી આપ આરોગે છે!વાત્સલ્યમાં માની મુખ્યતા છે,માધુર્યમાં રાધાજીની!એક સાથે ઉભય-લીલાનુભવ પ્રભુ તો કરાવે છે!પ્રભુ તો સર્વ વિરુદ્ધધર્માશ્રયી છે.બધા વિરુદ્ધધર્મો પરસ્પર વિરોધ વગર પ્રભુમાં નિરુદ્ધ થઈ જાય છે,-શોભે છે!યથાધિકાર લીલારસાનુભવ ભગવાન્ ભક્તોને કરાવે છે.વાત્સલ-માધુર્યાદિ ભાવે ભજતા ભક્તોને એક જ સમયે,એક જ સ્થળે,જુદા જુદા રસસંવેદનો પ્રભુ જગાડે છે!“શ્રીવલ્લભાખ્યાન”માં શ્રીગોપાલદાસજીએ વિશેષતા બતાવી છે.વાત્સલ્ય-પ્રસંગે પણ માધુર્ય-મુખ્યતા બતાવી છે! માધુર્ય-મુખ્યતા હોવા છતાં પણ વાત્સલ્યાનુરૂપ બનીને આરોગે છે! વિરુદ્ધધર્માશ્રય છે ને?! સેવાક્રમમાં રાજભોગ સમયે શંખોદક પણ રાધા-અધર-સુધાની ભાવનાથી થાય છે. “-शर्करा रसरूपत्वाद् घनीभूता प्रियाधरम्।” -શ્રીહરિરાયજી મિશ્રીને રસરૂપા હોવાથી ઘનીભૂત પ્રિયાજીના અધરરૂપ ગણાવે છે.

શ્રીરાધાજીના હૃદયમાં વિરાજતા ભાવ-સ્વરૂપ જ શ્રીકૃષ્ણ છે:

तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ।
आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ॥
-सिद्धान्तमुक्तावली(१५-१६)

જ્ઞાનિ-ભક્ત પોતાનામાં પ્રભુનાં ઉત્તમરીતે દર્શન કરે છે.તેવું અંતઃકરણ ન હોવાથી સંસારી દુઃખી થાય છે.તે કારણથી સર્વલોક (સંસાર)થી વિશેષરીતે મુક્ત થયેલો,શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલો, (પુષ્ટિ-માર્ગીય ભક્ત)પોતાના(પ્રભુના) પુષ્ટિમાર્ગીય ભક્તો (શ્રીગોપીજનો)એ પ્રકટ કરેલા નિરવધિ આનંદોમાં વિહરતા લીલારસ-નિમગ્ન સદાનન્દ કૃષ્ણને જ વિશેષરીતે ચિંતવે,લીલા-ભાવના કરે!આત્માનન્દ-સમુદ્રસ્થ શ્રીકૃષ્ણ છે.આપનો “આત્મા”શ્રીરાધિકાજી છે.આપના હૃદયમાં લીલાનન્દ-સમુદ્ર છે.તેમાં નિત્ય કૃષ્ણ વિહરે છે.ભાવના તેની કરવી.

भावनीया नित्यमेवंभूता मत्स्वामिनी हरेः।
तदेकहृदयस्थायी तद्भावः कृष्ण एव हि ॥
-श्रीमत्प्रभोश्चिन्तनप्रकारः(१०)

નિત્ય-વિરહ-વ્યાકુલ થયેલાં હરિનાં પ્રિયતમા મારાં સ્વામિનીજી શ્રીરાધાજીની ભાવના કરવી જરૂરી છે.તે એક માત્ર શ્રીરાધાજીના હૃદયમાં નિત્ય-સ્થિર-વિરાજતા,તે (રાધાજી)ના ભાવ-સ્વરૂપ જ,રસાત્મક સદાનન્દ શ્રીકૃષ્ણ છે.

શ્રીરાધાજી તો માન કરે છે,શ્રીકૃષ્ણ તો દાન માગે છે! :

कृपा अवलोकनि दान दै री महादान वृषभानुदुलारी ।
तृषित लोचन चकोर मेरे तुव बदन इन्दु किरनि पान दै री ॥१॥
सब बिधि सुघर सुजान सुंदरी सुनि लै बिनती कान दै री ।
गोविन्द प्रभु पिय चरन परसि कह्यो जाचककौं तुव मान दै री ॥२॥

પ્રકટમાં શ્રીરાધાજીનું માન તો વસ્તુતઃ ગૂઢરીતે સર્વસ્વ-દાનનું નિર્દેશક-રૂપ છે,રસનું તે ઉદ્દીપન કરે છે.શ્રીગોવિન્દ-સ્વામી માનલીલાનું અદ્ભુત દર્શન કરાવે છે.માન કરીને વિરાજેલાં પ્રિયાજીને પ્રિય પ્રભુ વિનવે છે,-હે વૃષભાનુદુલારીજી!હે કૃપાવલોકન કરનારાં!અરે! કૃપાવલોકનનું મને દાન કરો! મહાદાન છે તે તો! મારાં લોચન તમારાં મુખ-દર્શન માટે તૃષિત ચકોર છે!મુખચન્દ્રના કિરણોવાળાં આપ પાન પ્રદાન કરો!સર્વપ્રકારે સુઘડ-સુજ્ઞ સુંદરી આપ છો!મારી વિનંતી કાન દઈને

સાંભળી લો!પ્રિય પ્રભુએ પ્રિયાજીના ચરણોને સ્પર્શીને કહ્યું,-અરે! યાચકને તમે માન દો!મહારસ-દાન દો !

રસવશ કર્યા છે-,કુંવરી રાધિકાએ કુંવર કન્હાઈને! રસમાં રીસ ન થાયઃ

रस ही में बस कीन्हे कुंवर कन्हाई ।
रसिक गोपाल रसिक रस रिझवति
रस ही में तासों रिस तजि री माई ॥१॥
पिबयकौ प्रेम रिससों न होइ रसीली राधे ।
रस ही में वचन स्रवन सुखदाई ॥२॥
चत्रभुज प्रभु गिरिधर रसबस भए ।
तासौं कुरस कत मिलि रहै हिरदै लपटाई ॥३॥

શ્રીચતુર્ભુજદાસજી માનલીલા દર્શાવે છે,-એક સખી-દૂતી શ્રીરાધાજીને વિનવે છે.તમે તો રસમાં જ કુંવર કન્હાઈને વશ કર્યા છે!રસિક છે-,ગોપાલ!રસિકને રસથી તમે રીઝવો છો.રસમાં જ તે કન્હાઈથી રિસ ત્યજી દો! માવડી! પ્રિયને પ્રેમ રિસથી ન થાય!હે રસીલી રાધે!રસમાં જ વચન સાંભળતાં કાનને સુખદાયક થાય છે,રિસ માં નહિ!રસમાં રિસ ઉદ્દીપક છે,-સાધક છે;છતાં વિશેષતામાં બાધક પણ છે!ગિરિધર તો તેનાથી રસવશ થયા છે!કુરસ-રિસ ક્યાંથી હૃદયમાં મળીને લપટાઈ રહે છે!

વિરહમાં કૃષ્ણ તો મુરલીમાં “રાધે!રાધે!” ગાય છેઃ

घरी घरी को रूसनो कैसें बन आवे ।
है कोऊ चेरी तेरे बाबाकी नित्य उठ पैयां लाग तोहि मनावे ॥१॥
अब तो कठिन भई मेरी आली तो बिन लाल और नहीं भावे ।
आशकरण प्रभु मोहननागर मुरलीमें राधे राधे गावें ॥२॥

રાજા આશકરણજી અદ્ભુત માનલીલા દર્શાવે છે,-સખી-લલિતાજી શ્રીરાધાજીનું માન મનાવતાં પરિશ્રમિત થઈને પ્રેમ-પ્રકોપમાં સ્પષ્ટ પરખાવે છે.ઘડીએ ઘડીએ રીસાવાનું કઈ રીતે બની આવે છે? તારા બાપાની નોકર છે કે રોજ ઉઠીને પગે લાગીને તને મનાવે! હવે તો મારી સખિ!કઠિન થઈ છે!તારા વિના લાલને બીજું કોઈ ગમતું નથી!પ્રિય પ્રભુ(મોહન-નાગર)તો મુરલીમાં વિરહ-વિકલતામાં “રાધે! રાધે!”-એમ ગાય છે!

પ્રિય સ્વયં માન મનાવવા આવે તેવો સ્નેહાગ્રહ પ્રિયાજીનો !ઃ

दोरी दोरी आवत मोहि मनावत दाम खरच कछु मोल लइ री ।
अचरा पसारके मोहि खिजावत हों तेरे बाबाकी चेरी भई री ॥१॥
जारी जा सखि भवन अपने लाखबातनकी एक कही री ।
नन्ददास वे क्यों नहीं आवत उनके पायन कछु मेंहदी दई री ॥२॥

શ્રીનન્દદાસજી વિલક્ષણ-વાર્તા માનની કહે છે,-માન મનાવવા દૂતી-રૂપે આવેલાં સખી-લલિતાજીને પ્રિયાજી સ્પષ્ટ પરખાવે છે-,દોડી દોડી આવું છું!-મને મનાવું છું!-અરે! પૈસા ખરચીને કાંઈ તને તેણે ખરીદી લીધી છે?અંચલ(છેડો)પાથરીને મને ખિજાવું છું!તારા બાપાની નોકર થઈ છું? જા રે જા!સખિ! પોતાને ઘેર જા! લાખ વાતની એક વાત કરી દીધી!તે(પ્રિય) પોતે કેમ આવતા નથી?તેમના પગે કાંઈ મેંદી મૂકેલી છે?!

શ્યામાજીને શ્યામ માન મનાવી લાવે છે !ઃ

श्यामाजू कों श्याम मनाय के आवत ।
ज्यों ज्यों कुंवर चलत होंलें होलैं त्यों त्यों पाछें पाछें धावत ॥१॥
कबहुक आगें कबहुक पाछें नयनसों नयन जुडावत ।
कबहुक पंथके तनिक तिनका दूर करन कों धावत ॥२॥
कबहुक लक्षणता रही है मानकी तातें अधिक छबि पावत ।
जो मदमत्त मातंग मात तें डरपत रहत महावत ॥३॥
अतिशय शंक मोहन अति आतुर बानिक बहुत बनावत ।
परम रहसि गिरिधर रसलीला जन परमानन्द गावत ॥४॥

રાધા-માનાપનોદક છે,-કૃષ્ણ તો!શ્રીપરમાનંદાસજી માનિનીનું માન-મનાવીને પધારતા પ્રભુને વર્ણવે છે,-શ્યામાજી-શ્રીરાધાજીને મનાવીને શ્યામ-શ્રીકૃષ્ણ આવે છે!જેમ જેમ કુંવર કૃષ્ણ ધીમે ધીમે ચાલે છે,તેમ તેમ પાછળ પાછળ કુંવરીજી દોડે છે!ક્યારેક આગળ!ક્યારેક પાછળ!નયન-થી નયન જોડે છે,-પ્રણયનું તારામૈત્રક રચે છે!ક્યારેક માર્ગના નાના શા તણખલાને દૂર કરવા દોડે છે!ક્યાંક વિલક્ષણતા રહી છે,-માનની!તેથી

અધિક શોભા પામે છે!જેમ મદમસ્ત હાથીના મદથી ડરતો રહે છે,-મહાવત!તેમ અતિશય શંકિત મોહન છે!અતિ આતુર છે!પ્રિયાજીને રાજી રાખવાનાં વચન-બહાનાં બહુ બનાવે છે!પરમ એકાન્તમાં શ્રીગિરિધરની આ રસલીલા પરમાનન્દદાસજી ગાય છે.

માન મનાવાએલાં આનંદમગ્ન શ્રીરાધાજી !:

राधिका आज आनन्दमें डोलें ।
सांवरे चन्द गोविन्दके रसभरी कोकिला मधुर स्वर बोलें ॥१॥
पहेर तन नीलपट कनक हारावली हाथ लें आरसी रूपकों तोलें ।
कहत श्रीभट ब्रजनारि नागर बनी कृष्णके सीलकी ग्रंथिका खोलें॥२॥

શ્રીભટ્ટજી લીલા વર્ણવે છે,-આજે શ્રીરાધિકાજી આનંદમાં ડોલે છે!શ્યામ ચન્દ્ર ગોવિન્દની રસભરી કોકિલા મધુર સ્વરમાં બોલે છે!શ્રીઅંગે નીલપટ અને સોનાની હારાવલી પહેરીને હાથમાં આરસી લઈને રૂપને તોલે છે!વ્રજનારી નાગર બનીને કૃષ્ણના શીલની ગ્રંથિકા ખોલે છે! શ્રીરાધાજીનું માન મનાવવામાં કલાનિધિ કૃષ્ણ તો ચતુર-શિરોમણિ છે!બ્રહ્માજીને જેમની કથા પણ દુર્લભ છે,તેવા કૃષ્ણ રાધાજીનું તો માન મનાવે છે!

(૩)कृष्णम्ः કૃષ્ણ(ને):

મહત્તમ માહાત્મ્ય અને મહત્તમ માધુર્યનો સમન્વય-કૃષ્ણઃ

ભક્તની કૃષ્ણવશતા મર્યાદાઃ કૃષ્ણની ભક્તવશતા પુષ્ટિ!:

બ્રહ્મા-શંકર-વગેરેને પણ દુર્લભ છે કથા-કૃષ્ણની!રાધાજીનું માન મનાવે છે,-આ કૃષ્ણ તો!અપાર માહાત્મ્ય અને અગાધ સ્નેહનો સમન્વય છે,-આ શ્રીકૃષ્ણ!સર્વતંત્ર સ્વતંત્ર છતાં પ્રેમ-પરતંત્ર છે-આ કૃષ્ણ તો!મહત્તમ માહાત્મ્ય અને મહત્તમ માધુર્યનો સુમેળ છે,-આ કૃષ્ણ!શ્રીરસખાનજી ગાય છે,-

शेष महेश सुरेश गनेश दिनेश जाहु निरन्तर गावै ।
जाहे अनादि-अनन्त-अखण्ड-अभेद-सुवेद बतावे ॥
नारदसे शुकव्यास रटै हारे पचि तउ पुनि पार न पावै ।
ताहे अहीर की छोहरियॉ छछीआ भर छाछ पै नाच नचावै॥

શેષ-શંકર-ઈન્દ્ર-ગણપતિ-સૂર્ય-વગેરે દેવો જેને નિરન્તર ગાયા કરે છે,જેને વેદો અનાદિ-અનન્ત-અખંડ-અભેદ-રૂપે બતાવે છે;નારદથી લઈને શ્રીશુકદેવજી-વ્યાસજી વગેરે રટે છે,થાકે છે,પણ તેની પાર પહોંચી શકતા નથી,તેને અહીરની છોકરીઓ હથેળી-ભર ચાંગળું છાશ પર નાચ નચાવે છે!દેવો-વેદો-ઋષિયો વગેરે તો ગાવા-રટવા છતાં પાર પામી ન શકે,તેને હીર વગરના"અહીર"ની છોકરીઓ તો નિઃસત્ત્વ છાશના ચાંગળાની લાલચ દઈને મન માને તેમ નાચ નચાવે છે!!સર્વતંત્ર-સ્વતંત્ર છતાં પ્રેમ-પરતંત્ર છે,-આ ભગવાન્!સત્તા-સંપત્તિ-સુંદરતા સુરોને સુલભ છે.કર્મ-જ્ઞાન-ઉપાસના વેદ-સુલભ છે.સાધન-સદ્‌વિદ્યા-સદ્‌ગુણ-સદ્‌ભાવ નારદાદિ-ઋષિયોને સુલભ છે;છતાં આ બધાને પણ દુર્લભ છે,-ભગવાન્!કદાચ ભગવાન્ મળે તો તેમાં સ્નેહ ન સંભવે!કદાચ સ્નેહ સંભવે તો તે સુદઢ-સર્વાધિક ન હોય!કદાચ તેવો સ્નેહ પણ હોય તો મુક્તિ મળે;પણ ભગવદ્‌વશતા તો સુદૂર રહે!નિઃસાધન અહીરની છોકરીઓને આ ભગવાન્ વશ થઈ ગયા!દેવો-વેદો-નારદાદિ-ઋષિયો ભગવાનને નચાવી ન શકે,ભગવાન્ તો સૌને નચાવે!તે ભગવાન્ આ અહીરની છોકરીઓ પાસે સ્વેચ્છાથી નાચે,-તે તો ઠીક!-મર્યાદા કહેવાય;પણ આ સ્વયં ભગવાન્ સ્વજનેચ્છાથી નાચે,નચાવે તેમ નાચે,તે તો પુષ્ટિ જ છે! "**कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते ॥**" ભક્ત કૃષ્ણને વશ હોય તે મર્યાદા!કૃષ્ણ ભક્તને વશ હોય,ભક્ત સ્વવશ-સ્વતંત્ર-હોય તે પુષ્ટિ!પુષ્ટિ તો પ્રભુની સ્વાભાવિક વિશિષ્ટતા છે!મર્યાદા અને પુષ્ટિ ઉભય છે તો કૃષ્ણના જ વિહાર!રસખાનજીએ અહીં, પદ્યમાં પહેલાં ત્રણ ચરણમાં મર્યાદા અને ચોથા ચરણમાં પુષ્ટિ બતાવી છે.છેવટે તો લીલા ભગવાન્ શ્રીકૃષ્ણની છે!

પરમાત્મા-પુરુષોત્તમ-શ્રીકૃષ્ણઃ ભગવાન્ સ્વમુખે તો પોતાને "પુરુષોત્તમ"કહે છે!:

આ કૃષ્ણ તો બ્રહ્માદિને દુર્લભ કથાવાળા!રાધા-માનાપનોદક!તે સ્વયં પોતાનો પરિચય દે છે,-સ્વમુખે શ્રીગીતાજીમાં !

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥
यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥
(૧૫-૧૬,૧૭,૧૮)

લોકમાં આ બે પુરુષો છે,-૧. ક્ષર,અને ૨. અક્ષર.ભગવદિચ્છાથી પ્રકૃતિના સંસર્ગની ઉપાધિથી જ આ ક્ષર પણું છે,તેથી જન્મ-મરણ(ઉત્પત્તિ-નાશ)રૂપ પ્રવાહ સંભવે છે.બ્રહ્માથી લઈને તણખલા સુધીનાં સઘળાં,સચ્ચિદાનન્દ ભગવાનના સદંશમાંથી થયેલાં,-જડ પદાર્થો-શરીરો,-ક્ષર-પુરુષ-રૂપ છે.વ્યષ્ટિ-સમષ્ટિ(વ્યક્તિ અને વિશ્વ)ની એકતાના આશયથી અહીં એકવચન છે,-"**क्षरः**"આ ભૂત-સમૂહ-મા" રહેલો કૂટસ્થ-મૂલભૂત-શુદ્ધ-સચ્ચિદાનન્દક-ભગવદ્ધામાદિ રૂપ-નિત્ય-અવિનાશી-આત્મારૂપ અક્ષર-પુરુષ છે.વિરાટ્-સમષ્ટિના મૂલભૂત-રૂપ હોવાના આશયથી અહીં એકવચન છે,-"**अक्षरः**".આ બંને પુરુષ(ક્ષર અને અક્ષર)થી જાુદો ઉત્તમ,બંનેના આશ્રયભૂત,મુખ્ય સ્વરૂપ છે,-"ઉત્તમપુરુષ"!આ સચ્ચિદાનન્દ-રૂપ,સર્વકારણ-(પ્રકૃતિ-પુરુષ)ના પણ કારણરૂપ,અવિકૃત-અવ્યય-ઈશ્વર,ગુણાત્મક ત્રિલોકમાં વ્યાપીને (પ્રવેશીને),સર્વના અંતર્યામિ-રૂપ થઈને,ધારણ-પોષણ કરનાર,આ "પરમાત્મા"છે.ક્ષર-જગદ્રૂપ-આધિભૌતિક,અક્ષર-આત્મારૂપ-અક્ષરબ્રહ્મરૂપ-આધ્યાત્મિક અને પરમાત્મા-પુરુષોત્તમ-શ્રીકૃષ્ણ-આધિદૈવિક-રૂપ છે.આથી,(હું-શ્રીકૃષ્ણ)ક્ષરપુરુષથી પર,અક્ષર-પુરુષથી પણ ઉત્તમ છું ;આથી લોક-વેદમાં પ્રસિદ્ધ સચ્ચિદાનન્દરૂપ-સાકાર- હું-છું "-પુરુષોત્તમ"!-શ્રીકૃષ્ણ!

પુરુષોત્તમ-મર્યાદા પુરુષોત્તમ-સ્વમર્યાદાપુરુષોત્તમ-ક્વચિત્ પુરુષોત્તમ-નિત્ય પુરુષોત્તમ-પુષ્ટિ પુરુષોત્તમઃ

ક્ષરથી તો પર,અક્ષરથી પણ ઉત્તમ,લોક-વેદમાં પ્રસિદ્ધ છે,-પુરુષોત્તમ-શ્રીકૃષ્ણ!આ પુરુષોત્તમ સ્વેચ્છાથી સ્વલીલા માટે લોક-વેદ-મર્યાદાઓનું પાલન કરે તો મર્યાદા-પુરુષોત્તમ!લોક-વેદ-મર્યાદાથી ક્યારેક પર થઈને પણ પોતાના સિદ્ધાન્તો-આદર્શો-ની મર્યાદાઓનું પાલન કરે તો સ્વમર્યાદા-પુરુષોત્તમ!**--मर्यादापुरुषोत्तमः ।''--श्रीपुरुषोत्तमनामसहस्रम्**(૬૧)માં શ્રીમહાપ્રભુજી શ્રીઋષભદેવજીને મર્યાદા-પુરુષોત્તમ કહે છે.લોક-વેદ-મર્યાદા-પાલક-પુરુષોત્તમ-રૂપે શ્રીરામચન્દ્રજી પ્રસિદ્ધ છે,પણ તેમણે ક્યાંક ક્યારેક લોક-વેદ-મર્યાદાનું ઉલ્લંઘન કરીને પણ પુષ્ટિબીજ વાવ્યાં છે,પુષ્ટિકાર્ય કર્યાં છે.પોતાના સિદ્ધાન્ત-આદર્શ-ની મર્યાદાનું પાલન કર્યું દેખાય છે,-તેથી તેમને"સ્વમર્યાદા-પુરુષોત્તમ"કહી શકાય.રાજાને અનેક રાણીઓ હોવાનું તે સમયે પ્રસિદ્ધ હતું.રાજા દશરથજીને પણ ત્રણ રાણીઓ હોવાનું પ્રસિદ્ધ છે.શ્રીરામચન્દ્રજીએ "એકપત્નીવ્રત"રાખેલું! પતિવ્રત તો સ્ત્રીમાટે પ્રસિદ્ધ છે,પણ આ તો શ્રીરામજીના સિદ્ધાન્ત-આદર્શની સ્વતંત્ર મર્યાદા છે,-"એકપત્નીવ્રત!"દ્વન્દ્વયુદ્ધમાં બે જણ જ લડે,ત્રીજાથી વચમાં ન પડાય. વાલી-સુગ્રીવના દ્વન્દ્વયુદ્ધમાં શ્રીરામે વાલીના પ્રાણ પોતે બાણ ચલાવીને લીધેલા!-મર્યાદાભંગ કરેલો!-પોતાના આદર્શ,શરણાગત-પરિપાલન -વ્રત માટે!આ શ્રીરામચન્દ્રજી ક્યારેક દશરથજીના દીકરા જ માત્ર હોય છે,ક્યારેક અંશાવતાર હોય છે,ક્યારેક જ પૂર્ણાવતાર હોય છે.સો કલ્પે એક વખત સાકેતધામમાંથી મૂલરૂપે શ્રીરામ અવતરે છે.શ્રીરામ ક્વચિત્ પુરુષોત્તમ છે. "**भगवान् पूर्ण एव रघुनाथोऽवतीर्णः--।''-श्रीसुबोधिनी**(૨-૭-૨૩)ભગવાન્ પૂર્ણ જ રઘુનાથ અવતર્યા.સારસ્વત-કલ્પમાં અને શ્વેતવારાહ કલ્પમાં નિત્ય-પૂર્ણ-પુરુષોત્તમ પ્રકટ થયા છે. તે શ્રીકૃષ્ણ છે."**यत्राधिष्ठानमनपेक्ष्य स्वयमेव शुद्धं साकारं ब्रह्माविर्भवति स स्वयं पूर्णो भगवान् उच्यते॥''-अणुभाष्य(३-३-३)**જ્યાં અધિષ્ઠાન(આધાર)ની અપેક્ષા વગર સ્વયં જ શુદ્ધ સાકાર બ્રહ્મ પ્રકટ થાય છે, તે સ્વયં પૂર્ણ ભગવાન્ કહેવાય છે.આ પૂર્ણ ભગવાન્ લોક-વેદ-મર્યાદા ને સ્વેચ્છાથી લીલાનુરૂપ પાળે કે ન પણ પાળે,તો તે લોક-વેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ છે.લોક-વેદ-મર્યાદાથી પર લીલા કરે તો તે ઠીક,પણ સ્વયં બ્રહ્મ-સ્વરૂપ-મર્યાદાનું પણ ઉલ્લંઘન કરીને સ્વેચ્છાથી લીલા કરે,-તો તે લોક-વેદાતીત(પુષ્ટિ) પુરુષોત્તમ છે! "**भगवान् गोकुलेश्वरः दाम्ना चोलूखले बद्धः ।''-श्रीभागवतम्**(૧૦-

૧૦-૩૧) ગોકુલેશ્વર દોરડે અને ખાંડણીએ સ્વગોકુલમાં જ ગોકુલવાસીથી બંધાય તે લોકથી પર છે,ભગવાન્ બંધાય તે વેદથી પર છે,બ્રહ્મ-સ્વરૂપ-મર્યાદાથી પણ પર છે.આ પુષ્ટિ-પુરુષોત્તમ-સ્વરૂપ-લીલા છે. જીવ-સ્વરૂપ-મર્યાદા અને બ્રહ્મ-સ્વરૂપ-મર્યાદાનું ઉલ્લંઘન ભગવાનની ભક્તવશતા છે,પરમ ઐશ્વર્ય છે.પુરુષોત્તમ તો એક જ છે, લીલા-ભેદથી અનુભવભેદ છે.

પુષ્ટિ-સેવ્ય-સ્વરૂપઃવ્રજાધિપઃ ભજનીયના સાત ગુણોઃ

શ્રીગોપીજનવલ્લભઃ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ સ્વકીયોને સ્વમાર્ગીય કર્તવ્ય સ્પષ્ટ દર્શાવ્યું છે,- **कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥-सिद्धान्तमुक्तावली**(૧) સ્વસિદ્ધાન્ત-નિશ્ચય સ્પષ્ટ છે,-પરબ્રહ્મ-પરમાત્મા-પુરુષોત્તમ-સ્વયં ભગવાન્-પૂર્ણાનન્દ રૂપ-પરમ ફલરૂપ-સ્વતઃ પુરુષાર્થરૂપશ્રીકૃષ્ણની સદાનન્દમયી-નિરવધિ સુખરૂપા-ફલરૂપા-સ્વતઃ પુરુષાર્થરૂપા-સેવ્યને સંતોષ દે તેવી-સેવા હમેશાં સ્વશાસ્ત્ર સમજીને કરવી જરૂરી છે.આમ,સેવા ન કરે તો ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થવાય.આ કૃષ્ણ તો વૈકુંઠમાં-મથુરામાં-વ્રજમાં-દ્વારકામાં-સૌમાં-સર્વરૂપે-સર્વત્ર-સર્વદા-વિરાજે છે.આ કૃષ્ણ તો સર્વત્ર-સર્વદા વન્દ્ય છે.પુષ્ટિસેવ્ય તો છે,-વ્રજાધિપ!“સિદ્ધાન્તમુક્તાવલી માં સ્વશાત્ર-સિદ્ધાન્ત-રૂપે “કૃષ્ણ-સેવા”, પોતાનાં તન-ધન-મનથી, કરવાની જરૂરી કહી;પછી સ્વસંપ્રદાયમાં પુષ્ટિ-સેવ્ય-સ્વરૂપની સ્પષ્ટતા કરી,-“ચતુઃશ્લોકી”માં,-

सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ॥१॥

વ્રજાધિપ-વ્રજના સ્વામી,નિઃસાધન-અનન્ય-ભક્તોના ફલરૂપ,પુષ્ટિ પુરુષોત્તમ,ભગવાન્ શ્રીકૃષ્ણ,હૃદયમાં ઉદ્ભવતા પતિ-પુત્ર-મિત્ર-પ્રિય-વગેરે-કોઈ પણ એક ભાવથી (દાસ્ય-વાત્સલ્ય-સખ્ય-માધુર્ય-માંથી એક-ભાવે)સર્વદા સેવવા જરૂરી છે.જીવનની આ જરૂરીઆત-રૂપે સમજીને આ સેવા કરવી.કૃષ્ણાશ્રયવાળા પુષ્ટિજીવનો પોતાનો આ જ ધર્મ નિશ્ચિત છે.કોઈ પણ સ્થળે,કોઈ પણ સંયોગોમાં,બીજો(કોઈ ધર્મ પોતાનો)નથી.

આ ભગવત્સેવા વિના કે સેવાની ગૌણતાથી કે તેવી ઘરેડમાં ઘસડાવાથી તો પુષ્ટિજીવના અસ્તિત્વની નિરર્થકતા છે.પુષ્ટિજીવ માટે તો વ્રજાધિપ જ ભજનીય છે,-સેવનીય છે.

“भजनीयः स एव स्यात्, यः स्वयमभयः,सकृदपि प्रपन्नं सर्वतो भयान्मोचयति, ऐहिकामुष्मीकीं च ऋद्धिं मोक्षं च प्रयच्छति, भजनसन्देहेऽपि अनुषङ्गादपि यो भक्तिं प्रयच्छति,स्वयं च निर्दोषपूर्णगुणविग्रहः,अनधिकारिणोऽपि गतिं प्रयच्छति,परार्थं स्वकृतनियममपि विरुद्धं न मन्यते,-एवं यः सप्तगुणो भवति,षडङ्गसहितभजनोपयोगि -महागुणवान् स भजनीय इति । सप्तस्वपि गुणेषु हेतुभूतं गुणत्रयमन्यच्चेत्, भवत्यतिसामर्थ्यं,स्वरूपत एव सर्वोत्कर्षः,परमा दया च,स सर्वेषामुपास्यो भवति ।“ -श्रीसुबोधिनी(३-२-१८)

ભજનીય(સેવા કરવા યોગ્ય-જરૂરી)તે જ હોય,-૧. જે સ્વયં અભય હોય, ૨. એકવાર પણ શરણે આવનારને સર્વતઃ ભયમાંથી છોડાવે, ૩. લૌકિક-પારલૌકિક-સમૃદ્ધિ અને મોક્ષનું પ્રદાન કરે,૪. ભજન-સંદેહમાં પણ સંબંધમાત્રથી પણ જે મુક્તિનું પ્રદાન કરે,૫. પોતે નિર્દોષ-પૂર્ણગુણ-સ્વરૂપ હોય,૬. અનધિકારીને પણ ગતિનું પ્રદાન કરે, ૭. પરાર્થે પોતાના કરેલા નિયમને પણ વિરુદ્ધ ન માને;-આમ, જે સાત ગુણોવાળા હોય, છ-અંગ સહિત ભજનમાં ઉપયોગી મહાગુણોવાળો હોય,તે ભજનીય છે. આ સાત ગુણોમાં પણ કારણભૂત ત્રણ ગુણો બીજા જો હોય,-૧. અતિસામર્થ્ય, ૨. સ્વરૂપથી જ સર્વોત્કર્ષ, અને ૩. પરમ દયા, તો તે સર્વનો ઉપાસ્ય બને છે. આવા ગુણોવાળા ભજનીય-પુષ્ટિસેવ્ય-છે,-“વ્રજાધિપ”-શ્રીકૃષ્ણ! વ્રજલીલામાં વ્રજાધિપમાં માધુર્ય મુખ્ય છે,-ઐશ્વર્યાદિ ગૌણ છે.વ્રજલીલામાં ભક્તોની મુખ્યતા છે,ભગવાન્ સ્વયં ગૌણ બને છે.વ્રજલીલામાં ભગવાન્ ભક્તો સાથે પ્રેમ કરે છે,તેથી ભક્તોને ભગવાનમાં પ્રેમ થાય છે.વ્રજલીલામાં ભક્તો નિઃસાધન છે,ભગવાન્ પોતે જ તેમનું સાધન બને છે,ફલ પણ ભગવાન્ જ છે.આ ભગવાન્ વ્રજાધિપ પોતાનો પરિચય કરાવે છે,-“શ્રીગોપીજનવલ્લભ”-રૂપે! શ્રીગોપીજન જેમને અતિપ્રિય છે તેવા;અને શ્રીગોપીજનને જે અતિપ્રિય છે તેવા!ભગવાન્ અને ભક્તોનો પરસ્પર પ્રગાઢ પ્રેમ છે.ભગવાને પોતે

પ્રકટ થઈને કહ્યું છે,-

मयि चेदस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे ।
तदा कृतार्था यूयं हि शोचनीयं न कर्हिचित् ॥
मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ॥

(शिक्षाश्लोकी-१)

મારામાં-"શ્રીગોપીજનવલ્લભ"માં-જો(તમને) વિશ્વાસ છે,ત્યારે(તો) તમે નિશ્ચિતપણે કૃતાર્થ(સફલ) છો.કોઈ પ્રકારનો શોક કરવા જેવું ક્યાંય નથી.મુક્તિ તો અન્યથા રૂપ (રસાત્મક દાસત્વની દઢતા વગરનું રૂપ, લૌકિક-દેહાનુસંધાનાદિ)છોડીને પોતાના(રસલીલાનુરૂપ)દાસ વગેરે રૂપથી વિશેષસ્થિતિ છે.પુષ્ટિસેવ્ય પ્રભુ-સ્વરૂપનું વિલક્ષણ લીલાનુરૂપ પોતે કહેલું નામ છે,-"શ્રીગોપીજન-વલ્લભ!"

શ્રીગીતાજીમાં સંજયે કહેલા યોગેશ્વર શ્રીકૃષ્ણઃ શ્રીભાગવતમાં નવ યોગેશ્વરોઃ

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

-श्रीगीताजी(१८-७८)

જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે,જ્યાં ધનુર્ધર પાર્થ(અર્જુન)છે;ત્યાં શ્રી-વિજય-ભૂતિ(કલ્યાણ-સફલતા-મહિમા)-નિશ્ચિત નીતિ હોય છે,એમ મારી સમજ છે.ગીતાજીમાં અઢાર અધ્યાયોમાં કહેલા અઢારે-યોગોના નિયામક-આ "યોગેશ્વર" છે.જ્ઞાનયોગ-કર્મયોગ-ભક્તિયોગ ત્રણેના ફલપ્રદ ઈશ્વર આ"યોગેશ્વર"છે.અષ્ટાંગયોગ-હઠયોગ વગેરેનું યથાધિકાર ફલ દેનારા આ"યોગેશ્વર"છે.સંયોગ-વિયોગ-રૂપે પોતાનો શૃંગાર રસાત્મક ફલાનુભવ દેનારા આ "યોગેશ્વર"છે.યોગ-પ્રયોગ-ઉપયોગ-નિયોગ-વિનિયોગ-સર્વવિધ સંયોગ(પરિસ્થિતિ)-આ યોગ(કાર્યસંપાદન) -કુયોગ-વગેરેના નિયામક-ફલદાતા-આ"યોગેશ્વર"છે. સ્વભક્ત માટે સઘળું કરવા તત્પર આ યોગેશ્વર સદાનન્દ કૃષ્ણ છે.પૃથાનો પુત્ર પાર્થ છે. માતૃનામથી હીનતા દર્શાવે છે.સામાન્ય માવડીઓ વ્યક્તિ-

પ્રતિકૂલતામાં પરિતાપ કરનારો-કિંકર્તવ્યમૂઢ થનારો-મોહમગ્ન પાર્થ છે, પણ જો તે સ્વશાસ્ત્ર યથાર્થ સમજીને "પાર્થ"-બને તો તે "યોગેશ્વર"-કૃષ્ણ-કૃપાથી શ્રી-શોભા-વાળો,વિજયી,સફલ,નિશ્ચિત નીતિવાળો બની જાય. "પાર્થ"=પ(પરમાત્મા)+અર્થ,પરમાત્મા જેનો અર્થ(પુરુષાર્થ, જીવન-પ્રયોજન)છે-તે "પાર્થ"!તે "ધનુર્ધર"બને,ભગવદાજ્ઞામ સેવા-સ્વકર્તવ્ય-સન્નિષ્ઠ બને,તો સર્વથા તે સફલ બને."યોગેશ્વર"-કૃપા તેને સફલ બનાવે.જેનું જીવનધન-જીવનધ્યેય ભગવાન્ શ્રીકૃષ્ણ છે,તેવો સામાન્ય વ્યક્તિ,મોહથી મૂંઝાતો હોવા છતાં પણ,સ્વકર્તવ્યરત(કૃષ્ણસેવા-કથા-પરાયણ)રહે તો તે યશસ્વી-સમૃદ્ધ-સફલ-નીતિયુક્ત બની જાય. ભગવાન્ શ્રીપતિ છે,અર્જુનનું નામ "વિજય" પણ છે.આ બંનેના સંયોગથી શ્રી-વિજય તો સુલભ જ છે.અહીં, સંજય કૃષ્ણને"યોગેશ્વર" કહે છે;શ્રીકૃષ્ણ તો ગીતાજીમાં પોતે પોતાને "પુરુષોત્તમ" કહે છે!

શ્રીભાગવતમાં તો યોગેશ્વરો નવ પણ કહેલા છે,-

શ્રીભાગવતજીમાં શ્રીશુકદેવજીએ કહેલા "યોગેશ્વરેશ્વર"- શ્રીકૃષ્ણઃ

ગીતા ગાનારા કૃષ્ણને સંજયે "યોગેશ્વર" કહ્યા છે.રાસ રમનાર કૃષ્ણને શ્રીશુકે "યોગેશ્વરેશ્વર" કહ્યા છે.

न चैवं विस्मयः कार्यो भवता भगवत्यजे ।
योगेश्वरेश्वरे कृष्णे यत एतद्विमुच्यते ॥

-श्रीभागवतम्(१०-२९-१६)

જેનાથી આ (અંતર્ગૃહગતા શ્રીગોપીજન)મુક્ત થાય છે,તે ભગવાન્ અજન્મા યોગેશ્વરેશ્વર કૃષ્ણમાં આપે આમ આશ્ચર્ય ન કરવું જોઈએ.યોગી યોગબલથી એક સાથે પોતાનાં અનેક સ્વરૂપો ક્ષણમાત્રમાં સર્જી શકે છે. તેમનો યોગ તો આગન્તુક ધર્મ છે.આ ભગવાન્ તો તેવા ધર્મોનું સંપાદન કરનારા છે,-ફલદાતા છે,-યોગેશ્વરોના પણ ઈશ્વર છે,-સહજ અનન્તશક્તિયો વાળા છે,-"યોગેશ્વરેશ્વર"છે.

भगवांस्तदभिप्रेत्य कृष्णो योगेश्वरेश्वरः ।
वयस्यैरावृतस्तत्र गतस्तत्कर्मसिद्धये ॥

-श्रीभागवतम्(१०-२२-८)

ભગવાન્"યોગેશ્વરેશ્વર" કૃષ્ણ તે કુમારિકાઓનું અભિપ્રેત કરીને સખાઓથી વીંટળાએલા તેમના(કુમારિકાઓના)કર્મ(કાત્યાયનીવ્રત)ની સિદ્ધિ માટે ત્યાં(યમુના-કિનારે)ગયા.કુમારિકાઓના વ્રતફલ-દાતા કૃષ્ણ ને "યોગેશ્વરેશ્વર" કહ્યા છે.

अथापि ह्युत्तमश्लोके कृष्णे योगेश्वरेश्वरे ।
भक्तिर्दृढा न चास्माकं संस्काराद्धिमतामपि ॥

-श्रीभागवतम्(१०-२३-४३)

ઉત્તમ યશ:વાળા"યોગેશ્વરેશ્વર"કૃષ્ણમાં આપણી(આંગિરસ-ગોત્રના ઋષિયોની)ભક્તિ દ્દઢ નથી-અડતાલીસ-સંસ્કારવાળાઓ હોવા છતાં પણ! યજ્ઞરૂપ-યજ્ઞફલપ્રદ-યજ્ઞભોક્તા તો આ ભગવાન્ કૃષ્ણ "યોગેશ્વરેશ્વર" છે.

વેદે કહેલા "પરબ્રહ્મ" શ્રી કૃષ્ણ: નિત્ય ભગવાન્-શ્રીકૃષ્ણ: શ્રીભાગવતમાં સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણ:

कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः ।
तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥

-गोपालताविन्दुपनिषत्

"કૃષ્" સત્તા-વાચક શબ્દ છે."ણ"-આનંદ(સુખ)વાચક છે.તે બંનેનુ ઐક્ય-"પરબ્રહ્મ"-"કૃષ્ + ણ=કૃષ્ણ- સદાનન્દ કહેવાય છે.

वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम् ।
ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥

-श्रीभागवतम्(१-२-११)

પોતપોતાનાં શાસ્ત્રોમાં તત્ત્વવેત્તા તો ઘણા ગણાતા હોય,પ્રમાણબલ વિચારે તો,વેદ સર્વના આધારરૂપ હોવાથી,યથાર્થ વેદાર્થ-વિદ્ જ તત્ત્વવેત્તા છે.ઋષિયોના મતમાં પણ પરસ્પર ભેદ છે.જેના મતમાં વેદથી અક્ષરમાત્રનો પણ વિરોધ ન આવતો હોય તે જ તત્ત્વવિદ્ છે.તેમના મતે તો જે દ્વૈત-નિવર્તક,અદ્વિતીય જ્ઞાન, તે તત્ત્વ છે.આ તત્ત્વને વેદમાં "બ્રહ્મ",ગીતાજીમાં "પરમાત્મા" અને શ્રીભાગવતમાં "ભગવાન્" કહેલા છે.આ શબ્દો જુદા છે,-તત્ત્વ નહિ.સઘળું સામર્થ્ય-ઐશ્વર્ય-વીર્ય-યશ:-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય આ છ ધર્મો-સર્વજીવો-લોકો-લીલા-વગેરે સર્વકાંઈ પોતાનામાં સમાવીને રહેલું મૂલ તત્ત્વ "બ્રહ્મ" છે.તે સ્વેચ્છાથી સ્વલીલા માટે અનેકરૂપ થયું.તેણે પોતાનામાંથી પોતાના અંશરૂપ અનેક આત્માઓને પ્રકટ કર્યા. આ આત્માઓથી શ્રેષ્ઠ,તે "પરમાત્મા"થયા.ભગવદિચ્છાથી આ આત્માઓમાંથી આનંદ અને ઐશ્વર્યાદિ ભગવદ્ધર્મો તિરોહિત થયા,-અનુભવ આપતા બંધ થયા.અવિદ્યાના સંબંધથી આ આત્માઓ લૌકિક લાલસાઓવાળા-જીવવા મથનારા-જીવો થયા.તેમને બંધન અને ભગવદ્-વિમુખતા થયાં,તેથી ખૂબ દુ:ખી થયા.તેમનાં દુ:ખોને દૂર કરવા માટે ભગવાને ઈચ્છ્યું.પોતે છ એ ધર્મોને પ્રકટ કર્યા,-પોતે પ્રકટ થયા.આ પ્રકટ છ ધર્મો-ભગ-વાળા થયા,તે ભગવાન્!ભગવાન્ પણ બે પ્રકારના! ૧. નિત્ય ભગવાન્, ૨.અનિત્ય ભગવાન્.જેનામાં છએ ધર્મો-એવાં અનેક "ભગ"-નિત્ય પ્રકટ વિરાજે છે તે,-નિત્ય ભગવાન્!આ નિત્ય ભગવાને પોતાનાં કાર્ય માટે જેનામાં પોતાનું સામર્થ્ય-ઐશ્વર્ય-વગેરે ધર્મ આપ્યા હોય,કાર્ય પૂરતું રાખે,કાર્ય પૂરું થતાં પાછા લઈ લે,તે ભગવદ્ધર્મ હોય ત્યાં સુધી ભગવાન્ કહેવાય,-તે અનિત્ય ભગવાન્!કૃષ્ણમાં તો આવાં અનેક "ભગ" નિત્ય સ્વાભાવિક રીતે વિરાજે છે.તે "નિત્ય ભગવાન્" છે.ભગવાન્ શ્રીકૃષ્ણ કૃત્રિમ-અનિત્ય-બનેલા-બનાવેલા-બની બેઠેલા ભગવાન્ નથી.તે તો "સ્વયં ભગવાન્" છે.

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे ॥

-श्रीभागवतम्(१-३-२८)

સૂતજીએ ગણાવેલા સનત્કુમાર-વગેરે અવતારોમાં કેટલાક અંશરૂપ છે, કેટલાક કલારૂપ છે,કેટલાક આવેશરૂપ છે.તેમાં ન ગણાવેલા અવતારો પણ ગણી લેવા.આ બધા અવતારો પુરુષના(બ્રહ્માંડમૂર્તિ આદિનારાયણના) અંશો અને કલાઓ રૂપ છે.કૃષ્ણ પણ તે ક્રમમાં ગણેલા છતાં જુદા છે.કૃષ્ણ તો "સ્વયં ભગવાન્" છે.જે ભગવાનના અંશાદિ-

રૂપે આ પુરુષ-આદિનારાયણ-વગેરે છે,તે "સ્વયં ભગવાન્"શ્રીકૃષ્ણ છે.દૈત્યોથી પીડાતા લોકોને યુગે યુગે આ અવતારો સુખ દે છે.આ બધા અવતારો છે,-શ્રીકૃષ્ણ તો અવતારી છે.

સર્વ અવતારોના અવતારી-શ્રીકૃષ્ણઃ

यज्ञरूपो हरिः पूर्वकाण्डे ब्रह्मतनुः परे ।
अवतारी हरिः कृष्णः श्रीभागवत ईर्यते ॥

-शास्त्रार्थप्रकरणम्(११)

"यः सर्वज्ञः सर्वशक्तिः ।"-જે સર્વજ્ઞ છે,સર્વશક્તિવાળા છે. આમ, શ્રુતિથી જ્ઞાન-ક્રિયા-બંને યુક્ત ભગવાન્ સર્વવેદનો અર્થ છે.તેમાં ક્રિયામાં પ્રવેશેલા ક્રિયારૂપ ભગવાન્ યજ્ઞાત્મા પૂર્વકાંડનો અર્થ છે.જ્ઞાનમાં પ્રવેશેલા જ્ઞાનાત્મા સાકાર બ્રહ્મરૂપ ભગવાન્ ઉત્તરકાંડનો અર્થ છે.સંપૂર્ણ ક્રિયાશક્તિ અને સંપૂર્ણ જ્ઞાનશક્તિ પ્રકટ કરીને અવતરેલા ભગવાન્ શ્રીકૃષ્ણ શ્રીભાગવતમાં તથા શ્રીગીતામાં નિરૂપેલા છે.વેદમાં(સંહિતા-બ્રાહ્મણમાં) આમ ખંડશઃ નિરૂપણ છે,એક-એક ધર્મ વિશિષ્ટ ભગવાનનું નિરૂપણ છે.શ્રીભાગવતમાં ક્રિયા-જ્ઞાન ઉભય વિશિષ્ટ ભગવાનનું નિરૂપણ છે.આ દુઃખ હરનારા "હરિ" અને સુખ દેનારા "કૃષ્ણ" છે.દુઃખ દૂર થવું અને સુખ પ્રાપ્ત થવું,-એ પુરુષાર્થ રૂપ છે.આ પરમ પુરુષાર્થ-ફલ-રૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ અવતારી છે.બીજા બધા તેમના અવતારો છે.આ ભગવાનની અનેકવિધ લીલાઓ શ્રીભાગવતમાં નિરૂપેલી છે.

શ્રીજયદેવકવિએ મુખ્ય દશાવતારનું અવતારી કૃષ્ણ-સહિત નિરૂપણ કર્યું છે,-

वेदानुद्धरते जगन्निवहते भूगोलमुद्बिभ्रते
दैत्यान् दारयते बलिं छलयते क्षत्रक्षयं कुर्वते ।
पौलत्स्यं जयते हलं कलयते कारुण्यमातन्वते
म्लेच्छान् मूच्छर्यते दशाकृतिकृते कृष्णाय तुभ्यं नमः ॥

-गीतगोविन्दम्(१-१२)

મત્સ્ય-રૂપે વેદોનો ઉદ્ધાર કરે છે,કૂર્મરૂપે મથન સમયે ગતિ કરતા-હાલતા-મંદરાચલને પીઠ પર ધારણ કરે છે,વરાહ-રૂપે પૃથ્વીને દંષ્ટ્રાગ્ર પર ધારણ કરે છે,નૃસિંહ-રૂપે દૈત્યોને ચીરી નાખે છે,વામન-રૂપે બલિનું છલન કરે છે,પરશુરામ-રૂપે ક્ષત્રિયોનો નાશ કરે છે,રામ-રૂપે રાવણને જિતે છે, બલભદ્ર-રૂપે આયુધરૂપ હલને ફેરવે છે,બુદ્ધ-રૂપે કરુણતાનો વિસ્તાર કરે છે,કલ્કિ-રૂપે મ્લેચ્છોને મૂર્છિત કરે છે,આ દશ આકૃતિ-અવતાર-કરનારા(ધરનારા)હે કૃષ્ણ! તમને નમન!

અદ્‌ભુતકર્મા કૃષ્ણઃ

नमो भगवते तस्मै कृष्णायाद्‌भुतकर्मणे ।
रूपनामविभेदेन जगत् क्रीडति यो यतः ॥

-शास्त्रार्थप्रकरणम्(१)

જીવોએ તો ભગવાનને નમન-શરણ-જ કરવું જરૂરી છે,અધિક શક્ય નથી.વેદાત્મક ગરુડ જેનું આસન છે,તેવા ભગવાનને અક્ષત કે સોનાનાં જડ આસનથી શું ?મુક્તજીવોના વાસસ્થાન-રૂપ કૌસ્તુભ જેનું આભૂષણ છે,તેવા ભગવાનને સોના-હીરા-માણેકનાં જડ આભૂષણોથી શું પ્રયોજન? બ્રહ્માનન્દ-રૂપા લક્ષ્મીજી જેનાં પત્ની છે,તેને ભેટ શું દઈ શકાય? વાણીના જે સ્વામી છે,તેને કહેવાનું શું હોઈ શકે?આથી તો આ ભગવાનને દૈન્યપૂર્વક નમન-શરણ-જ થઈ શકે છે.પ્રેમપૂર્વક પ્રણામથી પ્રભુ પ્રસન્ન થાય.આ સર્વોત્તમ ભગવાન્ નમનીય છે,-ભજનીય છે.આ ભગવાન્ લોક-વેદ-પ્રસિદ્ધ છે,પુરુષોત્તમ છે.આ પુરુષોત્તમ અન્ય નહિ, કૃષ્ણ જ છે.તે સર્વોત્તમ-સર્વોત્કૃષ્ટ(ચરમસીમા-પ્રાપ્ત)આ ભગવાન્ ક્યારેક જગતના ઉદ્ધાર માટે અખંડ-પૂર્ણ-જ પ્રકટ થાય છે.તે કૃષ્ણ કહેવાય છે.આ કૃષ્ણ તો અદ્‌ભુત-કર્મા છે.સાધન ન હોય તેને પણ સરલતાથી સાધન બનાવે તે અદ્‌ભુત!કામ-ક્રોધાદિ તો નરકના દરવાજા છે.તેમને પણ પોતાના સંબંધથી પોતાની પ્રાપ્તિનાં સાધન-દ્વાર-બનાવી દીધાં!આ અદ્‌ભુતકર્મા કૃષ્ણની લીલા પણ અદ્‌ભુત!લીલા તો અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા છે.વિશ્વના સર્જન-સ્થિતિ-પ્રલય પણ આ પ્રભુની લીલા છે! રૂપ-નામ-વિભેદથી જે ક્રીડા કરે છે,રૂપનામ-વિભેદથી જે જગદ્રૂપ છે,રૂપ-નામ વિભેદથી જેનાથી

જગત્ છે.તેમાં ભગવાનને કોઈની અપેક્ષા નથી.લીલામાં ભગવાનની સ્વતંત્રતા છે.ભગવાન્ તો આ બધામાં નિર્લેપ છે.આવું જગત્ ભગવદ્રૂપ છે,છતાં ભગવાનનો વૈરાગ્ય-ગુણ પૂર્ણ છે, જગત્નો લય પણ તેથી કરે છે!માયિક-સૃષ્ટિ પણ ભગવાનથી જ થાય છે.ભગવાનની કૃપાથી જ સર્વનું અસ્તિત્વ પણ સંભવે છે,ઉપેક્ષા કરે તો કાંઈ ન રહે!આ લીલા-જ્ઞાનથી સંસારમાંથી ભક્તિના પૂર્વ-અંગભૂત મુક્તિ મળે છે.આવા અદ્ભુત-કર્મા કૃષ્ણને તો નમન જ સંભવે છે.

સ્વાનન્દ-દાયક કૃષ્ણઃ

पञ्चात्मकं द्विरूपं च साधनैर्बहुरूपकम् ।
स्वानन्ददायकं कृष्णं ब्रह्मरूपं परं स्तुमः ॥

-सर्वनिर्णयप्रकरणम्(१)

વેદાર્થ-રૂપ ભગવાનની સ્તુતિ આમાં કરે છે.૧. અગ્નિહોત્ર,૨. દર્શપૂર્ણમાસ,૩. પશુ,૪. ચાતુર્માસ્ય,૫. સોમ.આ પાંચ-રૂપે યજ્ઞાત્મક ભગવાન્ છે.તે પાંચેના પ્રકૃતિ-વિકૃતિ-ભેદથી બે રૂપ છે.આ બંનેના વેદશાખા-ભેદથી,વિવિધ પ્રકારે કહેલાં સાધનોથી,બહુરૂપવાળા તે યજ્ઞાત્મક પ્રભુ છે.તે ઈશ્વર-રૂપે ફલદાન કરે છે,ધર્મ-પુણ્ય-રૂપે નહિ.તે ફલદાતા ઈશ્વર છે,-કૃષ્ણ!તે બ્રહ્મરૂપ છે.આ કૃષ્ણ છે,-સ્વાનન્દદાયક! "સ્વ"-પશુ-વગેરે અને "આનન્દ"-આત્મસુખ.આ બંનેના દાતા કૃષ્ણ છે. આ પૂર્વમીમાંસા-સિદ્ધ અર્થ છે.ઉત્તરમીમાંસાના વિચારે તો, "સ્વ"-સ્વાંશ-"આનંદ",તેના પ્રદાતા આ કૃષ્ણ છે.તેમાં પણ ઈશ્વર-રૂપે ફલદાન છે,જ્ઞાનાદિ-રૂપે નહિ.આ કૃષ્ણ જ "પર"-શ્રેષ્ઠ છે. આ કૃષ્ણની અમે યથામતિ સ્તુતિ કરીએ છીએ.તે કૃષ્ણ સંપૂર્ણરીતે તો સમજાતા નથી!

દશલીલા-વિશિષ્ટ શ્રીકૃષ્ણઃ

श्रीकृष्णं परमानन्दं दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे विस्फुरन्तं परं नुमः ॥

-श्रीमद्भागवतार्थ-प्रकरणम्(१)

કૃષ્ણ તો સર્વોત્કૃષ્ટ વસ્તુ-પુરુષોત્તમ છે.આ કૃષ્ણે ક્યારેક મર્ત્યલીલામાં ઉપયોગી સ્વરૂપ સ્વયોગમાયા-બલને દર્શાવતાં પ્રકટ કર્યું.સર્વસુન્દરતાની સમૃદ્ધિના શ્રેષ્ઠ આશ્રય-રૂપ આ સ્વરૂપ!તે તો આભૂષણોના પણ આભૂષણ રૂપ!ભગવાનનું સ્વરૂપ આભૂષણોથી શોભતું નથી,આભૂષણો ભગવાનના સ્વરૂપથી શોભે છે!આ કૃષ્ણે સ્વગત પરમસૌન્દર્યને પ્રકટ કર્યું.આ સાકાર-સર્વસુંદર-સ્વરૂપ તે "શ્રીકૃષ્ણ"!તે વિભૂતિરૂપ નથી, મૂલરૂપ છે. આ સ્વરૂપ ફલ-રૂપ છે,-"પરમાનન્દ"છે.આનંદમાં અવધિ ન હોય તેવો,નિરવધિ-નિઃસીમ-આનંદ,તે પરમાનન્દ!આ ફલનું સાધન છે,-શ્રીમદ્ભાગવતનું શ્રવણ!સાંભળેલાં ભગવદ્વિષયક પદવાક્યોનો ભગવાનમાં જ તાત્પર્ય-નિર્ધાર તે શ્રવણ છે.આ શ્રવણનો વિષય છે,-દશલીલાયુત શ્રીકૃષ્ણ!શ્રીમદ્ભાગવતના ત્રીજાથી બારમા સ્કન્ધ સુધીમાં ક્રમશઃ,-સર્ગ,વિસર્ગ,સ્થાન,પોષણ,ઊતિ,મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ,મુક્તિ અને આશ્રય,-આ દશ લીલાઓ છે.દશલીલા-વિશિષ્ટ કૃષ્ણ સર્વત્ર-સર્વદા ક્રીડા કરે છે.પહેલા બે સ્કન્ધની,-અધિકાર અને સાધન,લીલા દશલીલામાં ઉપયોગી છે,અંગરૂપ છે,સ્વતંત્ર નથી,તેથી શ્રીકૃષ્ણ દશલીલાવાળા છે.શ્રીમદ્ભાગવત આ શ્રીકૃષ્ણનું નામાત્મક-સ્વરૂપ છે.આ ભગવાન્ શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ભાગવતનાં પ્રાકટ્યનું પ્રયોજન છે,-સર્વભક્તોનો સમુદ્ધાર!ઉદ્ધાર તો છે,-દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિ! સમુદ્ધાર છે,-અનાયાસે પ્રભુમાં પ્રેમપ્રાપ્તિ,-પ્રેમાળ પ્રભુની પ્રાપ્તિ!આ ભગવાન્ તો મન્દ-મધ્ય-ઉત્તમ-ભક્તોને યથાધિકાર,તેમને ગ્રાહ્ય થાય તેવા રૂપે,તેમનાં હૃદયમાં પ્રકાશે છે!-પ્રકટ થાય છે!નિઃસાધન ભક્તોને અનાયાસે શીઘ્ર હૃદયમાં પ્રભુનો પ્રવેશ થાય છે;પ્રભુનું વ્યાપિવૈકુંઠમાંથી અહીં પધારવાનું આ પ્રયોજન છે.આ અવતારી શ્રીકૃષ્ણ કરતાં કોઈ જ અન્ય અવતાર ઉત્તમ નથી.સર્વોત્તમ છે,-આ શ્રીકૃષ્ણ!આ દશલીલાવાળા શ્રીકૃષ્ણની અમે સ્તુતિ કરીએ છીએ.ભગવાનને સ્તુતિ પ્રિય છે.ઉત્કર્ષના આધારરૂપ ગુણોનું વર્ણન સ્તુતિ છે.સ્તુતિમાં સ્નેહની સ્વાભાવિકતા હોય.તે સ્તુતિ સ્વકીયતાનું સંપાદન કરે.પ્રાર્થના તો પરકીયતા કરાવે! શ્રીભાગવતમાં સર્વત્ર સ્તુતિ છે,પ્રાર્થના નથી.પ્રેમભરી સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થાય,-પ્રકટ થાય!સર્વોદ્ધાર-પ્રયત્નાત્મા છે-શ્રીકૃષ્ણ!

ઉત્તમ સદ્‌ભક્તિ-દાતા કૃષ્ણઃ સર્વોદ્ધાર-પ્રયત્નાત્મા કૃષ્ણઃ નિઃસાધન-ફલાત્મા કૃષ્ણઃ

कृषिरुत्कृष्टवचनो नश्च सद्भक्तिवाचकः ।
अश्चापि दातृवचनस्तेन कृष्णं विदुर्बुधाः ॥

આમ,પ્રસિદ્ધ પૌરાણિક વ્યાખ્યાન છે.“**कृष्**”-ઉત્કૃષ્ટ,**न्**-સદ્‌ભક્તિ,**अ**-દાતા!આ મળીને,ઉત્કૃષ્ટ સદ્‌ભક્તિ-દાતા-“**कृष्ण**” છે.“ભક્તિ”-પ્રવાહ ભક્તિ છે.લૌકિક-પરલૌકિક-ફલની લાલચે કૃષ્ણને ભજે તેવા લોકોની ભક્તિ પ્રવાહભક્તિ છે.અહંતા-મમતા કે જન્મ-મરણમાંથી તે મુક્ત ન કરે.“સદ્‌ભક્તિ”-મર્યાદાભક્તિ છે.મુક્તિ-ફલની ઈચ્છાથી કૃષ્ણને ભજનારાઓની ભક્તિ સદ્‌ભક્તિ છે.ભક્તની ઈચ્છા વગર પણ તે સાયુજ્ય મોક્ષ દઈ દે છે!“ઉત્કૃષ્ટ-સદ્‌ભક્તિ”-પુષ્ટિભક્તિ છે. માત્ર ભગવાનના સુખ માટે જ,ભગવાનની સેવા,ભગવાનને વશ રહીને કરે તેવા લોકોની ભક્તિ પુષ્ટિભક્તિ છે.સર્વસમર્થ ભગવાન્ પણ તેનાથી વશ થઈ જાય છે.આ ઉત્કૃષ્ટ સદ્‌ભક્તિ દાતા છે,-કૃષ્ણ!મર્યાદાભક્તિ કે પુષ્ટિભક્તિ ભગવાન્ દે તો મળે!ભગવાને વસુદેવ-દેવકીજીને પુત્રભાવે અને બ્રહ્મભાવે પોતાનામાં પ્રેમથી વ્યાપિવૈકુંઠ મળવાનું કહ્યું છે.પુત્રભાવે પ્રેમ તે અવિહિત-સ્વતંત્ર-પુષ્ટિભક્તિ છે;બ્રહ્મભાવ વિહિત-શાસ્ત્ર-મર્યાદા-ભક્તિ છે.બંનેનું પ્રદાન તો પ્રભુ જ કરે છે.

कर्षति अयोग्यानपि स्वसामर्थ्यादुद्धरतीति(कृष्णः) । सत्स्नेहभाजनम्(१) ખેંચે છે,-અયોગ્ય લોકોને પણ સ્વસામર્થ્યથી ઉદ્ધારે છે,-તે કૃષ્ણ! સાધનહીન-જનો કે દુષ્ટ-સાધનવાળા અસુરોનો પણ ઉદ્ધાર તો ઉદાર કૃષ્ણ પોતાના સ્વરૂપ-સામર્થ્યથી જ કરે છે. **कर्षति आकर्षति ईति कृष्णः ।**-ખેંચે-આકર્ષે પોતાની તરફ-તે કૃષ્ણ!સ્વરૂપ-સ્વભાવ-સ્નેહ-કથા-લીલા-સંબંધ-વગેરેથી ભક્તોને સંસારમાંથી આકર્ષીને સુખથી પોતાના બનાવી દે તે કૃષ્ણ!જેને પ્રભુ પોતાનાં ગણે તેને અન્યસાધન ન કરાવે,પોતે જ તેમનું સાધન પણ બને,નિઃસાધનજનોના ફલરૂપે પોતે સુલભ થાય,સુખદ બને !“**निःसाधन-फलात्माऽसौ प्रादुर्भूतोऽस्ति गोकुले ।**” નિઃસાધન-

જનોના ફલ રૂપ આ કૃષ્ણ ગોકુલમાં પ્રકટ થયા છે.“**कृषति आकृषति इति कृष्णः ।**”સામાન્યજનોને કે અસુરોને પણ કર્મફલરૂપે સ્વલ્પ પીડા ભોગવાવીને,શુદ્ધ કરીને,પોતાની પાસે ખેંચે, મુક્તિ દઈ દે,તે સર્વોદ્ધાર-પ્રયત્નાત્મા-કૃષ્ણ!

“सत्यं परं” -શ્રીકૃષ્ણઃ આનંદપ્રચુર કૃષ્ણઃ

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

-श्रीभागवतम्(१-१-१)

મહર્ષિ વ્યાસજીએ આ શ્લોકમાં “કૃષ્ણ”નથી કહ્યું. “**सत्यं परं**”કહ્યું છે. વ્યાસજીએ પોતાની રુચિ કે આગ્રહ વગર સર્વ-શાસ્ત્રના સારરૂપે “**सत्यं परं**”કહ્યું છે.“**ब्रह्मणो नाम सत्यमिति ।**”- શ્રુતિ છે.આ જગતનાં ઉત્પત્તિ-“**स**”,સ્થિતિ-“**ति**”,પ્રલય-“**यं**”-કરનાર “સત્ય” એ બ્રહ્મનું નામ છે. સાથે “**परं**” છે,તેથી “**परं ब्रह्म**” અર્થ થાય.આ પરબ્રહ્મ છે,-કૃષ્ણ! શ્રુતિ અને મહાભારતમાં આ સ્પષ્ટ કહેલું છે,-“**कृषिर्भूवाचकः ॥**” અહીં આદિમાં આ “**सत्यं परं**” છે,તેમ મધ્યમાં “**सत्यं परं**”(૧૦-૨-૨૬),તેમ અંતે “**सत्यं परं**”(૧૨-૩૩-૧૯).કૃષ્ણ જ ગાયેલા છે.ત્રિકાલમાં અબાધિત સર્વલોક-પ્રસિદ્ધ છે,-“**सत्यं**”;સર્વવેદ-પ્રસિદ્ધ શ્રેષ્ઠ છે,-“**परं**” આમ, સર્વલોક-વેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ છે,-શ્રીકૃષ્ણ !

આ શ્રીકૃષ્ણને કાર્ય-લક્ષણથી ઓળખાવ્યા છે,-“**जन्माद्यस्य यतः। जन्म-आदिअस्य**” -બુદ્ધિથી વિચારી પણ ન શકાય તેવાં આ અનંત કોટિ બ્રહ્માંડના ઉત્પત્તિ-સ્થિતિ-લય જેનાથી થાય છે,અથવા “**जन्म-आद्यस्य**”, બ્રહ્મના પ્રથમ કાર્યરૂપ આકાશનો જન્મ જેનાથી થાય છે,છતાં જેનામાં વિકૃતિ આવતી નથી,તે આ કૃષ્ણ છે!આ ભગવાન્ નિરંકુશ સૃષ્ટિકર્તા છે,સર્વતંત્ર-સ્વતંત્ર છે,સર્વાત્મા છે,સર્વરૂપ છે,સર્વસમર્થ છે,સર્વજ્ઞ છે. બ્રહ્મનું અવિકૃત પરિણામ જગત્ છે.વિશ્વનું અભિન્ન-નિમિત્તોપાદાન-

કારણ બ્રહ્મ જ છે.બ્રહ્મ પોતાના અન્વયથી અને નિમિત્તથી આ જગદ્ રૂપે પરિણામ પામે છે.આ બ્રહ્મને પ્રત્યેક પદાર્થનાં પ્રયોજન-કારણ-કાર્ય-પરંપરાનું જ્ઞાન છે.તે ભગવાન્ સ્વયં પ્રકાશ છે.તે વિરાટ્માં રહેલા સ્વરાટ્ છે,સ્વરૂપાનંદમાં વિહાર કરે છે,વિષયોમાં રમતું નથી.રૂપ-નામ-વિભેદથી વિશ્વરૂપે ભગવાન્ ક્રીડા કરે છે.સર્વપ્રેરક આ ભગવાને પોતાના યથાર્થજ્ઞાન માટે આદિકવિ બ્રહ્માજી માટે પુરાણ-સહિત વેદનો વિસ્તાર અનુગ્રહપૂર્વક કર્યો;જે વેદ-વેદાર્થ કે વેદ-પ્રતિપાદ્ય ભગવત્સ્વરૂપમાં વિદ્વાનોને મોહ થાય છે.ભગવાન્ જગદ્-રૂપથી મોહ કરાવે છે,-બંધન આપે છે,વેદરૂપ નામથી મુક્તિ આપે છે.બંધન-મોક્ષ દેવાં તે તો ભગવાનની લીલા છે!આ ભગવાનનો મહિમા છે!ભગવાન્ કે ભગવાનનો શરણાગત જ વેદના સાચા અર્થો સમજી શકે છે.આ ભગવાન્ નિર્દોષ છે,વરણીય છે.ભગવાનના સ્વરૂપમાં કે અવતારોમાં દેહ-દેહિ-વિભાગ નથી.ભગવાન્ આનંદમય છે,આનન્દપ્રચુર છે.ભગવાનના અવયવો પણ આનંદમય છે,-અપ્રાકૃત છે.

(રણમાં)તેજમાં(મૃગ)જલ,રાત્રે જલમાં પૃથ્વી,અંધકારમાં મણિ વગેરેમાં અગ્નિ,છીપમાં રજત,દોરડામાં સાપ-વગેરે ભ્રાન્તિથી લાગે છે,હોતાં નથી.તે ભ્રાન્તિ મિથ્યા છે.જોનારની બુદ્ધિમાં તેવો ભ્રમ ઉત્પન્ન થાય છે.આ ભ્રાન્તિ મિથ્યા છે,વિષય-રૂપ પદાર્થ મિથ્યા નથી.તેમ ભગવાનમાં દેહ-દેહિ-વિભાગની ભ્રાન્તિ થાય છે,તે મિથ્યા છે. ભગવાનનાં તો હાથ-પગ-વગેરે પ્રાકૃત નથી,આનંદમય છે.સાકાર બ્રહ્મ આનંદપ્રચુર છે,સર્વવ્યાપક છે. ભગવાનમાં જડ-જીવ-ધર્મો નથી.આ ભગવાન્ સર્વ-સુંદર-વરણીય-સેવનીય છે.

આ ભગવાન્ પોતાના સેવકોનો ઉદ્ધાર કરે છે.ભગવાનના સ્વરૂપનું હૃદયમાં સ્ફુરણ થતાં જ જીવના સઘળા દોષો દૂર થઈ જાય છે. કાલ-કર્મ-સ્વભાવાદિ તેમાં કાંઈ જ પ્રતિબંધ કરી શકતાં નથી.બધા અધ્યાસ-અજ્ઞાન-કુહક-કાપટ્ય પ્રભુ પ્રકટતાં જ દૂર થઈ જાય છે.આ ભગવાન્ હૃદયમાં વિરાજે તો ભક્તિમાર્ગ અને સ્વપ્રકાશથી અજ્ઞાન દૂર કરે તો જ્ઞાનમાર્ગ! ભગવાન્ જેનું જેમ વરણ કર્યું હોય તેમ તેના હૃદયમાં

વિરાજે કે પ્રકાશે! ધામ-વાસસ્થાન છે,ધામ-તેજઃ છે.તેનાથી પ્રભુમાં પ્રીતિ મળે,-અભય મળે,-કૃતાર્થ થવાય,આવા "सत्यं परं" શ્રીકૃષ્ણને અમે પ્રેમ કરીએ છીએ!

જગદ્ગુરુ કૃષ્ણઃ શ્રીગીતા-શ્રીભાગવતના વક્તા કૃષ્ણઃ

> **यदा च प्रार्थप्रहितः सभायां जगद्गुरुर्यानि जगाद कृष्णः ।**
> **न तानि पुंसाममृतायनानि राजोरुमे ने क्षतपुण्यलेशः ॥**
> **-श्रीभागवतम्(३-१-९)**

જ્યારે યુધિષ્ઠિરે દૂતરૂપે મોકલેલા જગદ્ગુરુ કૃષ્ણે સભામાં માનવોના અમૃતના ધામ(કલશ)રૂપ જે વાક્યો કહ્યાં,તે નષ્ટ થયેલા પુણ્યલેશવાળા રાજા ધૃતરાષ્ટ્રે માન્યાં નહિ!અહીં કૃષ્ણને "જગદ્ગુરુ" કહ્યા છે.તે સર્વના હિતનો ઉપદેશ કરનારા છે,અન્યથા કરનારા નથી.જેમ ક્ષીર-સાગરનું મથન કરીને અમૃતકલશ ઉદ્ધૃત કર્યો હતો,તેમ સર્વશાસ્ત્રોનું મથન કરીને તે વાક્યો તારવીને કહેલાં હતાં.

> **कर्हिचित् सुखमासीनं स्वतल्पस्थं जगद्गुरुम् ।**
> **पतिं पर्यचरद् भैष्मी व्यजनेन सखीजनैः ॥**
> **-श्रीभागवतम्(१०-६०-१)**

ક્યારેક પોતાની શય્યામાં સુખથી વિરાજતા પતિ જગદ્ગુરુ કૃષ્ણની પરિચર્યા રુક્મિણીજીએ સખીજનો સાથે પંખાથી કરી.અહીં પણ કૃષ્ણને "જગદ્ગુરુ"કહેલા છે.સભામાં હોય કે શયનગૃહમાં,જાહેરમાં હોય કે એકાન્તમાં,સૌને આદર્શ માર્ગદર્શન દે તેવાં વાણી-વ્યવહાર કૃષ્ણનાં છે.ગુરુ જ્ઞાન દે-સ્વશિષ્યને!જગદ્ગુરુ જ્ઞાન દે-જગત્ને!સમગ્ર જગતનો એક ગુરુ સામાન્યતઃ ન હોઈ શકે.ધર્માચાર્યો માટે વપરાતો "જગદ્ગુરુ"-શબ્દ તો શક્તિસંકોચથી યોગ્ય છે.આ જગત્ સમગ્ર નહિ,તેમના સેવકો-શિષ્યો પૂરતું મર્યાદિત હોય.તેમના પોતાના બધા સેવકો-શિષ્યો-રૂપ જગત્, તેના ગુરુ,-જગદ્ગુરુ !કૃષ્ણતો યથાર્થરૂપમાં સમગ્ર જગતના ગુરુ છે.કૃષ્ણે આપેલા ઉપદેશો કોઈ વર્ણ-આશ્રમ-વર્ગ-જાતિ-સમાજ-વયવાળાઓ-વગેરે માટે મર્યાદિત નથી.કૃષ્ણ તો સર્વોદ્ધાર-પ્રયત્નાત્મા

છે.કૃષ્ણે તો ઉત્કર્ષ-સુખ-શાંતિ-ઈચ્છનારા સૌ માનવ-માત્રને માર્ગદર્શન દીધું છે. ગીતાજી-ભાગવતજીના વક્તા પણ કૃષ્ણ છે.આ કૃષ્ણે સર્વતોમુખી સર્વોપયોગી માર્ગદર્શન દીધું.અર્જુનને નિમિત્ત બનાવીને સૌ સદ્‌બુદ્ધિવાળા-ઓને વેદસારરૂપ ગીતામૃત દીધું છે.બ્રહ્માજીને-ઉદ્ધવજીને-વ્યાસજીને નિમિત્ત બનાવીને સર્વશાસ્ત્ર-સારરૂપ શ્રીભાગવતામૃત આપ્યું છે. “આનંદ રૂપ હરિની લીલા”,-તેનો શાસ્ત્રાર્થ છે.તેનાથી સૌને યથાધિકાર આનંદ-સુખ-શાંતિ-સુલભ થાય છે.આ પ્રદાન છે,-જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણનું! **गच्छतीति जगत्** ।-જાય છે,-ગતિશીલ છે,-તે જગત્!ગતિશીલ-પ્રગતિશીલ-ગુરુ તે જગદ્‌ગુરુ!સંસારમાં સરતા-સડતા-લોકોને પોતાના વિચાર-આચાર-પ્રચારથી જીવનમાં પ્રગતિ દઈને અંતે કૃષ્ણગતિ દે,તે જગદ્‌ગુરુ!કૃષ્ણ આવા જગદ્‌ગુરુ છે. તે સર્વોદ્ધાર-પ્રયત્નાત્મા; અને શ્રીકૃષ્ણાસ્ય-શ્રીવલ્લભાચાર્યજી પણ આવા જગદ્‌ગુરુ છે,તે દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા છે.

સ્વભાવ-સુન્દર;દયાલુ કૃષ્ણઃ

अहो बकीयं स्तनकालकूटं जिघांसयाऽपाययदप्यसाध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ॥
श्रीभागवतम्(३-२-२३)

આ ભગવાન્ તો પ્રમાણબલનું ઉલ્લંઘન કરીને પ્રમેયબલથી પણ લીલા કરે છે.પોતાના સર્વ-ભક્તોને-સેવકોને ભગવાન્ પોતાના કરતાં અધિક બતાવે છે.ઐશ્વર્યાદિ તો ક્યારેક ભગવાન્ અસુરાદિમાં પણ મૂકે!તેથી ખૂબ સામર્થ્ય અસુરાદિમાં પણ દેખાય!પરંતુ દયા તો તેમાં દુર્લભ હોય.પ્રમેયબલ અને દયા તો ભગવાનમાં જ હોય.આ દયાથી તો ભગવાન ભજનીય છે.આ ભગવાન્ સાધન કરે તે સર્વને આશ્ચર્ય કરાવે છે,ફલ પૂર્ણફલદાતા-ભગવાનને તે તુચ્છ ફલ-સાધક છે.તેમ,સાધન-રહિત તુચ્છને પણ પૂર્ણફલ-દાન ભગવાન્ કરે છે!-મોક્ષ દઈ દે છે!તે આશ્ચર્ય છે.તેથી કહ્યું છે,-“**अहो** !”“**बकी**” બકદૈત્યની બહેન બકી!બક-વૃત્તિથી તો સંતનો પણ ઉદ્ધાર ન થાય.બક ઢોંગ-દંભનું પ્રતીક છે.ભગવાનને દંભ સહેજ પણ ન ગમે.ભગવાને દંભ-રૂપ બકને મારેલો.તેની બહેન બકી

“**इयं**” આ!આશ્ચર્યમગ્ન ઉદ્ધવજીને ભગવાન્ સાથે આ બકી-પૂતના પણ બુદ્ધિમાં દેખાઈ!તે તો છાતીએ કાલકૂટ લગાવીને આવેલી!કાલ-મૃત્યુ,તેનો કૂટ-સમૂહ.એકાદ બિન્દુથી હજારોને મારી શકે તેવું તે તીવ્ર ઝેર!તેનું દૂધ પણ તેવું ઝેરી!સદ્‌ભાવથી નહિ,મારવા આવેલી આ તો!દૈત્યનો સાધારણ ધર્મ પણ તેનામાં નથી,કાંઈ જ સારું તેનામાં નથી.તે અનેકને મારનારી છે,દોષના દરીઆ જેવી છે;છતાં કૃષ્ણે તો તેની આકૃતિ અને કૃતિ મા યશોદાજી જેવાં છે,તેવો વિચાર કર્યો!તેની પ્રકૃતિ કે વિકૃતિ સામે ન જોયું! ગુણ ન હતો,છતાં આ ગુણ ગણી લીધો!દૂધ પાવાની ક્રિયાનું ફલ દીધું! ભગવાનના સ્વરૂપનો સ્વલ્પ સંબંધ પણ,બીજા કોઈ સાધન વિના,પ્રમેય-બલથી,કૃતાર્થ કરી દે છે!ગુણપૂર્ણ પ્રભુ ગુણ ગણી લે છે!દોષ દેખતા નથી.દુનીઆમાં દયાળુઓ તો ઘણા હશે.તે સૌ દયાપાત્રમાં દીનતા-નમ્રતા-નિર્દોષતા-વગેરે દેખીને દયા કરે છે.કરુણાકેતન કલ્યાણ-કલ્પતરુ કૃષ્ણે તો આવી કોઈ અપેક્ષા પૂતના પાસેથી ન રાખી;દયાથી દિવ્યગતિ દઈ દીધી!-માતાને ઉચિત ગતિ દઈ દીધી!આવો પરમ કૃપાળુ બીજો કોણ હોય?!તેના વિના કોના શરણે જઈએ?!આ કરુણાનિધાનના જ શરણે જઈએ!તેની શરણાગતિ પણ કૃતાર્થ કરી દે!-સેવા-ભક્તિ-વગેરે ન હોય, તો પણ! ઉદ્ધવજીએ અગિયારમા સ્કન્ધમાં જ્ઞાનપ્રદ કૃષ્ણને નમન કરેલાં,અહીં તો દયાળુ દીનાનાથની તો શરણાગતિ કરી દીધી!શ્રીશુકદેવજી પણ આ દયાલુતાના શ્રવણથી લીલા-પ્રેમવશ થઈ ગયેલા !

સ્વરૂપ-સુન્દરઃ-શૃંગાર-રસાત્મકઃ-નટવર-કૃષ્ણઃ

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद्वासः कनककपीशं वैजयन्तीञ्चमालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै-
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥
-श्रीभागवतम्(१०-२१-५)

મયૂરપીચ્છના મુકૂટને ધરતા,નટવરવપુને ધરતા,બે કાનમાં કર્ણિકારના પુષ્પને ધરતા,સોના જેવા પીળા વસ્ત્રને ધરતા અને વૈજયંતી-માલાને

ધરતા,વેણુનાં રન્ધ્રોને અધરસુધા વડે પૂરતા,ગોપવૃન્દોથી ગવાએલી કીર્તિવાળા(કૃષ્ણ),પોતાના સ્વચ્છન્દ-પાદવિહારો જ્યાં છે,તે વૃન્દાવનમાં પ્રવેશ્યા.

ભગવાનના રૂપ-ગુણ-લીલાનું અદ્ભુત અહીં નિરૂપણ છે.મયૂરપીચ્છનું શિરોભૂષણ ભગવાને ધર્યું છે.મોર નિર્વિકાર છે.તેનું પીચ્છ પ્રભુ મસ્તકે ધરે છે.નિર્વિકાર ભક્તો પોતાને પ્રિય છે,તેમ તે સૂચવે છે.ઉદાર ગુણગ્રાહક ભગવાને મયૂરનૃત્યમાં મોરનું ઋણ સ્વીકાર્યું છે.વેદમાં-“**रसो वै सः ।**”(-તૈ.૨) રસને પોતાનામાં સમાવીને રહેલા આ “રસાત્મક”ભગવાન્ છે,શ્રીભાગવતમાં તો “રસમત્ત”મયૂરપીચ્છધારી કૃષ્ણ છે!મોર રસમત્ત બને ત્યારે તેનાં પીછાં માથે-ઊંચે ફેલાવે છે,મસ્તકે કલા-કલાપ ધરે છે.મયૂરપીચ્છ મસ્તકે ધરતા કૃષ્ણ રસમત્ત છે,રસદાન-તત્પર છે,-તેમ સૂચવે છે.ઝૂકતો ધરેલો મોરમુકૂટ ભગવાન્ રસદાન માટે ભક્તો પર ઢળ્યા છે,-ઝૂક્યા છે, તેમ સૂચવે છે.ભક્તોને શ્રમ ન થાય,પ્રયત્ન પણ ન કરવો પડે,તેમ રસપ્રદાન ભગવાન્ કરે છે.ભક્તોને રસ દેતાં પોતે પણ સ્વરસને માણે છે.ઉભયને આનંદ-પૂર્ણતા અનુભવાય છે,શોભા સમૃદ્ધ બને છે.ભક્તોને યોગિયોની જેમ ધ્યાન-ધારણાદિનો ક્લેશ કરવો પડતો નથી;ભગવાન્ જ ભક્તો માટે બધું ધારણ કરે છે!રસરૂપની ધારણા તો કોઈ સાધનાદિથી શક્ય જ નથી.આ ભગવાન્ કૃષ્ણ શૃંગાર-રસ-રૂપ છે.શૃંગારનાં બે દલ,-૧. સંયોગ,૨. વિયોગ.કેવલ રસનો અનુભવ નટ કરાવે,“નટ”-વિયોગ સૂચક છે.ધર્મસહિત રસનો અનુભવ વર કરાવે. “વર”-સંયોગસૂચક છે.બંને મળીને નટ-વર થાય,તે સંપૂર્ણ શૃંગાર-રસાત્મક છે.તેવું ભગવાનનું “વપુ”છે.જગતનાં સુખ-વિષયાનન્દતો તુચ્છ છે. “**व**“આત્મસુખ કે મોક્ષસુખ-બ્રહ્માનન્દ અમૃત-રૂપ છે.તેને પણ પોતાના દ્વારા ભગવાન્ પુષ્ટ કરે છે,-“નટવરવપુ” છે.તેને પણ ભગવાને સ્વભક્તો માટે જ ધારણ કર્યું છે.નાટક વગેરેમાં નટના આધારે અભિનયાદિથી રસ પ્રકટ થાય છે,અનુભવાય છે.નટ-વ્યક્તિ રસરૂપ હોતી નથી.અહીં તો ભગવાન્ જ સ્વયં રસ છે,રસમત્ત છે!અલૌકિક-અપ્રાકૃત-આ રસાત્મક ભગવાન્ છે.ભગવાન્ વનમાં રહેલા ભક્તોને

સંયોગ અને ઘરમાં રહેલા ભક્તોને વિયોગનો અનુભવ એક જ સમયે કરાવે છે!આ ભગવાન્ તો શ્રીગોપીજનનાં હૃદયમાં પણ વિરાજે છે,પણ હૃદયસ્થથી તો જ્ઞાનીઓને સુખ થાય,ભક્તોને નહિ.ભક્તોને તો પ્રિય પ્રભુ બહાર પ્રકટ મળે તો સુખ થાય.હૃદયમાં વિરાજતા પ્રભુનો અનુભવ મનથી થાય,બહાર પ્રકટેલા પ્રભુનો અનુભવ તો સર્વાંગથી-સર્વેન્દ્રિયોથી થાય!ભગવાન્ તો ભક્તવત્સલ છે.ભગવાને કાનમાં કર્ણિકાર-પુષ્પ ધર્યું છે.પીળું કમલ તે સંભવે છે.તે રસોદ્દીપક-(રસને ઉત્તેજિત કરનાર)છે. સંયોગમાં પ્રિયનાં વચન સાંભળતાં અને વિયોગમાં પ્રિયના ગુણો સાંભળતાં રસ પ્રદીપ્ત થાય.બંને પ્રકારે શ્રવણ તો કાનથી સંભવે છે.કાનમાં આ કર્ણિકારના સંબંધે સ્વરૂપાત્મક રસ ઉત્કટ બને,ઉછળવા માંડે.આવો રસ નેત્ર-કટાક્ષ વગેરે રૂપે પ્રકટ લાગે,છતાં આલંબન-રૂપે ગુપ્ત રહે,તો તે રસરૂપ બને,તેથી પ્રભુએ આચ્છાદક પીતાંબર ધર્યું છે.ઉત્કટરસમાં ભક્તો પ્રકટ રીતે રસવર્ણન કરે,-જાણે,-તો રસાભાસ થાય,તેથી સ્વરૂપને ઢાંકનાર પીતાંબર માયારૂપ છે.તે સોના જેવું પીળું છે.લોકમાં સોનું(ધન)મદ કરાવે,તેમ અહીં ભગવદિચ્છાથી રસમદ થાય,સ્પષ્ટ દર્શન ન થાય! ભગવાને તેનાથી પણ વિશેષ આચ્છાદિકા-વિક્ષેપક-વૈજયંતીમાલા ધારણ કરી છે.તે ચરણ સુધી લાંબી પુષ્પમયી માલા છે.તે કીર્તિમયી છે.સર્વત્ર તે નિશ્ચયપૂર્વક સર્વ જયપ્રકાશિકા છે.આમ,શૃંગારરસ,તેની ઉત્કટતા અને આચ્છાદક-વિક્ષેપક દર્શાવ્યાં છે,-રસરક્ષા માટે,-રસવૃદ્ધિ માટે!

આ ભગવાને વેણુનાં રન્ધ્રોને અધર-સુધાથી પૂર્યાં.સામાન્ય વાંસમાંથી તે છેદાયો-વીંધાયો-ઘસાયો;ભગવાનના સ્વરૂપ-સંબંધમાં આવ્યો,વેણુ બન્યો!સઘળું સહન કરીને પ્રભુ-સંબંધમાં આવે તે પ્રભુને પ્રિય બને. વિષયાનન્દ અને બ્રહ્માનન્દ પણ જ્યાં અણુ જેટલા તુચ્છ લાગે,તેવા લીલારસાનન્દનો નિરૂપક આ વેણુ છે.વેણુમાં સાત છિદ્રો છે,-છ ધર્મરૂપ અને સાતમું ધર્મિરૂપ!આ વેણુનાદમાં ધર્મ-સહિત ધર્મી વિરાજે છે.આ વેણુનાં રન્ધ્રોને ભગવાન્ પોતાની અધરસુધાથી પૂરે છે.અધૂરાંને પણ મધૂરાં બનાવતી આ સુધા તો કૃષ્ણ જ પૂરે છે.વેણુના છિદ્રને પૂરનાર કૃષ્ણ સ્વકીયોનાં જીવન-છિદ્રોને-દોષોને પણ અધરસુધાથી પૂરી દે છે.

વેણુનાં છિદ્રો પર કોમલ કરાંગુલિકાઓને નચાવતાં કૃષ્ણ આરોહ-અવરોહ-રૂપ નાદને પ્રકટ કરે છે.તેમાં અધરસુધા-સ્વરૂપ-પધરાવીને, જીવમાં પોતે આનન્દને પ્રકટ કરે છે.આ સુધા ત્રિવિધ છે,-૧. દેવભોગ્યા-લીલાપરાયણ દેવો(વ્રજભક્તો)ને ભોગ્ય.નદી-વનસ્પતિ-વગેરેમાં લીલોપયોગી સૌન્દર્યરૂપે પધરાવેલી.તે મુખ્યસુધાના અંશરૂપ છે.૨. ભગવદ્ભોગ્યા-મુખ્યલીલામાં ભગવાનની ભોગ્યસુધા.તે ભગવાનના અને વ્રજભક્તોના અધરમાં વિરાજે છે.સંયોગમાં જ અનુભવાય.૩. સર્વાભોગ્યા-સર્વથી સાક્ષાત્ માણી ન શકાય તેવી, પરંપરાથી અનુભવાતી, કાનથી જ પી શકાય તેવી સુધા.તે વિપ્રયોગમાં અનુભવાય છે.અધર લોભાત્મક હોવાથી તે સુધાને યથાયોગ્ય વહેંચી દે છે,તેથી તેના આ ત્રણ પ્રકાર છે.વ્રજભક્તોને વેણુ દ્વારા આ અધરસુધા મળે છે.સુધા વેણુનાદમાં છે,તેથી આ સુધાનું પાન કાનથી થાય.સંયોગમાં સાક્ષાત્ અને વિયોગમાં કાનથી પાન થાય છે.આ સુધા મધુરભાવવાળાં સૌ વ્રજભક્તોમાં ભગવદીયત્વ(ભગવત્સંબંધ)નું સંપાદન કરે છે-વિયોગની પ્રબલતાથી જ્યાં સઘળું અભોગ્ય થઈ જાય છે,માત્ર પ્રભુને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઈચ્છા થાય છે.આનંદમાં જ તે પ્રકટ અને દ્રવરૂપ છે.સંયોગદશામાં આનંદરૂપ સઘળું લીલા-સાહિત્ય સાથે જ પ્રકટ હોય છે,તેથી ભગવાન્ આનન્દમય છે.વિયોગદશામાં લીલાનું સઘળું સાહિત્ય ભગવાનથી જુદું પ્રકટ હોતું નથી,તેથી ભગવાન્ આનન્દરૂપ છે.વેણુનાદમાં મળતી આ સુધા આનન્દરૂપ ભગવાનના પણ સારરૂપ છે.વેણુને સુધાનો સાક્ષાત્ સ્પર્શ પણ નથી!તે તો નાદ દ્વારા સંબદ્ધ થઈને ભક્તોને મળે છે!કાન દ્વારા હૃદયમાં ઉતરે છે.વર્ણન કરતાં શબ્દો સાથે મુખમાં આવે છે.મુખને તે અનુભવ યોગ્ય બનાવે છે.આ સુધારસ કર્ણથી હૃદયમાં પ્રવેશતાં નિરોધ સિદ્ધ થાય છે.નિરોધ તો મહાફલ છે.નિરોધ દેતો આ ભગવદ્રસ શાસ્ત્રોક્ત ભક્તિવાળાને ફલરૂપે ઈચ્છવા યોગ્ય છે,મળતો નથી!ભક્તોના ભક્તિરસભોગ આમાં જ પરિણામ પામનારા છે.તે વગર તો જીવન વ્યર્થ જ છે.ભગવાન્ પ્રત્યે ભાવ ન હોય તો નિષ્કામપણું પણ નકામું છે.ભગવદ્ભોગ પછી જ ભગવાન્ ભોગ્ય બને છે.ભક્ત ભગવાનને વશ થાય,ભગવાન્ ભક્તને વશ થાય.ભગવાન્ સ્વરૂપથી વશ કરીને, અધરામૃતનું પાન કરાવતાં,સ્વચ્છન્દતાનું સંપાદન કરે છે.આવા સ્વચ્છન્દ-પાદવિહારો જ્યાં છે તેવા વૃન્દાવનમાં પ્રભુએ પ્રવેશ કર્યો,ભગવાને વ્રજભક્તોના અરણ્યયૂથમાં પ્રવેશ કર્યો,સ્વૈરવિહારો(સ્વચ્છન્દ)થી પુંભાવાવેશ કર્યો.વૃન્દાવનની આધિદૈવિક નિકુંજોમાં, વૃન્દાવનસ્થ ભક્તયૂથમાં અને વ્રજસ્થ ગોપીજનના મનમાં,પ્રભુનો આ પ્રવેશ છે. ગોપવૃન્દો આ વૃન્દાવન-વિહારીજીની કીર્તિનું ગાન કરે છે. વ્રજભક્તો પ્રિય પ્રભુની દિવસલીલા ગાય છે.વૃન્દાવનમાં ગોપબાલકો-સખાઓ રાત્રિલીલાનું ગાન કરે છે.બંનેમાં દૃઢ-સ્થિર-આસક્તિ છે.રાત્રિલીલા-ગાન-અતિગૂઢ છે.તેથી શ્રીશુકે સ્પષ્ટ કહી નથી.ભગવાન્ કૃપા ન કરે ત્યાં સુધી, ભગવાનનું સ્વરૂપ-ગુણ-લીલાદિ-જ્ઞાન કોઈ પણ સાધનથી સુલભ નથી,અનુભવ તો સંભવે જ ક્યાંથી?! આ છે;-નટવર કૃષ્ણ !

હજારો વ્રજલક્ષ્મીઓથી સેવાતા કલાનિધિ કૃષ્ણઃ

नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥

-श्रीसुबोधिनीजी(१०-१-मंगलाचरणम्)

દશમસ્કન્ધાર્થ-રૂપ ભગવાનનું આ નિરૂપણ છે.આદિનારાયણ ક્ષીરસાગરમાં શેષ-શય્યા પર પોઢે છે.લક્ષ્મીજી તમેની ચરણ સેવા કરે છે.તેમના નાભિકમલમાંથી બ્રહ્માજી પ્રકટ થાય છે.તે ભગવદાજ્ઞાનુસાર જગત્ સર્જે છે.દાસ્યમાં(સેવામાં)ઉપયોગી સર્વ-પદાર્થ-રૂપતાથી પ્રભુના શેષભાવને પ્રાપ્ત થયેલા આ શેષ છે.તે વેદાત્મક હોવાથી પ્રમાણરૂપ છે. આ પુરાણ-પ્રસિદ્ધ છે.તેવી રીતે,સર્વાત્મભાવથી દાસત્વને પ્રાપ્ત થયેલા (શ્રીમહાપ્રભુજીના)શેષરૂપ હૃદયમાં પુષ્ટિરસને મેળવવા ઈચ્છનારાઓને પાન કરવા યોગ્ય અત્યન્ત અગાધ લીલા-ક્ષીરસાગર છે.તેમાં પોઢેલા હોવાથી અન્યત્ર ગતિ-રહિત આ ભગવાન્ છે.હજારો(વ્રજ)લક્ષ્મીઓ અને તેમની લીલાઓ વડે સેવાઈ રહેલા ચોસઠકલાના ભંડાર,ભક્તોના રસને પોષવામાં અતિચતુર,પૂર્ણ(પુષ્ટિ)પુરુષોત્તમ-શ્રીકૃષ્ણને હું નમન કરું છું.આમાં આદિનારાયણથી વિલક્ષણતા છે.નારાયણની સેવામાં એક

લક્ષ્મી છે.પુરુષોત્તમની સેવામાં હજારો-અનંત-(વ્રજ)લક્ષ્મીઓ છે! નારાયણ ક્ષીરાબ્ધિમાં શેષ પર પોઢે છે.પુરુષોત્તમ(શ્રીમહાપ્રભુજીના)હૃદય રૂપ શેષમાં રહેલા લીલા-ક્ષીરસાગરમાં પોઢે છે!સર્વાત્મભાવવાળા હૃદયમાં સતત ભાવનાથી પ્રકટ રસાત્મક પુષ્ટિમાર્ગીય-લીલા ક્ષીરસાગર સ્વયં જ કરેલો છે.તેમાં વૃન્દાવન-પ્રવેશ-વેણુકૂજન-વગેરે લીલા-પ્રકારો છે.તેમાં પુષ્ટિમાર્ગીય ભક્તોએ પોત-પોતાના સ્વરૂપથી,પોતાની કટાક્ષાદિ-રૂપ લીલાઓ વડે,સેવ્યમાન પુરુષોત્તમ વિરાજે છે!અહીં,લીલનુરૂપ સ્થિતિ શયન છે,પોઢવા રૂપ છે,નિદ્રા નહિ.નારાયણના નાભિકમલની જેમ,અહીં સ્થાયિભાવાત્મક પોતાનામાં પ્રભુ વિચિત્રભાવોને ઉત્પન્ન કરીને;બ્રહ્માની જેમ,કોઈ તેવો પ્રચુરભાવ ઉત્પન્ન કર્યો,જેનાથી તે લીલાના વિસ્તાર-રૂપ અખિલ-રસાત્મક જગત્ પ્રકટ થયું.પુષ્ટિભક્તો સાથે પુષ્ટિપુરુષોત્તમનો નિગૂઢભાવ કરવો તે અનુશયન-રૂપ છે.સ્વકીયોમાં સ્વવિષયક ભાવોત્પાદન જે લીલા વડે કરવામાં આવે છે,તે નિરોધલીલા છે.ભક્તોનો ભગવાન્ સિવાય અન્યમાં થતો વિનિયોગ અટકાવતી નિરોધરૂપ રક્ષા કરવા માટે કૃષ્ણાવતાર થયો છે.

મન્ત્રોપાસનાદિ વડે સ્પર્શી શકાતા ભગવાન્ શ્રીગોપીજનવલ્લભ તો નિજભક્તોમાં રમે છેઃ

मंत्रोपासनवैदिकतान्त्रिकदीक्षार्चनादिविधिभिर्यः ।
अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम् ॥

-भक्तिहंसः(२)

કર્મકાંડમાં કહેલા,સકામ,ગાયત્રી વગેરે કોઈ પણ મંત્રો,તેનું પુરશ્ચરણ-પૂર્વકસાધન તે ઉપાસના,વૈદિકી-દીક્ષા સોમયોગ-વગેરેની,અથવા નારાયણમંત્રની અષ્ટાક્ષર-દીક્ષા-વગેરેની,તાન્ત્રિકી-દીક્ષા નારદપંચરાત્ર વગેરેમાં કહેલી,પોતે કે બીજા દ્વારા દ્રવ્યાદિ વડે પ્રતિમાનું પૂજન કરવું કે કરાવવું-વગેરે,વિધિપૂર્વક કરેલાં દાન-વગરે;આ બધાં સાધનોના શાસ્ત્રોક્ત વિધિપૂર્વક યથાર્થ સંપાદનથી પણ જેનો સ્પર્શ પણ સંભવતો નથી;ફલ-વિધેય(કર્મ)-ઉદ્દેશ્ય-રૂપે જેનો કોઈ સંબંધ નથી તેવા સ્વતંત્ર, પોતાના અંગીકૃત ભક્તોમાં ભક્તવશ થઈને રમતા,ભગવાન્ વ્રજાધિપતિ

મારું સર્વસ્વ હો!-આ ભગવાન્ જ મારા આત્મા-આત્મીય-જ્ઞાતિ-ધન-રૂપ હો!

(૪)तदनुग्रहैकलभ्यां भक्तिं च :

તેમના(શ્રીકૃષ્ણના)અનુગ્રહથી જ લભ્ય (પુષ્ટિ)ભક્તિઃ

“ભક્તિ”-શબ્દાર્થઃ

શબ્દનો અર્થ ત્રણ પ્રકારે થાય છે,-૧. “રૂઢ”-પ્રચલિત,૨. “યૌગિક”-શબ્દમાંના અક્ષરોના સંયોગથી થતો.૩. આ બંને જેમાં સમાય તેવો અર્થ -“યોગરૂઢ”-કહેવાય છે.“ભક્તિ”-શબ્દનો રૂઢ-અર્થ,-

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिक : ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

-नारदपंचरात्र

૧.ભગવાનના માહાત્મ્યજ્ઞાન-પૂર્વક સર્વથી અધિક સુદઢ સ્નેહ.તેનાથી ભક્તિ મળે છે,બીજી રીતે નહિ.

૨.“**भक्तिरस्य भजनं तदिहामुत्र फलभोगनैराश्येणामुष्मिन् मनःकल्पनम् ।**”-**गोपालपूर्वतापिन्युपनिषत्(१-३)** આ ભગવાનનું ભજન,આ-લોક પરલોકના ફલભોગની ઈચ્છા વગર ભગવાનમાં મનને લગાડવું.

૩.“**सा परानुरक्तिरीश्वरे ।**” **शाण्डिल्यभक्तिसूत्रम्(१-१-२)**ઈશ્વરમાં પરાનુરક્તિ.

૪.“**सा त्वस्मिन् परमप्रेमस्वरूपा ।**”-**नारदभक्तिसूत्रम्(१-२)** આ(પ્રકટ પ્રભુ)માં પ્રકટ પ્રેમ-સ્વરૂપ.

યૌગિક-અર્થ,-“ભક્તિ”=“ભજ્”સેવા + “ક્તિન્”-ભાવપૂર્વક,વશ થઈને.ભગવાનને વશ થઈને ભાવપૂર્વક સેવા તે ભક્તિ.

૫.વૈદિક-કર્મ કરનાર ઈન્દ્રિયોવાળા,ભગવાનમાં એકાગ્રમનવાળાની સ્વભાવિકી વૃત્તિ ભક્તિ છે,જે લિંગદેહને નષ્ટ કરી દે છે.

“ભક્તિ-હેતુ-નિર્ણય”: સૌ જીવો ભગવાનની ભક્તિ કરી શકે છેઃ કેવલ કૃપા(અનુગ્રહ)થી જ ભક્તિ મળે છેઃ ભગવદિચ્છાનુસાર મર્યાદા-પુષ્ટિ-માર્ગ મળે છેઃ

ભક્તિ મુખ્યત્વે ત્રણ પ્રકારની પ્રસિદ્ધ છે,- ૧. પ્રવાહ-

ભક્તિ, ૨. મર્યાદા-ભક્તિ, ૩. પુષ્ટિ-ભક્તિ. લૌકિક-લાલચોથી લૌકિક-પ્રકારોથી થતી લાગતી સગવડીઆ ભક્તિ પ્રવાહભક્તિ છે. શાસ્ત્રોક્ત-વિહિત-પ્રકારે, શાસ્ત્રીય-ફલાપેક્ષાથી થતી અનુગ્રહથી મળતી, લૌકિક-વૈદિક-મોક્ષાવધિ ફલ દેતી ભક્તિ, મર્યાદાભક્તિ છે. શાસ્ત્રોક્ત-વિધિથી પર, અવિહિત-પ્રકારે, લૌકિક-વૈદિક-ફલાપેક્ષા-રહિત, કેવલ પ્રેમપ્રચુરતાથી સ્વાભાવિકરીતે થઈ જતી, પ્રભુના અનુગ્રહથી જ પ્રાપ્ત, પ્રભુ જેનું ફલ છે તેવી ભક્તિ, પુષ્ટિભક્તિ છે. "**प्रीतिस्तु भगवद्धर्मः ।**"-(**श्रीसुबोधिनीजी**) પ્રીતિ તો ભગવદ્ધર્મ છે. તે જેને દે તેને મળે. સ્વેચ્છાથી કોઈ કર્મમાર્ગીય બની શકતો નથી, કોઈ જ્ઞાનમાર્ગીય બની શકતો નથી, કોઈ ભક્તિમાર્ગીય બની શકતો નથી. ભગવાને જેને જે બનાવવા ઈચ્છ્યું હોય તે તે જ બની શકે છે. ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર તો જીવમાત્રને છે, શરીર તેનું ગમે તે પ્રકારનું હોય.

देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा ।
भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम् ॥
-श्रीभागवतम्(૭-૭-૫૦)

દેવ-અસુર-મનુષ્ય કે યક્ષ-ગન્ધર્વ-વગેરે પણ મુકુન્દ-ચરણને ભજતાં (સેવતાં) કલ્યાણને જ પ્રાપ્ત થાય છે. યજ્ઞ-દાન-વ્રત-જપ-સ્વાધ્યાય-સંયમ-તપ-જ્ઞાન-સદાચાર-વગેરે યુક્ત જીવ જ પ્રભુને ભજી શકે તેવો નિયમ નથી. આવા સદ્‌ગુણોથી પણ ભક્તિ કે કૃપા સંભવતાં નથી. અત્યંત દુરાચારી પણ અનન્યતાથી કૃષ્ણને સેવે તો તે પણ સાધુ જ ગણાય. ભક્તિથી અનુગ્રહ થાય છે,-તેમ પણ દેખાતું નથી. અનુગ્રહથી ભક્તિ થાય છે, પછી ભક્તિથી વિશેષ અનુગ્રહ સંભવે છે. આમાં ભક્તિ અવાન્તર વ્યાપાર છે. "**तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वं व्यापारः ।**"-જેનાથી તે ઉત્પન્ન થાય, છતાં તે જ ઉત્પન્ન થયેલ જેમાંથી ઉત્પન્ન થયું હોય તેને ઉત્પન્ન કરે, તે વ્યાપાર છે. અનુગ્રહથી ભક્તિ ઉત્પન્ન થાય, છતાં તે ભક્તિ અનુગ્રહને ઉત્પન્ન કરે છે. આમ, ભક્તિ અવાન્તર વ્યાપાર છે. આગલાં જન્મનાં સત્કર્મોથી પણ ભક્તિ થતી નથી. ભક્તિ તો કેવલ અનુગ્રહથી જ ઉત્પન્ન થાય છે.

ભગવાને જીવોને પોતાની પ્રાપ્તિ થાય માટે બે માર્ગ પ્રકટ કર્યા છે,-૧. મર્યાદા-રૂપ-માર્ગ, ૨. પુષ્ટિ-રૂપ-માર્ગ. મર્યાદામાં ભગવાને જે જીવોનો અંગીકાર વિચાર્યો છે, તેમને શાસ્ત્રોક્ત-સાધન-ક્રમે જ ભગવત્પ્રાપ્તિ થાય છે. રાજા મુચુકુન્દને ભગવાને ગુફામાં પધારીને દર્શન આપ્યાં. આસુરાવેશવાળાને પણ મુક્તિ દેતું આ સ્વરૂપ-દર્શન છે, છતાં તેને મુક્તિ ન આપી! રાજાને તેના દોષ બતાવીને નિર્દોષ થતાં, બીજા બ્રાહ્મણ-જન્મે પોતે મળવાનું ભગવાને કહ્યું.! જે જીવોનો અંગીકાર ભગવાને પુષ્ટિમાર્ગમાં વિચાર્યો છે, તેમને તો કેવલ કૃપા(અનુગ્રહ)થી જ ભગવત્પ્રાપ્તિ થાય છે. તેમને તો કોઈ જ સાધનની અપેક્ષા-જરૂર-રહેતી નથી. વ્રજભક્તો-વગેરેને તો વગર સાધને ભગવાન્ મળ્યા છે,-ફળ્યા છે. આમ, જીવનો જે તે માર્ગમાં અંગીકાર થવામાં ભગવાનની ઈચ્છા જ કારણ-રૂપ છે,-નિયામિકા છે. સ્વતંત્ર ભગવાનની ઈચ્છા પણ સ્વતંત્ર છે. અન્ય કોઈ નિયંત્રણ તેના પર નથી. આમ વિચારતાં, વિવિધ સાધનોથી ભક્તિ ઉત્પન્ન કે પ્રાપ્ત થવાનું કહેતાં શાસ્ત્રવચનો, મર્યાદા-માર્ગ-પરક છે. મર્યાદા-માર્ગમાં જેમનો અંગીકાર ભગવાને ઈચ્છ્યો છે તેવા જીવોની વૃત્તિ-પ્રવૃત્તિ તે રીતે જ થાય છે, ફલ પણ તેવું જ મળે છે. ભગવાને જેનો જેવો અંગીકાર ઈચ્છ્યો હોય, તેવો તેનો અધિકાર થાય. અધિકાર પ્રમાણે સૌનાં વૃત્તિ-પ્રવૃત્તિ-માર્ગ-સાધન-ફલ, જુદાં જુદાં હોય. આમ, માર્ગભેદથી શાસ્ત્ર-વચનો યથાધિકાર યથાર્થ હોય, ઉપયોગી હોય. ભગવદિચ્છાનુસાર જ સૌની પ્રવૃત્તિ થાય છે. આમ વિચારતાં, માર્ગભેદથી, સદાચાર-મર્યાદા સચવાય છે, નિઃશંક ભક્તિ-પ્રવૃત્તિ થાય છે, પ્રવૃત્તિની મંદતા કે નાશ થતાં નથી.

ભક્તિમાં ભગવદ્‌નુગ્રહ સિવાય અન્ય સાધનની અપેક્ષા નથીઃ ભક્તિથી સર્વફલ સુલભ છેઃ ભક્તિ કલ્પતરુ છે :

तस्मान्मद्‌भक्ति युक्तस्य योगिनो वै मदात्मनः ।
न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह ॥
यत्कर्मभिर्यत्तपसा ज्ञानवैराग्यतश्च यत् ।
योगेन दानधर्मेण श्रेयोभिरितरैरपि ।

सर्वं मद्‌भक्तियोगेन मद्‌भक्तो लभतेऽञ्जसा ।
स्वर्गापवर्गं मद्धाम कथञ्चिद्यदि वाञ्छति ॥
न किञ्चित् साधवो धीरा भक्ता ह्येकान्तिनो मम ।
वाञ्छन्त्यपि मया दत्तं कैवल्यमपुनर्भवम् ॥

-श्रीमद्‌भागवतम्(११-२०-३१तः३४)

ઉદ્ધવજીને શ્રીકૃષ્ણ કહે છે કે,- મારામાં જેનું મન છે તેવા,મારી ભક્તિવાળા,ભક્તિયોગીને ન જ્ઞાન-ન વૈરાગ્ય પ્રાયઃ અહીં કલ્યાણ-કારક થાય.જે ફલ કર્મવડે,જે તપઃવડે,જે જ્ઞાન-વૈરાગ્યથી,જે યોગથી,જે દાનધર્મથી,બીજાં પણ અનેક શ્રેયઃ(સાધનો)વડે,જે પ્રાપ્ત થાય છે,તે સઘળાં ફલ મારો ભક્ત મારા ભક્તિયોગવડે સરલતાથી પ્રાપ્ત કરે છે.જો મારો ભક્ત ઈચ્છે છે,તો સ્વર્ગ-મોક્ષ-મારું ધામ(વૈકુંઠ)પણ સહેલાઈથી મેળવે છે.મારા સાધુચરિત-ધીર-ગંભીર-એકાન્ત ભક્તો તો કાંઈ જ ઈચ્છતા નથી;મારા દીધેલા કૈવલ્ય(કેવલતાનો ભાવ-જીવન્મુક્તિ)ને કે મોક્ષને પણ ઈચ્છતા નથી.આ વાક્યોમાં,જ્ઞાન-વૈરાગ્ય-વગેરે વગરનાને પણ ભક્તિ મળવાની કહી છે. ભક્તિનો સ્વભાવ કલ્પતરુ જેવો હોવાથી,બીજાં સઘળાં સાધનોથી મળતાં સઘળાં ફલ ભક્તિથી સુલભ થઈ જાય છે. આથી,ભક્તિમાં અન્યસાધનની સાપેક્ષતા નથી,-જરૂર નથી.

મુક્તિ-સાધનપૂર્ણને,બ્રહ્મભૂતને,પરમહંસોને પણ ભગવાન્ પ્રદાન કરે તો જ ભક્તિ મળે છેઃ પ્રારંભના શ્લોકનો "च" :

राजन् पतिर्गुरुरलं भवतां यदूनां
दैवं प्रियः कुलपतिः क्व च किंकरो वः ।
अस्त्वेवमङ्ग भगवान् भजतां मुकुन्दो
मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम् ॥

-श्रीभागवतम्(५-६-१)

હે રાજન્!આપના સંપૂર્ણ રક્ષક(પતિ)-સંપૂર્ણ માર્ગદર્શક(ગુરુ)-યાદવોના ભાગ્યરૂપ(દૈવ)-પ્રિય-કુલપતિ(પોષક-રક્ષક-શિક્ષક) અને ક્યાંક(અર્જુન-સારથી-વગેરે રૂપે)સેવકરૂપે પણ આ ભગવાન્ છે.ભલે એમ હો!હે અંગ!ભગવાન્ મુકુન્દ(મોક્ષદાતા)ભજનારાઓને મુક્તિ દઈ દે છે,ક્યારેય પણ ભક્તિયોગ દેતા નથી!તે પ્રસિદ્ધ છે.આમ,મુક્તિનાં-સાધનોથી જે પૂર્ણ છે તેવાઓને પણ ભક્તિ તો ભગવાનના પ્રદાનથી જ મળે છે,પ્રદાન વગર ભક્તિ મળતી નથી.અનુગ્રહ વગરનું કોઈ સાધન નથી,-આ ભક્તિ-પ્રાપ્તિમાં!આમ,મર્યાદા-ભક્તિમાર્ગ અને પુષ્ટિભક્તિમાર્ગમાં અંગીકાર કેવલ અનુગ્રહથી જ છે.મર્યાદામાર્ગમાં પણ ભક્તિ સાધનબલથી સિદ્ધ થતી નથી,મળતી નથી,કેવલ અનુગ્રહથી જ મળે છે.બધું ભગવાનની ઈચ્છાને વશ છે.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्‌भक्तिं लभते पराम् ॥

-गीताजी(१८-५४)

બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મભૂત થયેલો,પ્રસન્ન અંતઃકરણવાળો ન શોક કરે છે,ન આકાંક્ષા કરે છે,તે સર્વ પ્રાણીઓમાં સમતા-વાળો છે,તે મારી(પુરુષોત્તમ શ્રીકૃષ્ણની)ઉત્તમ-(જ્ઞાનના પણ ફલરૂપ)ભક્તિને પ્રાપ્ત કરે છે.બ્રહ્મભૂતને પણ સાધન કે જ્ઞાનથી સુલભ નથી,આ ભક્તિ!કૃષ્ણકૃપાથી જ તે સંભવે છે.

तथा परमहंसानां मुनीनाममलात्मनाम् ।
भक्तियोगविधानार्थं कथं पश्येमहि स्त्रियः ॥

श्रीभागवतम्(१-८-१९)

ભગવાન્ ભક્તિયોગ માટે પ્રકટ થયા છે.વેદો-ઋષિયોને પ્રકટ કરીને, તેમનાથી સાધન-સહિત જ્ઞાન ઉત્પન્ન થતાં,તેના આગળના કાર્યમાટે પોતે પ્રકટ થયા છે.જ્ઞાનમાં સંન્યાસ અંગ છે.તે અંતઃકરણને શુદ્ધ કરે છે. અન્નાદિથી દોષ ન થાય,તે માટે પણ તે ઉપયોગી છે.તે પછી મનન અંગ-રૂપ છે.શ્રવણ તો પહેલાં જ થઈ ગયું હોવાથી આ ક્રમ છે.તે પછી, નિદિધ્યાસન થાય.તે ચિત્તની એકાગ્રતા-રૂપ છે;અથવા તેમાં ભગવાનનો નિર્ધાર થાય છે.તેમાં અંતરંગ-અંગ છે,-શુદ્ધ અંતઃકરણ! આવા જ્ઞાનના અધિકારીઓને કે જેમને જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું છે,તેમને

ભક્તિયોગ સિવાય ભગવાનનું જ્ઞાન કે સાયુજ્ય થતું નથી,તેથી તે માટે ભગવાન્ અવતર્યા છે.ભગવાન્ પ્રદાન કરે તો જ આવાઓને પણ ભક્તિ સંભવે છે.આત્મ-અનાત્મ-જ્ઞાનવાળા હંસો છે.જે કેવલ આત્માનું જ સર્વત્ર દર્શન કરે છે,તે પરમહંસો છે.તેના મનનથી તે મુનિયો છે.તેનાથી તે નિર્મલ અંતઃકરણવાળા છે.આવાઓને પણ દુર્લભ ભક્તિનું દાન કરવા માટે ભગવાન્ કૃષ્ણ અવતર્યા છે.કોઈ સુંદર નૃત્ય કરતું હોય,સૌ તે જુએ,છતાં તેમાં રસોત્પત્તિ તો રસિકોને જ થાય છે.સ્ત્રી-નૃત્ય કરે તેમાં નપુંસક કે સ્ત્રીઓને શૃંગાર-રસ ઉત્પન્ન ન જ થાય,ઉલટું વિડંબન(નકલ) લાગતાં ખેદ થાય છે.તેવી રીતે,સાધારણ સ્ત્રી-પુરુષોને અને દૈત્યાંશ-રૂપ જીવોને ન રસ ઉત્પન્ન થાય છે,ન જ્ઞાન કે ન ભક્તિ!ભગવાન્ તો નટવત્-લીલા કરે છે.અમે સ્ત્રિયો તે કેમ જાણી શકીએ?પ્રત્યુત દોષ થાય.ભગવાન્ કૃપા કરે-દે,તો જ ભક્તિ મળે છે.

સઘળું ભગવદિચ્છાવશ છે:ભગવાન્ સ્વેચ્છાથી સ્વલીલાનુરૂપ સઘળું કરે છે:

ભગવાને પોતાની લીલામાટે સ્વેચ્છાથી આ જગત્ રચ્યું છે,-પોતે રૂપનામ-વિભેદથી જગદ્રૂપ થયા છે.તેમાં લીલાનુરૂપ વસ્તુ-નિયંત્રણ અને વિચિત્રતા પણ ભગવાન્ કરે છે.દેશ-કાલાદિ વિભાગ પણ ભગવદિચ્છાથી થાય છે.વસ્તુ-વ્યક્તિનું હોવું-ન હોવું પણ ભગવદિચ્છા પર આધારિત છે.કાંઈ જ,કોઈ જ,સ્વતંત્ર નથી.બધું ભગવાનને વશ છે,ભગવદિચ્છાનુરૂપ જ સર્વકાંઈ થાય છે.કાંઈ જ સ્વાભાવિક-સ્વતઃ-સ્વતંત્ર થતું નથી,-હોતું નથી.કોઈ કાંઈ સ્વતઃ તો કરી શકતું નથી.જીવનું કર્તૃત્વ પણ બ્રહ્મના કર્તૃત્વને લીધે જ છે.ઉન્નતિ કે અવનતિ,ઊર્ધ્વગતિ કે અધોગતિ પણ ભગવદિચ્છાથી જ સંભવે છે.

एष उ एव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषति ।
एष उ एवैनमसाधु कर्म कारयति तं यमधोनिनीषते ॥
-कौषितकिब्राह्मणोपनिषत्(३-८)

જેને ભગવાન્ આ લોકમાંથી ઊંચે લઈ જવા ઈચ્છે છે,તેની પાસે સત્કર્મ કરાવે છે;જેને નીચે લઈ જવા ઈચ્છે છે,તેને અસત્કર્મ કરાવે છે;આ વેદવાક્યમાં ભગવદિચ્છાનુસાર જ ઊર્ધ્વગતિ કે અધોગતિ થાય છે,-તેમ સ્પષ્ટ કહેલું છે.સત્કર્મ કે અસત્કર્મ પણ કરાવે છે,-ભગવાન્!બધું જ ભગવદિચ્છાવશ છે.ભગવાન્ સ્વેચ્છાથી સ્વલીલાનુસાર જ સઘળું કરે છે,-કરાવે છે.

ભગવાન્ પણ કેવલ અનુગ્રહૈક-લભ્ય છે,કે અનુગ્રહ-જન્ય-ભક્તિલભ્ય છે:

ભગવાન્ પોતાની પ્રાપ્તિ પણ,પોતાની ઈચ્છાથી,કેવલ કૃપાથી જ,કરાવે છે.કોઈ બીજાં સાધનોથી ભગવાન્ પ્રાપ્ત થતા નથી,બીજાં સાધનો પ્રભુની પ્રાપ્તિ કરાવી શકતાં જ નથી.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्याम् ॥
-मुंडकोपनिषत्(३-२-३),**कठोपनिषत्**(१-२-२३)

આ પરમાત્મા વેદ કે વેદોક્ત સાધનોથી પ્રાપ્ત થતા નથી,પુરુષનિષ્ઠ સ્વાભાવિક ધારણ કરનારી બુદ્ધિથી પ્રાપ્ય નથી,આગંતુક સાધનરૂપ બહુશ્રુતતાથી પણ લભ્ય નથી;જેનું પણ તે વરણ કરે,જેને તે પસંદ કરે,તેનાથી તે લભ્ય છે.જેને આ પરમાત્મા પોતાના તનુ-રૂપે વિશેષરીતે પસંદ કરે,તેને તે પ્રાપ્ત થાય છે.કન્યા જેમ પોતાના મનગમતા વરને વરે;વર જેમ પોતાને પસંદ કન્યાને પત્ની રૂપે સ્વીકારે,તેમ ભગવાન્ જેને પોતાના આત્મીય-રૂપે પસંદ કરે.તેને તે પસંદગી-વરણ-પ્રમાણે, દાસ્ય-વાત્સલ્ય-સખ્ય-માધુર્ય-સંબંધથી,અંગીકાર કરે છે.શ્રુતિમા"**यं**"-પદને કોઈ વિશેષણ નથી,તેથી ભગવાન્ જેને ઈચ્છે તેને પસંદ કરે! પસંદગીમાં કોઈ વિશેષતાની અપેક્ષા રાખતા નથી!"રાજાને ગમે તે રાણી, છાણાં વીણતી આણી!"લોક-કહેવત પણ છે.

"**चाण्डाली चेद् राजपत्नी जाता राज्ञा च मानिता ॥**"-अंतःकरणप्रबोधः(२)

જો ચાંડાલી રાજાની રાણી થઈ અને રાજાએ માનીતી કરી!તેમ ભગવત્પ્રાપ્તિમાં જીવનાં અધિકાર-આયાસ-સાધનાદિ કાંઈ જ વિશેષતા-યોગ્યતા-અપેક્ષિત નથી.ભગવાન્ માત્ર સ્વેચ્છાથી પોતાની લીલાપ્રમાણે,

જીવને પસંદ કરે છે,વરણ કરે છે.વરણ પ્રમાણે અનુગ્રહ કરે છે.અનુગ્રહથી અંગીકાર કરે છે.ભક્તિ વગર પણ પ્રભુ પોતે તો પ્રાપ્ત થઈ જાય છે.,-માત્ર અનુગ્રહથી જ!પરંતુ, જો ભગવાન્ ભક્તિ કરાવીને પોતે પ્રાપ્ત થવા ઈચ્છે તો ભક્તિ પણ કરાવે છે;ભગવદિચ્છા નિયામિકા છે.કાલ-કર્મ-સ્વભાવ-વગેરે આમાં કાંઈ જ કરી શકતાં નથી.

यदा यस्यानुगृह्णाति भगवानात्मभावितः ।
स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम् ॥

-श्रीभागवतम्(४-२९-४६)

અંતઃકરણમાં ભાવના કરાએલા ભગવાન્ જ્યારે જેને અનુગ્રહ કરે તે લોક-વેદમાં પરિનિષ્ઠિત મતિને છોડી દે છે,-પ્રભુ જ્યારે કૃપા કરે ત્યારે, હૃદયમાં રૂઢ થઈ ગયેલી લોકલાલસા અને શાસ્ત્ર-ફલ-કામનાને ત્યજી દે છે.આવો અનુગ્રહ થાય ત્યારે,ભક્તિમાર્ગ લોક-વેદથી પર છે,-તેવું જ્ઞાન થાય છે;અને વિશ્વાસ થાય છે;નહિ તો કાંઈ જ મળે-ફળે નહિ.

ભગવદિચ્છાનુસાર અનુગ્રહથી જીવનો મર્યાદા કે પુષ્ટિમાં અંગીકારઃ

भगवान् सृष्टिपूर्वकाल एवैतस्मै जीवायैतत्कर्म कारयित्वैतत्फलं दास्य इति विचारितवानिति तथैव भवति ।तत्रोक्तरीत्या मुक्तिसाधनानुगमे हेतुरवश्यं वाच्यः ।एवं सतिं कृतिसाध्यं साधनं ज्ञानभक्तिरूपं शास्त्रेण बोध्यते । ताभ्यां विहिताभ्यां मुक्तिर्मर्यादा ।तद्रहितानामपि स्वरूपबलेन स्वप्रापणं पुष्टिरुच्यते । तथा च यं जीवं यस्मिन्मार्गेऽङ्गीकृतवांस्तं जीवं तत्र प्रवर्तयित्वा तत्फलं ददातीति सर्वं सुस्थम् ।अत एव पुष्टिमार्गेऽङ्गीकृतस्य ज्ञानादिनैरपेक्ष्यं मर्यादायाङ्गीकृतस्य तदपेक्षित्वं च युक्तमेवेति भावः ।

-अणुभाष्यम्(३-३-२९)

ભગવાને સૃષ્ટિ-સમય પહેલાં જ,-“આ જીવને આ કર્મ કરાવીને આ ફલ હું આપીશ”,-એવું વિચાર્યું છે,તેમ જ બધું થાય છે.તેમાં કહેલ રીતે,પુષ્ટિ-મર્યાદા-ભેદ લઈને,મુક્તિ-સાધનના નિર્ણયમાં કારણ અવશ્ય કહેવું જોઈએ.આમ,ભગવદિચ્છા જ કાર્ય-કારણ-ભાવમાં નિયામક હોવાથી, જીવ-કૃતિ થી સાધ્ય જ્ઞાન-ભક્તિ-રૂપ સાધન શાસ્ત્ર દર્શાવે છે. આ શાસ્ત્રોક્ત જ્ઞાન-ભક્તિથી મુક્તિ મળે,તે “મર્યાદા” છે.તેવાં શાસ્ત્રોક્ત-(જ્ઞાન-ભક્તિ-વગેરે)સાધન વગરના જીવોને પણ(પ્રભુના) સ્વરૂપ (પ્રમેય)બલથી સ્વ(પ્રભુ)પ્રાપ્તિ ભગવાન્ કરાવે,તે “પુષ્ટિ” કહેવાય છે.તે પ્રકારે, જે જીવનો ભગવાને જે માર્ગમાં અંગીકાર કર્યો હોય તે જીવને તે માર્ગમાં પ્રેરીને તેને ફલ ભગવાન્ દે છે.આમ,સઘળું વ્યવસ્થિત છે. આમ,માર્ગભેદથી જ,ભગવાને જેમનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યો છે. તેમને જ્ઞાનાદિની અપેક્ષા રહેતી નથી.જેમનો મર્યાદામાં અંગીકાર હોય તેવાઓને જ્ઞાનાદિની જરૂર રહે છે,તે યોગ્ય છે.આ આશય છે. મર્યાદામાં અંગીકાર હોય તેવા જીવોને મોક્ષેચ્છાથી જ શ્રવણાદિમાં પ્રવૃત્તિ થાય છે, મોક્ષદાતા-રૂપે ભગવાનમાં પ્રેમ પણ હોય છે;પણ તે નિરુપધિ નથી હોતો. આ સાધનમાર્ગની ભક્તિ તો ભક્તની અનિચ્છાએ પણ છેવટે તેને ભગવાનમાં સાયુજ્ય-મોક્ષ આપી દે છે.આમાં શ્રવણાદિથી પાપ દૂર થતાં પ્રેમ ઉત્પન્ન થાય છે,પછી તેથી મુક્તિ મળે છે.પુષ્ટિમાર્ગમાં અંગીકાર હોય તો, તે અનુગ્રહથી સાધ્ય હોવાથી,તેમાં પાપ વગેરે પ્રતિબંધ કરતાં નથી,તેથી શ્રવણાદિ-રૂપા અને પ્રેમ-રૂપા, ભક્તિ એકસાથે કે પૌર્વાપર્યથી કે વિપરીતરીતે પણ થાય છે જ.આમાં શ્રવણાદિક પણ ફલરૂપ જ છે. સ્નેહથી આ શ્રવણાદિ કરાતાં હોવાથી તે વિધિના વિષયરૂપ (શાસ્ત્રોક્ત) નથી.અનુગ્રહ જ બધાં પાપ-પ્રતિબંધોને બાળી નાખે છે.

“ભક્તિહંસ”-ગ્રંથમાં ભક્તિપ્રકારઃ

“ભક્તિહંસ”-ગ્રંથમાં પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ ભક્તિ-સ્વરૂપને જુદાં પાડીને,નીર-ક્ષીર-ન્યાયે,ઓળખાવ્યાં છે.ભગવાન્ સર્વના સ્વામી છે.સર્વ આ ભગવાનને ભજે તે યોગ્ય છે.આ ભજન શ્રવણાદિ-રૂપ છે. ભગવત્પ્રાપ્તિ માટે અતિ-આતુરતા થતાં,નિત્યનાં સાધન છૂટી જાય,શાસ્ત્ર-ગુરુનું ઉલ્લંઘન પણ થઈ જાય,છતાં પણ ફલમાં વિલંબ કે નિષ્ફલતા થતાં નથી!ભગવદ્ધર્મમાં કાયા-વાણી-મનથી તદીયતા થતાં ક્યાંય પતન-સ્ખલન થતું નથી.ભગવત્સ્વરૂપ સિવાયનાં ફલ હોય તેવાં જ્ઞાન-કર્મ ભક્તિ-રૂપ નથી.ભક્તિમાં ભગવત્સ્વરૂપ સિવાય બીજું કાંઈ ફલ નથી, સ્વરૂપ-સંબંધથી જ ફલ-રૂપતા છે.શ્રવણાદિ નવ સાધનો પણ અધિકારિ-

ભેદથી કરાતાં,કર્મ-જ્ઞાન-ઉપાસના-ભક્તિ-માર્ગીયતાથી,અનેક પ્રકારે થાય છે.

૧. શ્રીભાગવત-વગેરેમાં શ્રવણ-કીર્તનના ફલરૂપે ચારે પુરુષાર્થો(ધર્મ-અર્થ-કામ-મોક્ષ)કહેલા દેખાય છે.તેમાં ધર્મ-અર્થ-કામની લાલસાથી કરેલાં શ્રવણાદિ **કર્મમાર્ગીય** જ છે.ધર્મ વગર અર્થ અને કામ-પ્રાપ્તિની ઈચ્છાથી શાસ્ત્રોક્તરીતે કરાતાં શ્રવણાદિ પણ **કર્મમાર્ગીય** છે.આજીવિકાના પ્રયોજનથી કરાતાં શ્રવણાદિ તો ખેતી જેવાં લૌકિક છે,શૌચમાં ગંગાજલના ઉપયોગ જેવી સ્થિતિ છે.તેનાથી મલની નિવૃત્તિ સિવાય કોઈ ધર્મ થતો નથી.ઉલટું નિષિદ્ધાચરણથી પાપ થાય છે.સાંગકર્મ યથાવિધિ કરવાથી ફલ થાય છે,ગમે તેમ કરવાથી નહિ.

૨. સંન્યાસમાં જ્ઞાનોદયમાં કારણરૂપ ચિત્તશુદ્ધિના ઉદ્દેશથી થતાં શ્રવણાદિ **જ્ઞાન-માર્ગીય** છે.

૩. સાક્ષાત્ મોક્ષના સાધનરૂપે તાન્ત્રિક-દીક્ષાપૂર્વક શાસ્ત્રોક્ત થતાં શ્રવણાદિ **ઉપાસના-માર્ગીય** છે.

૪. ભક્તિમાર્ગીય ભક્તે કરેલાં ભક્તિ-સંપ્રદાયની દીક્ષાપૂર્વકનાં મોક્ષના સાધનરૂપે થતાં શ્રવણાદિ **પ્રવાહ-ભક્તિ-રૂપ** છે.

૫. પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપે કરાતાં શ્રવણાદિ **મર્યાદા-ભક્તિ-રૂપ** છે.

૬. ભગવાનમાં સ્નેહ થયા પછી,પોતાના વ્યસનથી સ્વતંત્ર પુરુષાર્થ-રૂપે કરાતાં શ્રવણાદિ ઉત્તમ-**પુષ્ટિ-ભક્તિ-રૂપ** છે.

"ભક્તિ"-શબ્દનો મુખ્ય અર્થ સ્નેહ છે.નિરપેક્ષતા-પૂર્વકનાં શ્રવણ-કીર્તન-વગેરે ભક્તિમાં કારણ-રૂપ થતાં હોવાથી "ભક્તિ"-શબ્દ તેમને લગાડીને "શ્રવણ ભક્તિ"-વગેરે કહેવાય છે.તેમાં "ભક્તિ"-શબ્દ ગૌણ છે.નવેનું સામાન્ય સ્વરૂપ,-

૧.**શ્રવણ**-ભગવદ્વાચક પદવાક્યોનો ભગવાનમાં જ તાત્પર્ય-નિર્ધાર.
૨.**કીર્તન**-શ્રવણથી કરેલા તાત્પર્ય-નિર્ધાર-પૂર્વક ઉચ્ચારણ.
૩.**સ્મરણ**-શ્રવણ-કીર્તનાનુરૂપ ભગવત્સ્વરૂપનું ચિંતન.
૪.**પાદસેવન**-પરિચર્યા.ચરણ-સેવા.

૫.**અર્ચન**-પૂજન.
૬.**વન્દન**-કાયા-વાણી-મનથી નમવું.
૭.**દાસ્ય**-કર્મનું ભગવાનને અર્પણ.(કપટ વગર પ્રભુને સુખ થાય તેમ કરવું.)
૮.**સખ્ય**-તેમનાં વિશ્વાસ વગેરે(સમાનતાના ભાવે પ્રભુસુખ માટેનો વ્યવહાર.)
૯.**આત્મનિવેદન**-દેહસમર્પણ,જેમ વેચી દીધેલા પશુઓના ભરણ-પોષણની ચિંતા નથી કરતા,તેમ દેહ ભગવાનને સમર્પીને તેની ચિંતા ન કરવી.(પોતાનું સઘળું ભગવાનના ઉપયોગ-યોગ્ય કરવું).પહેલી છ ભક્તિ કદાચ જીવ કરી શકે,છેલ્લી ત્રણ તો પ્રભુ પ્રદાન કરે તો જ સંભવે છે.ભક્તિમાર્ગીય ભજન-પ્રકારોમાં સ્નેહ જ નિયામક છે,-સ્નેહવાળાઓનો! -કર્મમાં જેમ વિધિ નિયામક છે તેમ!જેમને સ્નેહ નથી થયો,તેમણે સંપ્રદાય-પરંપરા-શ્રીમહાપ્રભુજીની આજ્ઞા-પ્રમાણે કરવું.તે પણ ભક્તિ-રૂપ છે. સંધ્યાવિધિ ન જાણતો,બ્રાહ્મણનો જનોઈવાળો બાલક,પિતા-વગેરે શિખવે તેમ સંધ્યાદિ કરે તે યુક્ત જ છે,કર્મ જ છે;તેમ, ભક્તિના ઉપદેશ-પ્રમાણે આચરણનું પણ તે ભક્તિમાર્ગીય હોવાથી, ભક્તિપણું જ ગણાય.આમ અનુસરનારને પણ આગળ ઉપર ભક્તિ અવશ્ય થાય છે.આધુનિક ઉપદેશકોમાં પણ સ્નેહ ન હોવા છતાં પણ તેમના મૂલભૂત પ્રાચીન આચાર્યો તો સ્નેહયુક્ત હોવાથી તેમના અનુગ્રહથી સર્વ યુક્ત છે.પોતાના સંપ્રદાયમાં પ્રવૃત્ત જીવોનાં સાનુકૂલ સાધનો ન હોવા છતાં પણ સાક્ષાદ્-અનુગૃહીતો પરના પક્ષપાતથી તેમના સંબંધીઓ પર પણ ભગવાન્ અનુગ્રહ કરે છે.દેહાભિમાન હોય ત્યાં સુધી તો વર્ણાશ્રમ-ધર્મો સ્વધર્મ છે,ભગવદ્ધર્મો પર ધર્મ છે.દેહાભિમાન નિવૃત્ત થતાં,દાસત્વાદિ સ્નેહ મુખ્યતામાં,ભગવદ્ધર્મો સ્વધર્મ છે,વર્ણાશ્રમધર્મો પરધર્મ છે.

"**श्रुतिस्मृती ममैवाज्ञे यस्ते उल्लंघ्य वर्तते । आज्ञाच्छेदी मम द्वेषी मद्भक्तोऽपि न वैष्णवः ॥**"-શ્રુતિ-સ્મૃતિ બંને મારી(ભગવાનની)આજ્ઞાઓ છે,જે તે બેનું ઉલ્લંઘન કરીને વર્તે છે,તે આજ્ઞા-તોડનાર મારો દ્વેષી છે,તે મારો ભક્ત

હોવા છતાં પણ વૈષ્ણવ નથી.આ આજ્ઞાનું અનુસંધાન ઉપદેશકો અને અનુસરનારાઓને આવશ્યક છે.આમ,સદાચારના નાશનો સંભવ રહેતો નથી.આ વિવેકપૂર્વક સંપ્રદાય-વિધિને અનુસરવું.શાસ્ત્રોક્ત પ્રાપ્ત થતાં કર્મ પણ સંપ્રદાય-મર્યાદા-પૂર્વક કરવાં જોઈએ.ભગવદિચ્છા જાણીને યથાયોગ્ય કરવું.ભગવાનમાં પ્રેમ થાય તે ફલરૂપ છે.તે જીવકૃતિ કે જીવ-સાધનથી સાધ્ય નથી;તે પ્રભુનું પ્રદાન છે.ફલરૂપ સ્નેહાત્મિકા ભક્તિ અને સાધનરૂપા શ્રવણાદિ-ભક્તિ કરવી આવશ્યક છે.જીવનનું બલ અને ફલ તેનાથી સુલભ થાય છે.

(૫)नुमस्तदीयॉश्चः

તેમના(શ્રીકૃષ્ણના)સંબંધવાળા અનન્ય ભક્તોને અમે સ્તવીએ છીએ!: ભગવાનનાં ચરિતના શ્રવણનું ફલ તો ભગવદીય-ચરિતનું શ્રવણ છે!

ભગવદીયોનું ચરિત શ્રવણીય છે.નિરાશ્રય(સ્વતંત્ર ભગવાનનું) ચરિત આશ્રય સંપાદન કરતું નથી,સ્થિર થતું નથી.મહાપ્રયત્ને પણ સાંભળેલું ભગવાનનું ચરિત(સ્વતંત્ર)-અસ્થિર હોવાથી ફલમાં પરિણામ પામતું નથી,તેથી ભગવદીયોનું ચરિત્ર સાંભળવું જરૂરી છે.ભગવદાશ્રય-ભગવદીયતા તેનાથી સિદ્ધ થાય છે.

श्रुतस्य पुंसां सुचिरश्रमस्य नन्वञ्जसा सूरिभिरीडितोऽर्थः ।
तत्तद्गुणानुश्रवणं मुकुन्दपादारविन्दं हृदयेषु येषाम् ॥
-श्रीभागवतम्(३-१३-४)

આમાં તો અનુભવ પ્રમાણ છે.તે “**ननु**”થી સૂચવ્યું છે,-“અહો!” ભગવાનના ગુણોના ખૂબ શ્રમપૂર્વક કરેલા શ્રવણનું વિદ્વાનો વડે સંપૂર્ણ રીતે પ્રશંસા કરાએલું પ્રયોજન(ફલ),જેમના હૃદયમાં(મોક્ષદાતા કે મોક્ષનું ખંડન કરીને સ્વરૂપાનન્દ દેનારા)મુકુન્દ ભગવાનનું ચરણકમલ (વિરાજે)છે,તે તે ભક્તોના ગુણોનું અનુશ્રવણ છે.ભગવાનના ગુણોના શ્રવણનું ફલ છે,-ભગવદીયોના ગુણોનું શ્રવણ!બુદ્ધિને નિર્મલ કરવાના હેતુથી અધ્યયન વગેરેથી જે કોઈ પદાર્થ સાંભળ્યો છે તેનું ફલ,આગળની વાર્તાથી નિર્મલ બુદ્ધિ છે,જેનાથી ભગવાનના ગુણો બુદ્ધિમાં સ્થિર થાય.

અધ્યયન-રૂપ છે,-પ્રાથમિક ભગવદ્વાર્તા!તેનાથી બુદ્ધિ નિર્મલ થાય છે. વેદાદિના અધ્યયન-વગેરેથી ઉત્પન્ન થયેલી પ્રૌઢ-(પુષ્કળ)બુદ્ધિ ભગવાનના અનેક ગુણોના ગ્રહણ માટે છે.ખૂબ શ્રમથી કરેલા શ્રવણનું શબ્દ-નિશ્ચયજનકત્વ પણ ભગવાન્ માટે જ છે.ભગવાનના સાંભળેલા ગુણો સ્થિર ફલમાં પરિણામ પામનારા થાય તે શોધવામાં આવે છે.તેમાં સ્થિરતા ભગવદીય-ચરિત્રને કારણે છે.તેમાં,પહેલેથી સાંભળેલું ભગવાનનું ચરિત્ર પોતાની સ્થિતિમાટે ભગવદીયોના ચરિત્ર-શ્રવણમાં રુચિને ઉત્પન્ન કરે છે.આથી,ભગવચ્ચરિત્રનું પણ ફલ તો ભગવદીય-ચરિત્રનું શ્રવણ છે!વિદ્વાનો સાધનાધીન હોવાથી સાધનની સ્તુતિ કરે છે, ફલની નહિ!જે જે ભગવદ્ભક્ત-સંબંધી ગુણથી ભગવાનનું ચરણકમલ તેમના હૃદયમાં વિરાજે છે,તે ભગવાનના ચરણનું સ્થાપન કરનાર ભગવદીયનિષ્ઠ ગુણ શ્રવણનું ફલ છે.પહેલાં સાંભળેલું ભગવાનનાં (ગુણ)ચરિત્રનું ફલ તે તે ભક્તોના ગુણોનું અનુશ્રવણ છે.ગુણો તો સજાતીય છે,તેથી વિરોધ નથી.ભગવત્સંબંધી ગુણો જ ભક્તોમાં રહેલા,તેવા બને છે,તેથી વિરોધ નથી.ફલ-રૂપો ગુણોના નિરૂપણથી બીજા ગુણોના ઉદ્ભાવનથી દૂષણ નથી.આથી,ભગવાનના ચરણકમલનું સ્થાપન કરનારા ગુણો શ્રવણ કરવા જરૂરી છે,તેથી ભગવદીય-ચરિત્ર સાંભળવાં જરૂરી છે.

ભગવાન્,ભગવાનની ભક્તિ અને ભગવાનની કથા સ્વતંત્ર છે.ભગવાનના ભક્તોને તો ભગવાનનો આશ્રય હોય છે,ભગવાનના ભક્તોની કથા પણ ભગવાનના આશ્રયવાળી હોય છે.તે કહેનાર અને સાંભળનાર બંનેને ભગવાનનો આશ્રય સિદ્ધ કરી આપે છે.આ કારણથી તો પ્રાયઃ સર્વત્ર વૈષ્ણવ-મંડલીઓમાં ૮૪-૨૫૨-વૈષ્ણવોની વાર્તાઓ નિયમ-પૂર્વક વંચાય છે.શ્રીભાગવતજીમાં પણ ભગવદીયોની(ભગવાનના ભક્તોની)કથાથી ભગવાનની કથા છે.ભગવાનની કથાથી ભક્તોની કથામાં રુચિ થાય છે.ભક્તોની કથા સાંભળવી,તે તો ભગવાનની કથાનું પણ ફલ છે.પ્રાચીન પ્રસંગ છે.શ્રીગોકુલનાથજી પોતાના શિષ્યો-સેવકોને પોતાના શાસ્ત્રની વાતો સમજાવતા,ભક્તિમાર્ગ શાસ્ત્ર તો,-શ્રીભાગવત!

તેના ગૂઢાર્થ સમજાય માટે તે શ્રીસુબોધિનીજીની કથા કરે.પ્રાચીન-પરંપરા તો આવી દેખાય છે.શ્રીવલ્લભાચાર્યજી-શ્રીગુસાંઈજી-શ્રીગોકુલનાથજી-શ્રીહરિરાયજી-વગેરે નિત્ય નિયમિત શ્રીસુબોધિની-કથા સ્વસેવકોને સંભળાવતા હતા.હવે તો આ પ્રથા પ્રાયઃ લુપ્ત થઈ ગઈ છે! ગુરુ દ્વારા નિત્ય સ્વગ્રંથ-કથા-શ્રવણથી સેવકો સ્વમાર્ગમાં સન્નિષ્ઠ થતા હતા.આજે તેના અભાવમાં નિષ્ઠા ખોવાઈ-ખોરવાઈ-ખોટકાઈ ગઈ લાગે છે!ભાવના તરંગો ઉમડતા ક્યાંક દેખાય છે,નહિ તો પ્રાયઃ પરસ્પર સ્વાર્થના સંબંધો દેખાય છે. "**महता बाधकेनाप्यचालनं निष्ठा ।**"-**श्रीसुबोधिनी** મોટી મુશ્કેલીમાં-પ્રબલ પ્રતિકૂલતામાં-પણ ચલિત ન થવાય તે નિષ્ઠા!શ્રીગોકુલનાથજીની શ્રીસુબોધિની કથામાં પ્રસંગવશાત્ એક વખત ભગવાનના ભક્તોની કથા ચાલી,વૈષ્ણવોની વાત થઈ.ભક્તોના ભાવપ્રચુર પ્રસંગોમાં સૌ રસમગ્ન થઈ ગયા.મોડી રાત થઈ ગઈ.પ્રસંગ પૂરો થતાં ગુરુએ વાતો બંધ કરી.કોઈ શ્રોતાએ કહ્યું,-"મહારાજ! આજે સુબોધિનીની કથા ન કરી?!"હસીને ગુરુ બોલ્યા,-"કથાનું ફલ તો કહી દીધું!"ભક્તો-વૈષ્ણવોની વાતો તો ભગવાનની કથાનું ફલ છે.

શ્રીભાગવત-શાસ્ત્ર સિદ્ધાન્ત દે છે,વૈષ્ણવ-વાર્તાઓ તેના દૃષ્ટાંતરૂપ છે :

આ પ્રસંગમાંથી ઘણાએ કુતર્ક શોધી કાઢ્યો,-ભક્તોની વાતો ભગવાનની કથાનું ફલ છે,પછી ભક્તોની વાતો વાંચી લેવી,ભગવાનની કથાની જરૂર શી ?"- પણ વિચાર તો ન કર્યો કે,બીજા દિવસથી શ્રીગોકુલનાથજીએ શ્રીસુબોધિનીજીની કથા કરેલી કે ભક્તોની વાર્તાઓ? શ્રીગોકુલનાથજીએ ભક્તોની વાતો તો પ્રાસંગિક કરેલી,નિત્ય તો શ્રીસુબોધિનીજીની જ કથા કરેલી.ભક્તોની કથામાં રુચિ કરાવનારી તો ભગવાનની કથા છે. ભક્તોની કથાના આધારે પણ છેવટે કથા તો ભગવાનની જ થાય છે.ચોરાસી-બસોબાવન-વૈષ્ણવોની વાર્તાથી શ્રીસુબોધિની નિરર્થક નથી થઈ જતાં.શ્રીહરિરાયજીએ વાર્તાઓ પર"ભાવપ્રકાશ"લખવા છતાં સ્પષ્ટ કહ્યું છે,-

नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुबोधिनी ।
नाराधि राधिकानाथो वृथा तज्जन्म भूतले ॥
-जन्मवैफल्यनिरुपणाष्टकम्(१)

જેણે શ્રીવલ્લભાધીશનો આશ્રય ન કર્યો હોય,જેણે શ્રીસુબોધિનીજીનાં દર્શન(વિચાર)ન કર્યાં હોય,જેણે રાધિકાનાથ(વ્રજાધિપ)નું આરાધન ન કર્યું હોય,તેનો ભૂતલે જન્મ વ્યર્થ છે.ત્રણ વાત તેમાં ક્રમશઃ સ્પષ્ટ કહી છે,-પહેલાં શ્રીમહાપ્રભુજીનો આશ્રય,પછી બીજું શ્રીસુબોધિનીજીનું સેવન, પછી ત્રીજું વ્રજાધિપનું આરાધન! શ્રીહરિરાયજીને તો શ્રીગોકુલનાથજીનું બ્રહ્મસંબંધ છે. ૮૪-૨૫૨-વૈષ્ણવવાર્તાઓ શ્રીગોકુલનાથજીએ પ્રકટ કરી છે. શ્રીહરિરાયજીએ તેનો"ભાવપ્રકાશ" લખ્યો છે;આમ છતાં,અહીં શ્રીસુબોધિનીજીના સેવન વગર જીવનની નિષ્ફલતા કહી છે,ભક્તોની વાર્તાઓ વગર નહિ!કેરી મળે તો માણવાની,પણ આંબાની માવજત તો કરવાની!બંને તેમના સ્થાનમાં ઉત્તમ છે,-વૈષ્ણવો માટે હિતકારક છે.શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ અને શ્રીસુબોધિનીજી દ્વારા શ્રીભાગવતજીના ગૂઢાર્થોનું પ્રકાશન તો શ્રીમહાપ્રભુજીના અવતારનું મુખ્ય પ્રયોજન છે.આ શ્રીભાગવતના ગૂઢાર્થ-પ્રકાશન દ્વારા દૈવીજીવોનો ઉદ્ધાર શ્રીમહાપ્રભુજીએ વિચાર્યો છે. "**शास्त्रमवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः ।**"-**शास्त्रार्थप्रकरणप्रकाशः** (४) શ્રીભાગવત શાસ્ત્ર(નિબંધ-સુબોધિની વગેરે)સરખી રીતે સમજીને મન-વાણી-દેહથી કૃષ્ણને સેવવા જરૂરી છે.આ મહાપ્રભુજીની આજ્ઞા છે.વાર્તાઓને ઓથે શ્રીભાગવત-સુબોધિનીને ટાળી ન દેવાય. શાસ્ત્રગ્રંથો પાયો છે, ભક્તવાર્તાઓ ઉપરનું મકાન છે.મકાનમાં રહેવાય,પણ પાયા વગર મકાન ટકે પણ નહિ,-સ્થિર રહે નહિ!પહેલાં પાયો થાય,પછી મકાન બંધાય,-તેમ પહેલાં શ્રીભાગવત-શાસ્ત્ર સમજાય,પછી ભક્ત વાર્તાઓ યથાર્થ સમજાય.(શ્રીભાગવત)શાસ્ત્ર ભક્તિ-સિદ્ધાન્ત દે છે,વૈષ્ણવવાર્તાઓ તેનાં દૃષ્ટાંત-રૂપ છે.

ભક્તોનો સ્વરૂપભેદઃ-વૈષ્ણવ-ભગવદીય-તદીય-તાદૃશી-ભક્ત :

ભક્તોનું મહત્ત્વ તો બધા જ ભક્તિ-સંપ્રદાયોએ સ્વીકારેલું છે.શ્રીરામાનુજ મતમાં તેમના ભક્તો-"આલવારો"પ્રસિદ્ધ છે.તેમનાં ભજનો વેદાન્તવત્ પ્રમાણ-રૂપ મનાય છે.શ્રીવાલ્લભ-મતમાં,ભક્તો-"વૈષ્ણવો"પ્રસિદ્ધ છે,તેમ!અષ્ટસખાઓનાં કીર્તનો દ્વિતીય-વેદાન્ત જેવાં

પ્રમાણરૂપ મનાય છે.આ બધા ભક્તો તો પોતપોતાના ભક્તિમાર્ગનાં જીવતાં-જાગતાં ઉદાત્ત સિદ્ધાંત-દૃષ્ટાન્તો છે.શ્રીનાભાજી(નારાયણદાસજી) નો ગ્રંથ"ભક્તમાલ" પણ પ્રસિદ્ધ છે.ભગવદ્દ્ભક્તોને તેમની ગરિમા છે,-મહત્ત્વ છે.પોતાના ભક્તિબલથી તેઓ ભગવાનની જેમ લોક-વેદથી પર સ્વૈર-વિહાર પણ કરી દે છે!-કોઈ બંધન તેમને થતું નથી.ભક્તોની પોતાની વિલક્ષણતા હોય છે.ભક્તોના સ્વરૂપ-ભેદ પણ હોય છે. શ્રીહરિરાયજીએ **"भक्तानां स्वरूपभेदनिरूपणम्"** ગ્રંથમાં તેની સ્પષ્ટતા કરેલી છે.

वैष्णवा भगवदीयास्तदीयास्तादृशास्तथा ।
भक्ताश्चेति गुणैर्ज्ञेया पुरुषार्थादिभेदतः ॥
-(૧)

વૈષ્ણવો,ભગવદીયો,તદીયો,તાદશી અને ભક્તો-એ ગુણોથી-પુરુષાર્થાદિના ભેદથી જાણવા.૧. **વૈષ્ણવઃ** સાંપ્રદાયિક-દીક્ષા-યુક્ત હોય કે દીક્ષા વગરના હોવા છતાં વ્રત-વેશ-વગેરે ધારણ કરેલાં હોય અને સર્વત્ર સંમત(માન્ય)હોય.તેઓને વૈષ્ણવ કહેલા છે. ૨. **ભગવદીયઃ** સાંપ્રદાયિક દીક્ષાવાળા હોય,ભગવદ્ધર્મોને જાણતા હોય.સેવા કરવામાં ઉત્સુક હોય,માત્ર પ્રેમમાં જ પરાયણ હોય,તેમને ભગવદીય કહેલા છે. ૩. **તદીયઃ** ભગવદ્ધર્મયુક્ત હોય,માત્ર ભક્તિમાં જ પરાયણ હોય, ભગવદ્ધર્મ અને ભક્તિ કે યુગલ-સ્વરૂપના સેવનમાં મુખ્ય હોય,તેમને તદીય કહેલા છે. ૪. **તાદશીઃ** ભગવાનનો જેવો ભાવ(કે સ્વરૂપ)છે તે જાણીને પોતે ઉત્સુક મનવાળા,સ્વયં આસક્તિથી નિત્ય સેવન કરનારા તાદશી છે. ૫. **ભક્તઃ** ભગવાનના અંશરૂપ હોવાથી પ્રભુના રસમાં આસક્ત હોય,માત્ર રસનું પોષણ કરનારા હોય, તેમને ભક્તો કહેલા છે.તેમના બે પ્રકાર છે,- ૧. બાહ્ય,૨. આંતર.ધર્મ-અર્થ-કામ-મોક્ષ-ભક્તિ એ પાંચ પુરુષાર્થ છે.તેના ભેદથી ફલભેદ છે.

શ્રીભાગવતમાં પણ ભાગવત-મહાભાગવત-પરમભાગવત-ભાગવતપ્રધાન-ભાગવતપ્રવર-ભાગવતમુખ્ય- છે!:

यस्तु भगवदीयो भूत्वा भगवदीयमेव देहादिभिः करोति,जानाति,स भागवतः। यस्तु सर्वदैव तथा विद्यः स महाभागवतः ॥-श्रीसुबोधिनीजी(३-४-४७)જે ભગવદીય(ભગવત્સંબંધી)થઈને દેહ વગેરેથી ભગવદીય જ (કાર્ય)કરે છે,તે ભાગવત છે.જે સર્વદા જ તેવા પ્રકારનો છે,તે મહાભાગવત છે.**भगवद्भक्तानामपि कृतार्थकरण-सामर्थ्यात् महाभागवतत्त्वम् ॥-श्रीसुबोधिनीजी(३-४-९)** ભગવદ્દ્ભક્તોને પણ કૃતાર્થ કરવાના સામર્થ્યથી મહાભાગવતપણું છે.**"स वै महाभागवतो"-श्रीभागवतम्(३-१४-४७)**માં પ્રહ્લાદજીને મહાભાગવત કહેલા છે. તે નિશ્ચિતપણે મહાભાગવત-મહાત્મારમહાનુભાવ, કીર્તિવાળાઓમાં કીર્તિવાળા પ્રહ્લાદજી વિદેહ કૈવલ્યને પ્રાપ્ત કરશે.**"येऽन्योन्यत भागवताः प्रसज्य--।"—श्रीभागवतम्(३-२५-३४)** ભાગવતો પરસ્પર આસક્તિ કરીને ભગવાનના પૌરુષની પ્રસંશા કરે છે.**"भरतस्तु महाभागवतो--।"-श्रीभागवतम्(५-७-१)**ભરત તો મહાભાગવત. **"कविर्हरिरन्तरिक्षः प्रबुद्धः पिप्पलायनः ।आविर्होत्रोऽथ द्रुमिलश्चमसः करभाजनः ॥ इति भागवतधर्मदर्शना नव महाभागवताः --।"-श्रीभागवतम्(५-४-११)** કવિ-હરિ-અંતરિક્ષ-પ્રબુદ્ધ-પિપ્પલાયન-આવિર્હોત્ર-દ્રુમિલ-ચમસ-કરભાજન-આ નવ ઋષભદેવજી ના પુત્રો ભાગવતધર્મદર્શનવાળા મહાભાગવતો છે. **"व्याहर्तुभारमत भागवतप्रधानः।"-श्रीभागवतम्(१०-१-१४)** ભાગવતપ્રધાન શ્રીશુકદેવજીએ કૃષ્ણચરિત કહેવાનો પ્રારંભ કર્યો.ભાગવતો જેમને મુખ્ય છે તેવા શ્રીશુકદેવજી છે. **"भवन्ति वै भागवतस्य राजन्--।"-श्रीभागवतम्(११-२-४३)** ભગવાના ચરણને ભજતાં ભાગવતને ભક્તિ-વૈરાગ્ય-જ્ઞાન પ્રાપ્ત થાય છે,પછી સાક્ષાત્ પરમ શાન્તિને પ્રાપ્ત થાય છે. **"स भवति भागवतप्रधान उक्तः--।"-श्रीभागवतम्(११-२-५५)** પાપપુંજના નાશક ભગવાન્ પ્રણય-રશનાથી બંધાએલા ચરણકમલવાળા,જેના હૃદયને છોડતા નથી,તે ભાગવતપ્રધાન-ભાગવતો માં મુખ્ય-છે.**"देवर्षिरुपसंगम्य भागवतप्रवरो नृपः ।"-श्रीभागवतम्(१०-३७-१०)** નારદજીને અહીં ભાગવત-પ્રવર કહેલા છે. **"एवं यदुपतिं कृष्णं भागवतप्रवरो मुनिः।"-श्रीभागवतम्(१०-३७-२५)** અહીં પણ નારદજીને ભાગવત-પ્રવર કહેલા છે. **"भागवतमुख्येन दाशार्हमुख्यः ।"-श्रीभागवतम्(११-२३-१)** –અહીં ઉદ્ધવજીને ભાગવત-મુખ્ય

કહેલા છે. “**भागवतमुख्यो भगवन्नारदो हंसयोर्गतिम् ।**”-**श्रीभागवतम्**(૪-૨૯-૮૦) અહીં નારદજીને ભાગવત-મુખ્ય કહેલા છે.

બાર મર્યાદા ભાગવતધર્મજ્ઞોઃ પરમભાગવતોઃ પ્રારંભનો “च”કારઃ

स्वयम्भूर्नारदः शम्भुः कुमारः कपिलो मनुः ।
प्रह्लादो जनको भीष्मो बलिर्वैयासकिर्वयम् ॥
द्वादशैते विजानीमो धर्मं भागवतं भटाः ।
गुह्यं विशुद्धं दुर्बोधं यं ज्ञात्वाऽमृतमश्नुते ॥
-श्रीभागवतम्(६-३-२०,२१)

યમરાજાએ પોતાના દૂતોને ભગવન્મહિમા સમજાવતાં આ કહ્યું છે.બ્રહ્મા-નારદ-શિવજી-સનત્કુમાર-કપિલ-મનુ-પ્રહ્લાદ-જનક-ભીષ્મ-બલિ-શુકદેવજી-યમરાજા-આ બાર અમે ભાગવત-ધર્મને જાણીએ છીએ.હે સૈનિકો! તે ગૂઢ-વિશુદ્ધ-દુર્બોધ છે,જેને જાણીને અમૃત-મોક્ષને માનવ માણે છે. પ્રારંભના શ્લોકનો “च”મર્યાદાભક્તોનો સૂચક છે.

प्रह्लाद-नारद-पराशर-पुण्डरीक-
व्यासाम्बरीष-शुकशौनक-भीष्म-दाल्भ्यान् ।
रुक्मांगदार्जुन-वशिष्ठ-विभीषणादीन्
पुण्यानिमान् परमभागवतान् स्मरामि ॥

આ પ્રસિદ્ધ પદ્ય છે.પ્રહ્લાદ-નારદ-પરાશર-પુંડરીક-વ્યાસજી-અમ્બરીષ-શ્રીશુક-શૌનક-ભીષ્મ-દાલ્ભ્ય ઋષિ-અર્જુન-વશિષ્ઠ-વિભીષણ-વગેરે આ પુણ્યપુરુષોને-પરમભાગવતોને-સ્મરું છું.
આ બધા મર્યાદા-ભક્તિમાર્ગીય ધર્મજ્ઞો-પરમભાગવતો છે.

પુષ્ટિભક્તિમાર્ગીય પરમ ભાગવતોઃ

“**व्रजवासी मेरे जीवनप्राण ।**”-દાનલીલામાં ભગવાન્ વ્રજાધિપે વ્રજવાસીઓને પોતાના જીવન-પ્રાણ-રૂપ કહ્યા છે. “**व्रज तज अनत न जाऊँ हों मोहे बाबा नन्दनकी आन ।**” નન્દબાબાના શપથ-પૂર્વક કહું છું,-હું વ્રજ છોડીને બીજે ક્યાંય જતો નથી.પુષ્ટિપુરુષોત્તમે પ્રેમ-નિયંત્રણ સ્વીકારી લીધું છે,-સ્વેચ્છાથી!“**जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।**”-**श्रीभागवतम्**(१०-३१-१) આપના જન્મથી વ્રજનો વિશેષ ઉત્કર્ષ થાય છે.ઈન્દિરા-વૈકુંઠનાં મહારાણી તો અહી દાસી-માલણ-બનીને હમેશાં સેવા કરતાં વિહરે છે! “**वृन्दावनं परित्यज्य पादमेकं न गच्छति ।**” -પ્રભુનું આ વચન પ્રસિદ્ધ છે,-વૃન્દાવન છોડીને હું એક પગલું પણ બહાર-બીજે જતો નથી.પ્રભુ પધારે તેમની પાછળ તદનુરૂપ સેવા માટે પતિવ્રતા લક્ષ્મીજી પણ પધારે છે.આ વ્રજભક્તો તો ભગવદ્રૂપ છે.લીલા માટે જ સ્વરૂપનો જુદો જુદો અનુભવ-ભેદ કરાવે છે.રસાત્મક ભગવાનનો આ રસાત્મક લીલા પરિકર છે.રસાત્મક લીલામાં સૌ રસમગ્ન રહે છે. લીલાસ્થ ભગવાન્ અને ભક્તોમાં ભેદ ન હોવા છતાં આનંદ-ઐશ્વર્ય-વગેરે મુખ્ય ભગવત્સ્વરૂપમાં પ્રકટ હોય છે.ભક્તોમાં તે ધર્મોનો લીલાનુરૂપ આવિર્ભાવ-તિરોભાવ થાય છે.આ બધાં ભગવદ્રૂપ પરમ ભાગવતો છે, પુષ્ટિભક્તિમાર્ગીય છે.જેનાં જન્મ-સ્થિતિ-લય પણ ભગવલ્લીલા-ભગવત્સેવા માટે જ છે.જેમાં દેહ-ઈન્દ્રિય-અંતઃકરણ-પ્રાણાદિ સઘળું ભગવદ્રૂપ છે,ભગવદુપયોગી છે.બધાં વ્રજાધિપ ભગવાનના લીલા-પરિકર-રૂપ છે.

“હરિદાસવર્ય”-શ્રીગિરિરાજજી-શ્રીગોવર્ધનજી :

શ્રીભાગવતમાં ચારને “હરિદાસ” કહેલા છે,-૧. યુધિષ્ઠિરજી,૨. પ્રહ્લાદજી,૩. ઉદ્ધવજી,૪. નારદજી.પોતે પ્રભુની સેવા કરે,સેવાનું સુખ પોતે માણે,- તે હરિદાસ!શ્રીગિરિરાજજી તો “હરિદાસવર્ય” છે. પોતે કરવાની સેવા પણ અન્યને દઈ દે,સેવા-સુખ-લાભ અન્યને પણ માણવા દે તે,-“હરિદાસવર્ય”!

हन्तायमद्रिरबला हरिदासवर्यो
यद्रामकृष्णचरणस्पर्शप्रमोदः ।
मानं करोति सह गोगणयोस्तयोर्यत्
पानीयसूयवसकन्दरकन्दमूलैः ॥
-श्रीभागवतम्(१०-२१-१८)

હન્ત!હે અબલાઓ!આ પર્વત(શ્રીગિરિરાજજી-શ્રીગોવર્ધન)હરિદાસવર્ય છે,જેમને રામ-કૃષ્ણના ચરણસ્પર્શથી પ્રમોદ થાય છે.ભગવદીયોમાં આ જ શ્રેષ્ઠ છે,જે ભક્તિમાર્ગ-રૂપ ચરણના સ્પર્શથી પણ આનન્દનો ઉદ્રેક અનુભવે છે.આ સાત્ત્વિક છે,ગુણાતીત છે.આ ગોવર્ધનજી નિર્ધન છે,છતાં ધન્ય છે!ગાયો-ગોપો સહિત રામ-કૃષ્ણનું માન કરે છે.ગાયો-ગોપો વેદના-મંત્રો-રૂપ છે,-દેવરૂપ છે.ગિરિરાજજી પોતાના ઘરે આવેલા આ સૌનું આતિથ્ય કરે છે.સ્વાગતમાં જલ-સુંદર ઘાસ-ગુફા-કન્દમૂલ આ ચારે સૌને નિવેદન કરે છે.આ હરિદાસવર્ય ગોવર્ધનજીના સંગથી તો સર્વરીતે હીન પુલિન્દીજીઓ ભક્તિપૂર્ણ થઈ ગયાં છે!કોઈ અધિકાર વગરનાંને સર્વોત્તમ સેવાધિકાર શ્રીગિરિરાજજીએ દઈ દીધો!ઉત્થાપન-સમયે જલ-ફલ આરોગાવવાની,પોતાને કરવાની,સેવા પુલિન્દીજીઓને દઈ દીધી! આ“હરિદાસવર્ય” છે.આ શ્રીગિરિરાજજીનાં તો દેહ-ઈન્દ્રિય-બધા પદાર્થો ભગવત્સેવોપયોગી છે.ભક્ત-સહિત ભગવાનની સેવા તે કરે છે. ભગવાનની લીલામાં સેવાનુરૂપ આસન-શૈયા-ભોજન થાળ-નિકુંજ-વગેરે બધાં રૂપે ગિરિરાજજી બની જાય છે,માખણ જેવા કોમલ બની જાય છે.તેમાં વ્રજાધિપ-પ્રભુનાં લીલા-ચિહ્નોનાં દર્શન થાય છે.સિંહાકૃતિ આપનું સ્વરૂપ છે.સુંદર(સ્નાન)શીલાએ મુખારવિન્દ છે,દંડવતી-શીલાએ ચરણ છે.શ્રીગોવર્ધનજી ભગવદ્રૂપ છે,સખા-રૂપ છે,દાસ-રૂપ છે,સખીરૂપ પણ છે.તેઓ કૃપા કરે તો,-ગ્વાલરૂપે,સિંહરૂપે,સફેદ સર્પરૂપે,શસ્ત્રધારી રૂપે,ગાયરૂપે પણ દર્શન દે છે.છ એ ઋતુઓ,વિવિધ ઝરણાં,મંદ-સુરભિ-શીતલ વાયુ,તેમાં નિત્ય લીલાનુરૂપ વિરાજે છે.સર્વરત્ન-ધાતુ-ખચિત-રૂપે પણ ગિરિરાજજી વિરાજે છે.લીલાવિહારો માટે પ્રભુએ તેમને વ્યાપિવૈકુંઠમાંથી પધરાવ્યા છે.સમસ્ત વ્રજભૂમિ ભગવાને વ્યાપિવૈકુંઠમાંથી ભૂતલે પધરાવેલી છે.વૈકુંઠથી પણ અધિક ઉત્કર્ષ આ વ્રજનો છે.

વ્રજભક્તોઃ પુષ્ટિભક્તિમાર્ગનાં ગુરુ શ્રીગોપીજન :

વ્રજ તો વ્યાપક છે.પોતાની લીલા માટે વ્રજાધિપે વ્યાપિવૈકુંઠમાંથી ભૂતલે તે પધરાવ્યું છે.વ્રજમાં તો વૃક્ષે-વૃક્ષે વેણુધારી

અને પત્રે-પત્રે ચતુર્ભુજ વિરાજે છે.વ્રજભૂમિ પ્રફુલ્લ કમલાકાર છે. અહીં બધી ઋતુઓ-કાલ-ફલ-ફુલ-ભગવદિચ્છાથી લીલાનુકૂલ રીતે જ પ્રકટ થાય છે,-સેવા કરે છે.સર્વને વશ કરનારા,સર્વસમર્થ,ભગવાને આ વ્રજમાં તો પોતાની ભૃત્યવશ્યતા-ભક્તવશ્યતા-પ્રકટ કરી છે.અત્યારે દેખાતા સ્થૂલ વ્રજમાં સૂક્ષ્મરીતે લીલા-રૂપ નિત્યવ્રજ વિરાજે છે.

આ વ્રજમાં વ્રજશોભા-રૂપ વ્રજભક્તો વિલસે છે.શ્રુતિયો તથા ઋષિયોનાં તો મર્યાદા સ્વરૂપો છે.તે સર્વજ્ઞતા છોડીને,અજ્ઞતા સ્વીકારીને, ભગવત્કૃપાથી,પુષ્ટિરસાનુભવ માટે,શ્રુતિ-રૂપા અને ઋષિ-રૂપા થઈને અહીં પધાર્યાં છે!વરણીય નટવર-પ્રભુએ વરદાન દઈને મર્યાદાના મૂલ-રૂપ શ્રુતિયો અને ઋષિયોનું વરણ વિશેષ પુષ્ટ કર્યું છે!તે વ્રજમાં શ્રીગોપીજન-રૂપે પધાર્યાં છે.આ અવતારલીલા-કથા છે.નિત્ય-લીલામાં તો નિત્યલીલા-ભક્તોના નિત્યવિહારો છે.અહીં તેમનો આવેશ છે.બ્રહ્માદિને પણ આ વ્રજભક્તો-શ્રીગોપીજનની ચરણરજ દુર્લભ છે!-સાઠ હજાર વર્ષ તપઃ કરવા છતાં મળી નથી!ઉદ્ધવજી જેવા જ્ઞાનિ-ભક્ત આ શ્રીગોપીજનના તાપભાવ અને અંતર્નિષ્ઠાથી નમી પડ્યા છે! -નન્દવ્રજના એક ગોપીજનની એક ચરણરજને વારંવાર વંદન કરે છે!-તાપભાવનો અભિલાષ કરતા થઈ ગયા છે!પુષ્ટિ-ભક્તિમાર્ગમાં **“गोपी प्रेमकी ध्वजा”** છે!સર્વોત્તમ ભક્તિ ભગવાનમાં શ્રીગોપીજનની છે.પુષ્ટિ-પ્રભુ તો છે જ,-“શ્રીગોપીજનવલ્લભ!”પોતાના જીવનવ્યવહારથી સ્વાચારથી શ્રીગોપીજન પુષ્ટિમાર્ગમાં ગુરુ-રૂપ છે.મુનીઓને દુર્લભ પુષ્ટિભક્તિ-પ્રવર્તક આ શ્રીગોપીજન છે. **“कौण्डिन्यो गोपिकाः प्रोक्ताः गुरवः ।”-सन्यासनिर्णय**(૮).અનંત ભગવાનના પ્રાસંગિક તાપભાવથી કૌંડિન્ય ઋષિને પણ ગુરુ ગણાવ્યા છે.શ્રીગોપીજન તો નિત્યસિદ્ધ તાપાદિભાવથી નિત્ય ગુરુ-રૂપ છે. **“मार्गेऽस्मिन् स्वामिन्य एव गुरवः ।”**-આ પુષ્ટિભક્તિમાર્ગમાં તો શ્રીગોપીજન-શ્રીસ્વામિનીજીઓ જ સ્વાચારથી પથપ્રસ્થાપક,માર્ગદર્શક,ગુરુજન-રૂપ છે.કોઈને પણ દીક્ષા દીધા વિના,કંઠી બાંધ્યા વિના,તેમનું જીવન જ પુષ્ટિભક્તિરૂપ છે.તેમનો જીવન-વ્યવહાર-ક્રમ જ પુષ્ટિભક્તિરૂપ બની રહ્યો છે. **“रीत प्रीत**

व्रजजनकी,जनहित जग प्रकटाई ।" શ્રીમહાપ્રભુજીએ દૈવી-સ્વજનહિત માટે જ તેમની રીતિ-પ્રીતિ-જગતમાં પ્રકટ કરી.તે છે-, પુષ્ટિભક્તિમાર્ગ-રૂપ!તેમના અંતઃકરણમાં નિરૂઢ ગોવિન્દભાવની તો ઋષિયો-મુનિયો-ભક્તો-જ્ઞાનીઓ પણ અપેક્ષા રાખે છે,તેમને મળતો તો નથી!આ વેદ-મંત્રો-રૂપ શ્રીગોપીજનના પતિયો-રૂપે તે તે વેદમંત્રની અધિષ્ઠાત્રી-દેવતાઓ ગોપરૂપે અવતરી છે.તેમનો માત્ર આભિમાનિક સંબંધ પતિ-રૂપે છે,તેથી આ શ્રુતિ-રૂપા અન્યપૂર્વા શ્રીગોપીજન સાથે ભગવાનના પરકીયાભાવે વિહારો છે.પ્રભુના પ્રાકટ્ય પહેલાં શ્રુતિરૂપા શ્રીગોપીજનના વિવાહ આ ગોપો સાથે થયેલા છે.તેમનાં પુત્રાદિ પણ અલૌકિક-રીતે ભગવાન્ દ્વારા જ થયેલા છે.અનન્યપૂર્વા-રૂપે કુમારિકાઓ ઋષિરૂપા શ્રીગોપીજન છે.તેમાં વિવાહિતા-ન્યાયે સ્વકીયતા ભાવે ભગવાનના વિહારો છે.વ્રજલીલામાં તો વેદોની ઋચાઓ પણ ભગવાનની ગાયો-રૂપે છે.દિવસભર પ્રભુ તેમને વનમાં ચરાવે છે.તે પ્રભુને વીંટળાઈને રહે છે.રાત્રે શ્રીગોપીજનો વનમાં લીલાવિહારોમાં પ્રભુને વીંટળાઈને રહે છે.સર્વ-વેદ-વેદાન્ત-વેદ્ય શ્રીકૃષ્ણ જ છે.વૈદિક કર્મ પ્રાયઃ દિવસે થાય છે,પુષ્ટિલીલા તો રસમર્યાદા પ્રમાણે રાત્રે થાય છે!

ભગવાને પોતાના મિત્ર-મંત્રી-જ્ઞાનિભક્ત-ઉદ્ધવજીને શ્રીગોપીજનનું સ્વરૂપ સમજાવ્યું;જેથી તેમને સામાન્ય ગામડીઆ સ્ત્રીઓ સમજીને અવજ્ઞા ન કરે! **"बल्लव्यो मे मदात्मिकाः ।"-श्रीभागवतम्(१०-४६-६)** બલ્લવો ગોપો,-વલય જેમ હાથે વીંટળાઈને રહે તેમ, પોતાનાં પત્ની ગોપીને તેઓ સર્વથા સાનુકૂલ છે,મનગમતું કરવા માટે હમેશાં, વીંટળાઈને,તત્પર રહે છે!-આસપાસ આંટા મારતા રહે છે!આ સર્વથા સ્વાનુકૂલ પતિયો હોવા છતાં,શ્રીગોપીજન તો**"मे"**-મારાં છે!ભગવાને**"मे"** કહીને આત્મીયતા દીધી છે!અનુપમ સમાદર તેમના સ્નેહનો કર્યો છે.કેવલ "મારાં"-(શ્રીકૃષ્ણનાં)છે એટલું નહિ,-**"मदात्मिकाः"** -મારામાં જ તેમનું અંતઃકરણ છે,-હું જ તેમનો આત્મા છું. આથી વધુ શું દેવાય?!-ભગવાન્ તો તેમને વશ થઈ ગયા છે.

दृढं प्रलब्धास्त्रपया च हापिताः
प्रस्तोभिताः क्रीडनवच्चकारिताः ।
वस्त्राणि चैवापहृतान्यथाप्यमुं
ता नाभ्यसूयन् प्रियसङ्गनिर्वृताः ॥
-श्रीभागवतम्(१०-२२-२२)

કુમારિકાઓને ભગવાનમાં દૃઢ વિશ્વાસ છે,-પ્રગાઢ પ્રેમ છે. અત્યંત તિરસ્કાર પામ્યાં, છેતરાયાં,છેડાયાં,તેમની સ્વાભાવિક-લજ્જા-સંકોચ છોડાવ્યાં,વ્યર્થ પ્રશંસાથી વશ કર્યાં,રમકડાની જેમ રમાડ્યાં,વસ્ત્રો હરી લીધાં,છતાં તેમણે ભગવાનની અસૂયા ન કરી.ભગવાન્ તો સર્વદા સર્વથા નિર્દોષ છે.પ્રિય પ્રભુના સંગથી તેમને તો આનંદ જ મળ્યો.વિશુદ્ધ-ભાવ હોવાથી પ્રિય પ્રભુએ દીધેલાં વસ્ત્રો દ્વારા તેમણે તો કૃષ્ણસંગ જ માણ્યો!લોકમાં તો જે કરવાથી અસૂયા થાય,તે બધાંનો અનુભવ થવા છતાં શ્રીગોપીજનને તો પ્રિય પ્રભુ તરફ અસૂયા ન થઈ!આ અલૌકિક ભાવ છે.આ સામાન્ય સ્નેહમાત્ર નથી.કુમારિકાઓએ કૃષ્ણકામરૂપ વસ્ત્રો ધારણ કર્યાં છે.પ્રગાઢભાવે પ્રેષ્ઠસંગ માટે સજ્જ થાય છે,સ્વરૂપાનન્દના અનુભવની યોગ્યતા મળી છે.ભક્તવશ દામોદરે તેમને રાસનું વરદાન દીધું છે,-દર્શન દીધું છે."વેણુગીત"દ્વારા શ્રુતિરૂપા શ્રીગોપીજનના રાસસંસ્કાર કર્યા છે,રાસના અનુભવની પાત્રતા દીધી છે.ભગવાનમાં કરેલો કામ લૌકિક નથી,ભગવદ્રૂપ છે.રસાનુભવ તે કરાવે છે.

શ્રીમહાપ્રભુજી-શ્રીવલ્લભાચાર્યચરણ : પુષ્ટિભક્તિમાર્ગ-પ્રદર્શક :

ભગવાન્ પુરુષોત્તમે મહર્ષિવ્યાસ-રૂપે પોતાની જ્ઞાનકલાનો પૂર્ણાવતાર પ્રકટ કર્યો.તેમને વેદ-વિભાગ વ્યવસ્થા,મહાભારત(ગીતા) બ્રહ્મસૂત્રાદિ રચના કરવા છતાં સંતોષ ન થયો!કાંઈક ખૂટતું-ખૂંચતું લાગ્યું. અસંતોષ રહ્યો!તેમને સ્વપ્રિયતમ નારદના સત્સંગ દ્વારા સમાધિથી લીલા-દર્શનનો પ્રાદેશ પ્રભુએ પ્રદર્શિત કર્યો!સમાધિ-સૌભાગ્ય-રૂપે નિગમકલ્પતરુના ગલિત ફલરૂપ શ્રીમદ્ભાગવતનું દર્શન થયું.આ લીલાત્મક શ્રીમદ્ભાગવતના ગૂઢાર્થો પ્રકટ કરવા માટે,પોતાના મુખારવિન્દરૂપ વૈશ્વાનર-વાક્પતિને સન્મનુષ્યાકૃતિ રૂપે પ્રકટ કર્યા-આજ્ઞા

કરી, કૃપાવલોકન-પટુ થયા. આમ, શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી પ્રકટ થયા. કૃષ્ણ સર્વોદ્ધાર-પ્રયત્નાત્મા છે, શ્રીમહાપ્રભુજી તો દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા છે. સ્વદૈવીજીવોના ઉદ્ધાર માટે શ્રીમહાપ્રભુજીએ લીલાકર્તા કૃષ્ણ અને લીલાદષ્ટા વ્યાસજીને સંમત ગૂઢાર્થો શ્રીભાગવતના પ્રકટ કર્યા. આ પરંપરા-પ્રાપ્ત સપ્તાર્થો છે. "**તત્ત્વાર્થદીપનિબંધ**"માં ચાર, -શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાયાર્થો, પ્રકટ કર્યા છે. તેનાં ત્રણ પ્રકરણો છે. ૧. **શાસ્ત્રાર્થ પ્રકરણ**માં વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવત-મહાભારત-રામાયણ-પંચરાત્ર-વગેરેના સારરૂપે યથાર્થ સિદ્ધાન્તનો સંગ્રહ કર્યો છે. "ગીતાર્થ" પણ તેનું નામ છે. ૨. **સર્વનિર્ણય-પ્રકરણ**માં શાસ્ત્રાર્થનો જ દઢતા-સ્પષ્ટતા-માટે વિસ્તાર છે. ૩. **શ્રીભાગવતાર્થ-પ્રકરણ**માં સમગ્ર શ્રીભાગવતશાસ્ત્રનો અર્થ, તેનો સ્કન્ધાર્થ, તેનો પ્રકરણાર્થ, તેનો અધ્યાયાર્થ સ્પષ્ટ કર્યો છે. "**શ્રીસુબોધિનીજી**"માં બાકીના ત્રણ અર્થો, -વાક્યાર્થ-શબ્દાર્થ-અક્ષરાર્થ કહેલા છે. આ સાતે અર્થ અવિરોધે સમજાતાં ભક્તિમાં ઉપયોગી મુક્તિ સુલભ થાય છે. ભગવાનના મુખારવિન્દરૂપ, શ્રીમુખ્યસ્વામિનીજી-શ્રીરાધાજીરૂપ, વૈશ્વાનર, અગ્નિરૂપ, શ્રીવલ્લભાચાર્ય-જી "વસ્તુતઃ કૃષ્ણ જ" છે. આપ "રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ" છે. બ્રહ્મસંબંધ અને તાપભાવના પ્રદાનથી આપ ભક્તિવૃદ્ધિ કરે છે. આપ રસલીલા-સાક્ષી, ત્રિતયાત્મકરૂપ છે. શ્રાવણ માસના શુક્લપક્ષની એકાદશીની મધ્યરાત્રિએ શ્રીગોપીજનવલ્લભે પ્રકટ થઈને, શ્રીગોકુલમાં ગોવિન્દ ઘાટે, બ્રહ્મસંબંધની સાક્ષાત્ આજ્ઞા કરી છે. શ્રીમહાપ્રભુજીએ "ગાયત્રી-ભાષ્ય"દ્વારા, ગાયત્રી વેદમાતા હોવાથી, સઘળો વેદાર્થ પ્રકટ કર્યો છે. "શાસ્ત્રાર્થ-પ્રકરણ"-રૂપે ગીતાર્થ પ્રકટ કર્યો છે. "બ્રહ્મસૂત્ર" ઉપર "અણુભાષ્ય" ના ૨।। અધ્યાય લખ્યા છે. બાકીનો ૧।। અધ્યાય શ્રીગુસાંઈજી માટે રાખેલો હતો. શ્રીભાગવત ઉપર નિબંધ-સુબોધિનીથી અર્થ યથાર્થ પ્રકટ કર્યા છે. આમ, વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-શ્રીભાગવતની એકવાક્યતાથી શ્રીમહાપ્રભુજીએ સ્વમત-"સાકાર-બ્રહ્મવાદ"પ્રકટ કર્યો છે. શબ્દ-પ્રમાણબલથી બ્રહ્મને છે તેવું વિરુદ્ધધર્માશ્રય-રૂપ સ્વીકાર્યું છે. પ્રાચીન પરંપરાથી ગણાતી "પ્રસ્થાન-ત્રયી"માં વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર સાથે આપે શ્રીભાગવતને ચોથા પ્રમાણ(પ્રસ્થાન)રૂપે સ્વીકાર્યું છે. શ્રીભાગવતને વેદ-ગીતા-બ્રહ્મસૂત્રના સમાધાયક તરીકે દર્શાવ્યું છે. સર્વશાસ્ત્ર સિદ્ધાન્ત-સાર-રૂપે "કૃષ્ણસેવા" દર્શાવી છે. શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞાનુસાર શ્રીમહાપ્રભુજીએ પ્રેમપ્રબલતાથી સૂક્ષ્મ-પુષ્ટિસેવાક્રમ પ્રસિદ્ધ કર્યો છે. "ભક્તિમાર્ગ" શાસ્ત્રમાં કહેલો છે, તે "પુષ્ટિ"-કૃપાથી જ સંભવતો હોવાથી "પુષ્ટિ"તો નિત્ય છે. શ્રીમહાપ્રભુજીએ તેનું નવું પ્રસ્થાપન કર્યું નથી, પરંતુ છે તે મૌલિક વસ્તુને "પુષ્ટિભક્તિ-માર્ગ"-રૂપે પ્રદર્શિત કરી છે. નિર્ગુણ ચોરાસી દૈવીજીવો-વૈષ્ણવોને આપે આત્મનિવેદન-બ્રહ્મસંબંધ કરાવીને શ્રીનાથજીને સોંપ્યા છે, તે માટે ત્રણ વખત ભારતભૂમિ-પરિક્રમા કરી છે. તેમાં આપે જ્યાં પ્રાયઃ "શ્રીભાગવત-પારાયણ"કર્યાં તે સ્થલો આજે "બેઠકજી" રૂપે પ્રસિદ્ધ છે. સામે ચાલીને દૈવીજીવોને કૃષ્ણ-સંબંધથી કૃતાર્થ કર્યા છે, -કૃષ્ણસેવા, કૃષ્ણકથા-કૃષ્ણશરણની ત્રિવેણી આપે યોજી છે. સૌને તે પાવન કરે છે, પ્રભુના બનાવે છે, પ્રેમ કરાવે છે, જીવનની પ્રસન્નતા દે છે.

શ્રીગોપીનાથજી : શ્રીપ્રભુચરણ-શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજીઃ પુષ્ટિભક્તિમાર્ગના વિસ્તારક :

શ્રીમહાપ્રભુજીના પ્રથમ-જ્યેષ્ઠ-પુત્ર શ્રીગોપીનાથજી હતા. શ્રીગુસાંઈજીએ તેમને ભગવદ્રૂપ ગણીને ખૂબ સમાદર કર્યો છે. "**यदनुग्रहतो जन्तुः - - ॥**"-શ્લોક શ્રીગુસાંઈજીએ પોતાના આ મોટાભાઈ માટે લખ્યો છે. "સંધ્યારાર્તિકાર્યા" માં છેલ્લે "**रतिरस्तु सदा वल्लभतनये ॥**"-શ્રીવલ્લભાચાર્યજીના પુત્રમાં સદા રતિ હો!-કહેલું છે. શ્રીગોપીનાથજીએ "સાધન-દીપિકા"-ગ્રંથ દીધો છે. શ્રીપુરુષોત્તમજીએ પણ "ભાષ્યપ્રકાશ"માં-,

श्रीवल्लभप्रतिनिधिं तेजोराशिं दयार्णवम् ।
गुणातीतं गुणनिधिं श्रीगोपीनाथमाश्रये ॥

કહીને સમાદર કર્યો છે. સંપ્રદાયમાં તેમને બલદેવજીરૂપ ગણીને, - મર્યાદા રૂપ સમજીને-કાંઈક ગૌણ ગણ્યા દેખાય છે.!

શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી હતા.જેમને અકબર બાદશાહે આદરપૂર્વક ગોકુલમાં ગાયો ચારવાની સનદ તથા ન્યાયાધીશ-પદ આપેલાં.ગાયો ચારવાની આ સનદથી આપ “ગોસ્વામી”-કહેવાયા. તેનું અપભ્રંશ “ગુસાંઈજી” થયું છે.પ્રાયઃ આ નામે આપ સુપ્રસિદ્ધ છે. શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીના અધૂરા રાખેલા ગ્રંથો પૂરા કરવાનો પ્રયત્ન કર્યો દેખાય છે.“અણુભાષ્ય”નો છેલ્લો દોઢ અધ્યાય, “તત્ત્વાર્થદીપ-નિબંધ-પ્રકાશ”વગેરેમાં તેમ દેખાય છે.શ્રીસુબોધિનીજી ઉપર “શ્રીટિપ્પણીજી”,સ્વતંત્ર લેખો,“વિદ્વન્મંડન”-“શૃંગાર-રસ-મંડન”, અનેક સ્તોત્રાદિ-પ્રકટ કર્યાં છે.શ્રીગુસાંઈજીની ગરિમા અદ્‌ભુત છે. **“तेही येही येही तेही--एक स्वरूप ।”** અનેક ભક્તોની આ અનુભૂતિ છે,-ભગવાન્ અને શ્રીગુસાંઈજીની એકરૂપતાની! શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધનનાથજી-સ્વરૂપ,શ્રીચન્દ્રાવલીજી-સ્વરૂપ પણ છે. **“गौरमम्भोजवक्त्रं - - ।”** -પદ્યમાં ગૌર કમલમુખ,અને “નવ ઘનશ્યામ તમાલ!”-શ્રીવલ્લભાખ્યાન(૧-૧) માં નવીન મેઘશ્યામ-તમાલ વૃક્ષ જેવા પણ કહેલાં છે!ભગવદ્‌ભાવે-શ્યામ અને શ્રીચન્દ્રાવલીજી-ભાવે-ગૌર! શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલી સૂક્ષ્મ-સૂત્રાત્મિકા-સેવાને આપે યથોચિત વિસ્તૃત ભાષ્યાત્મિકા-રૂપે પ્રસિદ્ધ કરી.સાત્ત્વિક-રાજસ-તામસ મળીને ૨૫૨ વૈષ્ણવોને આત્મનિવેદન કરાવીને શ્રીનાથજીને સોંપ્યાનું તો પ્રસિદ્ધ છે, નિત્ય-નિયમથી બ્રહ્મસંબંધ આપ્યા વગર આપ ભોજન કરતા ન હતા! આચાર્યજીના ગ્રંથો પૂરા કરતાં આપ પણ આચાર્ય-સ્વરૂપ જ છે. આપનો વંશ ચાલે છે.

આપના સાત-બાલકો ધર્મી અને ઐશ્વર્ય-વીર્ય-યશઃ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય-રૂપે પ્રસિદ્ધ છે. **“बालक सवो ब्रह्म जानीए”**-બધા બાલકોને બ્રહ્મ-રૂપ કહેલા છે.**“श्रीमद्‌वल्लभविट्ठलौ -- ॥”**શ્લોકમાં તે પ્રસિદ્ધ છે,-શ્રીગિરિધરજી,શ્રીગોવિન્દરાયજી,શ્રીબાલકૃષ્ણજી,શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, અને શ્રીઘનશ્યામલાલજી.

ભગવાન્ શ્રીકૃષ્ણ,શ્રીસ્વામિનીજી-શ્રીરાધાજી,શ્રીગોપીજન, ગોપો, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, શ્રીમહાપ્રભુજી,શ્રીગુસાંઈજી,સાતે બાલકો-આ બધાં જ ભગવદ્રૂપ છે.પોતાના યથોચિત લીલા-વિહારો માટે

ભગવાનનાં જ તે સૌ ભિન્ન-ભિન્ન સ્વરૂપો છે.**“सर्वाभेदादन्यत्रे मे ।”-ब्रह्मसूत्रम्**(૩-૩-૧૦)-લીલામધ્યપાતી સર્વપદાર્થોને ભગવાન્ સાથે અભેદ જ છે.લીલા માટે જ ઐચ્છિક-ભેદ છે.**“आनन्दादयः प्रधानस्य ।”-ब्रह्मसूत्रम्**(૩-૩-૧૧)-મુખ્ય-રૂપ કૃષ્ણમાં આનન્દ વગેરે પ્રકટ દેખાય છે,બીજાં સ્વરૂપો લીલાનુરૂપતા પ્રકટ કરે છે.

પુષ્ટિસૃષ્ટિ :

तस्याज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥
स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥
तथापि यावता कार्यं तावत्तस्य करोति हि ।

-पुष्टिप्रवाहमर्यादा(१२-१३-१४)

(જીવોનાં લક્ષણ અને ફલ જુદાં છે.)તે કારણથી, જીવો પુષ્ટિમાર્ગમાં (પ્રવાહ-મર્યાદા-માર્ગથી)જુદા જ છે,(તેમાં!સંશય નથી. ભગવત્સ્વરૂપ-સેવા માટે જ તે(કૃષ્ણની કાયામાંથી થયેલી પુષ્ટિ)સૃષ્ટિ છે,તે અન્યથા થાય નહિ.(આનંદાત્મક)સ્વરૂપ-(અલૌકિક-રીતે) અવતાર-લિંગ(ધ્વજાદિ-ચિહ્ન)-ગુણ(ઐશ્વર્યાદિ)થી,તેમાં તરતમભાવ નથી. સ્વરૂપમાં દેહમાં-કે તેમની ક્રિયાઓમાં તારતમ્ય-ભેદ નથી,છતાં પણ જેટલાથી(લીલા)કાર્ય(થાય છે)તેટલો તેનો(ભેદ)નિશ્ચિત રૂપે કરે છે.

भगवानेव हि फलं स यथाविर्भवेद् भुवि ।
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥
आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् ।
अहंकारेऽथवा लोके तन्मार्गस्थापनाय हि ॥
न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः ।
महानुभावाः प्रायेण शास्त्रं शुद्धवहेतवे ॥
भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि ।
वैदिकत्वं लौकीकत्वं कापट्यात्तेषु नान्यथा ॥

वैष्णवत्वं हि सहजं ततोऽन्यत्र विपर्ययः ।

-पुष्टिप्रवाहमर्यादा(૧૭ તઃ ૨૧)

ભગવાન્ શ્રીકૃષ્ણ જ પ્રમાણ-નિશ્ચયપૂર્વક (પુષ્ટિમાર્ગમાં)ફલ છે.તે પ્રભુ પૃથ્વી પર(ભક્તહૃદયમાં કે લીલાસ્થલે)(નૃસિંહ-વામનાદિ)-સ્વરૂપ (ઐશ્વર્યાદિ)ગુણભેદથી જેવી રીતે પ્રકટ થાય,તેવી રીતે તેમનું (પુષ્ટિજીવોનું) ફલ થાય.(પુષ્ટિજીવને)(લૌકિકમાં)આસક્તિ હોય ત્યારે અથવા જ્યારે અહંકાર થયો હોય ત્યારે,કે લોકમાં તે(પુષ્ટિ-મર્યાદા-વગેરે)માર્ગોનું સ્થાપન કરવા માટે,ભગવાન્ જ(ભક્તને માર્ગમાં રાખવા માટે)ક્યાંક કોઈક દ્વારા(પુષ્ટિભક્તને)શાપ અપાવે છે.તે(શાપિત ભક્તો) પાખંડતાને પ્રાપ્ત(લોક-વેદ-ભક્તિ-માર્ગથી વિરુદ્ધ)થતા નથી. તેમને રોગ-વગેરે ઉપદ્રવો થતા નથી.ઘણું કરીને(તેઓ)મોટા મહિમાવાળા (મહાનુભાવો)થાય છે.(તેમને)(શાપાદિ-રૂપ-શાસન-શિક્ષા)શાસ્ત્ર તેમની શુદ્ધતા(અન્યાસક્તિ-અહંકાર વગેરે દોષો દૂર કરીને) (ભગવદ્ભાવ)માં કારણ(રૂપ થાય છે.)ભગવાનની(લીલા-માટેના) તરતમપણાથી(સ્વરૂપભેદના સ્વીકારથી)તેવા તરતમભાવને તેઓ પ્રાપ્ત થાય છે.(સ્વરૂપ-સામર્થ્ય-ગુણ-ક્રિયાદિના જુદા જુદા લીલાનુરૂપ અનુભવોથી તે પુષ્ટિભક્તો તેને અનુકૂલ તરતમભાવને સેવે છે.)(તેવા ભાવોનું-તેવા ભાવોથી ભગવાનનું-ગ્રહણ કરે છે.)વૈદિકત્વ અને લૌકિકત્વ તે(પુષ્ટિજીવો)માં કાપટ્યથી(લોકસંગ્રહ વગેરે માટે)હોય છે, અન્યથા નથી હોતું.નિશ્ચિત-રીતે(તેમનામાં)સ્વાભાવિક વૈષ્ણવપણું હોય છે;અન્યત્ર તેથી ઉલટું હોય છે.(મર્યાદાજીવમાં વૈષ્ણવતા કપટથી અને વૈદિકતા સ્વાભાવિક હોય છે;પ્રવાહજીવમાં વૈષ્ણવતા કપટથી અને લોકવ્યવહારાદિ(આસક્તિ)સ્વાભાવિક હોય છે.)

આમ,ભૂતલ ઉપર ભગવન્માર્ગ પ્રકટ કરવા માટે નિત્યલીલાના ભક્તોને ભગવાન્ અનેક નિમિત્તે પ્રકટ કરે છે.ક્યારેક કોઈક જન્મે વેદાદિની નિન્દા થઈ ગઈ હોય તો ભક્તિમાર્ગના સામર્થ્યથી નરકમાં પતન થતું નથી,પરંતુ હીનયોનિમાં જન્મ મળે છે.આવા કારણે પણ હીનયોનિ માં જન્મ થવા છતાં પણ ઘણામાં જન્મથી જ ભક્તિ-લક્ષણો

દેખાય છે.ભક્તિ તો બ્રાહ્મણાદિ વર્ણ,બ્રહ્મચર્યાદિ આશ્રમ,સ્ત્રી-પુરુષાદિ જાતિ,રાય-રંકાદિ પરિસ્થિતિ,બાલક-યુવાન-વૃદ્ધ વગેરે અવસ્થા,સદ્ગુણ કે દુર્ગુણ વગેરે ઉપાધિ,દેશ-કાલાદિ,મર્યાદા-વગેરેની અપેક્ષા વગર જ,કેવલ કૃષ્ણની કૃપાથી જ,ભક્તિ મળે છે,જીવ ભક્ત બને છે.

પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી દ્વારા દીક્ષિત નિર્ગુણ ૮૪ વૈષ્ણવો છે. શ્રીગુસાંઈજી દ્વારા દીક્ષિત સગુણ(સાત્ત્વિક-રાજસ-તામસ-ગુણવાળા) ૨૫૨ વૈષ્ણવો છે.શ્રીગોકુલનાથજીએ ૮૪ વૈષ્ણવોનાં નામનું સંકલન સંસ્કૃતમાં કર્યું છે,શ્રીઅલિખાનજીએ વ્રજભાષામાં કર્યું છે, શ્રીદયારામભાઈએ ગુજરાતીમાં કર્યું છે.૨૫૨વૈષ્ણવોનાં નામ-સંકલનનું એક ધોળ શ્રીદુર્લભજી એ કર્યું દેખાય છે.આ ચારેનો સંગ્રહ અહીં કર્યો છે.

શ્રીગોકુલનાથજી-સંકલિત ૮૪ વૈષ્ણવોનાં નામ :

श्रीहरिः
श्रीकृष्णाय नमः ।
श्रीगोपीजनवल्लभाय नमः ।
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।
श्रीगुसांईजीपरमदयालवे नमः ।

अथ श्रीमद्वल्लभाचार्यभक्तानां नामावली

(श्रीमद्गोकुलनाथजीकृता)

श्रीविट्ठलमहं वन्दे स्वकीयजनवल्लभम् ।
चतुरशीति भक्तानां व्यक्ति कुर्वन् यथा यतः ॥१॥
दामोदरकृष्णदासौ पुनः दामोदरस्तथा ।
पद्मनाभश्च तुलसां पार्वती रघुनाथकः ॥२॥
रजो पुरुषोत्तमो रुक्मिणी गोपालदासकः ।
सारस्वतो रामदासो गदाधरमहस्तथा ॥३॥
वेणीमाधवदासौ च अम्मा क्षत्राणी वैष्णवी ।
हरिवंशश्च गोविन्दो क्षत्री गज्जनधावनः ॥४॥
नारायणो ब्रह्मचारी क्षत्राणी जीयदासकः ।
देवाकपूरक्षत्रीच दीनकरः पुरुषोत्तमः ॥५॥
मुकुन्दः प्रभुदासश्च प्रभुत्रिपुरदासकौ ।
पूर्णमल्लो यादवेन्द्रः काश्मीरो माधवस्तथा ॥६॥
गुसांईदासो गोपालो पद्मारावल कस्तथा ।
जोशी पुरुषोत्तमो जगन्नाथः समान्वयः ॥७॥
नरहरी राणा व्यासः क्षत्राणीरामदासकौ ।
गोपालो कृष्णदासश्च प्रोहितो रामदासकः ॥८॥
बुलामिश्रो रामानन्दो विष्णुजीवनदासकौः ।
सारस्वतो भगवान् भगवान् मुख्यसेवकः ॥९॥
गौडो अच्युतदासश्च अच्युतश्चक्रतीर्थकः ।
कनैयासालक्षत्रीच नरहरि दासकःस्तथा ॥१०॥

लघुपुरुषोत्तमो गोपालदासजनार्दनौ ।
कविराजो गुरुस्वामी उत्तमश्लोकदासकः ॥११॥
ईश्वरोत्तमश्लोकाख्यौ राजामाधवकस्तथा ।
सिंहनन्दे सासबहू परमानन्दसूरकौ ॥१२॥
बाबावेणुकृष्णदासौ छकडावासुदेवकः ।
एका क्षत्राणी आनन्ददासो विश्वम्भरस्तथा ॥१३॥
ब्राह्मणी अथ कायस्थो नारायण स्त्रियस्तथा ।
अन्यमार्गीयकायस्थदासौ दामोदरस्तथा ॥१४॥
सिंह नन्दे क्षत्राणी जगतानन्द दास्तथा ।
इन्द्रप्रस्थे चैकक्षत्री जटागोपाल दासकः ॥१५॥
कृष्णदासरामदासौ बाडवो बादरायणः ।
कुंभनः संतदासश्च सुन्दरदासमावजी ॥१६॥
नरहरिदाससंन्यासी पान्डेसदुभवानिकाः ।
श्रीमदाचार्यभक्तानां नामानि बहूनितथा ॥१७॥
तथापि स्वात्मपाठार्थे लिखितानीति क्षम्यताम् ।
वार्तायां परिज्ञातानि सर्वदा वैष्णवैर्जनैः ॥१८॥

॥ जयश्रीकृष्ण ॥

શ્રીઅલિખાનજી-સંકલિત ૮૪ વૈષ્ણવોનાં નામ :(ધોળ)

શ્રીવિઠ્ઠલવર નિત્યપ્રતિ ગાઉં,જાહિ વિધિ શ્રીવૃન્દાવન પાઉં ॥
શ્રીવલ્લભપ્રભુકો કરોં પ્રણામ,સુમરી શ્રીગિરિવરધર નામ ॥ટેક॥
સુમરો શ્રીગિરિવરધરણ વર નિત શરણ શ્રીવલ્લભ હરિ ।
શ્રીવિઠ્ઠલેશ કૃપાલ સાગર ચરણરજ મસ્તક ધરી ॥૧॥
અબ ગાય હોં નિજ-જનનકે ગુણ સૂચિપત્ર પ્રકટ કરોં ।
નિજભક્ત ચોરાશી ભયે અબ નામ તિનકે ઉચ્ચરોં ॥૨॥
અબ હરસાની દાસ દામોદર કહોં હોં એક પ્રથમ હી ।
કૃષ્ણદાસ મેઘન ગાયકે સુખ પાયકે આનન્દ સહી ॥૩॥
કન્નોજમેં એક દાસ દામોદર સંભરવાલે સુખ લહો ।

એક પદ્મનાભ વિશાલ મતિ કવિ કોનકી સમતા કહો ।।૪।।
રઘુનાથ તુલસી પાર્વતીકે ગુણ કહો ચિત લાયકે ।।૫।।
તહાં સેઠ પુરુષોત્તમ કહો ગોપાલ બેટા રુક્મિણી ।
તહાં સારસ્વત એક રામદાસજી કહો અમ્મા ક્ષત્રાણી ।।૬।।
સુમરો ગદાધરદાસ વેણીદાસ માધવદાસ કો ।
હરિવંશ પાઠક જાનીયે ગજ્જનધાવન ગોવિંદદાસકો ।।૭।।
જહાં બ્રહ્મચારી દાસ નારાયણ શ્રીમહાવનમેં વસે ।
તહાં સેઠ દિનકરદાસ કાયસ્થ દાસ દિનકર જગ વસે ।।૮।।
કાયસ્થ મુકુંદ હિ સુમરીયે જાુ મુકુન્દસાગર જિન કિયો ।
કહીયે જલોટા પ્રભુદાસ હિ એકમન નિશ્ચય દિયો ।।૯।।
સિંહનદવાસી ભક્ત ઉત્કટ ભાટ એક પ્રભુદાસ હૈ ।
ક્ષત્રીજાુ પુરુષોત્તમદાસ શોભિત રાજઘાટ નિવાસ હૈ ।।૧૦।।
કાયસ્થ વરનોં ત્રિપુરદાસ હિ ભક્તરત્ન ઉદાર હૈ ।
જયમલ્લ પૂરણમલ્લ શોભિત જાદવેન્દ્રદાસ કુંભાર હૈ ।।૧૧।।
કહે ભટ્ટ માધો કાશ્મિરી લિખિજિન સુબોધિની ।
વરનો ગુસાંઈદાસકે ગુન દયાસાગર વર્ધિની ।।૧૨।।
પદ્માજાુ રાવલ વરને હો જોશી કહો પુરુષોત્તમ ।
જગન્નાથ જોશી સુમરીહો શ્રીરામદાસજી ઉત્તમ ।।૧૩।।
ગોવિન્દ દુવે ખેરાલુકે કૃષ્ણદાસ અધિકારી કહો ।
પ્રોહિત જાુ મીરાંબાઈકો ભજ રામદાસજી ઉત્તમ ।।૧૪।।
બૂલા જાુ મિશ્ર સારસ્વત એક રામનંદ પંડિત ભનો ।
એક વિષ્ણુ વેણીદાસ છીપા જીયાદાસ કૃપાધનો ।।૧૫।।
ભગવાનદાસ સિધોતરા કવિરાજ ભાટ બડે ભયે ।
લઘુ એક પુરુષોત્તમ મહામતિ ધીરજ અનવસર સયે ।।૧૬।।
અબ કહો શ્રીગોપાલદાસજી નરોડા જાકે છન્દ હૈ ।
ઔર ક્ષત્રી એક જુ શેઠ ચોપડા જનાર્દન આનન્દ હૈ ।।૧૭।।
એક ભાટ નારાયણ કહો મથુરા વસે આનન્દ ભરે ।
શ્રીમદનગોપાલ પ્રકટ નારાયણ સદન હી મેં અવતરે ।।૧૮।।

ગરુડ સ્વામી પરમ કહીયે દેવા કપૂર વિરાજહી ।
લલિતલાલ ત્રિભંગમૂર્તિ મોદસોં જહાં રાજહી ।।૧૯।।
ક્ષત્રી કન્હૈયાશાલ નરહરિદાસ બ્રાહ્મણ વરણીયે ।
શ્લોક ઉત્તમદાસ કહી હરિદાસ પુષ્કરણા કહિયે ।।૨૦।।
સુનો અબ ચૌહાણ બડે એક રામદાસ કહવાવહી ।
પ્રથમ બાદા બાદરાયણ ભટ્ટ મોહન ભાવ હી ।।૨૧।।
રાજા દુવે માધો દુવે દ્વે વિપ્ર ઉનકે સંગ બસે ।
વ્યાસરાણા દાસ પીતાંબર મુકુટમણિ રસમય રસે ।।૨૨।।
ગોપાલદાસ વ્રજવાસી જટાધારી મહા અનુભવ ભરે ।
ગોરજા સમરાઈ કહો નંદલાલ જિન રસમય ઢરે ।।૨૩।।
કહી સૂર પરમાનંદ છકડા વાસુદેવ બખાનીયે ।
બાબા જૂ વેણી કૃષ્ણ જાદવદાસકે ગુણ પાનીયે ।।૨૪।।
ભાગોજાુ ક્ષત્રાણી કહો એક અચ્યુત આનંદદાસ હૈ ।
દુજો જાુ અચ્યુતદાસ દ્વિજવર હરિચરણ વિશ્વાસ હૈ ।।૨૫।।
આનંદ વિશ્વંભરદાસ શ્યામ સુતાર કે ગુણ ગાઈયે ।
બાસી અડેલ સદા નિરંતર સુધ હરિ મન લાઈયો ।।૨૬।।
દીવાન ઠક્કાકો નારાયણદાસ પ્રકટ લુહાણ હૈ ।
માતા કહીયે સિંહનદ ક્ષત્રાણી પુત્રવત્સલ ગાન હૈ ।।૨૭।।
કહે સંતદાસ મહા વિરક્ત આસક્ત નિત્ય ગિરિધરનસોં ।
આનંદ જગતાનંદ દ્વિજવર દીનકુલ હરિશરણસોં ।।૨૮।।
કુંભનદાસ મહારસમત્ત જિન પ્રભુસોં સચી ।
કૃષ્ણદાસ ગોપાલ કહીયે જિન ગૌ નહારતેં બચી ।।૨૯।।
યે ભક્ત ચોરાશી ભજો તબ શ્યામશ્યામા ગાઈયે ।
બિનતી સુનિ અલી દીનકી વ્રજવાસ કબધોં પાઈયે ।।૩૦।।
અબ જાત દિન બીતે સબે મેરી આશ કબધોં પૂરહી ।
કે દીન યા જગમાંઝ નિશદિન વાસહિમેં ધ્રૂજહી ।।૩૧।।
યે ભક્ત જનસોં હેત તુમસોં તાહિ છિન પ્રભુ જાનિહો ।
જબ દીનકો ગિરિરાજ વૃંદાવિપિનકો સુખ સાનિહો ।।૩૨।।

શ્રીદયારામભાઈ-સંકલિત ૮૪ વૈષ્ણવોનાં નામ :

શ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ

શ્રીગુરુ યુગ પદ કમલ રજ, હું વંદુ નિત્ય ધરી નેમ;
દુઃખહરણ સુખ શ્રેય-નિધિ, ફળદાયક ભક્તિ પ્રેમ. ૧

શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલ પ્રભુ, શ્રીકૃષ્ણ પૂરણકામ;
ચોરાશી મહાભક્ત તેહનાં, કરું વર્ણન નામ. ૨

જેનું સ્મરણ કર્યા થકી, અઘ દુઃખ ક્લેશ ટળાય;
પુષ્ટિ-પંથ પ્રભુ પ્રસન્ન હોય, મહા-પતિત પાવન થાય. ૩

મન-વાંછિત ફળ શીઘ્ર પામે, ગાતાં એ અભિધાન;
શ્રીમહાપ્રભુજી નિજાનંદનું, કરે તેહને દાન. ૪

ઢાળ

શ્રીદામોદરદાસ હરસાની રે, કૃષ્ણદાસ મેઘન વદે વાણી રે;
સંભરવાળા દામોદરદાસ રે, જેનો કનોજ મધ્યે નિવાસ રે. ૫

પદ્મનાભદાસ હરિભક્ત રે, તુલસાં પ્રભુ-પદ-આસક્ત રે;
વધૂ તેની કહિયે પાર્વતી રે, સુત રઘુનાથદાસ સુમતિ રે. ૬

રજોબાઈ વૈષ્ણવ ક્ષત્રાણી રે, સેવ્યા શ્રીવલ્લભ રતિ આણી રે;
વૈષ્ણવ શેઠ પુરુષોત્તમદાસ રે, જેનો કાશીપુરીમાં નિવાસ રે. ૭

બાઈ રુક્ષ્મણિ પુત્રી તેહની રે, સેવા અતુલિત કહીએ જેહની રે;
શેઠના સુત ગોપાલદાસ રે, સેવા-સ્મરણમાં ઉલ્લાસ રે. ૮

રામદાસ હરિ-રંગ રાતા રે, ગદાધરદાસ જગ-વિખ્યાતા રે;
વેણીદાસ-માધવદાસ બે ભાઈ રે, હરિવંશ પાઠક સુખદાઈ રે. ૯

વૈષ્ણવ કહીએ અમ્મા ક્ષત્રાણી રે, ગોવિંદદાસ ભલ્લા લો વખાણી રે;
ગજનધાવને સેવ્યા મુરારિ રે, દાસ નારાયણ બ્રહ્મચારી રે. ૧૦

મહાવનની વૈષ્ણવ ક્ષત્રાણી રે, જીયાદાસ સુરી લ્યો જાણી રે;
ક્ષત્રી વૈષ્ણવ દેવાકપૂર રે, શેઠ દિનકર પ્રેમી ઉર રે. ૧૧

મુકુન્દદાસ મહા વૈષ્ણવ મોટા રે, ક્ષત્રી પ્રભુદાસ જલોટા રે;
પ્રભુદાસ ભાટ હરિ-જન રે, દાસ પુરુષોત્તમ ધન્ય ધન્ય રે. ૧૨

ત્રિપુરદાસ વૈષ્ણવ કાયસ્થ રે, પૂરણમલ્લ રસિક રસમસ્ત રે;
યાદવેન્દ્રદાસ પ્રજાપત્ય રે, ગુસાંઈદાસે સેવ્યા હરિ અત્ય રે. ૧૩

માધવભટ્ટ કાશ્મિરમાં વાસ રે, વાંસવાડાના ગોપાલદાસ રે;
પદ્મા રાવલની અતિસેવા રે, પુરુષોત્તમ જોષી તેવા રે. ૧૪

જગન્નાથ જોષી તેના ભ્રાતા રે, વળી વૈષ્ણવ તેમની માતા રે;
જોષી નરહરિ હરિના દાસ રે, ગામ ગોધરે રાણા વ્યાસ રે. ૧૫

વૈષ્ણવ રજપૂતાણી હરિની દાસી રે, રામદાસ ગુજરાતના વાસી રે;
દવે ગોવિંદ હરિરસ-માતા રે, રાજા-માધવ દવે બેઉ ભ્રાતા રે. ૧૬

ઉત્તમશ્લોકદાસ સેવા ભારી રે, સેવક શ્રીજીના કહેતા મેહેતારી રે;
ઈશ્વરદાસ દવે રસમગ્ન રે, હરિ-હરિજન શું ચિત્ત લગ્ન રે. ૧૭

વૈષ્ણવ છકડા વાસુદેવદાસ રે, સેવા અર્થે રહેતા પ્રભુ પાસ રે;
કૃષ્ણદાસ ઘઘરી સુખકંદ રે,બાબા-વેણુ રહિત દુઃખ દ્વંદ રે. ૧૮

એ બેહુનો એક ખવાસ રે, જેનું નામ તે જાદવદાસ રે;
થાનેશ્વરના વિપ્ર જગતાનંદ રે, સેવ્યા શ્રીહરિ અતિ આનંદ રે. ૧૯

બ્રાહ્મણી અડેલની વૈષ્ણવ બાઈ રે, આનંદદાસ વિશ્વંભરદાસ બે ભાઈ રે;
વૈષ્ણવ ક્ષત્રાણી પ્રભુ-પદ-પ્રીત રે, રામદાસ મીરાંના પ્રોહિત રે. ૨૦

કૃષ્ણાદાસી ખવાસણી જાણી રે, જેની વાણી શ્રીવલ્લભે માની રે;
બુલા-મિશ્ર શ્રીવલ્લભવરના રે, રામાનંદ પંડિત થાનેશ્વરના રે. ૨૧

વિષ્ણુદાસ છીપા રસ પૂર રે, જીવણદાસ ક્ષત્રીય કપૂર રે;
સારસ્વત દ્વિજ ભગવાનદાસ રે, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ રે. ૨૨

વૈષ્ણવ ભગવાનદાસ ભીતરિયા રે, શ્રીજીની સેવામાં ઠરિયા રે;
અચ્યુતદાસ સનોડીયા કહિયે રે, ગૌડ વિપ્ર અચ્યુતદાસ લહિયે રે. ૨૩

સારસ્વત દ્વિજ અચ્યુતદાસ રે, નારાયણદાસ અંબાલે વાસ રે;
નારાયણદાસ ભાટ મથુરાના રે, નારાયણદાસ લુહાણા ઠઠ્ઠાના રે. ૨૪

ક્ષત્રાણી ગોરજા ને સમરાઈ રે, સાસુ-વહુ બે વૈષ્ણવ બાઈ રે;
સિંદનંદના ક્ષત્રી સાર રે, વૈષ્ણવ અડેલના એક સુથાર રે. ૨૫

એક વૈષ્ણવ હરિ ગુણ ગાતા રે, દામોદરદાસની માતા રે;

સિંહનંદ ક્ષત્રાણીનો વાસ રે, કવિ લઘુ પુરુષોત્તમદાસ રે. ૨૬
કવિરાજ ભાટ ગુણ ગાવે રે, ગોપાલદાસ ઈટોલાના કહાવે રે;
જનાર્દનદાસ વૈષ્ણવ ક્ષત્રી રે, ગરુડસ્વામી બ્રાહ્મણ હરિની મૈત્રી રે. ૨૭
કન્હૈયાશાલ ક્ષત્રી પ્રકાશ રે, વિપ્ર ગોડિયા નરહરિદાસ રે;
બાલકૃષ્ણ-બાદરાયણદાસ રે, સેવા-સ્મરણનો અભ્યાસ રે. ૨૮
વૈષ્ણવ રામદાસ ચૌહાણ રે, સેવા-સ્મરણ માંહે સુજાણ રે;
માણેકચંદ સદૂપાંડે ભવાની રે, નરોબાઈ હરિ-મન માની રે. ૨૯
નરહર સંન્યાસી હરિના ભક્ત રે, જેની હરિ-પદ નિર્મળ મત્ય રે;
ગોપાલદાસ કહીએ જટાધારી રે, વસી વ્રજમાં સેવ્યા ગિરિધારી રે. ૩૦
સંત પોષ્યા સત ના ચૂકી નારી રે, કૃષ્ણદાસે સોંપી પરને પ્યારી રે;
આગ્રે ચોપડા સંતદાસ રે, સુંદરદાસે સેવ્યા અવિનાશ રે. ૩૧
પટેલ માવજી-વિરજો સહિત રે, પતિ-પત્ની પ્રભુ-પદ ચિત્ત રે;
ગોપાલદાસ નરોડાના કહાવે રે, સેવે શ્યામને હરખે હુલરાવે રે. ૩૨
સૂરદાસ શિરોમણિ ભક્ત રે, સેવ્યા શ્રીગિરિધર જાણે જગ્ત રે;
સર્વોપરિ દાસ પરમાનંદ રે,ગાયા ગુણનિધિ બાલમુકુંદ રે. ૩૩
કુંભનદાસ મહા રસકંદ રે, સખા ભાવે સેવ્યા શ્રીગોવિંદ રે;
સુત કૃષ્ણદાસ દઢ એવા રે, છોડ્યા પ્રાણ,ન છોડી ગૌસેવા રે. ૩૪
કૃષ્ણદાસ કહીએ અધિકારી રે, ગાયા-સેવ્યા શ્રીરાસવિહારી રે;
ગાયા વૈષ્ણવ એહ ચોરાશી રે, શ્રીવલ્લભ-પદ નિકટના વાસી રે. ૩૫

વલણઃ- સકલ તત્ત્વનું તત્ત્વ છે, એ સાર માંહે સાર;
પાઠ કરતાં માત્રમાં, વશ થાય શ્રીનંદકુમાર. ૩૬
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલપ્રભુને, જો પ્રસન્ન કરવા ચહાય;
નથી અવર ઉપાય બીજો, હરિ-ભક્તના ગુણ ગાય. ૩૭
શ્રીઆચાર્યજી-શ્રીમહાપ્રભુજીના,અંતરંગ એ ભક્ત;
મુજ ઉપર કરુણા કરો, શ્રીવલ્લભ-પદ-આસક્ત. ૩૮
એ વૈષ્ણવ-પદ-રજ-રતિની, છે ઘણી મુજને આશ;
ગાય ગુણ હરિ-દાસના, "દયારામ" દાસનો દાસ. ૩૯

શ્રીદુર્લભજી-સંકલિત ૨૫૨ વૈષ્ણવોનાં નામઃ

શ્રીમદ્વલ્લભને નમું શ્રીવિઠ્ઠલેશ,સાત સ્વરૂપ સહિત સઘળો વંશાત્મક વિશેષ. ૧
સેવક શ્રીવિઠ્ઠલેશજીના બસો ને બાવન,જેનું નામ ઉચ્ચાર માત્રથી સૌ પાવન. ૨
ગુણ ગોવિંદદાસના ગાઈયે રે, છીતસ્વામી પરમ ચિત્ત લઈયે રે. ૩
નંદદાસ શ્રીકૃષ્ણ આસક્ત રે, ચતુર્ભુજદાસ સદા અનુરક્ત રે. ૪
નિત્ય નાગજીભાઈ ઓચરીએ રે, કૃષ્ણભટ્ટજીને મન ધરીએ રે. ૫
ચાચાજી નારાયણદાસ રે, વિઠ્ઠલદાસ ભક્ત ઉલ્લાસ રે. ૬
કૃષ્ણદાસ મુરારિદાસ રે, બાપ બેટા મન ઉલ્લાસ રે. ૭
હરિદાસ જનાર્દનદાસ રે, રૂપમુરારિ રસરાસ રે. ૮
અલીખાન વળી ખાનજાદી રે, જેમલ રજપુત રહિ વાદી રે. ૯
માધવદાસ ને નાહાલચંદ રે, માધવદાસ કાયસ્થ ગુણવંત રે. ૧૦
કાયસ્થ ધણી ને ધણીઆણી રે, રૂપચંદ નંદ શુભ વાણી રે. ૧૧
એક બ્રાહ્મણ રાઘવદાસ રે, ગોપાલદાસ ગુજરાતના વાસી રે. ૧૨
રાજા લાખા ને એક બાઈ રે, હરિદાસ ખવાસ સુખદાઈ રે. ૧૩
શેઠ જ્ઞાનચંદ જદુનાથ રે, ભાઈલા કોઠારી હરિ હાથ રે. ૧૪
માણેકચંદ ને એઉની નારી રે, હરજી કોઠારી ગુણ ભારી રે. ૧૫
ગોપાલદાસ બ્રાહ્મણ બંગાળી રે, વ્યાસ ગણેશ બહુ ભાગ્યશાળી રે. ૧૬
મધુસૂદનદાસ છે હરિ વાલા રે, એક કણબી માળાવાળા રે. ૧૭
એક વૈષ્ણવની છે કન્યા રે, રામાનંદને પરણાવી કન્યા રે. ૧૮
એક વૈષ્ણવની બેટી ટેકી રે, તે તો પરણી ધર્મ વિવેકી રે. ૧૯
વૈષ્ણવ એક તરુના સંગી રે, પાથો ગુજરી હરિરસ સંગી રે. ૨૦
એક વ્રજવાસી સુત નારી રે, ગોપીનાથદાસ ગૌચરી રે. ૨૧
કણબી ગુજરાતી બે ભાઈ રે, દ્વિજપત્ની આગરાઈ રે. ૨૨
એક ગોડીઓ પંડિત શોભે રે, એક રઘુપતિ દર્શન લોભે રે. ૨૩
એક પંડિત ને કહાનબાઈ રે, વૈષ્ણવ ક્ષત્રીય છે આગરાઈ રે. ૨૪
મેહા ઢીમર ને દ્વિજ રેડા રે, નારાયણદાસે હેરીને તેડ્યા રે. ૨૫
એક વૈષ્ણવ સુતરવાળા રે, રાજા આસકરણ પ્રભુ વાહાલા રે. ૨૬
બે હતીત પતિત ને કણબી રે, વહુ અજબકુંવરી કહુ ધર્મી રે. ૨૭

એક પુરોહિત વેશ્યા કન્યા રે, ગંગાબાઈ છે પૂર્ણ ધન્યા રે. ૨૮
એક રાજા ને એક ધોબી રે, બે સાચોરા રસ લોભી રે. ૨૯
એક વૈષ્ણવ મદનગોપાળ રે, બે કણબી પટેલ રસાળ રે. ૩૦
સેવક એક વિરક્ત રે, દયા ભવૈયા આસક્ત રે. ૩૧
એક વાણીઆ ને એક નારી રે, એઉ પરમ વૈષ્ણવતા ધારી રે. ૩૨
એક ક્ષત્રાણી વિરક્ત રે, વાઘજી રજપૂત આસક્ત રે. ૩૩
એક ગોપાળદાસ ભીતરિયા રે, બીજા આઠ સેવક અનુસરિયા રે. ૩૪
ગોપાળદાસ સિંઘલ ભોળાભાઈ રે, શેઠ પુત્રી દીવાનની જાઈ રે. ૩૫
એક કુંજડી રૂપાભાઈ રે, હરિદાસ-સુતા સુખદાઈ રે. ૩૬
એક ક્ષત્રિય વૈષ્ણવ બાઈ રે, રાજા રાણી પુત્ર ને દાઈ રે. ૩૭
શાહુકારનો બેટો વિલાસી રે, એક વૈષ્ણવ કૃષ્ણપ્રકાશી રે. ૩૮
એક વેશ્યા ભુવનની વાસી રે, તે હરિગુણ માંહીં નિવાસી રે. ૩૯
પુત્રજી વડો વિરક્ત રે, વેણીદાસ છીપા છે ભક્ત રે. ૪૦
એક શામળદાસ એક નાઈ રે, પુત્ર પઠાણનો સુખદાઈ રે. ૪૧
ઓઝા દામોદરદાસ છે ભક્ત રે, બેટી શાહુકારની આસક્ત રે. ૪૨
વૈષ્ણવ એક ખડબુચાવાળો રે, શેઠ આગરાઈને મન ભોળો રે. ૪૩
એક કાપડવાળો શોભે રે, કણબી આંજણો વૈષ્ણવ લોભે રે. ૪૪
એક શાસ્ત્રી મુરારિદાસ રે, લાછબાઈ ભાટ ગુણરાશ રે. ૪૫
રાજારાણી હરિ મન ભાવે રે, એક વૈષ્ણવ ડોલ ઝુલાવે રે. ૪૬
દ્વિજ શેઠ સોની પરમાનંદ રે, મેહેરા પુરુષોત્તમ ગુણવંત રે. ૪૭
એક બે ભાઈ ચંદન લાવ્યા રે, ચોપડા ભંડારીને મન ભાવ્યા રે. ૪૮
ઠગ એક દસ સંગી રે, માતાબેટી હરિરસ રંગી રે. ૪૯
એક ગૃહસ્થી ને વિરક્ત રે, બીજા બે ભાઈ આસક્ત રે. ૫૦
જીવા પારેખને જેપાલ રે, દોશી માધવદાસ દલાલ રે. ૫૧
બેટો પટેલનો નિત્ય આવે રે, બેટી પટવારીને મન ભાવે રે. ૫૨
હરિદાસ જમાઈ માણેકચંદ રે, પ્રભુએ ત્યાગ કર્યો મન રે. ૫૩
એક ગિરિની પરિક્રમા કરતા રે, એક નિત્ય ઊઠી વ્રજમાં ફરતા રે. ૫૪
એ કણબીએ કરી એવી રે, લઈ કૂવામાં નાંખી દેવી રે. ૫૫

કણબણ ગુજરાતની વાસી રે, બેટી બીરબલની સુખરાશિ રે. ૫૬
રાજા જોધસિંગ દક્ષિણા રે, વળી પુરોહિત તેના ઘરના રે. ૫૭
સાસુ વહુ સુરતના વાસી રે, રાજા પૂર્વેનો સુખરાશિ રે. ૫૮
શેઠ સુત રહેનારો ગુજરાતી રે, એક બ્રાહ્મણી નાગર જાતિ રે. ૫૯
શ્રીવિઠ્ઠલેશ શ્રીજીને રૂપે રે, દીધું દર્શન બેને અનૂપે રે. ૬૦
એક દુઃસંગ દીઠો વિરક્ત રે, બીજો ભાઈ આસક્ત રે. ૬૧
વેણીદાસ છીપા છે ભક્ત રે, એક રજપૂત કાંઠાના આસક્ત રે. ૬૨
દ્વિજની પત્ની વૈષ્ણવ-સંગથી રે, ખોયો કોઢ પોતાના અંગથી રે. ૬૩
એક ન્યૂન અધિક બે આવે રે, એક દ્રવ્ય સામગ્રી લાવે રે. ૬૪
એક કણબી ગાય ચરાવે રે, એક રાસની રીત ચિત્ત લાવે રે. ૬૫
જોડ ઠગ ને એક ગુજરાતી રે, સીતાબાઈ છે દક્ષણી જાતી રે. ૬૬
એક વૈષ્ણવ ને એક બાઈ રે, દામોદરદાસ સુખદાઈ રે. ૬૭
વડનગરમાં માધવદાસ રે, એક વૈષ્ણવ મહાવન વાસ રે. ૬૮
ગુજરાતના દાસ મુરારિ રે, ભક્ત ભીમ અતિહિતકારી રે. ૬૯
એક દાસ ગોર્દ્ધનધારી રે, રામદાસ પરમ આચારી રે. ૭૦
જીયાદાસ ને નરહરિદાસ રે, રાજા ટોડરમલ સુખરાશ રે. ૭૧
નરસિંહદાસ ને પીતાંબરદાસ રે, ધર્મદાસ ગોવાળ પ્રકાશ રે. ૭૨
એક બ્રાહ્મણ માધવદાસ રે, એક વહેપારી સુખરાશ રે. ૭૩
એક બ્રાહ્મણ એક નારી રે, એક સ્ત્રી છે સુખકારી રે. ૭૪
એક જન-ભગવાન બે ભાઈ રે, એક ઢીમર સુખદાઈ રે. ૭૫
દ્વિજપત્ની પત્ની પટેલ રે, એક સોદાગર રસરેલ રે. ૭૬
મીસરીદાસ ચતુર્ભુજ ભાવે રે, ગોપાલદાસ ગરવા કહાવે રે. ૭૭
એક ક્ષત્રિય રઘુનાથ રે, ઓધો ત્રવાડી હરિ હાથ રે. ૭૮
દવે ઈશ્વરદાસ સાંચોરા રે, સંતદાસ ક્ષત્રિય ગુણ ગોરા રે. ૭૯
ક્ષત્રિય-સુત ને સુત બ્રાહ્મણનો રે, એક વૈષ્ણવ રાજનગરનો રે. ૮૦
વૈષ્ણવ ભગવાનદાસ સોહાવે રે,એક દક્ષણી વૈષ્ણવ આવે રે. ૮૧
સ્વામી કૃષ્ણદાસ વિલાસી રે, એક ક્ષત્રિય મથુરાવાસી રે. ૮૨
દ્વિજ જોશી રાજા ભીમા રે, શાહુકાર સુત સુખસીમા રે. ૮૩

એક ક્ષત્રિય જાદવદાસ રે, હરિજન મથુરાવાસ રે. ૮૪
શાહુકાર વળી ક્ષત્રાણી રે, એક વ્રજવાસી શુભ વાણી રે. ૮૫
દાસ પુરુષોત્તમ પોકરણા રે, વળી દુર્ગાદાસ ગુણ ગણાણા રે. ૮૬
ક્ષત્રિય ચોપડા ધ્યાનદાસ રે, લક્ષ્મીદાસ ગુજરાતમાં વાસ રે. ૮૭
તારાચંદ ને ચતુરબિહારી રે, વૈષ્ણવ ગુજરાતી અતિભારી રે. ૮૮
હરિદાસ મોહનદાસ રે, માધો સાર સુત ગુણરાશ રે. ૮૯
દ્વિજ બેટી ક્ષત્રિય કન્યા રે, એક ચોર સેવક થયો ધન્યા રે. ૯૦
એક ઉત્તમશ્લોકદાસ રે, ખેડાવાળ ભગત રસરાસ રે. ૯૧
સાસુ ને સસરો જ્ઞાની રે, રજપૂતની બેટી પરમાણી રે. ૯૨
સાંચોરા દ્વિજ આનંદદાસ રે, એક ભીલડી છે સુખરાસ રે. ૯૩
સધનદાસ દેવાદાસ કણબી રે, રાજપુત્ર મોહનદાસ ધર્મી રે. ૯૪
નરનારી વસે છે પ્રયાગ રે, માધવદાસ સુરત અનુરાગ રે. ૯૫
ભટ્ટ કલ્યાણજી વીરાબાઈ રે, મહારાજ પુરુષોત્તમ સુખદાઈ રે. ૯૬
રૂડા રતનજી અધિકારી રે, રૂપાબાઈ પરમ ગુણ ભારી રે. ૯૭
વૈષ્ણવ ક્ષત્રિય છે આગરાઈ રે, એક મહીધર ને ફૂલબાઈ રે. ૯૮
દેવ ભીમ ભંડારી રે, રાજા માનસિંહ અધિકારી રે. ૯૯
દવે પુરોહિત સુત વિખ્યાત રે, કૃષ્ણદાસ ગોરવા જાત રે. ૧૦૦
વડનગરા માધવદાસ રે, દ્વિજ ઉજ્જનના સુખરાસ રે. ૧૦૧
નારણદાસ સનોડિયા જ્ઞાની રે, લક્ષ્મીદાસ રજો ક્ષત્રાણી રે. ૧૦૨
રાજા બીરબલ ને તાનસેન રે, આનંદના પરી સુંદર બેન રે. ૧૦૩
વેણીદાસ દામોદરદાસ રે, વિજયનગરીમાં વાસ રે. ૧૦૪
એક એક ફળ લખી લીધું રે, લખી હૈયામાં લીધું રે. ૧૦૫
વલણઃ-યથામતિએ કહ્યાં છે, વળી બીજાં છે અપાર,
પરમતત્ત્વનું તત્ત્વ છે, એ ભક્તના આધાર ૧૦૬
ભક્તરાજ શિરોમણિ, ને એકનો આધાર;
કર્યા છે વળી કરૈ છે, વળી કરશે નિર્ધાર. ૧૦૭
તે માટે સર્વ પ્રાત ઊઠીને, નામો કરો ઉચ્ચાર;
કંઠમાં ધારણ કરો તો, હરિ મળે સુખસાર. ૧૦૮
સર્વે ભગવદીયને નમન કરીને, એ જ માગું નેમ;
શ્રીવિઠ્ઠલવરની સૃષ્ટિ ઉપર, રહો “દુર્લભ” પ્રેમ. ૧૦૯

ગો.વા., પૂ.પા., પરમ ભાગવત, દાદાજી-
પં.શ્રીવ્રજવલ્લભભાઈ શ્યામલાલજી-(શ્રીગોકુલ)

જન્મ : જ્યેષ્ઠ શુક્લ-૭
પ્રાયઃ સં. ૧૯૪૬

લીલાપ્રવેશ : ફાલ્ગુન શુક્લ-૭
સં.૨૦૪૨ તા.૧૭-૩-૧૯૮૬

प्रतिक्षणार्तिसम्पन्ना वात्सल्योद्वेलमानसाः ।
श्रीभागवतमर्मज्ञाः श्रीव्रजवल्लभा इमे ॥

શ્રીહરિઃ

વાત્સલ્યવર્ષણવિદગ્ધ,પુષ્ટિમાર્ગમર્મજ્ઞ,ભગવદેકતાન,પરમભાગવત : મારા પૂ.પા.પ.ભ.દાદાજી(પં.શ્રીવ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજી):

"**तदीयाश्चेत्स्वतुष्टास्तुष्टः कृष्णो न संशयः ॥"-श्रीहरिरायजी ।** જો તદીયો સ્વતઃ સંતુષ્ટ હોય તો કૃષ્ણ સંતુષ્ટ છે,તેમાં કોઈ સંશય નથી.ભક્તો પ્રસન્ન હોય,તો ભગવાન્ પ્રસન્ન હોય.ભૂતલ પર ભક્તો તો છે,પણ તેમને ઓળખવા અઘરા છે.ઓળખાય તો તેમનો સંબંધ સુલભ નથી.સંબંધ સામાન્ય થાય પણ આત્મીયતા દુર્લભ છે.આત્મીયતા કદાચ થાય તો પ્રસન્નતા મળવી કઠિન છે.જો તેમની પ્રસન્નતા મળે તો તો નિશ્ચિતપણે તે ભગવાન્ કૃષ્ણની જ પ્રસન્નતા છે.આ પ્રસન્નતાની દુર્લભતા સૂચવવા " **चेत्**"-(જો)-કહેલું છે. ભગવાન્ પ્રસન્ન થાય તો તે ભક્તો મેળવી આપે; ભક્તો પ્રસન્ન થાય તો તે સહેલાઈથી ભગવાન્ મેળવી આપે,ભગવાનના આનંદનો અનુભવ સુલભ કરી દે!

નાનકડા ધ્રુવજી!અપર માતાના વચને વીંધાએલા!સ્વમાતાએ વનમાં વિદાય કરેલા!પાંચ વર્ષના સુકુમાર કુમાર!પહેલ વહેલા ગામ બહાર નીકળ્યા!ઘર બહાર પણ ન નીકળેલા,ગામ બહાર એકલા નીકળ્યા! અનુભવે સમજાઈ ગયું,-"આજે મારું કોઈ નથી,મારું કાંઈ નથી!" રાજ્ય મેળવવું હતું,સ્થાન-માન મેળવવાં હતાં!પાસે સાધન તેનું કાંઈ ન હતું! તે માટે પ્રભુને પ્રાપ્ત કરવા હતા!લૌકિક-કારણે ભગવાનને ભજવા હતા! એટલા માત્રથી પણ અંતરને અડકી ગયું,-"કૃષ્ણ જ મારા છે!"આતુરતા ઉભરાઈ રહી,દીનતા ઉમડી રહી!દીનબંધુ દ્રવી ગયા!તરત મળે તો ભક્તને અભિમાન આવે.અભિમાન તો અવરોધ કરે,અનર્થ ઉભો કરે. ભગવાન્ ભક્ત-જીવનમાં અનર્થ ન થવા દે,ભક્ત-જીવન વ્યર્થ ન થવા દે!કૃતાર્થ કરે!પોતે તરત ન મળ્યા.પોતાના પ્રિયતમ નારદજીને મોકલ્યા,-મેળવી દીધા!ભક્ત નારદજી દ્વારા ભગવાને પોતાનો પ્રાપ્તિ-માર્ગ બતાવ્યો. બાલકને બલ દીધું,-ફલ દીધું! પોતે મળ્યા!લૌકિક લાલસા પણ પૂરી કરી,અંતે ધ્રુવસ્થાન દીધું!પહેલાં કોઈને ન મળેલું,તે મળ્યું.અર્થ-

પુરુષાર્થ પ્રભુએ સિદ્ધ કર્યો!અનર્થમાંથી ભક્તને ઉગાર્યો!લૌકિક-રાજ્ય-ભોગ ભગવાને દીધો!બાધક ન થયો!સાધક થયો!સદેહે ધ્રુવસ્થાનમાં ભગવત્સેવા સુલભ થઈ!ભગવાન્ મળવાના હોય તો તે પોતાના સાચા ભક્તોને મેળવી દે,-તે ભગવન્માર્ગે-ચઢાવે-ચલાવે!તે પ્રભુ પાસે પહોંચાડે!

પ્રહ્લાદજી મા ક્યાધુના ઉદરમાં હતા.ઈન્દ્ર મારવા લઈ જતો હતો.પ્રભુએ પ્રિય નારદજીને પ્રેર્યા!ક્યાધુને છોડાવ્યાં.નિત્ય ઘૂમતા નારદે આશ્રમ સ્થાપવાનો શ્રમ કર્યો!તે પણ પોતાને માટે નહિ,દુઃખી સ્ત્રી ક્યાધુ માટે નહિ,તેના ઉદરમાં રહેલા ભક્ત પ્રહ્લાદજી માટે!ગર્ભસ્થ બાલક ભક્તને ભક્ત નારદે સત્સંગ દીધો,ભક્તિમાર્ગમાં રૂઢ કરી દીધો!પિતાએ પ્રાણ લેવાના નિર્દય પ્રયત્નો કર્યા.પ્રહ્લાદને તો સાથ-સાધન કાંઈ જ ન હતાં. સત્સંગથી મળેલું દૃઢ-ભગવદાશ્રયબલ હતું!પ્રાણ લેવા મથનાર પણ પાવન થાય,તેમ તેમણે પ્રભુ પાસે માગ્યું!વૈર ન હતું.પ્રભુમાં પ્રેમનો સ્વૈર હતો.ગર્ભમાં મળેલા સત્સંગનો આ પ્રભાવ હતો!ભગવાને સ્વભક્ત પ્રહ્લાદને માના ઉદરમાં પણ સત્સંગ દીધો,નારદજીને મોકલીને રક્ષા કરી!-સ્વકીયતા સુદૃઢ કરી.ભગવાન્ કૃપા કરે,ભક્ત બનાવવા ઈચ્છે,પોતે મળવા ઈચ્છે,તો ભક્તનો મેળાપ કરાવી દે.ભક્ત મળે,પોતાના ગણે,તો સમજવું નિશ્ચિતરૂપે હવે ભગવાન્ મળશે.પોતાનાં ગણશે.

"विष्णोर्भृत्याः स्वभृत्यार्थकृतश्चरन्ति ॥"-श्रीभागवतम्(३-४-२५)

ભગવાન્ વિષ્ણુના સેવકો પોતાના સેવકોની કૃતાર્થતા માટે ફરતા રહે છે,-મળતા રહે છે.સ્વામીના સમાન ધર્મો સેવકોમાં હોય છે.જેમ સ્વામી(ભગવાન્) સેવકોદ્ધારક છે,તેમના સેવકો પણ સ્વભૃત્યોના ઉદ્ધાર માટે ઘૂમતા રહે છે.તેમનું તે જ કાર્ય છે.પોતાના સેવકોને શોધવા તે ફર્યા કરે છે. શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીએ પોતાના દૈવીજીવોને શોધવા ભારત-ભૂતલ-પરિભ્રમણ કર્યા જ કર્યાં છે ને?!નહિ તો,ભગવત્સંબંધથી જ સ્વયં કૃતાર્થ ભગવદીયોને-આચાર્યચરણોને-પરિભ્રમણનું બીજું શું પ્રયોજન હોઈ શકે?!ભગવાને ભક્ત વિદુરજીને કૃતાર્થ કરવા માટે ઉદ્ધવજી અને મૈત્રેયજીને મેળવી દીધેલા.ઉદ્ધવજી વિદુરજીને શ્રીયમુનાકિનારે મળેલા, મૈત્રેયજી વિદુરજીને શ્રીગંગાકિનારે મળેલા.ભક્ત માટે ભગવાન્ શું ન કરે?

जनस्य कृष्णाद्विमुखस्य दैवादधर्मशीलस्य सुदुःखितस्य ।
अनुग्रहायेह चरन्ति नूनं भूतानि भव्यानि जनार्दनस्य ॥
-श्रीभागवतम्(३-५-३)

ભક્તને ભગવાનની બે આજ્ઞાઓ છે,-૧. સામાન્યાજ્ઞા,૨. વિશેષાજ્ઞા. લોકોનાં દુઃખ દૂર કરવાના ઉપાયો તો સામાન્ય આજ્ઞાથી કહે છે.ભગવાન્ ભગવદીયોને સર્જે છે જ આ માટે! નહિ તો ભગવદીયો જન્મે જ નહિ! પોતાના માટે-સ્વાર્થ માટે-તો એમને કાંઈ કરવાનું જ હોતું નથી.તે તો ભગવદીયતાથી જ કૃતાર્થ હોય છે.આથી આ શ્લોકમાં તેમને "**भूतानि**"- કહેલ છે. "**भूतानि**" એટલે જન્મેલા-ઉત્પન્ન થયેલા;ભગવાને કર્યા માટે થયા!ભૂત જેને વળગે,તેને છોડે નહિ,પોતાના આવેશથી પોતાના જેવો બનાવી દે છે.તેમ આ ભગવદીયો જેને વળગે,પોતાનાં ગણીને વળગે, તેમને છોડે નહિ;પોતાના ધર્મોથી પોતાના સમાન-ભગવદીય-બનાવી દે છે!જો કે લોકોનું તો તેવું ભાગ્ય પણ હોતું નથી,છતાં પણ તે ભગવદીયો જ ભાગ્યરૂપ બનીને તેમને સ્વસમાન બનાવી દે છે.આથી તો તેમને "**भव्यानि**" કહ્યા છે. એટલે ભગવદીયો તો સંસારીઓના ભાગ્યરૂપ બને છે.લોકોપકાર માટે આવેલા-ભગવાને સર્જેલા -ભગવદીયો-માટે તો આ આવશ્યક છે.પ્રાણીમાત્ર પર આ ભગવદીયો કૃપા કરે છે.સંસારી તો જન્મે ત્યાંથી જ જણાય!-ભગવાનથી તે વિમુખ છે;નહિ તો તેનો જન્મ જ ન થાય.તેની પ્રવૃત્તિથી પણ નિશ્ચિત થાય છે,-આ વિમુખ જ છે.આ તેની વિમુખતા પણ કૃષ્ણથી છે!કૃષ્ણ તો સર્વના મૂલરૂપ-સચ્ચિદાનંદરૂપ છે.તેમનાથી વિમુખતા હોવી એ તો મોટું આશ્ચર્ય છે! જન્મ્યા પછી પણ પ્રારબ્ધવશ(પ્રાચીન આસુર કર્મવશ)વિમુખ સંસારી છે,અધર્મશીલ છે.સ્વભાવથી જ તેને અધર્મ રુચે છે,-ગમે છે.સ્વાભાવિક હોય તે કોઈ ન અટકાવી શકે,-ન બદલી શકે.આથી તો સંસારી ખૂબ દુઃખી છે. દુઃખી ન થાય તો,સુખના બિન્દુમાત્રથી છકી ગયેલો સત્કુલજન્મ -વગેરે રૂપ ભગવદનુગ્રહને પણ ગણકારે નહિ!આ લોકમાં તેના દુઃખને દૂર કરવાનું ભગવદીય સિવાય કોઈ થી શક્ય નથી.આ નિશ્ચિત છે.આમાં

સંદેહ નથી. ભગવદીયો દ્વારા દુઃખ દૂર થાય છે,બીજાઓથી નહિ.તે તો જનાર્દનના સેવકો છે.**जना**-મૂલ માયાને દૂર કરે તે, અથવા જના-અવિદ્યા દૂર જેનાથી થાય છે,તે જનાર્દન!તે ભગવાન્ જનાર્દન શ્રીકૃષ્ણ જે મૂલ જન્મને અટકાવી દે છે.ભગવદીયો તેના સાધકો છે,-તે સિદ્ધ કરી દેનારા છે.ભગવદીયો દ્વારા જ ભગવાન્ કૃપા કરે છે.

"भगवान् भक्तद्वारैव सर्वं विदधातीति सिद्धान्तः।" श्रीभागवतार्थप्रकरणम् શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે,-ભગવાન્ ભક્ત દ્વારા જ સર્વ કાંઈ કરે છે,-એ ભક્તિમાર્ગનો સિદ્ધાંત છે.ભક્તિમાર્ગમાં ભગવાન્ ભક્તોનો મહિમા વધારે છે.આ શાબ્દિક-વિશેષતા નથી, વાસ્તવ વ્યવહાર છે. સ્વાનુભવ છે,-મારો તો!કરે સઘળું ભગવાન્!દ્વાર બનાવે સ્વભક્તને! -કરાવે ભક્ત પાસે!-ભક્તને નિમિત્ત બનાવે!

કઠોર કર્મફલ-ભોગે,પ્રબલ પ્રારબ્ધ-યોગે,લોહ-કાષ્ઠ-પાષાણના ક્ષેત્રમાં (ઈજનેરીમાં),પ્રભુથી દૂર ઘસડાઈ ગયો હતો,હું તો! સત્તા-સંપત્તિ તેમાં સુલભ તો હતાં!પ્રેમાળ પ્રભુએ તેમાં રુચિ જ થવા ન દીધી.આવડત તો આપી હતી,પણ અંતર માનતું ન હતું!કેવલ કૃપા-યોગે જ તેમાંથી પાછો, પોતાની પાસે,લઈ આવ્યા!તેમાં દ્વાર બનાવ્યા,-પ.ભ.પૂ.પા. આ દાદાજીને!

આજની જેમ,પહેલાં પણ,વિદ્યાર્થીને ઈજનેર કે ડોક્ટર થવાની લોલુપતા તો રહેતી હતી.તેમાં પૈસા-પ્રતિષ્ઠા-પદનું પ્રબલ પ્રલોભન રહેતું.પરિવાર પ્રેરતો પણ તેમ!ભણવામાં ભગવાને આવડત અધિક આપેલી!મિત્રોની દેખાદેખીમાં હું પણ ફસાયો!-પ્રબલ પ્રવાહમાં ઘસડાયો!ઈજનેર થવા આથડ્યો!થઈ પણ ગયો!સ્કૂલ-કોલેજમાં તો પ્રાયઃ સૌ કમાણીની દૃષ્ટિએ ભણે-ભણાવે!કલ્યાણનો તો વિચાર ઝબકે પણ નહિ!કૃષ્ણની તો વાત જ ક્યાં?કામ કરી દે તેવાં,-દેવી-દેવતા-મંત્રને ઘણા ભજે!મને તો આવા વળગણમાંથી પ્રભુએ જ વેગળો રાખ્યો.ઈજનેર થવાનું,તેમાં સંસ્કૃત તો ભણવાનું આવે નહિ.ગમે તો ખરું! ગો.વા.પૂ.પા. પિતાજી ખર્ચના પૈસા તો મને જરૂર કરતાં વધારે આપે,હિસાબ પણ માગે નહિ!તેથી વ્યર્થ ખર્ચ કરતાં મન ખચકાય,હાથ અચકાય!પિતાજીનું કર્તવ્ય

તો સારી રીતે ભણાવવાનું!-મોજ-શોખ તો તેમના પૈસાથી કઈ રીતે થાય?મન તો માને નહિ.સંસ્કૃતનો શોખ,પિતાજીના પૈસે પૂરો ન થાય.સંસ્કૃતનાં પુસ્તકો ગમે, લાવવાં ક્યાંથી?પૈસા વગર કોણ આપે? ભણવામાંથી ઈજનેરીમાં તો સમય બચે નહિ,કે કોઈ નાનું છૂટક-કામ કરીને કમાઈ શકાય!કોલેજની હોસ્ટેલમાં મિત્રો સાથે રહેતો હતો.ત્યાં જમે નહિ,તેને પૈસા બીલમાંથી કાપી આપે,-ઓછા લે.દર રવિવારે ભારે ભોજન-મિષ્ઠાન્ન-આપે.તે જમીએ નહિ તો વધુ પૈસા બચે.આ વિચારે રવિવારે ઉપવાસ કરી લેતો.જે પૈસા બચે તેમાંથી સંસ્કૃતના નાના-ગ્રંથો ખરીદતો.શોખ સંતોષવા મથતો.ક્યારેક યુનિવર્સિટીના ગ્રંથાલયમાં જતો.ત્યાં બેસીને સંસ્કૃતના ગ્રંથોનો ઉતારો કરી લેતો,-નવરાશે વિચારવા ચાલે!સંસ્કૃતનો ત્રૂટક કાંઈક સંપર્ક રહેતો, તેમાં સંતોષ માનતો.વિશેષ તો કાંઈ બને નહિ,સમય કે પૈસા બચે પણ નહિ!

આમ કરતાં ઈજનેર તો થઈ ગયો.ક્ષેત્રમાં સવા ત્રણ વર્ષ કામ પણ કર્યું. આવડત પૂરતી,આત્મીયતા સૌ સાથે.પ્રામાણિકતા અને પ્રેમથી નોકરી ચાલ્યા કરે!પરંતુ ત્યાંની રીત-રસમ તો ફાવેનહિ.કામ ઓછું-દામ વધારે-નામ મોટું પ્રાયઃ સૌને જોઈએ.પટાવાળાથી લઈને પ્રમુખ-અધિકારી સુધીના સૌને સરકારની નિયત પગાર ઉપરાંત બીજી વધારાની રકમો અન્યત્રથી મળે-મેળવે!તદુપરાંત કામચોરી-વિશેષ કમાવા-ના ઉપાયો શોધાય. ષડયંત્રો-અનેક ચાલે.પ્રાયઃ સૌને આ તો કોઠે પડી ગયેલું.તેમાં કોઈને કશો સંકોચ નહિ.મને આ માફક આવે નહિ,મન માને નહિ,મૂંઝવણ-અકળામણ લાગ્યા કરે,અણગમો થાય.તેમાં સંમત-સંગત થવાય નહિ.ક્યારેક શ્રીભાગવતમાં વાંચેલું,- **"ब्राह्मणस्य तु देहोऽयं क्षुद्रकामाय नेष्यते।"-श्रीभागवतम्(११-१७-४२) "न श्ववृत्या कथञ्चन॥"-श्रीभागवतम्(११-१७-४७)**-"બ્રાહ્મણનો તો આ દેહ શૂદ્ર-(તુચ્છ)-કામનાઓ માટે નથી; બ્રાહ્મણે નીચ-સેવન કરીને આજીવિકા મેળવવી નહિ."મનમાં આ ઘૂસી ગયું! ઈજનેર તરીકે તો નિરીક્ષણ-કાર્ય માટે ગમે ત્યારે,ગમે ત્યાં,જવું પડે.ઘરમાં નિત્યક્રમ પરવાર્યા વિના તો જવાની ના હું તો સર્વોચ્ચ અધિકારીને પણ સ્પષ્ટ કહી દેતો.ભૌતિકબલ પ્રભુ સિવાય તો કોણ દે?

સજ્જન તે અધિકારી.કૃપા પ્રભુની!મને ક્યારેય તે દુરાગ્રહ ન કરે!મારી સાનૂકૂલતાએ મને લેવા વાહન લઈને આવે!પરવારું નહિ ત્યાં સુધી બેસી રહે!ઉતાવળ-અકળામણ ન કરે!ઈજનેર તરીકેના મારા કામમાં શંકા વગર,તપાસ્યા પણ વગર,સહીં પણ કરી દે!બહાર ખાવું-પીવું ગમે નહિ,ઘરેથી પતાવી લઉં કે ફલ-દૂધ મળે તો લઈ લઉં,ઉપવાસ પણ કરી લઉં!નોકરીનો કંટાળો-ક્લેશ ખૂબ થાય!મારા પ્રભુને જ આતુરતાથી વિનવ્યા કરું,-“હા નાથ! આપે મને બ્રાહ્મણ બનાવ્યો!ક્યાં સુધી આ નોકરી કૂટાવશો?ક્યારે છોડાવશો આમાંથી?ક્યારે આપની કથા કરાવશો? આ કમાવાની શૂદ્રકામના,આપે મને બ્રાહ્મણ-દેહ દીધો,છતાં કેમ રહી?ક્યારે છોડાવશો?નાથ!”આમ, પોકારીને જ નોકરીએ જતો.સ્વકર્તવ્ય તો યથાર્થ કર્યે જતો.સાથે સાથે પ્રભુને દીનતાથી વિનવ્યે જતો!

સૌ વડીલો કહેતાં.મને ગળથૂથી તો અનાયાસે મારાં માતાનાં માસીએ પાયેલી.તે પાછાં મરજાદી હતાં.બ્રાહ્મણમાં વૈષ્ણવ ઓછા હોય.ગામડામાં ગોવિન્દે જ ગોઠવી દીધું!વડીલો કહેતાં,મને પણ યાદ ખરું,-નાનપણમાં હું રમકડાંથી નથી રમ્યો!-સેવા-કથાની જ રમત રમતો હતો!પ્રભુના જ બધા કૃપા-સંકેત!“આ સેવા-કથા ક્યારે યથાર્થ મને મળશે?”-તેવી તીવ્ર ઝંખના રહે!પ્રભુને વિનવવા સિવાય કોઈ ઉપાય આવડે નહિ,સાધન કાંઈ સૂઝે નહિ!ઝંખના ઝંપવા ન દે!એક દિવસ દીનાનાથે મારી વિનંતી સાંભળી.અદ્દ્ભુત-રીતે કૃપા કરી!તે વખતે ગો.વા.પૂ.પિતાજી નડીઆદમાં શ્રીભાગવત-કથા કરે!તેમને એકાએક કંઠાવરોધ થયો.મને તાત્કાલિક કથા કરવા જવાનું કહ્યું!મેં નમ્રતાથી છતાં દૃઢતાથી વિનંતી કરી,-“હું વ્યાસાસને બેસું પછી નોકરી ન કરું.”ભગવદિચ્છાથી પૂ.પિતાજી સંમત થઈ ગયા!મેં કથા તો કરી,પણ આવડત તો સાચે જ કાંઈ જ નહિ!અબુધ આશ્રિતની આબરૂ અચ્યુતે ઊભી કરી,-વધારી!સુજ્ઞ શ્રોતાઓને સંતોષ થઈ ગયો!નોકરી તો પ્રભુએ છોડાવી દીધી.ઓફિસવાળા મને છૂટો થવા દેવા સંમત નહિ!એક જ વાક્યનું રાજીનામું દીધું,-”No longer I long to serve!”-પ્રેમાળ

પ્રભુએ પકડી લીધો,પોતાનો પ્રેમથી બનાવી દીધો!-વૈષ્ણવ બનાવી દીધો,-સેવા-કથાના ક્ષેત્રમાં અંગીકાર કરી લીધો!

હવે તો કથા જ કરવી હતી,-કમાવા માટે નહિ,-કલ્યાણ માટે પણ નહિ,-કેવલ મારા કૃષ્ણને માટે!ચાલાચાલુ કથા-વાર્તા-ગીતડાં કરવાં ન હતાં, કહેવા હતા,-શાસ્ત્રના યથાર્થ સિદ્ધાન્ત,-કૃષ્ણલીલા!લોકોને રાજી કરવા,ટોળાં જમાવવા,પૈસા-પ્રતિષ્ઠા-પદ માટે,લાભ-પૂજાર્થયત્ન કાંઈ કરવું ન હતું. કરવું હતું સઘળું મારા પ્રભુની પ્રસન્નતા માટે જ!ગુણ-ગાનથી ગોવિન્દને જાણવા હતા-માણવા હતા-રીઝવવા હતા!યથાર્થ શાસ્ત્ર જ્ઞાન ન હતું. મૂંઝવણ મોટી હતી.માર્ગ કોણ બતાવે?શોધ શરૂ કર્યો.સિદ્ધ-પ્રસિદ્ધ-કહેવાતા વિદ્વાન્-ધાર્મિક-ભક્ત-કથાકારને વિનવ્યા.કોઈએ કાંઈ ગણકાર્યું નહિ!વિચિત્ર અનુભવો થયા.ધર્મનો ધંધો ધમધોકાર ચાલતો જોયો.જો ભગવાને જ કૃપા કરીને પોતાના સાચા ભક્તો-વિદ્વાનો-ધાર્મિકો મેળવી ન દીધા હોત તો આવા કહેવાતા ધર્મ-ધાર્મિક અને ધર્મપ્રક્રિયાઓથી ધરાઈ જઈને હું પ્રચંડ બળવાખોર બની ગયો હોત!આજીવિકા છોડેલી, આવડત અધૂરી,અપનાવી લેનાર કોઈ નહિ!નોકરી છોડી-પ્રભુ ભજ્યા-તે સારું થયું.-,એમ કહેનાર પણ પ્રાયઃ કોઈ નહિ!અકળામણનો અંત નહિ! પ્રભુને જ વિનવવા વગર ઉપાય દેખાય નહિ!

એક દિવસ અદ્દ્ભુતકર્મા કૃષ્ણે જ કૃપા કરી દીધી!નડીઆદમાં કોઈને ત્યાં પ્રસંગવશાત્ પૂ.પા.પ.ભ.દાદાજી પધારેલા.ઓળખાણ તો કાંઈ જ નહિ. હું તો સત્સંગ-લાલચે ત્યાં ગયો,સાંભળ્યું.ભક્ત-વિદ્વાનની આર્દ્રતા-ભદ્રતા-ભક્તિનિષ્ઠા હૃદયને સ્પર્શી ગયાં.બસ સ્ટેન્ડે તેમને મૂકવા ગયા.ત્યાં તેમને સ્વહૃદય-વ્યથા-કથા એક વાક્યમાં નિવેદન કરી,-“આપ મને શ્રીભાગવત ભણાવશો?”-આતુરતા અંતરની ઉભરાઈ રહી! ભગવદીય દ્રવી ગયા,ભગવદાવેશ થયો.મારા ગળામાંની તુલસીજીની કંઠી પકડી. ભક્ત-હૃદયમાંથી ભગવાને કહી દીધું,-“શ્રીમહાપ્રભુજી તને ભણાવી દેશે,તારા હૃદયમાં સ્ફુરશે.તારે ભણવું નહિ પડે!”ભગવાન્ ભક્ત દ્વારા જ સર્વકાંઈ કરે છે,-મને તો અનુભવ-સિદ્ધ છે.

પ્રાથમિક પરિચય પછી તો પ્રભુ વધારતા જ ગયા. મુ.ગો.વા. શ્રીરતિલાલભાઈ મોહનલાલ દોશી પણ તેમાં નિમિત્ત ખરા! ગો.વા.મુ. મારા મોહનકાકા(શ્રીમોહનલાલભાઈ કાલીદાસ શાહ)તો મારાં બધાં કામમાં પ્રાયઃ સાથે જ હોય.તેઓ પણ વારંવાર સત્સંગ માટે મારી સાથે પૂ.પા.પ.ભ.દાદાજી પાસે ખેડા આવ્યા કરતા.તેઓ તો તે પહેલાં પણ ગો.વા.પ્રજ્ઞાચક્ષુ શ્રીરમણલાલભાઈને દોરીને સત્સંગ માટે વારંવાર ખેડા લઈ જતા હતા.તેમની પુષ્ટિ-કથાની પિપાસા માત્ર ત્યાં જ પોષાતી,-સંતોષાતી.મુ.મોહનકાકાને મારી સાથે સેવાભાવે રહેવા પ્રેરીને દઢતા દીધેલી-પૂ.પા.પ.ભ.દાદાજીએ!-“મોહનભાઈ! જરૂર પડે તો ઠાકોરજીની સેવા છોડીને પણ તમે ભાઈની સેવા કરજો,!-સાથે રહેજો!તમને દોષ લાગે તો હું બ્રાહ્મણ મટી જાઉં!”-ભક્તિમાર્ગ-સિદ્ધાંત વ્યવહારમાં વણી દીધેલો!શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે ને?-ભગવત્સેવા કરતાં સો ગણી ઉત્તમ છે,-ગુરુસેવા!ગુરુસેવા કરતાં પણ સો ગણી ઉત્તમ છે,-વૈષ્ણવસેવા! સિદ્ધાંત પાળવા મથનારને સંઘર્ષ તો સ્વાભાવિક આવી પડે!લોકાપવાદ સહીને પણ મુ.મોહનકાકાએ આજીવન પૂ.પા.પ.ભ.દાદાજીની આજ્ઞા પ્રેમથી પાળેલી!પૂ.પા.પ.ભ.દાદાજીના સત્સંગમાં પુષ્ટિભક્તિમાર્ગીય જીવન-ઘડતરના પ્રયોગો હમેશાં ચાલ્યા કરતા!પૂ.પા.પ.ભ.દાદાજી વાત્સલ્ય વરસાવતાં પોતાના સઘળા અનુભવો ભગવન્માર્ગ-દર્શન માટે મને નિઃસંકોચ કહી દેતા!

પૂ.પા.પ.ભ.દાદાજીના પિતાજી પં.શ્યામલાલજી!ઉચ્ચકોટિના વિરક્ત વૈષ્ણવ તે!શ્રીગોકુલમાં રહેતા.ચણાની દાળ પાણીમાં પલાળીને એક પડીઓ પ્રસાદ રૂપે ખાઈ લે!ભગવાનનું ભજન કર્યા કરે!ઘણીવાર પૂ.પા.પ.ભ.દાદાજી કહેતા,-દુઃખ કરતા,-“મને મારા પિતાજી જુએ તો ક્લેશ કરે,મારામાં તેવો વૈરાગ્ય તો નથી!”-નમ્રતાથી દીનતા કરતા. તેમના પૂર્વજો શ્રીગોકુલમાં આવીને વસેલા.ત્યાં શ્રીગોકુલનાથજીના મંદિરમાં સેવા કરે.શ્રીજગનજી પાનઘરીઆ તેમાં પ્રસિદ્ધ હતા.સેવાસન્નિષ્ઠ સેવક અને સુજ્ઞ-ગુણી-સ્વામીનો તેમાં પ્રસંગ તો અદ્ભુત થયેલો. શિયાળામાં પાનમાં શ્રીગોકુલનાથજી કસ્તૂરી આરોગે.સંયોગવશાત્ એક

દિવસ પાનઘરમાં કસ્તૂરી નહિ!ભંડારીજીએ ભરી પણ નહિ! પાનઘરીઆજી તો પહોંચ્યા ગો.મહારાજશ્રી પાસે,કસ્તૂરી માટે વિનંતી કરી. ગો.મહારાજશ્રીએ દેશ-કાલાદિની વિપરીતતા કહી.યથા સમયે કસ્તૂરી લાવી દેવા સાન્ત્વન દીધું.પ્રભુસુખ-સન્નિષ્ઠ સેવકથી આ સહન ન થયું.કહી દીધું ઝટ વ્રજવાસીની સ્વાભાવિકતાથી,-“મહારાજ!વહુજીનો ઘાઘરો ગીરે મૂકો! પ્રભુસુખ માટે પૈસા નથી?!”ક્ષણભર ગો.મહારાજશ્રી ચૂપ રહ્યા.સેવામર્મ અને સેવક-હૃદયની ઉત્કટ આતુરતાને ઓળખતા પૂ.મહારાજશ્રીએ પ્રભુશ્રમ સહી ન શકતા,પ્રભુસેવા-પરાયણ,નિષ્કપટ સાચા સેવકને સ્નેહે સન્માન્યા,શીરપાવ દીધો.પ્રભુના પાન માટે કસ્તૂરી પણ તરત મંગાવી દીધી!

પૂ.મહારાજશ્રીની આત્મીયતા પણ અદ્ભુત! પૂ.પા.પ.ભ. દાદાજીના પરિવારમાં કોઈનાં લગ્ન હતાં.રિવાજ પ્રમાણે શ્રીગોકુલગામમાં ગોળ વહેંચાવ્યો.પૂ.મહારાજશ્રીના ઘેર ગોળ ન પહોંચ્યો!મંદિરેથી પૂ.માજી-મહારાજશ્રીએ કહેવડાવ્યું,-“અમારું ઘર આ વ્યવહારમાંથી કેમ કાપી નાખ્યું?!”આમ, માગીને સ્વજન-વ્યવહારનો ગોળ લીધો!

પં.શ્યામલાલજી શ્રીગોકુલમાં ભગવદ્ભજન કરે.વિરક્ત વૈષ્ણવ તે તો! પહેરવાની બે ધોતી હોય,ત્યાં સુધી ત્રીજી ક્યારેય કોઈ પાસેથી લે નહિ! તેમનાં એક દીકરી.બાલ્યાવસ્થામાં હરિશરણ થયાં.કોઈ જલદાહ દેવા પણ તેમનાં પત્ની સાથે ન ગયું!પોતે બહારગામ હતા. આવીને આ જાણ્યું.ખૂબ મનોદુઃખ થયું.ભગવદિચ્છા સમજ્યા.શ્રીગોકુલથી ખેડા આવ્યા.સ્થિરવાસ કર્યો.ખેડા-મંદિરમાં આદર્શ રીતે સેવા કરી.પોતે મંદિરમાં સેવા કરે,છતાં બિમાર હોય,સેવામાં ન પહોંચાય,ત્યારે મંદિરે પ્રસાદ ન લે.બહારથી ખીચડી જુદી મંગાવી લે.પ્રસાદી કરીને લઈ લે. સેવા કર્યા વગર પ્રસાદ કેમ લેવાય?! મંદિરે શયન પછી,પોતાને પ્રસાદ લેવા માટે મંદિરનો દીવો ન કરે,પોતાના પૈસાથી જુદું તેલ મંગાવીને દીવો કરે!પ્રભુ પોઢી ગયા,પછી મંદિરની રકમ પોતાને માટે કેમ ખર્ચાય? મંદિરની રકમ તો માત્ર પ્રભુસેવા માટે જ હોય.સ્વધર્મનો સૂક્ષ્મ-વિચાર આચારનો સુમેળ હતો.સ્વસ્થ જીવન હતું.શુષ્ક-વ્યર્થ-તર્ક તેમાં ન હતા.

મંદિરનાં ચાંદીનાં વાસણ લાકડાની પાટલી પર પધરાવીને ચાળેલી રાખથી માંજે!-ઘસાઈને ચાંદી ઘટે નહિને?આવા સૂક્ષ્મ સમજવાળા સન્નિષ્ઠ સેવકો સુલભ ક્યાં છે?પૂ.પા.પ.ભ.દાદાજી પોતાના પિતાજીના વૈરાગ્ય-સેવાનિષ્ઠાને વારંવાર સ્મરતા!પોતાનામાં તેવા ગુણો ન હોવાનું કહીને દીનતાથી રડી લેતા!

પૂ.પા.પ.ભ.દાદાજીની બાલ્યાવસ્થામાં આ પિતાજી હરિશરણ થયા. પૂ.પા.પ.ભ.દાદાજી તો બાલોચિત રીતે શ્રીગોકુલમાં ગાન-તાન-મંડલીમાં ભળ્યા.તેમને તેમના વિદ્યાગુરુએ પિતાજીની સ્મૃતિ દીધી. "આવા પિતાનો પુત્ર કેવો હોય?"-આદર્શ દીધો.વિદ્યાભ્યાસમાં વાળ્યા.તેજસ્વિતા તો તેમાં પણ દેખાતી.અનેક શ્લોકો-ગીતો પોતે રચી દેતા.તેમના દૂરના સ્વજન વૃન્દાવનમાં કોઈ ગાદીના મહંત હતા.તે તેમને પોતાની ગાદીના વારસદાર બનાવવા લઈ ગયા.આ તો ગોકુલનાથજીના ઘરની પરંપરાના સન્નિષ્ઠ સેવક!તેમને મહંતજીએ પોતાની પરંપરાનું તિલક કરવા અત્યાગ્રહ કર્યો.ત્યારે તેમણે પેટ પર તેનું તિલક કરી બતાવ્યું!મહંતાઈનો મોંઘો-મોટો-વારસો પુષ્ટિમાર્ગનિષ્ઠાથી ન્યોછાવર કરી દીધો!બાલ્યાવસ્થામાં આવી સ્વાભાવિક સ્વધર્મનિષ્ઠા તો કેવલ કૃષ્ણ- કૃપાથી જ સંભવે છે.

ભગવચ્છાસ્ત્ર-નિષ્ણાત ગો.વા.શ્રીમગનલાલભાઈ શાસ્ત્રીજી પાસેથી આપે પુષ્ટિમાર્ગના આકર-ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કર્યું.ખેડા-બેઠક-મંદિરમાં આપે આદર્શ-સેવા-વ્યવસ્થા ગોઠવી.સેવા સાથે સત્સંગ પણ સૌને સુલભ કર્યો.ભગવત્સુખના વિચારપૂર્વક,સિદ્ધાન્ત-સંગત ગોઠવણો કરી. અતિથિ-સત્કાર પણ તેમાં વણી લીધો. નિ.લી.ગો. શ્રીરણછોડલાલજી મહારાજશ્રી તથા નિ.લી.ગો. શ્રીવ્રજરાયજી મહારાજશ્રીની ખૂબ કૃપા-પ્રસન્નતા આપે મેળવેલી.

માતરથી ગો.વા.શ્રીમંગલદાસભાઈ પારેખ સત્સંગ માટે ખેડા આવે. ક્યારેક પૂ.પા.પ.ભ.દાદાજી માતર પધારે.ક્યારેક અડધે રસ્તે બંને મળીને બેસે,સત્સંગ કરે!પગે ચાલીને જવાનું!સત્સંગનો સ્વભાવ અને પ્રભાવ ભાવ તો વધારે,-આત્મીયતા પણ કરાવે!શ્રીમંગલકાકા આત્મીયભાવે અનન્ય-ભક્ત બની ગયા.ભક્તિમાર્ગમાં તો ભગવાન્ કરતાં

પણ ભક્તની અધિકતા!પ્રભુ તેથી વધુ પ્રસન્ન થાય.ભગવાન્ પણ પોતાના ભક્તો કરતાં,પોતાના ભક્તોની ભક્તિ કરનારને ઉત્તમ ભક્તો કહે છે!આ શ્રીમંગલકાકા સેવાભાવે પૂ.પા.પ.ભ.દાદાજી સાથે ભગવત્કથાદિમાં પોતાના ખર્ચે પહોંચે-રહે.આર્થિક અવરોધને ગણકારે નહિ,આર્થિક-પ્રયત્નોમાં ધ્યાન અપાય પણ નહિ.તેમાં કાંઈક દેવું થઈ ગયું.તેમને સંતોષ દેવા,ભક્તના ભક્તની સેવા કરવા,પૂ.પા.પ.ભ.દાદાજીએ પોતે વ્યાજે ઉધાર રકમ લાવીને તે દેવું ચૂકવી દીધું!તેમની આ ભદ્ર-ભાવના ફળી!ભક્તના ખેતરમાંથી પાક્યું.એક વર્ષમાં તો આ સઘળું દેવું પતી પણ ગયું!

ખેડા,માતર,ઊંબરગામ,નવસારી,અમદાવાદ,મુંબઈ,નડીઆદ-વિદેશો વગેરેમાંના વૈષ્ણવો સાથે આત્મીયતા-સભર સંબંધ-ઘરોબો-પૂ.પા.પ.ભ.દાદાજીનો!સૌના પર આપનો સ્નેહ વાત્સલ્યરૂપે વરસ્યા કરે.સૌ તેમાં તરબોળ થઈ જાય.યથાધિકાર સૌ પોતાના હૃદય-પાત્રમાં તે ભરીને,જીવનનું મંગલ-ભક્તિમાર્ગીય-માર્ગદર્શન મેળવીને,જીવનબલ અને ફલ માણે!સરલતાથી સફલતા મળે!સૌને પણ દાદાજી તો પોતાના જ લાગે!સૌનાં જીવન-ઝરણાંને પ્રભુ-પ્રેમ-પ્રવાહમાં ભેળવીને પ્રસન્નતા દેવાનો પ્રયાસ આપ કર્યા જ કરે!

"यस्मान्नोद्विजते लोको...",**"आत्मवत् सर्वभूतेषु...-"**,**"कः क्षेमो निजपरयोः--"**,-આ આપનાં પ્રિય જીવનસૂત્રો હતાં.ક્યારેય કોઈને પણ પોતાના તરફથી કષ્ટ-ક્લેશ ન થાય,તેની ઝીણવટ ભરી કાળજી આપ સતત રાખતા હતા. સઘળું તે પોતે જ સહન કરી લેતા.જે પરિસ્થિતિમાં પોતાને જેવાં સુખ-દુઃખ થાય,તેવાં સામાને પણ થાય;તેમ વિચારીને તે હમેશાં વર્તતા હતા. સામાને કષ્ટ કરાવે તેવા ધર્મથી પોતાનું કે પારકાનું શું કલ્યાણ થાય? આવા ભદ્રવિચારે ધર્માચાર નો પણ સામાના સુખવિચારે પોતે સંકોચ કરી લેતા.સ્વદોષસ્ફુર્તિ-તાપભાવના-દીનતા-દૃઢતા તો આપનાં અદ્‌ભુત હતાં! આર્તિ-વિપ્રયોગ-ભાવના તો આપના જીવનમાં સહજ રીતે વણાઈ ગયેલાં. કોઈ હસે તો પૂછે,-"પ્રભુ મળ્યા છે? પ્રભુમિલન વગર પ્રસન્નતા શેની ? હસવું શું ?!" મને મળ્યા પછી જ

પૂ.પા.પ.ભ.દાદાજી વાત્સલ્ય વરસાવતાં પ્રસન્નતાથી મન મૂકીને ખડખડાટ હસી લેતા હતા! પુષ્ટિ એટલે તો પક્ષપાત ખરોને?

પૂ.પા.પ.ભ.દાદાજીને શ્રીગોકુલમાં ગો.શ્રીકનૈયાલાલજીની ખૂબ કૃપા મળેલી.અદ્ભુત મનોરથો ત્યાં માણવા મળેલા.કીર્તનો સંમુખમાં કરવાનો લાભ મળેલો.સંમુખમાં અને સમાજમાં થતાં કીર્તનોમાં આપના તારસ્વર સાથે કોઈ એટલો ઉંચો અવાજ ઉઠાવી શકતું ન હતું!અનુપમ કીર્તનો આપ કરતા.લીલાનુસંધાન-પૂર્વક આર્દ્રહૃદયે થતાં કીર્તનો સૌને રસ-તરબોળ કરી દેતાં.કીર્તન-સમાજમાં કીર્તન-ભાવ-કથાની આપની આગવી રીત હતી.કીર્તનોમાં આપ તલ્લીન થઈ જાય,નિરુદ્ધ-ગાન ચાલ્યા કરે, અખંડ અશ્રુધારા વહ્યા કરે!સૌને તે પુલકિત કરી દે! શ્રીનન્દમહોત્સવ-પ્રસંગે આપ"જોગીલીલા"માં શ્રીમહાદેવજીનો સ્વાંગ ધરતા.શ્રીનન્દાત્મજનાં દર્શન માટેના તલસાટમાં તાદાત્મ્યથી આર્તિ ઉભરાતી!તાદૃશ-ચિતાર ખડો થઈ જતો!આ ભાવાવેશમાં આપ તે નૃત્ય પછી એકાંતમાં કલાકો સુધી તલ્લીન બનીને ભક્તિ-રસાસ્વાદ માણતા!

એક વખત માતરમાં કીર્તન સમાજ રાખેલો.રાત્રિનો સમય.ઉનાળાના એ દિવસો.શ્રીમંગળકાકાના ઘરમાં પૂ.પા.પ.ભ. દાદાજી રહેતા, અગાશીમાં કીર્તન રાખેલાં.તેમાં પુસ્તક તથા વૈષ્ણવોની સુવિધા માટે પેટ્રોમેક્ષ-બત્તીની વ્યવસ્થા રાખેલી.પાસે મોટો મધપૂડો!ઉડે તો અનર્થ થાય.ઉપાય આપે અદ્ભુત કર્યો!આગલે દિવસે ત્યાં "ભ્રમરગીત"નો પાઠ પોતે જ કર્યો!બધી જ માખીઓ ઉડી ગઈ!નિર્વિઘ્ને કીર્તન-સમાજ થયો.બીજે દીવસે તો માખીઓ પાછી ત્યાં પૂર્વવત્ મધપુડામાં મગ્ન થઈ ગઈ!ભક્તને સહયોગ ભટકતી માખીઓએ પણ આપ્યો!

સત્સંગમાં આપનો નિરોધ સૌમાં વ્યાપી જતો.તેમ અનુભવાતું! નડીઆદનો પ્રાચીન-પ્રસંગ. એક ભદ્ર વૈષ્ણવ.નાના ત્રિભોવનદાસ તેમનું નામ.ઘેર પ્રભુ વિરાજે.ઘેર રાજભોગ ધરીને મંદિરે જાય.કોઈ પણ વૈષ્ણવને ઘેર લઈ આવે.પ્રેમથી પ્રસાદ લેવડાવે.આ એમનો નિયમ. પૂ.પા.પ.ભ. દાદાજી તેમને ત્યાં ઉતરતા.ક્યારેક ઉત્સવનો પ્રસંગ. પંદર-વીસ વૈષ્ણવો ઘેર આવેલા.વહેલી સવારે દેહકૃત્ય માટે ગામની ભાગોળે સેર-કંડ-તલાવ તરફ સૌ ગયા. ચાર-પાંચ વાગ્યા હશે.પાછા તળાવે આવીને હાથ-પગ ધૂએ,લોટા માંજે.ત્યાં કોઈએ પ્રભુ-સંબંધી પ્રશ્ન પૂછ્યો. જવાબમાં ભગવદ્વાર્તા શરૂ થઈ ગઈ.શરીર-સમય-સ્થળ-સંયોગો-પ્રસંગ બધું જ વિસરાઈ ગયું!મગ્ન થઈ ગયા બંને,શ્રોતા-વક્તા!તેટલામાં ત્રીજા આવ્યા,તે પણ શ્રવણમગ્ન થઈ ગયા!એક પછી એક આવતા ગયા, સાંભળવામાં સઘળું ભૂલતા ગયા!કથા તો ભગવાનની અનંત! ભગવાન્ અનંત! લીલા અનંત!લીલા-કથા-રસ અનંત!અંત હોય જ નહિ તે અનંત!ભગવાનના ગુણો અનંત!ભગવાનની શક્તિયો અનંત! કથા-રસનો અંત જ ન આવે! હોય તો આવે ને?! છે જ અનંત!!જેટલા બોલાવવા આવે એટલા બેસતા જાય!રસમગ્ન થઈ જાય!છેવટે સાંજે પાંચ વાગે,ઘેરથી એકલાં રહેલાં માજી સૌને શોધવા આવ્યાં!લાકડીના ટેકે ચાલે.લાકડીનો ઠપકાર થયો,સત્સંગ સમાધિ ખૂલી!

માતરમાં પણ ઉત્સવના પ્રસંગે પૂ.પા.પ.ભ.દાદાજી પધારેલા. સવારમાં કોઈએ કાંઈ પ્રભુ-સંબંધી પ્રશ્ન પૂછ્યો.ઉત્તર આરંભાયો. આવેશ ઉમડવા માંડ્યો!ભાવોદ્રેકમાં તો ભગવાનને પણ મઝા પડે! સૌ માણતા રહ્યા.ચારેક કલાકે કોઈ આવ્યું.આવતાં ભાવોદ્રેકમાં અવરોધ થયો. બાહ્યાનુસંધાન થયું!ઉત્સવમાં વિલંબ ઝાઝો થયેલો.સત્સંગમાં સમય તો સ્થિર થઈ ગયેલો. સામગ્રીનો સમય નહિ!છેવટે માનભોગ-આચારાદિથી ઉત્સવ મનાવી લીધો!કૃષ્ણરસ-મગ્ન માનસને બીજું શું જોઈએ?

શ્રીમહાપ્રભુજીએ મુખ્ય-વૈષ્ણવનાં લક્ષણો બતાવ્યાં છે,-૧. લોકત્યાગ,-લોકધર્મોનો ત્યાગ, તથા લોકાનુગત પશુઓ-સંસારી ભજનીકો-નો ત્યાગ,તેમના ધર્મો-ઉપદેશોનો ત્યાગ,૨. ભગવાનના ચરણકમલનો દૃઢ-અનન્ય-આશ્રય,૩. પરસ્પર ભગવદ્ગુણાનુવાદસિંધુ-સુધા-સ્વાદ માણતાં દેહધર્મોની નિવૃત્તિ.આમાંથી એક પણ લક્ષણ ઓછું હોય તો તે મુખ્યવૈષ્ણવ ન ગણાય.ભગવાનના સ્મરણ-માત્રથી હૃદય દ્રવે,આંખમાં આંસુ આવે,વાણી ગદ્ગદ્ થઈ જાય,શરીરે રોમાંચ થાય, ત્યારે દીક્ષા લેનારની વૈષ્ણવતા ગણાય.આ બધાં લક્ષણો પૂ.પા.પ.ભ.

દાદાજીમાં વારંવાર સ્પષ્ટ અનુભવાતાં હતાં!

પાછલાં આઠ-દશ વર્ષ આપે ખેડાથી શ્રીગોકુલવાસ કર્યો.અનેક શારીરિક વ્યાધિયોથી ઘેરાએલા,પથારીવશ,છતાં સત્સંગાદિમાં તો તદ્દન સ્વસ્થ!-સમુત્સુક!માંદા તો કોઈને લાગે પણ નહિ!વર્ષોથી કેથેટર-પેશાબનળી, છતાં કોઈ જ કષ્ટ નહિ!ડૉક્ટરો પણ આશ્ચર્યથી આ દૈવી-પુરુષનાં દર્શને આવે!સંસારી માંદો માણસ તો સ્વયં અકળાય અને આસપાસનાંને પણ અકળાવી મૂકે.આ તો સમર્થ-ભગવદીય!માંદગીને પણ માણે !સ્વચ્છતા-નિયમિતતા-ચોકસાઈ તો એમના વ્યવહારમાં વણાઈ ગયેલાં.ધાર્મિકતા અને વ્યવહાર,વિચાર અને આચાર આપનામાં એકરૂપ વણાઈ ગયેલાં. સ્નેહ-સમજ-સહિષ્ણુતાની ત્રિવેણી આપની પાસે માણવા મળે.સંપર્કમાં આવનાર સૌ તેમાં સ્નાન-પાન-પવિત્રતા-તાજગી-પ્રેમમગ્નતા-ઉત્સાહ-અનુભવતા.મને તો લાગતું,-સંસાર-સર્પ સામે સંઘર્ષમાં લડતાં થાકેલા નોળીઆને જાણે નોળવેલ સૂંઘવા મળી ગઈ!

પાછલી અવસ્થામાં,આંખે કાળો મોતીઓ,તેથી દેખાય નહિ.કાને સંભળાય નહિ.પગે દર્દ,તેથી પથારીમાંથી ઉઠાય નહિ.કેથેટર-મૂત્રનળી-પણ નાખેલી.મધુપ્રમેહ(ડાયાબીટીસ)તથા રુધિરદબાણ(બ્લડ-પ્રેશર)પણ સાથે ખરાં!મોંમાં દાંત નહિ, ચોકઠું પણ નહિ!ક્યારેક તો સામા માણસને પણ લાગે,-આવા ભક્તપુરુષને આવો તીવ્ર પ્રારબ્ધ-ભોગ!? આપ ગણતા હતા,-આને પણ કૃપાયોગ!કહેતા,-પ્રભુને દોષ ન દેશો,પ્રારબ્ધભોગના નામે પ્રભુની ઉપેક્ષા ન થવા દેશો.મારા પર તો કેવલ કૃપાયોગ જ છે! ચાલતો હતો ત્યારે દુનીઆમાં દોડતો હતો.હવે ચાલવાનું બંધ કરીને આથડતો અટકાવીને ભગવાને ઠરી ને ઠામ કર્યો છે,નિરાંતે ભગવદ્ભજન થાય છે.દેખાતું નથી,તો ભગવાને બહારનું દેખીને બહિર્મુખ થતાં બચાવ્યો છે.અંતર્મુખ-ભગવદાભિમુખ થવાનો આ સુવર્ણ અવસર આપ્યો છે. સંભળાતું નથી,તો ભગવાને વ્યર્થ વાતો સાંભળીને વિમુખ થતાં બચાવ્યો છે,મનનનો મંગલ અવસર આપ્યો છે.કેથેટર વળગાડીને તો કૃષ્ણે આચાર-પવિત્રતાનું અભિમાન ઉતારી નાખ્યું છે,-અટકાવી દીધું છે, દીનતા દીધી છે.ડાયાબીટીસે ખાંડ છોડાવી,પ્રેશરે મીઠું મૂકાવ્યું,સ્વાદમાં સંયમ-દેવાની કૃપા જ કૃષ્ણે કરી છે.દાંત હતા,ચાવતા હતા,હવે પ્રભુએ ચાવ્યા વગર લેવાય તેવો સુયોગ દીધો છે.આ પ્રારબ્ધયોગ નથી,મારા પ્રભુએ મને આ તો નિરોધ દેવાનો કૃપાયોગ રચ્યો છે!ભગવદીયની જીવનદૃષ્ટિ-પરિસ્થિતિનું મૂલ્યાંકન-દિવ્યદૃષ્ટિ-ભગવદીય વિચાર-ભગવત્સંબંધથી સ્વસ્થ-સંમુખ-શાંત-સ્નેહસભર રાખે.ભગવાનમાં દોષદૃષ્ટિ તે ન થવા દે;બાપડા-બિચારા-ગરીબડા ન થવા દે!

અનાચાર મલિનતા છે,અત્યાચાર મૂર્ખતા છે,વિચાર-આચારનો સુમેળ સદાચાર છે.તે અહીં અનાયાસે સાકાર જોવા મળે,વિકાર કાંઈ તેમાં ન દેખાય,પ્રકાર-પ્રભુપ્રસન્નતાનો હોય.અંતઘડી સુધી જાગૃત જિજ્ઞાસા આપની.છેલ્લે સુધી પણ સિદ્ધાન્ત-આચાર-વ્યવહારના સુમેળથી જીવન-ઘડતરના પ્રયોગો-પ્રયાસો ચાલ્યા જ કરેલા!ગુણિજનો,વિદ્વાનો,ભક્તો, સંતો,અભ્યાગતો,અતિથિયો,ભિક્ષુક,દુઃખી-સંસારી સૌને આપની પાસેથી કાંઈક મન માન્યું મળી રહેતું!ગો.બાલકોનો આદર હૃદયંગમ!હરિ-ગુરુ-વૈષ્ણવ-સેવામાં આપ સદા તત્પર!સેવાની જાહેરાત નહિ!સૌની ગુપ્તરીતે યથાયોગ્ય સેવા કરી લે!ભગવદર્થે વિનિયોગનો વિશિષ્ટ-વિવેક,તકની સેવાની તત્પરતા અને ઉત્કૃષ્ટ ભાવભદ્રતા તો આપના જીવનમાં વણાઈ ગયેલાં.મૂંઝાતા માનવોને વણમાગી મન-માની મદદ પણ ગુપ્તરીતે પહોંચાડ્યા જ કરે. સૌને પણ આર્થિક-માનસિક-બૌદ્ધિક-શારીરિક સહયોગ આપ્યા જ કરે. અનેકનાં અનેક કાર્ય ઉપાયોથી ઉકેલી આપે. પુણ્ય-પ્રવૃત્તિ તો પ્રકટ ન થાય. “મત્સ્ય-ચરિત”ના પાઠ દ્વારા અનેકના સંકલ્પો સિદ્ધ કરી આપેલા. અનેક માટે અનેકવિધ આરાધન-ભજન પણ આપ કરાવી આપતા. ઘરેડમાં ઘસડાનારને યોગ્ય સ્વમાર્ગે-સન્માર્ગે-ભગવન્માર્ગે લઈ આવતા.

પોતે કથા કરતા,ત્યારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠે.નિત્યકર્મ પરવારે; પછી પોતે જ યજમાન માટે શ્રીભાગવતનો પાઠ કરે,પછી જ કથા સંભળાવે!કથામાં આરંભનો દિવસ નક્કી,સમાપ્તિ તો ભગવદિચ્છાએ!-મહિને-બે મહિને પણ થાય,-કથા લોકોના મનોરંજન માટે નહિ,લોકોને

ભક્તિ થાય,પ્રભુ પ્રસન્ન થાય,-તેવી રીતે થાય.આવો સદાગ્રહ આપનો રહેતો.આપે પછી તો આ કથાવૃત્તિ પણ છોડીને અવ્યાવૃત્ત કૃષ્ણભજન સ્વીકારેલું.પોતે કષ્ટ વેઠીને પણ કોઈનું કામ કરી દેતા;કોઈની પાસે પોતાનું કામ કરાવતાં ખૂબ ખચકાતા.કોઈને પણ શ્રમ દેવા ન ઈચ્છે. કોઈ પણ ભેટ-સેવા-આપે,તો તેમાં દ્રવ્યશુદ્ધિ ખૂબ ચીવટથી ચકાસતા.શુદ્ધ દ્રવ્યમાંથી પણ અમુક યોગ્ય ભાગ પહેલાં સત્કાર્યાદિમાં પોતે વાપરી નાખતા.

અમારી નડીઆદની શ્રીગોશાલા-ભગવન્મડલીએ ખંભાત-બેઠકજીમાં શ્રીભાગવત-કથા-મનોરથ પંદર દિવસ રાખેલો.સવારે કથા-શ્રવણમાં આપ વિરાજે.મારી વાણી ભક્ત-શ્રવણે વિનિયોગ થાય.સાંજે ૮૪-૨૫૨-ભગવદીયોના જીવન-પ્રસંગોના મર્મ આપ હૃદયંગમ રીતે સમજાવતા.રસ-તરબોળ સૌને કરી દેતા.આપનું પોતાનું જીવંત-ભગવદીયત્વ સત્સંગમાં સ્વતઃ ઝળહળી ઉઠતું!

ભગવદીયની વાણી પણ ભગવાન્ સત્ય કરે છે.અમારી ગોશાલા-ભગવન્મંડલીનો મનોરથ,-શ્રીચન્દ્રસરોવરમાં શ્રીમદ્ભાગવત-કથા પંદર દિવસ સાંભળવી!ગો.વા.પ.ભ.મુ.મોહનકાકાની તેમાં મંગલ મન:કામના!-મારી વાણીનો અંગીકાર શ્રીમહાપ્રભુજી કરે!-શ્રીરતિલાલભાઈ દોશી તેમાં આવવા ઈચ્છે.તે તો હૃદયરોગના દર્દી.દશ ડગલાં ચાલે,એટલે ઊભા રહેવું પડે,ગોળી લેવી પડે.તેમને મન આવવાનું ખૂબ,-ચાલીને શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવાનું!મને ખૂબ આગ્રહ કર્યો.મને તો મૂંઝવણ થઈ.કોઈ ઉપાય સૂજ્યો નહિ!છેવટે લઈ ગયો ખેડા,-પૂ.પા.પ.ભ.દાદાજી પાસે!સાગ્રહ અનુગ્રહ માટે વિનંતી કરી.છેલ્લે હસતાં હસતાં આપે કહી દીધું,-“ભગવદિચ્છા હશે તો થઈ જશે!”પછી,અમે તો શ્રીગિરિરાજજી ગયા.આરંભે શ્રીરતિકાકાને છાતીમાં દુ:ખ્યું! ભગવદીય-વચન સ્મરીને વ્રજરજ લગાડી આપી,પછી તો અખંડ ચાલતાં શ્રીગિરિરાજજીની પરિક્રમાનો મનોરથ પૂરો થઈ ગયો!પુનઃ ઘેર આવ્યા,દશ ડગલે દર્દ-ગોળીનો ક્રમ ચાલુ થઈ ગયો!બોલે તે થાય,-તે દૈવી-વાણી!

આવા તો અનેક પાવન-પ્રસંગો-સંસ્મરણો છે. તે તો કાળજીથી કાળજામાં કોતરાય,કાગળમાં શું ઉતરે?! કોઈ કવિ કહે છે,-“શી શી સંભારું ને પૂજું પુણ્ય-વિભૂતિયો; પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે!”

પોતે ભગવદ્ભજન-નિરત નિરપેક્ષ ભગવદીય,છતાં દીનતા તો આપની સતત સ્રવતી રહેતી,-આપનાં વાણી-વર્તન-વિચારોમાં !દીનતા તો ત્રણ પ્રકારની હોય.-૧. પ્રવાહદીનતા,-ગરજવશ બાપડા-બિચારા થઈને જીવવું,લોકો પાસે લાચારી કરવી.આ તો વાસ્તવમાં હીનતા છે. ૨.મર્યાદાદીનતા-ભવપાશમાં બંધાએલા મારો મોક્ષ ક્યારે થશે!-આમ ચિત્તની આકુલ-વ્યાકુલતા;યથાર્થ વર્ણાશ્રમાદિ ધર્મો ન પળાતાં તેથી થતા સંતાપથી થતી વ્યાકુલતા.૩. પુષ્ટિદીનતા-સ્વદોષસ્ફુર્તિથી સંતાપ થતાં થતી વ્યાકુલતા;ભગવાન્ માટેના તાપભાવમાંથી પ્રકટ થતી પ્રભુપરક આકુલ-વ્યાકુલતાઃ પૂ.પા.પ.ભ.દાદાજીમાં સ્પષ્ટ પુષ્ટિદીનતા હતી.

“**प्रारब्धकर्ममुञ्चानो भावत्को व्रजवल्लभः । नाद्यापि कर्म मे च्छिन्नमिति क्लिश्यामि संततम् ॥**”-પ્રારબ્ધકર્મ ભોગવતો આપનો વ્રજવલ્લભ-મારાં કર્મ આજે પણ છેદાયાં નથી,-એમ સતત ક્લેશ કરું છું.“મને તો વાત્સલ્યવશ પોતાનો ધર્મપુત્ર ગણતા હતા,છતાં મને પત્ર માં લખતા હતા,-“તમારા સિવાય મારી દૃષ્ટિમાં તો કોઈ નહિ હોવાથી,હું ભિક્ષુક બન્યો છું.પ્રભુપ્રેરણાએ દયા આવે તો ભિક્ષા આપશો.અત્યાર સુધી હું માત્ર પ્રતિષ્ઠા-રૂપી વિષ્ટાથી ખરડાએલો રહ્યો છું.સત્કર્મ કરતાં અર્થાત્ સેવા-સ્મરણમાં યાદ કરીને શુભાન્દોલનો પાઠવશો;એ જ મારી મુખ્યસેવા છે.હું દાદાજી છું.તમો સત્પુત્ર છો.શ્રીશુકદેવજી અને વ્યાસજી-નારદજીના દૃષ્ટાંતથી શુકાસનેથી આશીર્વાદ પણ આપી શકાય. “**त्वमेव सर्वं मम धर्मसूनो** ।”-આ પ્રતીક માં “સર્વ”શબ્દથી મારી ભાવના, “**त्वमेव माता च पिता त्वमेव**”માં કહેલી વગેરે ભાવના,તમોએ સ્વીકારી છે ને? આ મારો પ્રશ્ન છે.તમો દીકરા તરીકે હોવાથી તમને મારી આવી ભાવના ઉચિત નહીં લાગે,પણ તમો તે જ પ્રમાણે મારી સાથે વર્તન કરો છો.પુનઃ લખું છું કે,-ભગવાનમાં જેમ સર્વભાવ કરી શકાય તેવી રીતે,વાક્પતિની વાક્સુધામાં તમારી નિષ્ઠાને લીધે મને તમારામાં આ ભાવના ઉદ્ભવી

છે.તમે વાક્સુધાનિષ્ઠ હોવાથી આ લખી શક્યો છું.લોકાનુગત ભક્તોનો
સંગ પણ પ્રભુએ મને મારામાં રહેલા દોષો ને લીધે જ કરાવ્યો છે.તેમાં
લોકાનુગંતોનો જરા પણ વાંક કે દોષ નથી.સંગથી ઘવાઈ ગયેલો હોવાથી
કાંઈ મને ચેન નહિ પડતાં અડધી રાતે આપને પણ લખીને દુઃખી
કર્યા.તમારામાં પ્રભુકૃપાથી બે શક્તિ છે,-સ્વોદ્ધારક અને પરોદ્ધારક.તમો
તો તટસ્થ રહી,નિરપેક્ષ રહી,લોકના સંગમાં આવો છો.હું તો ભાવુક
શબ્દો તથા ભાવભીની સેવાથી એટલો બધો દુઃખી થયો છું કે જેની કોઈ
સીમા નહિ.એ મારા દુઃખનું કારણ મારા જ દોષ છે.મારામાં રહેલા દોષોએ
જ લોહચુંબકની પેઠે બીજામાં રહેલા દોષોને આકર્ષીને હું વિશેષ દોષવાળો
થયો છું,છતાં લોકાનુગતોનો દોષ વિચારું છું.એ મારી મોટી ભૂલ છે.
"**लोकानुगतद्रव्येण संसर्गाच्च तथान्नतः ।गोविन्दाद् विमुखो जातः का गतिर्मे**
भविष्यति ॥" લોકાનુગતોના દ્રવ્યથી અને સંસર્ગથી તથા અન્નથી હું
ગોવિન્દથી વિમુખ થયો છું,મારી ગતિ થશે?! "**प्रार्थते दोषपुष्टात्मा भावत्को**
व्रजवल्लभः । महद्रजोऽभिषेकं विना भक्तिमार्गे न निस्तारः । अतः ममोपरि दयां
कृत्वा किं करोमीति प्रदर्शय ।" "દોષોથી પુષ્ટ અંતઃકરણવાળો આપનો
વ્રજવલ્લભ પ્રાર્થે છે-મહાપુરુષોના ચરણરજોભિષેક વિના ભક્તિમાર્ગમાં
છૂટકો નથી.આથી મારા પર દયા કરીને હું શું કરું એ બતાવો!"આવી
દિવ્ય દીનતા ક્યાં જોવા-સાંભળવા પણ મળે ?!"હા!ગોકુલકે રાજા"-
કહીને પ્રભુ શ્રીગોકુલનાથજીને રડતાં રડતાં આતુરતાથી પોકાર્યા કરતા!
કોઈ વખતે મારું કાંઈક અસ્વાસ્થ્ય વધ્યું.દવાની ઈચ્છા નહિ.કોઈએ
પૂ.પા.પ.ભ.દાદાજીને વિદિત કર્યું.આપે વાત્સલ્યથી લખેલું,-"શરીર
સારું હશે તો શ્રેયઃ અને પ્રેયઃ બંને સધાશે.શરીર-ચિકિત્સા તેથી કરાવવાની
છે.જો તમે અમલ નહીં કરો તો મારે અમૂક વ્રત લેવું પડશે."

મંગલ-કામના કરતાં આપ મને લખતા,-"**चेतस्तु ते स्मरतु**
श्रीकृष्णस्य लीलां,वाणी गृणोतु सततं हरिनामधेयम् । काया करोतु हरिपाद
सेवां,प्रीतिर्दृढा भवतु वै श्रीवल्लवीशे ॥"-તમારું ચિત્ત તો શ્રીકૃષ્ણની લીલાને
સ્મરો!વાણી સતત હરિનામનું રટણ કરો!કાયા હરિપાદ-સેવા
કરો!શ્રીવલ્લવીશમાં નિશ્ચિતપણે દૃઢ પ્રીતિ થાવ!

મારા માટે તો વાત્સલ્ય-સભર મંગલ-મનોરથ કરતા હતા. "આપ જલદી જલદી કથાઓ કરી કરીને લોકાનુગતોના સત્સંગથી પણ મુક્ત થઈ જાઓ! એવી મારી આ માટે ઈચ્છા રહે છે.જો કે આપને સ્વાર્થ નથી,નિરપેક્ષ છો,આપ કથાની માગણી કરતા નથી,તેમ આટલું જ મળે તેવી પણ ઈચ્છા આપનામાં નથી,પ્રભુ-ઈચ્છાએ જે મળી આવે તેમાં સંતોષ છે; હરકત તો કાંઈ નથી;છતાં લોકાનુગતોના સંગ ઉપરથી મને અણગમો જેવો થઈ ગયો છે,તેમની સાથેનો સત્સંગ નિઃસ્વાર્થ સેવાને લઈને પણ, લોકાનુગત-સંગ,બહિર્મુખ કરનાર છે,અને નિરોધમાં વિલંબ કરનાર છે."

પોતે તો વ્રજવાસી.સામાન્યતઃ અમારી સાથે સખડી-પ્રસાદ ન લેવાનો લોકાચાર!છતાં પુત્ર-વત્સલતાથી અમારી સાથે,અમારા હાથે,પણ પ્રસાદ પ્રેમથી લેતા!આપના સ્વજન મથુરાથી આવેલા.તેમને સ્પષ્ટ આપે કહી દીધેલું,-"હું તો આમની સાથે,એમના હાથે,સખડી પ્રસાદ લઉં છું.તમને ન ખપે તો જુદી વ્યવસ્થા કરું!"તે સ્વજન તો સ્નેહથી માની ગયા!માંદગીમાં પથારીવશ હોવાથી મારાં સહધર્મચારિણી (સૌ.વિનોદિની)આપના મોંમાં કોળીઆ મૂકે ત્યારે પ્રસન્નતાથી આસપાસવાળાને કહેતા"જુઓ!મારી પુત્રવધૂ મને લાડથી મોંમાં કોળીયા મૂકીને જમાડે છે!કોને આવું સેવા-સૌભાગ્ય મળતું હશે?!"અમે કથાવશ વિદેશ ગયાં.ત્યારે અમારા ફોટા પાસે રાખીને નિત્ય પુષ્ટ કર્યા કરતા હતા!આ વરસતું વાત્સલ્ય ક્યાં મળે?!

અમારા માટે આપ મંગલ-કામના કર્યા કરતા,- "**कुरुताद् गोकुलाधीशो दम्पत्योश्च सुमंगलम् । (अ.सौ.)पुत्रवधूविनोदिन्याः सौभाग्यं नित्यमेधताम् ॥**" શ્રીગોકુલાધીશ દંપતીનું સુમંગલ કરો!અ.સૌ.પુત્રવધૂ વિનોદિનીનું સૌભાગ્ય નિત્ય વૃદ્ધિ પામો!

આપે મને ક્યારેક પત્રમાં લખેલું,- "**नवनीतप्रियं पुत्रं वधूं चैव विनोदिनीम्। निरोधं पुष्टिमार्गीयं दीयतां गोकुलेश्वर । श्रीवल्लभ कृपानिधे यमुने श्रीहरिप्रिये॥**" "પુત્ર નવનીતપ્રિયને અને પુત્રવધૂ વિનોદિનીને,હે શ્રીગોકુલેશ્વર! પુષ્ટિભક્તિમાર્ગીય નિરોધ આપો!હે શ્રીવલ્લભ!હે

કૃપાનિધે!હે શ્રીયમુને! હે હરિપ્રિયે !

ભગવદીય-પ્રસન્નતા-સેવા-સત્સંગ-દર્શન ના લોભે વર્ષમાં બે-ત્રણ વખત તો અમને શ્રીગોકુલ-દર્શન-શ્રીયમુનાપાનાદિ અનેક-લાભ વર્ષો સુધી મળતા રહેલા.પૂ.પા.પ.ભ.દાદાજીનું અગાધ વાત્સલ્ય માણવા મળતું હતું.હવે તો એ શ્રીગોકુલવાસ,ભગવદીય-દર્શન-સમૃદ્ધ સત્સંગ, વિપુલ વાત્સલ્ય તો ક્યાં માણવા મળશે?!હવે, નિત્ય-શ્રીયમુના-પૂજન પછી પ્રસાદ કોને લેવડાવીએ?!તિલક-વંદન-કોને કરીએ?!મારા શ્રીલાલન હવે ખોળો કોનો ખૂંદે?!મારા શ્રીલાલનને ઝોલીમાં ઝૂલાવીને કીર્તન હવે કોણ કરશે?! હવે,લૌકિક-પ્રસંગોમાં પણ અલૌકિક દૃષ્ટિકોણ-મંગલમાર્ગદર્શન, -ભગવત્સંબંધ-પ્રેરણા કોણ દેશે?!

શ્રીહરિરાયજી યથાર્થ કહે છે,-"**भक्तिमार्गस्तिरोभूतस्तथा सङ्ग सतामपि ॥**"-ભક્તિમાર્ગ તિરોહિત થઈ ગયો છે;તથા સત્પુરુષોનો સંગ પણ!ભોગ-પરાયણ તો સર્વત્ર સુલભ છે,ભગવત્પરાયણ તો અતિ-દુર્લભ છે!-સત્તા-સંપત્તિ-સદ્‌ગુણ-સંપન્ન પણ સંસારમાં સુલભ છે; પણ ભગવદ્ધર્મ-સંપન્ન- તો અતિદુર્લભ છે.સ્વજન-સ્વાનુકૂલતા-સુખ કદાચ સંસારમાં સુલભ થઈ જાય,પણ ભગયદીયજન-કૃષ્ણાનુકૂલતા-સેવાસુખ તો સુદુર્લભ છે. સ્વાર્થ-સંમુખ રહેનાર તો સર્વત્ર સુલભ છે;હરિ-સંમુખ રહેનાર અને સંમુખ રાખનાર તો ક્યાં સુલભ છે?!કૃષ્ણકૃપાથી જ સઘળું સરલ છે,-સફલ છે.

પૂ.પા.પ.ભ.દાદાજીએ તો અપાર વાત્સલ્ય વરસાવ્યા કર્યું છે. એ તો નિઃસ્વાર્થ ઉદાર ઉદાત્ત ભગવદીય!હું તો ક્ષુદ્ર સંસારી!મેં તો સ્વાર્થવશ લાભ જ લીધો છે!કોઈ રીતે આપને ઉપયોગી થઈ શક્યો નથી. પૂ.પા.પ.ભ.દાદાજી પાસે ક્ષમા પણ કઈ રીતે યાચી શકું?! પ્રેમાળતા આપની,પ્રમાદ મારો!પૂ.પા.પ.ભ.દાદાજીની દૃઢ-પ્રબલ-પ્રકૃષ્ટ-વત્સલ-ભાવનાનુસાર હું તો યથાર્થ વૈષ્ણવ-વિદ્વાન્-વિપ્ર બની તો નથી શક્યો!ધંધાદારી ધાર્મિક બની રહ્યો છું!-મારાં કર્મની કઠોરતાથી!પરંતુ,દૃઢ શ્રદ્ધા છે,સમર્થ-વત્સલ-ભગવદીયની દૃઢ-શુદ્ધ-વત્સલભાવના મને અભીષ્ટ બનાવશે જ. "મોહે ભરોસોં હૈ દોઉ ઠોરકો, એક હરિભક્તનકો,ઔર દૂજો નન્દકિશોર કો!"

પૂ.પા.પ.ભ.દાદાજી તો નિત્ય ભગવલ્લીલામાં પધાર્યા.નિત્ય લીલાપ્રાપ્તિનો માર્ગ તો જરૂર સ્પષ્ટ બતાવતા ગયા છે;પોતાના જીવનથી-આદર્શોથી!શ્રીમહાપ્રભુજીના આદેશો પ્રમાણે,આપની કૃપાસભર વત્સલ-ભાવના જરૂર તે માર્ગે દોરશે જ,તેને યોગ્ય બનાવશે જ;પ્રભુ પ્રસન્ન થાય તેમ,સેવા-કથા-પરાયણ,સ્મરણરત રાખશે જ.તેમ દીનતાથી ઝંખતો રહું છું.સેવા-સત્સંગ-સ્મરણે સ્વસ્થ-સંમુખ રહેવાય.મારે તો ભગવદીય ગયા!!! ભગવાન્ જ રહ્યા!!! વધુ શું કહું?!

સદૈન્ય વંદું છું,-પુષ્ટિ ભક્તને-પુષ્ટિભક્તિને-પુષ્ટિસ્થ ભગવાનને!-પરમ ભાગવત વત્સલ મારા દાદાજીને!મારા આચાર્યચરણોને!

卐

શ્રીહરિઃ

શ્રીમદ્વલ્લભાચાર્ય-વાક્સુધાવર્ષણશીલ,-સંતપ્રવર
મારા પૂ.પા.પ.ભ.શ્રીનાગરદાસકાકા

“मनसि वचसि काये पुण्यपीयूषपूर्णाः
त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥”

મનમાં,વચનમાં અને દેહ(ક્રિયા)માં પુણ્યપીયૂષથી પૂર્ણ,ત્રિભુવનને પોતાના ઉપકાર-પરંપરાથી પ્રસન્ન કરતા,પરગુણના પરમાણુને પર્વત જેવો બનાવીને નિત્ય પોતાના હૃદયમાં તેનો વિકાસ કરનારા સંતો છે કેટલા?

સત્તા-સંપત્તિ-સંતતીને ઝંખતા સંસારીઓ તો સર્વત્ર સુલભ છે.સુદુર્લભ છે સંત!સંસારીનું જીવન તો વન છે.સંતનું પણ જીવન છે તો વન,પણ તેમાં છે સ્નેહનો વસંત!તેમાં વિલસે વસંતાધિપતિ મધુરમૂર્તિ કૃષ્ણ! સંત, સ્નેહવસંત અને વસંતાધિપતિના વાસની ત્રિવેણીનું અનુગ્રહજન્ય વિરલ સ્વરૂપ મેં જોયું મારા નાગરદાસકાકામાં!

પુષ્ટિસંપ્રદાયના પ્રકાંડ પંડિત શ્રીમગનલાલભાઈ શાસ્ત્રીજીની વેદાન્ત-વિદ્યાનો વિપુલવારસો,વત્સલ પિતાની પુણ્યશીલતા અને નિ.લી.પૂ.પા.ગો.૧૦૮ શ્રીરણછોડલાલજી મહારાજશ્રી(અમદાવાદ)ની ભગવદીય-જીવન-ઘડતરની -ઉદાર કૃપાવૃષ્ટિની ત્રિવેણી એટલે પૂ.શ્રીનાગરદાસકાકાનું જીવન!સરલતા-સન્નિષ્ઠા અને સંમુખતાનો સુમેળ તો તેમના પ્રત્યેક વર્તનમાં વણાએલો જ હોય!બાલક-યુવાન-વૃદ્ધ સૌને સાનુકૂલ બનવાનું તો જાણે એમનું જીવનવ્રત!બાલમંદિરથી લઈને સંશોધન(Ph.D.)સુધીના વિદ્યાર્થીઓ પર એમનું વાત્સલ્ય વરસ્યા કરે!

ટાયરનાં ચંપલ અને ધોતી-ઝભ્ભો-ખેસ-ફેંટો તો એમનો નિત્યનો વેશ! ખભે ઝોળીઓ ઝૂલે!પેટી પણ પાછળ!હાથમાં માળા, મુખમાં પ્રભુનામ, મનમાં રમે ઘનશ્યામ!કામ તો કોઈનું કાંઈ પણ કરતા

ગો.વા.,પૂ.પા.,પરમ ભાગવત
પં.શ્રીનાગરદાસ કા. બામણીયા-(અમદાવાદ)



જન્મ તારીખ ૨૮-૭-૧૯૦૯ ગોલોકવાસ તારીખ ૯-૨-૧૯૮૦

विद्यावात्सल्यवर्षाभिः पुष्टिमार्गैकबोधकाः ।
साधुचरितसंपन्नाः नागरदाससूरयः ॥

કંટાળે નહિ! મોટાઈનો મોહ નહિ!દેખાવની દરકાર નહિ!જ્ઞાનનું ગુમાન નહિ!પૈસાની પરવા નહિ!નાના કામમાં નાનમ નહિ! "સાજા રહેવું-સંમુખ રહેવું",-એ જીવનસૂત્ર પૂ.કાકાનું!ભક્તિની ભદ્ર-ભવ્યતા!

ગો.બાલકો,વિદ્વાનો,વૈષ્ણવો,અન્ય સંતો-મહંતો અને સંપર્કમાં આવનારા સૌને આડંબર વગરની આત્મીયતાનો આહ્લાદ અનુભવાય એમની પાસે! ગ્રંથોની ગ્રંથિયો ખોલતાં,ભગવત્-સ્વરૂપાત્મક શબ્દોને શ્રમ ન થાય,-એવી સતત સાવધતા એમની!સંપ્રદાયની મર્યાદાનું વ્રત (મરજાદ)છતાં મૂંઝવતો દુરાગ્રહ નહિ!વિચાર અને આચારનો સ્વસ્થ સંચાર પૂ.કાકાના કાર્યમાં હોય!વિદ્યાર્થીને વિચાર-સ્વતંત્રતા,ચર્ચાના ચર્વણ પછી જ ચોક્કસ અર્થઘટનની ઉદારતા,અસ્પષ્ટ લાગે ત્યાં સ્પષ્ટ સ્વીકાર,આ એમના અધ્યાપનની ઉત્કૃષ્ટતા!-વિશિષ્ટતા!

બહારગામ કથામાં હોઉં,પૂ.કાકા પ્રસંગવશાત્ તે ગામમાં આવે,-જાણે,તો મને શોધીને પણ ભગવત્સ્મરણ કરવા જરૂર આવે!નવું સ્ફુરેલું સ્નેહથી સમજાવી દે!વિવેકથી વિનવું,-"આપની પાસે મારે આવવાનું હોય,આપને શ્રમ શા માટે લેવાનો?"વાત્સલ્યભર્યો ઉત્તર મળે,-"વાછરડું હોય ત્યાં ગાય ખેંચાઈને આવે!કહેવા ન રહે!"અનેક પ્રસંગો સ્મૃતિમાં આવા તો ઉભરાય છે.

મારાં નેત્રની નિર્બલતાથી મહત્ત્વના ગ્રંથોમાંથી તારવીને વાક્યો મને વંચાવી દે!પંક્તિયો નીચે ચિહ્ન કરી દે.ભણતાં મને શ્રમ ન થાય ને!? મોટા ભારે ગ્રંથો પણ પોતે શોધીને-ખરીદીને-ઊંચકીને-મારા માટે લઈ આવે,-ઘેર આવીને આપે!વિદ્યાર્થીને શ્રમ ન થાય,તેમ વિચારનારા-વિચરનારા-ગુરુજન કેટલા જડે?!

એમને વેદાન્ત વાણીનો જ વિષય ન હતું,વિચારનો જ વિષય ન હતું, વ્યવહારમાં વણાએલું હતું!નાનકડો જ પ્રસંગ!ઉનાળાનો બપોર! અમે અમદાવાદ રેલ્વે સ્ટેશને આવતા હતા.વાતો ભગવાનની ચાલતી હતી. એકાએક કાકા તો ઊભા રહી ગયા!નીચે બેઠા!કાંઈક શોધવા લાગ્યા!, વીણવા લાગ્યા!મને આશ્ચર્ય થયું. પૂછ્યું.જોયું.કાકા ટાંકણીઓ વીણતા હતા,મને પણ મદદ કરવા કહ્યું!મને તો મૂંઝવણ થઈ!વિવેક તો

વીણવા પ્રેરે!પણ મન માને નહિ!સમજાયું નહિ,-આમ કેમ?!આવા મોટા પ્રાધ્યાપક(પ્રોફેસર)રસ્તામાંથી ટાંકણીઓ વીણે!!કાકાએ સ્નેહથી સમજાવી દીધું,-"સર્વરૂપે ભગવાન્ છે,-એ આપણો શાસ્ત્રાર્થ છે.આ ટાંકણી પણ ભગવાનનું એવું એક રૂપ!એનો યથાર્થ ઉપયોગ એ એ તો આદર!વ્યર્થ વેડફાય એ અપરાધ!આપણે જોવા-જાણવાં છતાં પણ હવે એની ઉપેક્ષા કેમ થાય?ઉપાડીને ઉપયોગથી એનો આદર થાય"કૃપણતા કે લોભ નહિ,પણ શાસ્ત્રનો સ્પષ્ટ યથાર્થ સમાદર કર્યો ટાંકણીઓ વીણીને!

એક બપોરે એમના બગીચામાં સફાઈ પોતે કરે!વૃદ્ધ વય છતાં વિલંબ નહિ!મેં જોયું.આવા શ્રમનું કારણ પૂછ્યું.સરલભાવે કાકાએ સમજાવી દીધું,-"આપણા પુષ્ટિસ્થ પ્રભુ તો બાલક છે.ઘરમાં રમતાં બહાર પણ પધારે!ત્યાં કચરો-કાંટા-કાંકરા હોય તો એમના કમલ-કોમલ ચરણમાં શ્રમ જ થાય ને?સેવકે તો સ્વામીનું સુખ વિચારવું-આચરવું જ જોઈએ. કોઈ તો કાળજીથી કામ ન પણ કરે!આપણે તો કરવું જ જોઈએ" ભગવદીય-હૃદયની ભદ્રતા આમાં તો વ્યક્ત થઈ ગઈ!

વિદ્યાર્થી ગુરુને ઘેર ભણવા જાય,એ તો મર્યાદા!આ તો પુષ્ટિપરાયણ પ્રેમાળ-પુરુષ!સામે ચાલીને વિદ્યાર્થીને ભણાવવા જાય!માર્ગવ્યય કે દક્ષિણા વચમાં ન આવે!છતાં આભારના ભારથી કોઈને કચડે નહિ!કોઈ ભણે કે ભજે એને અનુકૂલ થવા સદા તૈયાર!ઉપકાર પોતે સ્વાભાવિકતાથી અનેક કરે,છતાં તેને ન યાદ કરે,-ન યાદ કરાવે!છતાં સામાનો એક પણ ઉપકાર ન ભૂલે!સંસારમાં આવા સંત શોધ્યા ક્યાં જડે? સ્નેહવસંત ક્યાં ફુલે?

મને ગૌરવ છે,-ભગવાને કૃપા કરી,-શ્રીમહાપ્રભુજીના સન્નિષ્ઠ-અનન્ય-ભક્ત દ્વારા ભક્તિશાસ્ત્ર-પ્રવેશ કરાવ્યો!જ્ઞાની દ્વારા શાસ્ત્ર-પ્રવેશથી જ્ઞાનમાર્ગમાં પ્રવેશ થાય.ભક્ત દ્વારા શાસ્ત્રસંબંધથી ભક્તિમાર્ગ-પ્રવેશ સુલભ થાય.ભગવાન્ ભક્ત દ્વારા જ સર્વકાંઈ કરે છે,-એ ભક્તિમાર્ગનો સિદ્ધાંત છે.કૃષ્ણકૃપા જ કૃતાર્થ કરે છે!-વંદને વિરમું છું.

ગો.વા.,પૂ.પા.,પરમ ભાગવત,
મુ.શ્રીમોહનકાકા-(નડીઆદ)

જન્મ તારીખ

હરિચરણશરણ તા.૭-૫-૧૯૮૦
સં. ૨૦૩૬ વૈશાખવદ-૭

मातृमसृणमनसा पितृप्रेमार्द्रचेतसा ।
सुहृत्सन्निष्ठशेमुष्या भक्तो मोहनलालजित् ॥

શ્રીહરિઃ

વિરલ વાત્સલ્યવેલાકૂલ

પ.ભ.મારા મુ.શ્રીમોહનકાકા

ભગવાન્ પ્રસન્ન થાય તો ભગવદીયો મેળવી આપે.ભગવદીય-સંગ ભોગ-પરાયણને પણ ભગવત્પરાયણ બનાવી દે!પરમ-ભગવદીયનો પ્રસંગ તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરાવે છે!સ્મરણમાં ઉભરાય છે,-મારા એ દિવસો!ભણ્યો તો તો પ્રભુકૃપાથી ઈજનેરનું!નોકરી કરવા જવું પડતું! મનમાં આગ્રહ તો વૈષ્ણવતાનો!બ્રહ્મસંબંધ નહિ!છતાં વૈષ્ણવ વેષ-રીત ખૂબ રુચે! તિલક સાદા કંકુનું તો ક્યારેક પ્રસ્વેદ વગેરેથી લૂછાઈ જાય.તે મને ન ગમે!ગાંધીને ત્યાંથી બનાવટી રંગવાળું કંકુ જાણીને વેચાતું લઈ આવ્યો. તેનું તિલક કરું!કદાચ કંકુ ન રહે,પણ તેનો રંગ-છાપ તો ન મટે!ઓફીસે જતો પાટલૂન-વગેરે પાશ્ચાત્ય વેષ તો હોય,પણ કપાળમાં તિલક તો ખરું જ!સામેથી કોઈક વયોવૃદ્ધ જલ ભરીને આવતા.પ્રાયઃ રોજ મળે.તેમનો વૈષ્ણવવેષ-કંતાનમાં વીંટાળેલી ગાગર-સમજી ગયેલો હું આ કોઈ મર્યાદી-વૈષ્ણવ પોતાના પ્રભુ માટે જલ ભરીને જાય છે.જોઈને મારું માથું નમી જાય,ભગવત્સ્મરણ થઈ જાય!તે પણ સદ્ભાવથી માથું નમાવે, ભગવત્સ્મરણ કરે!આ તો આંખની ઓળખાણ!અંતરને અડકી ગઈ! પ્રભુસંબંધે આત્મીયતા અનુભવાતી ગઈ!

આ મુ.મોહનકાકાના ઘરમાં બે જણ રહેતા.એક એમના ભગવાન્ અને બીજા તે!અનાજ-સાફ કરે,જલ ભરે,દળે,ખાંડે,કચરો વાળે,રસોઈ કરે,પ્રભુને ભોગ ધરે,વૈષ્ણવને પ્રસાદ લેવડાવે.ઘરનું સઘળું નાનું-મોટું કામ પોતાના હાથે જ કરે.બપોરે ગ્રંથ વાંચે.સાંજે શ્રીગોશાલા-ભગવન્મંડલીમાં સત્સંગ માટે જાય.રાત્રે ઘેર.થોડું કાંઈ પ્રસાદી હોય તે લે.ગ્રંથ વાંચે.નિરાંતે ઊંઘી જાય.આ એમનો દૈનિક ક્રમ!કોઈનું પણ નાનું-મોટું કામ કરી આપવામાં તો તેઓ યુવાનની જેમ સદા તત્પર!

કોઈ સમયે મુ.મોહનકાકા તથા મુ.રતિકાકા દોશી મને મળ્યા. સાગ્રહ શ્રીગોશાલામાં સત્સંગ માટે લઈ ગયા!કૃષ્ણકૃપા જ થઈ!ત્યાં વૈષ્ણવવાર્તા-શિક્ષાપત્ર-શ્રીસુબોધિનીજીના અવગાહનનો મંગલ અવસર

મળ્યો.આખી ગોશાલા ચિક્કાર ભરાઈ જાય!બહાર ખુલ્લામાં બહુ વૈષ્ણવો બેસીને સાંભળે.કથામાં પ્રશ્નોત્તર પણ ચાલે,સંદેહ-સમાધાન પણ થાય.શ્રોતા ન પૂછે તો કાંઈ નહિ,જિજ્ઞાસા જાગૃત કરવા માટે,સમજ સ્પષ્ટ-પુષ્ટ કરવા માટે,હું સામેથી પણ વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછી લેતો! બોલાતું જાય-લખાતું જાય-ગ્રંથાકારે પ્રકટ થતું જાય!

આ શ્રીગોશાલામાં જીવન-ઘડતરના,જીવન-પરિવર્તનના, પ્રયોગો પણ અમે કરતા.સાંભળીએ ઘણું,-આચરીએ નહિ અણુ;આવી દુર્દશામાંથી બચવા વ્રત લેતા!મર્યાદામાર્ગમાં પ્રાયઃ સૌ ઉત્તરાયણથી કાંઈક વ્રત લૌકિક-પારલૌકિક-લાભ માટે આરંભે!અમારે તો અલૌકિક-ફલ જોઈતું હતું-પ્રભુ-પ્રેમ,પ્રભુ-પ્રસન્નતા!વ્રત પણ એવું અલૌકિક રાખેલું.પ્રતિવર્ષ ઉત્તરાયણે નવું-વ્રત રાખવાનું!શિક્ષાપત્રના કોઈ એક શ્લોકને અનુસરીને જીવવાનો પ્રયત્ન કરવાનો!૮૪-૨૫૨-વૈષ્ણવવાર્તા-પ્રસંગોથી સ્વાનુકૂલ હોય તેવા વૈષ્ણવને પ્રભુપ્રસન્નતા જે રીતે મળી હોય,તેમ પોતે આચરવાનો પ્રયત્ન કરવાનો!પોતે જ વ્રત નક્કી કરવાનું!વાક્ય-વાર્તા પોતાને મનપસંદ લેવાનાં!દેશ-કાલ-અધિકારના વિવેકપૂર્વક તેને અમલમાં મૂકવાનો સન્નિષ્ઠ-જાગૃત-પ્રયત્ન પોતે કરવાનો!પોતે જ પોતાનો નિરીક્ષક!નક્કર પ્રયત્નો!નક્કર પરિણામ!-ઘણાએ અનુભવ્યાં!

મુ.મોહનકાકા રોજ સાંજે મને બોલાવવા આવે.મંડલીમાં લઈ જાય.પોતાના પ્રભુનો બંટા-પ્રસાદ મને અચૂક સાયં-સંધ્યા પછી લેવડાવે,-બીરી લેવડાવે,પછી ઘેર જાય.ક્યારેક પ્રસંગવશાત્ ન લાવી શક્યા હોય, ભૂલી ગયા હોય,વરસાદ વરસતો,પગે ચાલવામાં કષ્ટ,છતાં ઘેર જઈને બંટા-બીરી લઈ આવે,મને લેવડાવે,પછી જ ઘેર જાય!આ પણ વિકટ વ્રત,-વત્સલ વૈષ્ણવનું!

પહેલાં તો મુ.મોહનકાકા,કાનપુરમાં વેપાર કરે.વૃત્તિ ધાર્મિક! પ્રવૃત્તિ તો પરોપકારની!વૈષ્ણવતા તો સ્વાભાવિક!કાંઈને કાંઈ સેવા શોધતા રહે!કૃપા કૃષ્ણની થઈ.પૂ.ગો.૧૦૮ શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રી કાનપુરમાં વિદ્યાધ્યયન માટે પધારેલા.તપસ્વી તેજસ્વી પુરુષ તે તો!નિવાસ માટે તપાસ કરે!ભગવાને ભગવદીયને સેવાનો મંગલ

અવસર આપ્યો! પૂ.મહારાજશ્રીને વિનમ્ર વિનંતી કરી.પૂ.મહારાજશ્રીએ સ્વીકાર કર્યો. સ્વકીયતાથી પોતાના ઘરમાં પધરાવ્યા,તન-ધન-મનનો વિનિયોગ ગુરુસેવામાં થયો.અંગીકારે અનુગ્રહ થયો.ગુરુદેવને વિદાય દેતાં,ચરણમાં મસ્તક મૂક્યું,-વિનંતી કરી,-અર્ધી મિલકત ભેટ ધરી દીધી!હૃદયની વિશાલતા,સેવાતત્પરતા,તો બ્રહ્મસંબંધના સ્વીકારની નિશાની!ક્યાં તો શરીર છૂટે,ક્યાં તો સેવામાં સાનુકૂલ થઈ જાય! મુ.મોહનકાકા તો મર્યાદ લઈને સેવામાં લાગી ગયા!કાનપુર છોડ્યું! નડીઆદ આવ્યા.ધર્મપત્ની તીવ્ર પ્રારબ્ધભોગે બિમાર!સ્નેહ-સહિષ્ણુતા-સમજ-પૂર્વક તેમની સેવા કરી;કૃષ્ણસેવા અને વૈષ્ણવસેવાનો એકલે હાથે નિર્વાહ કરતા રહ્યા!છેવટે તેમનાં પત્ની હરિચરણ-પ્રાપ્ત થયાં. મુ.મોહનકાકા તો સ્વસ્થ-સંમુખ-સેવારત રહ્યા!પછી પ્રભુએ મને તેમનો સત્સંગ-લાભ દીધો!

એક વખત શ્રીગોકુલમાં તેમને પૂ.પા.પ.ભ.દાદાજીનો સમાગમ થયો. પ્રસંગવશાત્ પૂ.પા.પ.ભ.દાદાજીએ મુ.મોહનકાકાને વૈષ્ણવસેવા-મહિમા કહ્યો.શ્રીગુસાંઈજીએ શ્રીમુખે કોઈ વૈષ્ણવને કહેલું,- "ભગવત્સેવા કરતાં ગુરુસેવા સો ગણી ઉત્તમ છે,ગુરુસેવા કરતાં વૈષ્ણવસેવા સો ગણી ઉત્તમ છે!"-"મોહનભાઈ!તમે ભાઈની (મારી)સેવા કરો!સાથે રહો!બધું તેમને સાનુકૂલ કરો!જરૂર પડે તો,પ્રભુની સેવા પણ છોડીને તેમની સેવા કરો! તમને જો દોષ લાગે તો તે મને લાગે!-હું બ્રાહ્મણ મટી જાઉં!"મુ.મોહનકાકાએ ઘણા વર્ષો પછી આ મને કહેલું!ધન્ય છે,-વંદનીય છે,-આ વત્સલ વૈષ્ણવોને!ત્યારથી મુ.મોહનકાકા મારી સાથે છાયાની જેમ ઘૂમતા,-રહેતા!ઈજનેરી પછી તો સંસ્કૃત પ્રભુએ પ્રેમથી ભણાવ્યું!વલ્લભ-વેદાન્તમાં આચાર્ય બનાવી દીધો!અમારું વિદ્યાધામ-વિશ્વવિદ્યાલય-"વારાણસેય-સંસ્કૃત-વિશ્વવિદ્યાલય"તો કાશીમાં;પણ મને તો ત્યાં જવાનું આકર્ષણ નહિ!ભણાવે પ્રભુ ઘેર!પરીક્ષા દેવા જાઉ મથુરા-વૃન્દાવન!લોભ તો તેમાં વ્રજદર્શનનો!લાભ તો શ્રીયમુનાપાન-શ્રીગિરિરાજસેવનનો!દર વર્ષે જવાનું.મુ.મોહનકાકા ક્યારેય એકલો ન જવા દે,સાથે જ આવે.કદાચ કોઈક કારણે સાથે ન

આવી શક્યા હોય તો પાછળથી પણ આવી જાય!મારી પાસે તો ભાડાના પૈસા પણ ન લે!હું દઈ પણ ન શકું!પોતાના પ્રભુને કોઈ બીજા વૈષ્ણવને ઘેર પધરાવે!પણ મારી સાથે તો અચૂક આવે!કથામાં પણ પોતાના ભાડે આવે,પોતાના પૈસે મંદિરમાં કે અન્યત્ર પ્રસાદ લે!યજમાન પાસેથી કાંઈ ન લે!આ તો વૈષ્ણવનું વ્રત!પોતાના પ્રભુ બીજાને પધરાવીને મારી સાથે આવે,તેથી બીજાને બળતરા થાય,બબડે,નિન્દા કરે!છતાં મુ.મોહનકાકા તો અચલ રહેલા પોતાના વૈષ્ણવ-વ્રતમાં!મારી સંસ્કૃત-પરીક્ષા તો ઉનાળાના દિવસોમાં હોય! પરીક્ષા પછી બપોરે અમે શ્રીગિરિરાજજીની પરીક્રમા કરીએ! ચન્દ્રસરોવર તો રાસસ્થલી!તેનું વિશેષ આકર્ષણ!તેથી સાત કોશની નહિ,નવ કોશની અમે પરિક્રમા કરતા!બપોરે રસ્તા તો બહુ તપે!ખુલ્લા પગમાં દઝાવાય!દોડીને ક્યાંક-વૃક્ષ-છાયામાં થોડું ઉભા રહીએ!પુનઃ આગળ દોડીએ!ચાલવાનું તો બને જ નહિ!પગમાં ફોલ્લા પણ પડી જાય.રસ્તે ક્યાંક ગુપ્તપૂજન શ્રીગિરિરાજજીનું કરી લઈએ!સામાન સાથે બધો લઈ ગયા હોઈએ!પ્રાયઃ દર વર્ષનો આવો અમારો ક્રમ!પરિક્રમા પૂરી કરીને મારાથી તો ઉભા પણ ન રહેવાય!મુ.મોહનકાકા તો વૃદ્ધ છતાં યુવાન! સામગ્રી લાવે,શ્રીગિરિરાજજીને ભોગ ધરે,પ્રસાદ સૌને વહેંચે! એટલામાં વળી કોઈ વૈષ્ણવ મળી જાય,અજાણ્યા હોય,સાથ માંગે કે ન માગે, મોહનકાકા તો તેને દર્શન કરવા-પરિક્રમા કરવા-દોરી જાય! ધન્ય છે એમના ધૈર્યને,-વૈષ્ણવસેવા-તત્પરતાને!

એક વાર પરિક્રમામાં મને પરિશ્રમ ખૂબ થયો.પગમાં ફોલ્લા, જાંઘમાં ઘસારા,હાથે પાણીની ભરેલી ડોલચી,પૂજન માટેની ઊંચકવાથી આંગળા કરપાઈ જાય!તાપ તપાવે!વજનની વિકલતા! છતાં મુ.મોહનકાકાની તત્પરતા જોઉં! ના કહેવાનું મન ન થાય! ઘસડાયે જાઉં! છેવટે મારી તો ધીરજ ખૂટી!મેં તો કહી દીધું,-"મોહનકાકા!આમ પરિક્રમા કરવામાં મને તો દેવને બદલે દેહ વધારે યાદ આવે છે!વિકલતામાં સંમુખતા મારી તો સચવાતી નથી!હવેથી હું તો આમ પરિક્રમા કરવાને બદલે સંમુખમાં કાંઈક સેવા લાભ મળે તો હાથ પવિત્ર કરીશ,સંમુખમાં ગુણગાન કરીને મોં-વાણી-મન-પવિત્ર કરીશ!"કોઈ જ કચવાટ વગર મોહનકાકા

તો સંમત થઈ ગયા!પ્રસન્નતાથી વાત માની લીધી!કોઈ દલીલ પણ ન કરી! મેં શ્રીમહાપ્રભુજીનું વાક્ય કહેલું,-

कथानन्त्योक्तिहृदयाः साधनानि न कुर्वते ।
साक्षात्ते पादसंश्लिष्टास्ते किं वाच्या महाशयाः ॥

-श्रुतिगीता(३)

કથાનાં અનંત વચનોમાં જેમનું હૃદય રમે છે,જેમના હૃદયમાં કથા અનન્તરૂપે વિલસે છે,જેમના હૃદયમાં એક કથા હજારો પ્રકારે સ્ફુરે છે,તે ભક્તો લૌકિક-વૈદિક-સાધનો કરતા નથી,તો પછી જે ભક્તો સાક્ષાત્ પ્રકટ પ્રભુના(તમારા)ચરણોમાં દઢતાપૂર્વક લાગેલા છે,તે ભક્તો-મહાશયો(મહાન્-ભગવાન્,જેમના જીવનનો હેતુ છે તેવા)શું કહેવા યોગ્ય છે? તેમને તો કયું સાધન કરવાનું હોય?!

એક વૈષ્ણવ શ્રીગિરિરાજજીની નિત્ય પરિક્રમા કરે. શ્રીગુસાંઈજી તેની સાથે ક્યારેય બોલે નહિ!વૈષ્ણવ મૂંઝાય!એક દિવસ તે વૈષ્ણવને તાવ! પરિક્રમા ન થઈ!તળેટીમાં બેઠા.વિચાર આવ્યો.કાંકરા વીણી લઉં તો અહીં ખેલતાં-પધારતાં-પ્રભુને પરિશ્રમ ન થાય.કાંકરા વીણ્યા. શ્રીગુસાંઈજી જોઈને હસ્યા!વૈષ્ણવે નમ્રતાથી કારણ પૂછ્યું!શ્રીગુસાંઈજીએ રહસ્ય સમજાવી દીધું,-"રોજ પરિક્રમાથી તો તું તારું સાધન કરતો હતો, આજે તો તેં પ્રભુની સેવા કરી!તે ઉત્તમ છે!"વંદન છે,-આવા સન્માર્ગદર્શકને!

અજબ-ગજબનું વાત્સલ્ય આ મુ.મોહનકાકાનું!મારી વાણીનો શ્રીમહાપ્રભુજી અંગીકાર કરે તેવો તેમનો મંગલ મનોરથ!તેમણે મનોરથ કર્યો.મનોરથીઓ ભેગા કરીને નહિ;તેમની પાસેથી પૈસા ભેગા કરીને નહિ!તે પોતે જ મનોરથી!તેમના પોતાના જ પૈસા!તેમની આર્થિક સ્થિતિ તો તદ્દન સાધારણ!છતાં હતું તે હોમી દેવાની તૈયારી!મનોરથ તો કર્યો રાસસ્થલી-શ્રીચન્દ્રસરોવરે શ્રીમહાપ્રભુજીની બેઠકજીમાં!શ્રીગુસાંઈજી પણ ત્યાં વિપ્રયોગમાં વિરાજેલા!મનોરથમાં નડીઆદ શ્રીગોશાલા ભગવન્મંડલીના વૈષ્ણવોને નિમંત્રેલા!અન્યત્રથી પણ ખરા!પોતાના ગુરુદેવ પૂ.ગો.૧૦૮ શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રીને પણ પધરાવેલા!

શ્રીદીક્ષિતજી-
કથાના મુખ્ય શ્રોતા-રૂપે પ્રકાંડ પંડિત-પ્રવર પૂ.પા.ગો.૧૦૮શ્રીદીક્ષિતજી-
મહારાજશ્રીના અંતેવાસી પ્રજ્ઞાચક્ષુ પં.શ્રીહરિશ્ચન્દ્રજી શાસ્ત્રીજીને
સપરિવાર નિમંત્રણ દઈને,-દક્ષિણા દઈને,-પધરાવેલા!તે તો પ્રાચીન
રાજપંડિત!આર્યસમાજમાંથી વૈષ્ણવ થયેલા!વ્યાકરણ-ન્યાય-સાહિત્ય-
વેદાન્તના તેઓ તો આચાર્ય!પંચોતેર વર્ષની વયે વેદ ભણવા પ્રતિવર્ષ
વારાણસી જાય!તે કથાશ્રવણ કરે!જ્યાં જરૂરી લાગે ત્યાં ચાલુ કથામાં
વચ્ચે નિઃસંકોચ પ્રશ્ન કરે!સમાધાનનો પ્રયત્ન કરું,ગ્રંથો મંગાવીને મૂલ-
વાક્યો તેમને સંભળાવું,-પછી જ કથા આગળ ચાલે!આવો અનુઠો ક્રમ!
કથા તો નિરાંતે ચાલે,-સવારે ૮ થી ૨,સાંજે ૩ થી રાતના ૧૨ પણ થઈ
જાય!કથામાં ત્રણ રસોડા ચાલે!એક પૂ.ગો.શ્રીરઘુનાથલાલજીનું!એક મારું!
એક વૈષ્ણવોનું!જંગલમાં મંગલ મનાવાય!મારા રસોડે પ્રસાદ લેવા સંતો-
મહંતો-ભક્તોને મોહનકાકા શોધી શોધીને પધરાવી લાવે.બધાને
સંતોષે;છેવટે એક જ વિનંતી કરે સૌને,-"મારા ભાઈને(મને)આપ
આશીર્વાદ આપો કે તેમને ભગવાન્ મળે!"પોતાને માટે નહિ,મારા માટે
ભગવાન્ માગે!!શું કહું આ વિરલ વાત્સલ્ય-વેલાકૂલતાને?!મસ્તક નમી
પડે છે,હૃદય રેલાઈ રહે છે,મન મગ્ન થઈ જાય છે!

ગોવર્ધનમાં રહેતા સાક્ષાત્કારવાળા સંત પં.ગયાપ્રસાદજી પણ
કથા-શ્રવણમાં પધારતા! આસપાસના પંડિતો,પાઠશાળાઓના
પ્રાધ્યાપકો-પ્રધાનાધ્યાપકો પણ ખૂબ આવતા હતા!એક દિવસ કોઈ
સાનુભવી ભજનરત સંતને પ્રસાદ લેવા મોહનકાકા લઈ આવ્યા.સંત સંતુષ્ટ
થયા.મોહનકાકાએ તો વાત્સલ્યવશ વિનંતી કરી દીધી,-"મારા ભાઈને
આશીર્વાદ આપો! ભગવાન્ તેમને મળે!"સંત તો મસ્તીમાં હતા!પીગળી
ગયા!આપવા ઉદારતાથી અનુકૂલ થઈ ગયા!મારી તો શ્રીમહાપ્રભુજીએ
જ રક્ષા કરી,-બુદ્ધિ પ્રેરી,-પોતાનો જ રાખ્યો!મારાથી તો હૃદયના આક્રોશ-
પૂર્વક કહેવાઈ ગયું,-"માફ કરજો!મારે તો મારા શ્રીમહાપ્રભુજી વિરાજે
છે.ભગવાન્ પણ દેવા હશે તો મને મારા શ્રીમહાપ્રભુજી દેશે!બીજાના
દીધેલા ભગવાન્ પણ મને નહિ ખપે!"સંત તો શાંત રહ્યા.ખૂબ
પ્રસન્નતાથી વિદાય થયા! મોહનકાકા તો સ્તબ્ધ થઈ ગયા!જાગ્યા!નારાજ

ન થયા! નાચી ઊઠ્યા! પોતે સ્વીકાર્યું,-શ્રીમહાપ્રભુજીના સેવકોએ શા
માટે અન્યની અપેક્ષા પણ રાખવી?સર્વસમર્થ "**वस्तुतः कृष्ण एव**"
શ્રીમહાપ્રભુજી વિરાજે છે! પોતાના સેવકોને તે સર્વથા સંભાળે છે!તે
નહિ સંભાળે તો કોણ સંભાળશે? પોતાના સેવકોને નહિ સંભાળે તો કોને
સંભાળશે?!

મને ભક્તિ-શાસ્ત્ર-પ્રવેશ કરાવવા પૂ.નાગરદાસકાકા
અમદાવાદથી નડીઆદ પધારે!શનિવારે સાંજે આવે,રાત્રે ભણાવે,વહેલી
સવારે ભણાવે,પછી રવિવારે સવારે વડોદરા ભણાવવા પધારે!તે તો
મર્યાદી!અમને મર્યાદ તો નહિ!મારી ચાર પેઢીથી પરંપરાગત વૈષ્ણવ!-
મંદિરમાં પ્રપિતામહ તો મુખ્યાજી!પિતાજી તો "કર્મકાંડ-કેસરી"!
કૃષ્ણકૃપાથી મને તો મળેલા મારા ત્રણે વત્સલ ભગવદીયો પાકી
મર્યાદવાળા!મારા પૂ.પા.પ.ભ.દાદાજીને પણ પાકી મર્યાદ! મારા
પ.પૂ.પ.ભ.શ્રીનાગરદાસકાકાને પણ પાકી મર્યાદ!મારા મુ.મોહનકાકાને
પણ પાકી મર્યાદ!છતાં ત્રણેએ મને મર્યાદ તો ન લેવડાવી!
શ્રીમહાપ્રભુજીની મર્યાદામાં તો અવશ્ય રાખ્યો!પૂ.શ્રીનાગરદાસકાકા નો
નિવાસ મુ.મોહનકાકા પોતાને ઘેર રાખે!બધી તેમની સેવામાં પહોંચે!
રાતના બાર વાગે પણ મોહનકાકા અપરસ!(અસ્પર્શ)માં નહાય!
પૂ.નાગરદાસકાકાને જોઈએ તે સામગ્રી સિદ્ધ કરે!પ્રાયઃ રોટલી,દૂધીનું
શાક, રાબ-ગોળની,દૂધીનાં મૂઠીઆં!પોતાના પ્રભુને સંમુખ કરે!
નાગરદાસકાકાને ગરમ રોટલી-પ્રસાદ પીરસે!મારા વિદ્યાધ્યયનમાં,
મોહનકાકાએ પાયાનું કામ કર્યું.સઘળી સાનુકૂલતા દીધી! નાગરદાસકાકાએ
"અણુભાષ્ય"-"વિદ્વન્મંડન"-"શ્રીસુબોધિની"-વગેરેથી પ્રાસાદિક
પ્રાસાદ રચ્યો!દાદાજીએ ભગવન્માર્ગીય-જીવન-ઘડતરથી તો તેના પર
ભક્તિમાર્ગ-વિજયધ્વજ-લહેરાવ્યો!

ઉત્સવાદિમાં પણ મોહનકાકા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવે!મંડલીમાં
પણ વહેંચાવે!રાત્રે મને ન લેવડાવે ત્યાં સુધી પોતે પ્રસાદ ન લે!અપાર
ઉદાર અનુગ્રહ મેં વાત્સલ્યના રૂપમાં આ ભગવદીયોનો માણ્યો છે!

મને સાક્ષાદ્દર્શન પ્રભુનાં થાય,તેવી ધગશ તો મોહનકાકાને

ખૂબ!એક વાર શ્રીચંપારણ્યમાં કથા!ઉનાળાનો સમય.વહેલી સવાર.હું તો સન્ધ્યાદિ કરતો હતો.મોહનકાકા તો દોડતા આવ્યા"ભાઈ!ભાઈ! જલદી ઊઠો!દોડો! શ્રીમહાપ્રભુજીનાં અગ્નિજ્વાલા-રૂપે દર્શન થાય છે.મેં કર્યાં!તમને લેવા દોડતો આવ્યો છું!"મને તો ઉતાવળ ન થઈ!સંધ્યામાંથી ઊઠાય નહિ!મેં પૂછ્યું,-"કેટલા લોકો છે?"તેમણે કહ્યું,-"ઘણા બધા!પૂછજો પછી!પહેલાં ચાલો!"મેં ઠંડકથી કહ્યું,-"તમને લાભ મળ્યો છે,તે લો!મને યાદ કરજો!મારાથી તો ન ઊઠાય!"દેહાભિમાન હોય ત્યાં સુધી વર્ણાશ્રમધર્મ મુખ્યતાથી પાળવો પડે.સ્નેહાનુસંધાનમાં,દાસત્વાદિ દૃઢ થતાં, ભગવદ્ધર્મો મુખ્ય થાય,વર્ણાશ્રમધર્મો પરધર્મો ગણાય"તે થોડા મૂંઝાયા,-નારાજ તો ન થયા!ગયા! થોડીવારે પાછા આવ્યા. "ભાઈ!તમે ન આવ્યાને?"ખેદ કર્યો.મેં સમજાવ્યું,-"મોહનકાકા!"**स्वामिन् श्रीवल्लभाग्ने**"-**श्रीवल्लभाष्टकम्**(૭)માં શ્રીગુસાંઈજીએ સ્પષ્ટ સમજાવ્યું છે."હે સ્વામિન્! હે શ્રીવલ્લભ!હે(અલૌકિક)અગ્ને!આપના ક્ષણ પણ સન્નિધિમાં આપની કૃપાથી(નિજ)જનોમાં પ્રાણથી પ્રિય વ્રજાધિપતિ શ્રીકૃષ્ણના મુખનાં દર્શનની ઈચ્છાથી થતી આર્તિથી થતો સંતાપ જે પ્રકટ થાય છે,તે પછી પણ કૃષ્ણ મુખચન્દ્રદર્શનથી વધુ ઉદય પામે છે.આ વિચિત્ર છે,-આશ્ચર્યપ્રદ છે!"-બધાં દર્શન કરનારને આ અનુભવ થયો?"તેમણે કહ્યું,-"ના!"મેં સમજાવ્યું,-"મોહનકાકા!પુષ્ટિ તો દૃષ્ટફલા હોય.પ્રભુ પ્રત્યક્ષ મળે તે પુષ્ટિ! પુષ્ટિમાં કલ્પનાઓમાં કચડાવાનું ન હોય!પ્રભુ પ્રમેયબલથી પ્રદાન ન કરે,ત્યાં સુધી તો પ્રમાણના સુદૃઢ-પ્રશસ્ત-પંથે ચાલવાનું હોય!ઉનાળો છે,-ગરમી વધુ છે,-દૂર જલનો પ્રવાહ છે,તેમાંથી વરાળ થાય,ઉપર ચઢે,વહેલી સવારે અરુણોદય થાય,સૂર્યના ઉદય પહેલાં લાલાશ પડતો પ્રકાશ પ્રસરે.તે વરાળ ઊંચે ચઢતી હોય,હવાની લહર હોય, અગ્નિજ્વાલાઓ ભાસે!સામાન્ય લોકોને તો સાનુભવ લાગે.વિજ્ઞાનથી આ અજ્ઞાન ન રહે.યથાર્થ જ્ઞાન તો ભક્તિથી થાય, ભક્તિ કૃપાથી જ મળે! કૃપા ભગવદિચ્છા પર આધાર રાખે!બધા પર આમ એકાએક કૃપા થવાનું તો પ્રમાણ-વિચારીને સ્વીકારાય!"સરલ મોહનકાકા!માની ગયા!

એક વખત મારી સાથે તેમને કથામાં આવવાનું! આ તો સ્વાભાવિક હતું! કથામાં સગવડ-અગવડ ભોગવી લે,ફરિયાદ કાંઈ ન કરે,ફરીથી યાદ પણ ન કરે!માત્ર મારા જ સુખનો વિચાર-આચાર કર્યા કરે!તે આ વખતે મોડા આવ્યા!ટ્રેનનો સમય થઈ ગયેલો!મેં ઉતાવળ-અકળામણ કરી દીધી!તેમણે કહ્યું,-"હું રસ્તામાં કારણ કહીશ!"રસ્તામાં તો તેમણે પ્રબલ કારણ કહ્યું.કૃષ્ણકૃપા કહી.મોડી રાત્રે તેમના પ્રભુએ તેમને જગાડ્યા!આજ્ઞા કરી!"તમે બંને,કથામાં જાવ છો!ભાઈનો જન્મદિવસ આવે છે!મને પ્રતિવર્ષની જેમ જલેબી કોણ આરોગાવશે?"-તેમનો નિયમ.મારા જન્મદિવસે પોતાના પ્રભુને જલેબી આરોગાવે, મંડલીમાં વાંટે!"આજ્ઞાથી ઊઠ્યો!જલેબી કરી-ધરી! વહેંચવાની વ્યવસ્થા કરી!વિલંબ તેમાં થયો!"હું તો મૌન થઈ ગયો,-ભક્ત-ભગવાનની આ આત્મીયતાના અનુભવે!મસ્તક નમે છે,-આ અનુગ્રહને!

મુ.મોહનકાકા ભણેલા તો ઓછું!ગણેલા વધુ!શાસ્ત્ર-સમજ,માર્ગરીત તો ગો.બાલકો,વિદ્વાનો,વૈષ્ણવોના સંગથી યથાર્થ પાંગરેલી!તેમની મર્યાદ કોઈને નડે-કનડે નહિ.પ્રજ્ઞાચક્ષુ શ્રીરમણભાઈને સત્સંગ માટે ખેડા લઈ જતા.પોતે અપરસ કરીને પણ રમણકાકા અપરસમાં ન હોવા છતાં,હાથ પકડીને દોરે!તેમની અપરસ ન છૂવાય! પૂ.પા.પ.ભ. દાદાજી આ જોઈને તો ખૂબ પ્રસન્ન થઈ ગયેલા.મારી સાથે ઘણા હૃદયંગમ વાત્સલ્ય મંગલપ્રસંગો સ્વાભાવિક થયા કરે!

એક વાર અમે ભરૂચ કથામાં હતા.ત્યાં સુજ્ઞ શ્રોતાઓ ઘણા!રાત્રે પણ પ્રશ્નો-જિજ્ઞાસા લઈને આવે!એકે પૂછ્યું,-

घटे भिन्ने यथाकाशः आकाशः स्याद् यथा पुरा ।
एवं देहे मृते जीवो ब्रह्म संपद्यते पुनः ॥

-श्रीभागवतम्(૧૨-૫-૫)

"ઘડો ફુટે.તેમાંનું આકાશ,આકાશ પહેલાં હતું તે થઈ જાય!એમ દેહ મરતાં જીવ પુનઃ બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય,-આનો આશય શો?"મેં મોહનકાકાને તેનો ઉત્તર દેવા કહ્યું.તરત તેમણે કહ્યું,-"જો દેહ મરવાથી બ્રહ્મ મળી જાય,તો તમારે આ ભણવા-સાંભળવાની જરૂર શી?મરશો

એટલે મુક્ત થશો!અહીં સાદો અર્થ નથી.શાંકરમતમાં,ઘડો ફૂટતાં ઘટનું આકાશ તો મહાકાશમાં મળી જાય,પણ ઘડાનાં કોચલાનું શું?તેનો જવાબ નથી! અહીં"દેહ"-એટલે"લિંગદેહ!"સત્તરતત્વોથી તે બનેલો હોય, ભક્તિથી આ લિંગદેહ જીર્ણ થાય,-નષ્ટ થાય,ત્યારે જીવ બ્રહ્મને પ્રાપ્ત થાય છે!" આવો ગૂઢાર્થ છે.બધા આશ્ચર્યમગ્ન થઈ ગયા!શાસ્ત્રની આવી સૂક્ષ્મ-સમજ આ અભણ લાગતા,અનુભવી વૈષ્ણવને,સત્સંગ-સામર્થ્યથી સુલભ હતી!

હું બહાર હોઉ!ક્યારેક એ સાથે ન હોય!મારાં પત્ની પાસે આવે.બધું કામકાજ કરી દે.સત્સંગ-સાન્ત્વન-સહયોગ દે!મારા મોહનકાકામાં પિતાની પ્રેમાળતા,માતાની મમતા,વૈષ્ણવની વત્સલતાની અલૌકિક ત્રિવેણી હતી!

તેમની એક મહેચ્છા!"તે શરીર છોડે ત્યારે હું હાજર ન હોઉ!"તેમ જ થયું.ભગવાને ભક્ત-મનોરથ પૂરો કર્યો!હું હોઉં તો લૌકિકમાં જાઉં,-મને શ્રમ-કષ્ટ-ક્લેશ થાય,તે તો મારા મોહનકાકાને સ્વપ્ને પણ ન પરવડે! હું કથામાં-ગોવિન્દગુણ ગાતો રહ્યો!મારા મોહનકાકા તો કોઈ જ કષ્ટ વગર શ્રીનાથજીના ચરણને પ્રાપ્ત થઈ ગયા!આવ્યો ત્યારે જાણ્યું!અશ્રુના અર્ઘ્ય સિવાય મારી પાસે કાંઈ જ ન હતું!-નથી!

હવે તો આ ભગવદીય-ત્રયી દુર્લભ છે!સુલભ છે,-સ્મરણાવશેષ છે,-તેમની વૈષ્ણવતા-તેમનું વાત્સલ્ય-તેમનો ભગવદીયતાનો જીવન-સંદેશ!મારી પાસે તો આ વત્સલ્ય ભગવદીય-ઋણ ચૂકવવા કાંઈ જ ન હતું,-નથી!અંતઃકરણ ઉભરાય છે!આંખ છલકાય છે!મન મલકાય છે! જીવન લહેરાય છે!વત્સલ-વિરલ ભગવદીયોને, પ્રદાતા ભગવાનને આચાર્યચરણોને મસ્તક નમી પડે છે!આ ઋણમાંથી ન છૂટાય,-ડૂબાય! ભગવદીય-જીવન-સંદેશનો પ્રસાર-પ્રચાર પ્રભુ કરાવ્યા કરે!

卐

શ્રીહરિઃ

પરમ પૂજ્ય શ્રીદાદાજીના સત્સંગનાનુરૂપ પરમ પૂજ્ય શ્રીમોટાભાઈ(શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી)એ કરેલી નોંધઃ

૧. ઘર-દ્રવ્ય-પત્ની-પુત્રમાં આસક્તિ હોય ત્યાં સુધી પ્રભુમાં આસક્તિ ન થાય.સન્મુખ પાપી પોતાને સંગે કોઈ દોષવાળો ન થાય તેમ સાવધ રહે છે! દોષને તે જાણે છે.દોષ હોવા છતાં તેનાં સત્સંગ-સેવાદિ છૂટતાં નથી.

૨. ક્રિયાદુષ્ટ-ભાવદુષ્ટ-શાસ્ત્રદુષ્ટ-દ્રવ્યદુષ્ટ-પદાર્થ ઠાકુરજીને અંગીકાર કરાવાય નહિ.

૩. મનમાં બહારથી આવતા વિચાર-વાણી-વાંચન બધામાં અષ્ટાક્ષરની છાપ જરૂર મારવી;તેવી જ રીતે મનમાંથી બહાર જતાં વાણી-વિચાર-ક્રિયા સઘળામાં પણ અષ્ટાક્ષરની છાપ જરૂર મારવી.પોસ્ટમાંથી ટપાલ બહાર જતાં અને બહારથી આવતાં પોસ્ટ તરફથી તે ગામની છાપ મારવામાં આવે છે,તેમ બધા વ્યવહારમાં અષ્ટાક્ષર જરૂર સતત કરવા,ધ્યાનથી વા બેધ્યાનથી પણ!

૪. માન-પ્રતિષ્ઠા પચાવી તેનાં દૂષણોમાંથી બચવું અતિકઠિન છે. તે માટે સ્વદોષસ્ફુર્તિ હમેશાં રાખવી.

૫. વિષયો ન છૂટે તો તેમના દોષ વિચારીને, તેમને વખોડીને, ભોગવવા.

૬. આપણે સૌની સાથે સારી રીતે વર્તીએ છીએ,આપણને ન્યાય નથી મળતો;તે(વિચાર)માં તો સૂક્ષ્મ અહંકાર પોતાની સારપનો પણ છે.

૭. સેવા માટે પણ અન્ય પાસેથી વસ્તુની ઈચ્છા ન કરવી.તેમાંથી વાસના થાય,વ્યવહાર જ વધે.

૮. પોતાના મનને સ્વાધીન કરનાર સર્વને સ્વાધીન કરી શકે છે.

૯. જીવની શક્તિથી વિશેષ ભગવાન્ ઈચ્છતા નથી.

૧૦. કોઈની પણ નિંદા વા પ્રશંસા આત્મકલ્યાણમાં બાધક છે.દોષો જરૂરથી ઓળખી લેવા;પરંતુ ગુણ-દોષાદિમાં રાગદ્વેષ ન જ કરવાં, તેમને ભગવત્-ક્રીડા સમજવી.

૧૧. શરણાગત સર્વથા સર્વદા નિર્ભય હોય,મોતથી પણ તે ડરે નહિ.

૧૨. સાધનદશામાં દોષો ભક્તિને દબાવે છે,ફલદશામાં ભક્તિ દોષોને દબાવે છે.

૧૩. વિમુખનું અન્ન લેવાથી વિમુખતા આવે.જે જેનું અન્ન ખાય છે, તે તેનું પાપ ખાય છે.

૧૪. મોટા પુરુષો દ્વારા જગતને માર્ગદર્શન દેવા જ ભગવાન્ તેમની પાસે ભૂલ કરાવી તેમાંથી બચવાનો માર્ગ પ્રકટ કરાવે છે,તેથી તેમની ભૂલો તો ઉપકારક છે,ઘૃણાસ્પદ નથી.

૧૫. ભગવાનના સંબંધ વગરનો સંગ બંધન કરે છે.

૧૬. ભગવદ્-અપરાધ પાપ છે,ભગવદ્-ભક્ત-અપરાધ મહા પાપ છે.

૧૭. નિર્મલ અંતઃકરણવાળાને પણ ભક્તિ મળવી કઠિન છે.

૧૮. ભગવાન્ પોતાના ગણે તે રીતનું ભજન જ ખરી સેવા છે.

૧૯. ધ્યેય ખૂબ જ ઊંચુ રાખી,ક્રિયા અધિકાર અનુસાર કરી,ધ્યેય પર્યંત ન પહોંચાય તેનું દુઃખ કરવું.અંતઃકરણમાંથી વાસનાના નાશ વિના ભક્તિ થતી નથી.સ્વામીના શરણથી સૌભાગ્યના વિચારે સ્વમાનથી જીવવું, બાપડા-બિચારા ન થવું.

૨૦. જીવન-ઘડતર પ્રભુને કેન્દ્રમાં રાખીને કરવું.

૨૧. ગુરુભક્તિથી સર્વફલ સરલતાથી મળે છે.ગુરુને ભગવદ્-રૂપ ગણવા,મર્ત્યબુદ્ધિથી સફલ ન થવાય.આ સમયમાં શ્રીમહાપ્રભુજીમાં અનન્ય નિષ્ઠાથી સર્વ(પુષ્ટિ)ફલ સુલભ બને છે.

૨૨. સ્વદોષનું ભાન કરાવી, તેનું દુઃખ કરાવી, તેને દૂર કરવા પ્રભુની સન્મુખતામાં જ પ્રેરતો સત્સંગ જ યથાર્થ છે.

૨૩. આર્તિ-દીનતા-શરણભાવના વગર અત્યારની પરિસ્થિતિમાં કાંઈ જ ઉકેલ તો દેખાતો નથી.

૨૪. ૮૪-૨૫૨ વૈષ્ણવોના ધર્મોનો દેશ-કાલ-અધિકારના વિવેક-વિચાર-પૂર્વક પોતાના માટે વ્યવહારનો નિર્ણય કરવો.ઉતાવળમાં કાંઈ કરી દઈને ઉલમાંથી ચૂલમાં પડવું નહિ.પ્રભુ સર્વસમર્થ છે.તે જ સઘળો ઉકેલ દેતી પરિસ્થિંતિ દેશે.

૨૫. સ્વદોષ સતત સ્મર્યા કરવાથી દીનતા દઢ રહે,મોટાઈ ન આવી જાય.મહત્તા પ્રભુની જ યાદ રહેવી જોઈએ.પ્રભુની કૃપાથી જ પોતાની કોઈ ઉત્તમતા છે,-તેવું ભાન જોઈએ.

૨૬. ભગવાન્ વૈરાગ્ય દેવા માટે જ વિપરીત-પ્રતિકૂલ-દુઃખાદિનો અનુભવ ભક્તોને કરાવે છે.

૨૭. સૌ સૌના અધિકાર પ્રમાણે જ વ્યવહાર કરે છે.અધિકાર સૌને પ્રભુ સ્વેચ્છાથી જ દે છે;તો પછી આપણે તેમાં અકારણ ઉદ્વેગ શા માટે કરવો?અપરાધ તેથી તો પ્રભુનો લાગે.

૨૮. કરેલા પાપનો પશ્ચાત્તાપ થાય,હરિ-સંસ્મરણ થાય,પુનઃ પાપ-પ્રવૃત્તિ ન થાય,તો કૃતાર્થ થવાય.

૨૯. કાંઈ અયોગ્ય બનતાં નિમિત્ત પર નારાજ ન થવું.ભગવદ્-ઈચ્છા તો તેમાં હિત કરવાની જ છે.યોગ્ય કાલની રાહ જોવી,-શરણભાવના દઢ કરવી.

૩૦. લોકો અત્યારે તો પ્રાયઃ અંધારાં જ ઉલેચે છે.પ્રભુ પ્રસન્ન થાય તેવા ભગવદીય-જીવન-ઘડતર વગરની સેવા-કથાદિ બાહ્ય-ક્રિયાઓ તો વિવિધ-રીતે વિપુલ થતી દેખાય છે;તેમાં દ્રવ્ય-ભાવ-વગેરેની શુદ્ધિ નથી,તેથી ભગવાન્ સંતુષ્ટ કઈ રીતે થાય?

૩૧. ભગવાન્ અત્યારે કલિ-કાલાનુકૂલ ધર્મો સહિત પણ,આતુરતાથી ભજનાર પાસે,૮૪-૨૫૨વૈષ્ણવોના જેવા ધર્મોની અપેક્ષા વગર,સાધન-બલ વગર,કૃપાથી કાર્યો કરાવીને પણ,કૃતાર્થતા દે છે.

૩૨. પ્રભુને ઘેર કાંઈ જ ખોટ નથી, છતાં આપણને જોઈતું મળતું નથી.તેમાં દોષ આપણા પૂર્વકર્મ-પ્રારબ્ધનો કે ક્રિયમાણનો કે સ્વભાવનો છે.ક્યારેક પ્રભુ પરીક્ષા માટે પણ વિલંબ કરે કે ઈચ્છેલું ન આપે.

૩૩. બને તે સ્વધર્મ પાળે,ન જ બને તેનો પરિતાપ કરે,તો ભગવાન્ પૂરો ધર્મ ન પળાય તો પણ ક્ષમા કરે જ.

૩૪. આપણામાં જે ગુણધર્મો ન હોય,તે મેળવવાની ઈચ્છાથી,તેવા ગુણધર્મોવાળાનું સ્મરણ કર્યા કરવું.

૩૫. બીજાની વાતો કે વિચારોથી આપણી બળતરા-કડવાશ વધે; બહિર્મુખ પોતે થઈએ,શાંતિ કે ભગવદાનન્દ પોતાનાં ખોવાઈ જાય,પારકાં

પાપ ધોવાય,આપણાં વધે.

૩૬. ભાવના ઉભરાથી છેતરાવું નહિ,પ્રભુસંબંધ વગર આત્મીયતા કલ્પી લેવી નહિ.આવેશ-લોકદુઃખ-લાલસા-વગેરેથી પણ સંસારીઓ ભગવન્માર્ગે વળે છે,ભળે છે;તેમાં ભાવ-સ્થિરતા હોતી નથી.શરૂઆતના સ્નેહ જેવા લાગતા સંબંધ પછી,સ્વાર્થ-સ્વાભિમાન ન પોષાતાં અંતે સંઘર્ષ સંભવે છે,ભાવ-ભંગ તેમને ન સમજાય.ભાવમાર્ગમાં તો તે ઉચિત નથી.

૩૭. સેવકોની સેવા લેવામાં પોતાની સ્વતંત્રતા પ્રાયઃ જતી રહે છે.

૩૮. દ્રવ્ય-સંપન્નાદિ લોકો કોઈ કામમાં આવશે તેવા વિચારે પણ તેમનો સંબંધ વૈરાગ્ય-વૃત્તિવાળાને હિતાવહ નથી.

૩૯. ભગવાન્ જેને જેમ સમજાવે તેમ સમજાય,સ્ફુરાવે તેમ સ્ફુરે.આપણે અન્યથી અંજાઈને દોરવાઈ ન જવું;સર્વસમર્થ ભગવાન્ આપણને પણ ઈચ્છે તો પોતે સ્વતંત્ર સમજ દઈ શકે છે.તેમ ન થાય ત્યાં સુધીમાં તો સ્વશાસ્ત્ર-પ્રમાણાનુકૂલ વ્યવહાર કરવો.

૪૦. ભાવ કરવો કદાચ સહેલો છે,જાળવવો કઠિન છે;નહિ તો અપરાધ સંભવે છે.

૪૧. આપણને આપણામાં કોઈ ઉત્તમતા લાગે,અભિમાન થતું લાગે, તો ૮૪-૨૫૨ ભગવદીયોની ઉત્તમતા યાદ કરવી.તેમના જેવા ધર્મો તો આપણામાં છે જ નહિ.તેના વિચારે,તાપભાવે,દીનતા કર્યા કરવી.

૪૨. કુંભાર ઘડો ઘડે,તેમ ભગવાન્ સ્વજનને પણ ઘડે છે.અંદર અનુગ્રહનો હાથ સાથે રાખે છે;અને ઉપર આકાર-પ્રકાર દેતી,પ્રતિકૂલતા જેવી લાગતી,ઘડતરની ટપલી મારે છે.પ્રતિકૂલતામાં પણ તે પડવા-ભાંગવા-ન દે.

૪૩. લોકવાસના-શાસ્ત્રવાસના-વગેરે પણ ભક્તિમાં બાધક છે. બધી જરૂરીઆતોને ભગવદ્-ઈચ્છાથી જે મળે તેમાં સમાવી દઈને નિરોધપૂર્વક સેવા-કથા કરવાં.ભગવાન્ મુખ્યત્વે મન માંગે છે,કેવળ તન-ધન નહિ.

૪૪. પોતાનાથી અયોગ્ય કાંઈ બને,યોગ્ય ન બને,તેમાં ભગવદ્-ઈચ્છા કહીને માત્ર તેથી પોતાનું આશ્વાસન ઊભું ન કરી લેવાય.તે રીતે અજાણ્યે પણ નિર્દોષ ભગવાનને દોષ દેવામાં અપરાધ થાય,દાસ-ધર્મ તે

ન ગણાય;સ્વદોષભાવે સંતાપ જ થવો જોઈએ.

૪૫. ભગવાને લૌકિકમાં દીધેલી સાનુકૂલતા-સુખનાં સાધન-સગવડ-સંપત્તિ-સત્તા-સ્વાસ્થ્ય-સ્વજન-સંતતિ-સ્વભોગ-વગેરે તો “બટકું રોટલા” જેવાં છે.કૂતરાને કોઈ બટકું નાંખે તો લાલચથી,સ્વભોગાદિથી, કૂતરું બટકું નાખનારથી દૂર રહે છે ને? તેમ,ભગવાનથી લૌકિક સાનુકૂલતાવાળો પણ પ્રાયઃ દૂર રહે છે.

૪૬. કૂતરું ભૂખ્યું રહે તો પુનઃ લાલચથી“બટકું”નાખનારને પૂંછડી પટપટાવતાં વહાલ જેવું બતાવે છે ને? તેમ,સ્વાનુકૂલતા મળતાં,લાલસા ન સંતોષાતાં,વિવિધ વાસનાવશ લોકો પ્રભુને ભજતા દેખાય છે.તે તો સાપેક્ષ-ભજન છે,નિરપેક્ષ નથી.ભગવાન્ તેમાં સાધન છે,સાધ્ય નથી.આ મુખ્ય ભક્તિ(પુષ્ટિ)માર્ગ નથી જ-,પ્રવાહ છે.આવી રીતે અલૌકિકમાં પણ,થોડાં સેવા-કથા-યાત્રા-સ્મરણ-જપ-પાઠ-વગેરે,જે કાંઈ બની આવે તેથી સંતોષ થઈ જાય,તે પણ“બટકું” છે.

૪૭. સ્વલ્પ સ્વકૃત સાધનથી થતો સંતોષ તો કૂતરાને નંખાતા“બટકું” રોટલા જેવો છે.સાક્ષાત્કાર કે સ્વાનુભવ વગર સંતોષ સ્વલ્પ પણ ન થવો જોઈએ,સંતાપ સતત વધતો જવો જોઈએ.

૪૮. પોતાની ગરીબાઈ-દોષો-વગેરે ભૂલીએ નહિ તો વૈભવ-ભોગ-માન વગેરે ઓછાં નડે.ગરીબાઈ-અછત-અગવડ-ઓછી આવક-ઓછી પ્રસિદ્ધિમાં જે ભાવ-ભજન-નિરોધ-ઘડતર થાય તેવાં સમૃદ્ધ-દશામાં પ્રાયઃ ન થાય.

૪૯. અત્યારે સેવા-કથા-મનોરથ વગેરેમાં શુદ્ધ દ્રવ્ય પ્રાયઃ આવતું નથી;પછી બુદ્ધિની શુદ્ધિ કે ભાવશુદ્ધિ ક્યાંથી સંભવે?

૫૦. ભક્તોનું લૌકિક-કાર્ય કરી લેવામાં પણ તેમની સેવા છે;તેથી ભક્તને ભજનની સાનુકૂલતા થાય છે.

૫૧. લૌકિકમાં રહીને,લૌકિક રીતે પણ,લૌકિકમાંથી અલૌકિક જ શોધીને સાધી લેવું.

૫૨. પોતાના આચાર-વિચારનો એવો કડક દુરાગ્રહ ન જ રાખવો કે જેથી સ્વજન સહવાસી કંટાળે;છૂપાવીને પોતાની વાસનાવશ અનર્થ-અસત્ય-આચરે.

પ્રભુકૃપાથી સાચો ધર્મ સ્ફુરે;અથવા કૃપાલભ્ય સત્પુરુષના
૫૩. પ્રભુકૃપાથી સાચો ધર્મ સ્ફુરે;અથવા કૃપાલભ્ય સત્પુરુષના
સહવાસથી શિખાય.શિષ્યભાવે નિષ્કપટપણે પ્રણિપાત-પરિપ્રશ્ન-
પરિચર્યા-પદ્ધતિથી સાથે રહે,અંતેવાસી-રૂપે ઘડાય,તો કાંઈ લાભ થાય.

૫૪. (પ્રવાહ)જગતમાં તો ભગવાને(ચંચલ)લક્ષ્મીજીનું સામ્રાજ્ય
મુખ્યત્વે કરી દીધું છે.(મર્યાદા)વૈકુંઠમાં પણ સ્થિર લક્ષ્મીજી સામ્રાજ્ઞી છે,
ભગવાન્ સાથે સેવાય છે.(પુષ્ટિ)વ્રજમાં તો લક્ષ્મીજી સેવા માટે સુસ્થિર
બનીને વિરાજે છે.લક્ષ્મીજીની(પુષ્ટિભક્તિમાં)વ્રજમાં-મુખ્યતા નથી,
ભગવાન્ જ મુખ્ય છે.ભગવદ્-ભક્તોને વશ ભગવાન્ છે.ભક્તોની તો
વિશેષ મુખ્યતા છે.

૫૫. ભગવત્-સંબંધ વગરની(લૌકિક)લક્ષ્મી હોય ત્યાં તેના અનર્થો
પણ સંભવે.ભગવત્-સંબંધવાળાં ભગવદીય લક્ષ્મીજી તો સેવાદિ દ્વારા
સન્મુખતામાં સાનુકૂલતા દે,વધારે.

૫૬. શ્રીમહાપ્રભુજીમાં નિષ્ઠા હોય તો અન્ય કાંઈ જ કરવાનું કે
ડરવાનું-ડગવાનું રહેતું જ નથી.

૫૭. વ્રજમાં દેશ-કાલ-અધિકાર અનુસાર અસરો અત્યારે દેખાય
છે.તેમાં કાંઈ અભાવ ન કરવો.આપણે શહેરોમાં પોતે ઉજળી લૂંટ,
કાયદાથી ચોરી. આથીયે ઘણા મોટા પાયા ઉપર ક્યાં નથી ચલાવતા?
ભણેલા પણ ભૂલે તો અભણ,આવશ્યકતાથી-અકળાતી,આજીવિકા
ઝંખતી,પ્રજાનો દોષ શો કઢાય?શહેરોમાંયે લૂંટ-ચોરી-ખૂન તો થાય છે જ
ને? વ્યાપક ઓછું લાગે;નાના ગામમાં વધુ લાગે.અહીં વ્રજમાં તો
માખણચોરની લીલા-વિભૂતિ જ બધામાં ગણવી.

૫૮. અલૌકિકમાં પણ આપણી કાંઈ લૌકિકતા ઘૂસી ન જાય માટે
સતત સાવધ રહેવું,શરણ-ભાવના જ કર્યા કરવી.

૫૯. સારી સાચી વાતો વાંચવા-કહેવા-સાંભળવા-જાણવા-
સ્મરવાં,છતાં સાચા સત્સંગ વગર અણીને વખતે આવશ્યક હોય ત્યારે
જીવન-વ્યવહારમાં તો તે વણાતી નથી;તેથી ઉપદેશ-આડંબર વગેરે વધે
છે,અશાંતિ-અકળામણ-અથડામણ-અસ્થિરતા-વ્યગ્રતા-ઉગ્રતા-વગેરે તો
રહે છે જ!સાચા સત્સંગથી સ્થિરતા આવે,શાંતિ મળે.સન્માર્ગાદિનાં સત્ફલ
વગેરે તેનાથી સંભવે.

૬૦. પાપ કરવા છતાં પરિતાપ જેને હોય,પાપમાંથી અટકવા ઈચ્છે,
મથે,તે સન્મુખ પાપી છે.તેનો ઉદ્ધાર સંભવે છે.પાપ કરે ,પરિતાપ ન
હોય,તે તો વિમુખ પાપી છે.તેનો ઉદ્ધાર સામાન્યતઃ ન થાય.

૬૧. લોકોમાં સામાન્યતઃ કાંઈ સદ્ભાવ પ્રભુ પ્રત્યે છે,સ્વકીય-ભાવ
તો કઠિન છે.

૬૨. સ્વકીય-જનમાં સ્નેહ છતાં દોષ હોય તો તેમને માટે ભાવ ન
બગાડવો.શુભ સંકલ્પોથી પ્રભુને શરણભાવે વિનવવા.તેમના દોષની
બળતરા ન કરવી.પોતાનું પાત્રત્વ-પ્રારબ્ધ એવું,તેથી પ્રભુએ તેમનો
સંબંધ કરાવ્યો.તેમ સ્વદોષ જ વિચારવો;સામાનો નહિ કે પ્રભુનો પણ
નહિ.

૬૩. શ્રીગોપીજનની કૃપા વગર શ્રીગોપીજનવલ્લભનો સ્વરૂપાનંદ
મળે નહિ.

૬૪. મન મળે નહિ તેવાને મળવાનો યત્ન કરવો નહિ.

૬૫. મન-મેળ વગરના લોકોને ન મળતાં જે કાંઈ નુકશાન-અપવાદ
સહન કરવાં પડે તે કરવાની(માનસિક)તૈયારી તો જોઈએ.ભગવદ્-
આશ્રયથી તે સરલ થાય.

૬૬. મનને ગમે તેમ ભટકવા દેવાની ટેવ ન પાડવી.સ્વરૂપ-લીલા-
વગેરેમાં મનને રમતું રાખતાં એકાગ્રતાથી નિરોધની ટેવ પાડવી.

૬૭. લોકોને તો પ્રાયઃ લૌકિક જ લાગણીઓના ઉભરા-અસરો મુખ્ય
હોય છે.તેના સમાન પ્રસંગો અલૌકિક-કથા-કીર્તન-વગેરેમાં નીકળતાં
ભગવાન્ સંબંધી લાગણીઓ હોય તેવાં રૂપો દેખાય છે.અજ્ઞાન-વશ લોકો
તેને ભક્તિ માની લે છે.આવામાં લૌકિક જ મુખ્ય છે,ભગવાન્ નહિ.

૬૮. સ્વભાવ-વશ લોકો તો,ધર્મશાસ્ત્રની સમજ વિના જ,પોતાની
સમજ પ્રમાણે,સ્વભાવે તેને અનુકૂલ ટીકા-ટિપ્પણ બધી બાબતમાં કર્યે જ
જાય છે.સ્વભાવ-વિજય વગર આમાંથી બચવું કઠિન છે.સેવામાં
સ્વભાવવિજય ખૂબ આવશ્યક છે.

૬૯. સૌમાંના પ્રભુ પ્રસન્ન થાય,તેવો વ્યવહાર આપણે રાખવો.
અયોગ્ય લોકો લાગે કે તેવા(સાથે) પ્રસંગો પડે તેમાં પોતાનો(કર્માદિનો)દોષ
જ સમજવો.

૭૦. સેવાનુરૂપ જીવન ટકાવવા માટે,આવશ્યક આહાર-વિહાર
માટે,કમાવું તે તો ધર્મ છે;પણ અધિકની અપેક્ષા તે લોભ છે,દોષ છે.

૭૧. યથાર્થ સમજ અને યથાર્થ સામર્થ્યના મૂલમાં તો છે,-ભગવત્-
કૃપા!

૭૨. પુષ્ટિમાર્ગીય સઘળી ક્રિયાઓ આર્તિપૂર્વક જ થાય,શીતલભાવ
કે બહાનાંથી સ્વબચાવ તો ન થાય.

૭૩. લોકોના ભાવ તો ઉપરછલ્લા ઉભરા જેવા પ્રાયઃ હોય છે.તેમાં
આપણે ઉભરાઈ-ગભરાઈ કે ભરાઈ ન જવું.

૭૪. જેનું વરણ પ્રભુએ જ્યાં કર્યું હોય તે ત્યાં જ જાય.

૭૫. આશ્રયવાળાને ક્લેશબાધા ન હોય.પરીક્ષા આનાથી આશ્રયની
-પોતાની કરવી.

૭૬. આશ્રયવાળાને અવરોધ અકળાવે જ નહિ.ભલે!કાલ-કર્મ-
સ્વભાવ,ભગવદ્-ઈચ્છા(પરીક્ષા)દિથી અવરોધો અનેક ઉદ્ભવતા
લાગતા હોય.

૭૭. લોકોની કાંઈ પણ આશા રાખવામાં પણ અન્યાશ્રય પોષાય
છે.કામના લાગતા લોકોને શરમથી-ભયથી-લાલાસાથી કાંઈ જ કહી શકાતું
નથી.સિદ્ધાંત-સંમત ન હોવા છતાં તેવા લોકોની વિચિત્ર પ્રક્રિયા-પ્રકૃતિ
દુભાતા મને પણ ચલાવી લેવી પડે છે,લોકોને થાબડવા પડે છે!

૭૮. ધાર્મિક કે સેવા-કથા-ભગવાનના સંબંધે થતા,પ્રસંગો કે સંગથી
થતા સંબંધો પણ છેવટે તો જરૂરી વ્યવહાર-કામ કઢાવવામાં ઉપયોગી
થઈ પડે છે.આ દશા લાચાર બનાવી,આચાર-વિચારને શિથિલ કરાવી
દે છે.સંસારિ-લોકોના ભાવ કે નિષ્ઠા સ્થિર હોતાં નથી.આવેશમાં તેમણે
ઉચ્ચારેલી કે લખેલી વાતો પણ સ્થિર કે સત્ય હોતી નથી.જે જિતેન્દ્રિય ન
હોય તે સત્ય સંભાળી શકે નહિ.સંસારીઓ તો કઈ રીતે જિતેન્દ્રિય હોઈ
શકે?તેમના સંબંધ કે ભાવ બદલાતાં વાર લાગતી નથી.

૭૯.વૈષ્ણવને સેવતાં મન રાજી ન થાય ત્યાં સુધી પ્રભુ-પ્રસન્નતા નહિ,
વૈષ્ણવતા ય નહિ.

૮૦. પ્રભુએ નિયત કરેલું જ સૌને નિયત સમયે મળે છે.શરણભાવે
કૃપાની રાહ જોવી.ભગવત્-સુખ માટે લોક-સહકાર વગર ચાલે તેવી

પોતાની મનોદશા ન હોવાથી,લોકોના સાનુકૂલ સદ્ગુણોને વધારવા,
તેને વધાવવા.દોષ તો પોતાના જ જતા કે ગયા નથી,પછી તો બીજાના
દોષ જોઈને રોષ કેમ થાય?ઉપદેશ કઈ રીતે દેવાય?તે તો આડંબર કહેવાય.

૮૧. ઉત્તમ ગુણોને ઉત્તેજન દઈને,દોષો તેથી દબાય તેમ કરતા જવું.

૮૨. ભગવાન્ સ્વકાર્ય ભક્તો દ્વારા જ કરે છે.તે ભક્તિ-માર્ગીય
સિદ્ધાન્ત છે.

૮૩. પરસ્પર સન્માર્ગાનુકૂલ જીવન-ઘડતરની વાતો જ અત્યારે
ઉપકારક સત્સંગ છે.

૮૪. સંસારીઓનું હૃદય તો શરીર-સ્વજન-સંપત્તિ-સુખ-ભોગ-
વગેરેમાં વહેંચાએલું હોય.તેમની સાધુ-સેવાદિક પણ સગવડીઆ હોય.

૮૫. લોકો તો પ્રાયઃ સ્વાભાવાનુકૂલ સગવડ પ્રમાણે જ સાનુકૂલ
થાય છે.સાધુજનોની સાનુકૂલતા જ પોતે ઈચ્છે છે.આમ ન થતાં તો તેઓ
પોતાની ઘરેડમાં જ ઘસડાય છે,બદલાવા તૈયાર તો બહુ ઓછા હોય છે.

૮૬. સંસારીઓ સાથેનો સત્સંગ પણ આવેશી કે ઉપલક થાય છે,
અસર બહુ થતી નથી,લાંબુ ટકતી નથી,જીવન બદલાતું નથી.

૮૭. વ્યર્થ કે લૌકિક બાબતે બહુ બોલે,બહુ હસે,લોક-વાર્તા મગ્ન
બને,ભોગરત રહે,વાસના વશ થાય,દેહ-દિલના લૌકિક સંતાપમાં તપે,
વ્યર્થ વિવાદ કરે,તેવાને કૃપા કે ભગવન્માર્ગ-લાભમાં વિલંબ સંભવે છે.

૮૮. દુઃખોપચાર-નિવારણ-યત્નાદિ ભગવદ્-ઈચ્છાથી મળી આવે
તો કરવાં.ઉપાય શોધવામાં ભગવાન્ કે સન્મુખતા ભૂલવાં-ઘટવાં ન
જોઈએ.ભગવાન્ જ સ્વાનુકૂલ સંયોગો દે,વ્યર્થ મથવું ન પડે;તો
ભગવદિચ્છા સમજીને સ્વમાર્ગાનુરૂપ વ્યવહાર કે દુઃખ-પ્રતિકાર,સુખાદિ-
ભોગ વગેરે કરવાં.

૮૯. અનેકની આવશ્યકતા આપણને આપણી જ વિવશતા વશ
જરૂરીઆતોથી પડે છે.

૯૦. સ્વદોષ-સ્ફુર્તિથી જ મળેલાં માન-દ્રવ્યાદિના અનર્થમાંથી
બચાય.

૯૧. સમાધાન સૌનું થાય;સત્સંગ તો માત્ર સર્વથા તાદૃશિ-જનોનો
જ થાય.

૯૨. સો ટકા શુદ્ધ કે સ્વાનુકૂલ તો આપણે જ આપણને નથી,તો અન્યની અનુકૂલ કે શુદ્ધ (સન્નિષ્ઠ) હોવાની અપેક્ષા તો રખાય જ કેટલી?-ક્યાંથી?!

૯૩. ભક્તાદિમાં થતી ભાવના પણ સગવડીઆ ન જોઈએ,સન્નિષ્ઠ જોઈએ;અસંભાવના-વિપરીતભાવના-રહિત જોઈએ.

૯૪. પોતાની સંપત્તિ વધતાં ભોગ-વૈભવ પોતાના વધારીએ,તો પ્રભુને વિનિયોગ કરાવવામાં “પછી શું?”-એમ કરીને પ્રમાદ કે ભય શા માટે?

૯૫. સર્વસમર્થ પ્રભુને સેવા કરાવવી હોય તો આગળ તેવી સાનુકૂલતા દે;નહિ તો ન પણ દે!પોતે તો લાભ લેવો!

૯૬. જીવન(વ્યવહાર-શુદ્ધિ) ઘડતર વગરનો સત્સંગ મનોરંજન માત્ર થઈ જવા સંભવ છે.સ્વરૂપ-લીલા-નંદાલય-નિકુંજાદિ-લીલાવાર્તા તો આપણી (લોક) વાસના ગઈ ન હોવાથી મનોરંજન કે અલૌકિકનાં લૌકિક-રૂપાંતર રૂપ થઈ જવાનો સંભવ રહે છે.પ્રભુ સ્વયં વિશેષ કૃપા કરશે ત્યારે લીલા-વાર્તા-ભાવભાવના સમજાઈ જશે,સમજાવશે,-અનુભવ કરાવશે.

૯૭. પ્રભુની ઈચ્છા કે કૃપા વિના સંમુખ રહેવું પણ સહેલું નથી.

૯૮. તકની સેવા દુર્લભ છે.જે ક્ષણે જે રીતે જે જોઈએ તેને સર્વાત્મ(ભગવદ્)ભાવે,તેમ યથાશક્તિ કરી દેવું.ભક્તસેવા,ભક્તના ભક્તની સેવા,સુદુર્લભ છે.

૯૯. લોકેષણા અને ભગવન્-માર્ગ પરસ્પર વિરોધી છે બેમાંથી એક છોડવું પડે,તૈયારી મનથી રાખવી પડે.

૧૦૦. કાંઈ ભોગ આપ્યા વિના તો લૌકિક-સંબંધો પણ સચવાતા નથી, તો અલૌકિક-સંબંધો તો મોટો ભોગ(ત્યાગ-સમર્પણ)માગે,તે સ્વાભાવિક છે.

૧૦૧. નિજભક્તોનું તો લૌકિક-અલૌકિક બધું જ ભગવાન્ સ્વયં કૃપાથી કરી લે છે.

૧૦૨. ભગવદીયોની વાણીમાં વિશ્વાસ જ રાખવો,ભગવાન્ તે સત્ય કરે છે.

૧૦૩. પોતાનો માનેલો-પોષેલો દેહ પણ પોતાનું માનતો નથી,કહ્યું-ઈચ્છ્યું કરતો નથી,તો તેવા દેહના સંબંધી-(સ્વજનો)પાસે આશા શી રખાય? સંસારીઓની સાનુકૂલતા સચવાય ત્યાં સુધી જ સ્નેહ લાગે,સ્વાર્થ ઘવાતાં કે ન સધાતાં સંઘર્ષ સંભવે.

૧૦૪. આપણે સામાની ભૂલો જતી ન કરી શકીએ,તો ભગવાન્ આપણી ભૂલો જતી કરે તેવી અપેક્ષા પણ કઈ રીતે રાખી શકીએ?!

૧૦૫. ભગવત્સ્વરૂપ સેવા કરનારના ભાવાનુસાર વિરાજે છે.

૧૦૬. ભગવત્પ્રીત્યર્થ જ સઘળાં વ્રતાદિ યથાધિકાર કરવાં.

૧૦૭. પ્રભુ-સુખાર્થે શરીરને કે ઈન્દ્રિયોને પીડ્યા વિના,દેહ અને ઈન્દ્રિયો સેવોપયોગી રહે,મુખ્યકર્તવ્ય સેવા-કથામાં પ્રતિબંધક ન બને,તેમ વ્રતોપવાસાદિ યથાધિકાર કરવાં.

૧૦૮. ભક્તિમાં રુચિવાળાને,ભક્તિ-નિષ્ઠા હોવાથી,જ્ઞાન-કર્મનાં સાધનો કરવાની જરૂર ન પડે.તેણે ભક્તિ-સાધનો કરવાં.સ્વરૂપ-નિષ્ઠા સર્વોત્તમ છે.સેવાદિ દ્વારા સ્વરૂપ-નિષ્ઠા થવી જોઈએ.

૧૦૯. ચારે તરફ વર્તમાનકાલમાં ગમે તેટલા અનર્થ,અયુક્તાચરણ, સામ્પ્રદાયિક વ્યક્તિઓમાં દેખાય,છતાં આપણને માર્ગ,-સિદ્ધાંત, પ્રણાલિકા,પ્રભુ,ભગવદીય,ભાગવત,આચાર્યજી તરફ અરુચિ ન થાય, પણ દૃઢસ્નેહ-આદર રહે,તો તે માર્ગરુચિ છે,તેથી ભગવાનની કૃપા છે,-તેમ સમજી શકાય.

૧૧૦. સ્વજન-સંગ-સંઘર્ષાદિથી દૂર રહેવાય માટે પોતે અપેક્ષા-હક્ક છોડી દેવાં,પોતે સ્વતંત્ર પ્રભુરત રહેવું.

૧૧૧. લોકમાં જેમ પોતાનાં સ્વજનને દુઃખમાં જોતાં,પોતે કાંઈ જ કરી ન શક્વા છતાં,મન તો બળ્યા જ કરે છે.તેમ,પોતાના પ્રભુના શ્રમ-વિચારે કાંઈ ન બને તો પણ,દુઃખ તો થવું જ જોઈએ.પ્રભુ તેને પણ સેવા જ ગણી લે.

૧૧૨. સાચો સ્નેહ-સ્વાર્થરહિત-તો માત્ર ભગવાન્-ભગવદીયમાં જ સંભવે,તેમની પાસેથી જ મળે,અન્યત્ર તો તેવી આશા પણ ન રખાય.

૧૧૩. સંસાર પણ સફલતા કે સાનુકૂલતા માટે સમર્પણ માંગે છે.તેમાં પરિણામે તો વ્યર્થતા જ છે.ભગવન્માર્ગ પણ સમર્પણ માંગે છે.તેમાં આદિ-મધ્ય-અંતમાં સફલતા-કૃતાર્થતા જ છે.

૧૧૪. સ્વદોષસ્ફુર્તિવાળો તાપભાવ,તેથી થતી દીનતા,સાધનાત્મિકા છે.ભગવત્સંબંધી તાપભાવથી થતી દીનતા ફલાત્મિકા છે.

૧૧૫. ભગવાન્ જ અદ્ભુત-રીતે પોતાના જનોનું સર્વકાંઈ કામ કરી જ લે છે.વારંવાર આવો અનુભવ થવા છતાં પણ,ભગવાનમાં દૃઢ વિશ્વાસ થતો નથી,તે જીવભાવ છે.

૧૧૬. સામાં ઈચ્છેલાં કે અનુકૂલ આપણને ન મળ્યાં હોય તેમાં તો આપણો જ પ્રારબ્ધ-દોષ છે.સામાને દોષ દેવો તે તો અપરાધ-અજ્ઞાન છે.

૧૧૭. ભગવાન્ માટે અંગીકાર કરાવવામાં મન ન અચકાય,તે જ આત્મનિવેદનના સ્વીકારની નિશાની છે.

૧૧૮. તાત્કાલિક પુષ્ટિ-ફલ ન દેખાવા છતાં,ભગવાને કૃપા વિચારી જ હોય તો લૌકિક-પ્રસંગાદિથી પણ શ્રદ્ધાદિ વધતાં જાય.

૧૧૯. વ્યવહારને પણ ભગવદ્-ધર્માનુકૂલ બનાવવાનો યત્ન કર્યા કરવો.લૌકિકમાં પણ અલૌકિક ધ્યેય રાખીને,લૌકિકને અલૌકિક બનાવવા,સ્વશાસ્ત્રાનુકૂલ પ્રયત્ન કરવો.

૧૨૦. ભગવાન્ તો કૃપાપૂર્ણ છે,કૃપા કરવાના જ છે;છતાં જીવે તો ચાતકવત્ રટણ,તાપભાવે સાકાંક્ષ પોકારો,કર્યા જ કરવાના!

૧૨૧. ગરીબ થઈને,લાચાર થઈને,કાંઈ કામ કઢાવી લેવા મથવું નહિ. પ્રભુના દાસ છીએ,તેવી ખુમારીથી,દૃઢતાથી,જીવવું.

૧૨૨. લૌકિકમાં સામાને ખોટું ન લાગે તેવા ભાનથી ખોટું ચલાવાય છે કે ચલાવી લેવાય છે.

૧૨૩. કોઈનો ઉપકાર લેવાથી કે કોઈના ઉપર ઉપકાર કરવાથી પણ નીચે ઉતરવું પડે છે.

૧૨૪. પોતાને મળતી સગવડ-સાનુકૂલતાને જ કૃપા માની ન લેવાય.તે પુષ્ટિ નથી.જેનાથી ભગવાન્ મળે તે જ કૃપા!

૧૨૫. કઠિન કાર્યમાં સ્થિરતા તે ભગવત્-કૃપાથી જ સંભવે.

૧૨૬. પ્રાયઃ જ્યાં સુધી કોઈનો ખપ ન પડે ત્યાં સુધી જ સૌ સારા છે.

૧૨૭. સામાના વ્યવહારની પરીક્ષા કર્યા કરવી.નિર્દોષ ભાવનું પ્રતિબિંબ પાડતા નિર્મલ અરીસા જેવા રહેવું.

૧૨૮. મૂલ "કૃષ્ણ"-રૂપમાંથી રૂપસૃષ્ટિ થઈ.તેમ મૂલ "કૃષ્ણ"-નામમાંથી નામસૃષ્ટિ થઈ;તેથી "કૃષ્ણ"નામોચ્ચારમાં સર્વશાસ્ત્ર-મંત્ર-સ્તોત્રાદિ સમજાઈ જાય.

૧૨૯. ભગવાને સૃષ્ટિના આરંભથી લય પર્યંતની વ્યવસ્થા કરી જ રાખેલી છે,-ચાવી દીધેલા ઘડીયાળની જેમ!

૧૩૦. સિદ્ધાન્તો સ્પષ્ટ કહેવા,અપસિદ્ધાન્ત ચલાવી ન લેવા,દબાવા-ડરવા,-ડગવામાં પણ લોકભયથી અન્યાશ્રય જ છે.

૧૩૧. ધનાદિની ચિંતા હોય,તેમાં ચિત્ત રહે,તે મળતાં કે જતાં તેથી હર્ષ-શોકાદિ થાય,તો ભગવદાશ્રય નથી,અન્યાશ્રય છે.

૧૩૨. જે અંગથી અપરાધ થયો હોય તે અંગને દંડ રૂપે રોગાદિ થાય.

૧૩૩. પોતાના પરની કૃપાથી થોડાં કાંઈ સાધનો થઈ શકે તો લોકો તેવા બાહ્યધર્મોથી આકર્ષાય-પૂજે;પોતે પણ પ્રસન્નતા અનુભવે,અજાણ્યે પણ અહંકાર જ પોષાય,પોતાને સમર્થ કે ભગવદીય માની બેસે,પરિણામે વિમુખતા જ વધે.

૧૩૪. આત્મદૃષ્ટિ કે ભગવદ્દૃષ્ટિવાળો વ્યવહાર બાધક ન થાય.

૧૩૫. પોતાનાં સુખ-સગવડ-કાર્યસિદ્ધિ-વગેરે માટે,બીજા ઉપયોગી થાય તેવી બુદ્ધિથી,લોક-સંબંધ સાચવવા-ઈચ્છવા તે પણ અન્યાશ્રય છે.

૧૩૬. ભક્તિવાળા માટે પણ ધન-ઘરનો વિનિયોગ કરતાં કૃષ્ણસેવા જ ગણાય,દોખ ન લાગે;પણ સ્વમહત્તા,યશઃ,સંબંધ-વૃદ્ધિ, પ્રયોજનવશતાથી તેમ થાય તો લૌકિકતા જ વધે.

૧૩૭. સ્વકર્મફલ સૌને ભોગવવાં પડે.મુશ્કેલી આવી પડે છે,-પોતાના જ પાપ થી!તે ભોગવી લેવાને બદલે અકળામણ,દોડા દોડી,મદદ મેળવવા માટે મથામણ,તે તો વિમુખતા જ વધારે છે.

૧૩૮. ભક્ત માટે પોતે મુશ્કેલી વહોરી લઈએ તે તો સેવા રૂપ ગણાય.

૧૩૯. શરણ-બલ કે સમર્પણ-બલથી મનમાં સંસાર-દુઃખો ભરાઈ રહે નહિ.

૧૪૦. સંપર્કવાળાઓના વિરુદ્ધ-વ્યવહારથી મન તો બળે છે,બોલાતું-અટકાવાતું નથી,તેથી વૈરાગ્ય વધવો જોઈએ,તેમનો તિરસ્કાર તો ન જ થવો જોઈએ.

૧૪૧. સમજવા છતાં,વિરોધ અનુભવવા છતાં,હૃદય બળવા છતાં,સંગ-સગવડ-પ્રલોભન-માન છોડી શકાતાં નથી,સંસાર-પ્રવાહમાં ઘસડાવું પડે છે,-માત્ર પોતાનામાં વૈરાગ્ય-ભગવદ્-ભાવ ન હોવાથી! તેમાં બીજાનો દોષ નથી હોતો!"વાંક સઘળો આપણમાં ભર્યો!"

૧૪૨. સુખ-દુઃખ તો ગૌણ છે,જેનાથી ભજન વધે તે જ મુખ્ય છે.

૧૪૩. આપણું ઈચ્છેલું પ્રભુ થવા દેતા નથી,આપતા નથી તો તેમાં પણ કારણ કે તે કૃપા જ કરવા ઈચ્છે છે.સંગ-પ્રસંગથી બચાવી,વૈરાગ્ય દઈ,પોતે સ્વીકારવા ઈચ્છે છે.

૧૪૪. ભગવત્સુખના મનોરથો તો અવશ્ય કરવા.ફલ કે પરિણામ કે તેનો અમલ ન થાય તો ચિંતા ન કરવી,ભગવદિચ્છા સમજવી.

૧૪૫. સુખ સ્વપ્ન શાં છે.દુઃખ પરપોટા જેવાં છે.જેનાથી પ્રભુ ભજાય તે જ હિતાવહ છે.

૧૪૬. ભગવાનના નામે કે ઓથે ભોગ ભોગવનારનું પણ અધઃપતન થાય છે.પૈસા-પ્રતિષ્ઠાના લોભે કે લાભે કથા-સેવા ભગવત્કાર્યાદિ કરનાર તો ભાડૂતી લોકો જ કહેવાય.

૧૪૭. સેવા-કથા-સ્વરૂપ-સત્સંગાદિમાં આપણો ભાવ જ નિયામક છે.

૧૪૮. સૌ માયામોહિત હોવાથી,દુરાગ્રહથી પણ,પોતાના સ્વભાવને વળગી રહે છે,છોડી કે બદલી શકતા નથી.આમાં અભાવ કે ક્રોધ કોના તરફ કરવો?

૧૪૯. પોતાને પોતાના દાસધર્મનું,ભગવાનથી છૂટા પડ્યાનું,ભવમાં ભૂલા પડ્યાનું,સતત તીવ્ર અનુસંધાન રહે;તો પણ ભગવન્માર્ગમાં રહી શકાય,વિમુખતા ન આવે.

૧૫૦. સામાને વણમાગી સલાહ-શિખામણ દેવાથી જ સંઘર્ષ-મનોદુઃખ સંભવે છે.આપણું તેમાં અહં પણ (સારાપણાનું-સમજનું)સૂક્ષ્મરીતે હોય છે,-પોષાય છે.સામાને સુધારવા કરતાં પોતે જ સુધરી જવું.આવી વણમાગી સલાહ-શિખામણ-દેવાનું સાહસ કે ધૃષ્ટતા કે અયોગ્ય ચેષ્ટા કરવાં નહિ. પોતાની અસહિષ્ણુતા જ પોતાને અકળાવે છે,અથડાવે છે,માત્ર સામાના દોષ કે ભૂલો જ નહિ.સૌમાં ભગવદ્-ભાવનાથી પોતે તો સર્વ સહીને પણ ભગવદ્રત રહેવા મથવું.

૧૫૧. ભગવાન્ ભક્તોના જીવન-ઘડતર માટે બાહ્ય-દુઃખ-પ્રતિકૂલતા-આઘાતાદિ દે છે;છતાં અંદર તો કૃપાથી રક્ષા કરતાં કૃતાર્થ જ કરે છે.જેમ કુંભાર ઘડો ઘડતાં બહાર ટપલાથી ટીપે,છતાં અંદર બીજા હાથે તો આધાર જ દે છે,તેમ!

૧૫૨. જ્ઞાનમાર્ગમાં બ્રહ્મભાવ છે,ભક્તિમાર્ગમાં ભગવદ્-ભાવ છે.

૧૫૩. પુષ્ટિમાં તો સ્વરૂપ-પરતા જ મુખ્ય છે.

૧૫૪. ભગવાને આપણું પુષ્ટિ-ભક્તિમાર્ગમાં જે રીતે,કૃષ્ણ-ગુરુ-વૈષ્ણવ-ગો-સેવા-કથા-કીર્તન-સ્મરણ-વિયોગાદિ રીતે,વરણ કર્યું હોય તેમ તેમાં રુચિ આપણી સ્પષ્ટ દેખાય.તેમાં રુચિ સાચી હોય તો પછી બીજું રુચે નહિ.તેનાથી જ આપણા ઉપર ભગવત્કૃપા સમજાય.

૧૫૫. આપણાં શરણાગતિ કે ભક્તિ સાચાં કર્યાં હોય તો કરાલ કાલ પણ આપણને કાંઈ કરી શકે નહિ.

૧૫૬. ભગવાન્ જેવાને તેવા મેળવી દે છે.પોતે સારા-સાચા-શુદ્ધ-ભગવન્માર્ગરત હોઈએ તો ભગવાન્ તેવો જ સંગ દે છે.

૧૫૭. લોક-લાલસાથી લૌકિક મોટાં કામ(ધર્મ કે ભગવાનને બહાને કે નામે પણ)ઉપાડીએ તો તેવા કહેવાતા મોટાલોકોનો સ્વાર્થ-વશ સંગ કે સહકાર તો સહેલાઈથી મળી આવે;પણ યથાર્થ ભગવત્-કાર્ય કે સદ્ધર્મ માટે તો સન્નિષ્ઠ લોકો(સ્વાર્થાદિરહિત,જીવન-વ્યવહાર-શુદ્ધિ-યુક્ત) મળવા પણ સૌને સુદુર્લભ લાગે છે,કૃપાથી જ મળે!

૧૫૮. કડવા અનુભવો થાય તો તેમાં લોકોનો દોષ નથી,પોતાનો જ છે.

૧૫૯. ભક્તોનું લૌકિક પણ ભગવાન્ જ કૃપાથી સંપાદન કરે છે. અલૌકિક તો સ્વતઃ કરે જ છે.

૧૬૦. પોતાના સ્વામીના સામર્થ્યનું ગૌરવ દાસને શા માટે ન હોય? આવા"સૌભાગ્યમદ"માં દોષ તો નથી જ.લોકમદમાં તો દોષ છે જ.

૧૬૧. શ્રીમહાપ્રભુજીએ પોતાની અવતાર-દશામાં પણ માત્ર દૈવીજીવમાં જ લાભ દેવા ઈચ્છ્યો છે,-સર્વ જગતમાં નહિ.તેવો અધિકાર અત્યારે નથી.અધિકાર વગર તો જીવોમાં પુષ્ટિ-રુચિ સંભવે જ નહિ;તેથી પુષ્ટિસેવા-કથાદિમાં લોકરુચિ-ટોળાં ન જ દેખાય,ન થાય;ચર્ષણીઓ બધે

ભટકતા આવે,તેમાં લાભ શો છે?પુષ્ટિમાર્ગ સૌને માટે તો નથી જ.

૧૬૨. આપણે આપણી પ્રકૃતિને વશ રહીએ છીએ,તો પણ સામાની પ્રકૃતિનો દોષ કઈ રીતે કાઢી શકીએ?સૌ કાલ-કર્મ-સ્વભાવ-વશ છે,-પ્રાયઃ!ભગવદ્-વશ તો ભક્તો જ હોય.

૧૬૩. સૌ સંસારી પ્રાયઃ સ્વાર્થવશ જ છે.સગવડ હોય ત્યાં સુધી જ સાધુનો પણ સંગ-સેવાદિ કરે છે;પણ પ્રતિકૂલતામાં મન-મેળ ન રહેતાં પડતું મૂકે છે,-બધું!રજનું ગજ કરીને સાધુવિરુદ્ધ પણ વિષમ વાતો ય ફેલાવે છે.ભગવાન્ અને ભક્તો જ નિર્દોષ-દયાળુ-પ્રેમાળ હોય છે. અન્યના દોષ દેખાય-ખૂંચે,પોતાના દોષોનો તો બચાવ જ કરીએ,ત્યાં સુધી આપણે સાચા ભક્ત થયા નથી.

૧૬૪. ભગવાને સર્વકાંઈ હિત જ કર્યું છે-કરે છે-કરશે,છતાં જીવને તેવો તેમાં વિશ્વાસ રહેતો ન હોવાથી જ બળતરા-બહિર્મુખતા રહ્યા કરે છે.અંતઃસ્પર્શ વિનાનાં ભજનાદિ જીવનબલ-ફલ કે પરિવર્તન પ્રાયઃ દેતાં નથી.ભક્તો કે સદ્ગ્રંથાદિનો સંગ-પ્રસંગ હોય ત્યાં સુધી સદ્ભાવનો ઉભરો ટકે,પછી ઉતરી જતાં તળીઉં દેખાય!

૧૬૫. અલૌકિક હેતુથી સેવા-કથા-સત્સંગાદિથી સંગ આરંભાય,પણ લૌકિકમાં તે પછી પલટાઈ જાય,તે પણ બાધક છે.

૧૬૬. પ્રભુ સ્વજનોને દંડ દેવા માટે શારીરિક વગેરે પીડાઓ આપે છે."**दण्डदानं स्वकीयेषु**"! ભક્તમાં દંડથી દીનતા વધતી જાય છે.

૧૬૭. પંખાનો પવન પણ બુદ્ધિ બગાડી શકે છે,જો પંખો અશુદ્ધ દ્રવ્યનો હોય તો!તો બધાં જ જીવન-વ્યવહાર-સાધનોની તો વાત જ શી?!

૧૬૮. મર્યાદા-પ્રવાહમાં મનને પ્રાણબંધન છે,પુષ્ટિમાં મનને પ્રેમબંધન છે,-પ્રભુ સાથે!

૧૬૯. જેની સેવા કરવાની હોય,તેને સાનુકૂલ થાય તેમ,તેની પ્રસન્નતા માટે કરવું જોઈએ;પોતાની સગવડ કે રુચિ પ્રમાણે નહિ.

૧૭૦. ભગવદીયોનું લૌકિક-કાર્ય પણ તેમની સેવા કરનાર માટે તો અલૌકિક જ ગણાય.

૧૭૧. જગત્ સાથેનો વ્યવહાર આત્મદૃષ્ટિથી થાય,ભગવદીયો સાથેનો વ્યવહાર ભગવદ્દૃષ્ટિથી થાય.

૧૭૨. માલા-તિલકનો સમાદર તો ભગવાનનો સમાદર છે.સમાધાન તો સૌનું વૈષ્ણવભાવે થાય;સત્સંગ તો સર્વથા તાદશિજનોનો જ થાય.

૧૭૩. દેશ-કાલ અત્યારે તો પ્રાયઃ ધર્મવિરુદ્ધ છે,-લોકરુચિ પણ!તેમાં દેશ-કાલ-રુચિ સાથે ધર્મનો મેળ બેસાડવો કઠિન છે.પ્રભુકૃપાથી જ સંભવે.

૧૭૪. જેની જેમાં રુચિ હોય તે તેના ગુણ ગણે,રુચિ ન હોય તો દોષ ગણે!

૧૭૫. જેમ લૌકિકમાં કોઈને ઘેર સ્નેહ હોય તો જવાય-જમાય-રહેવાય;તેમ અલૌકિકમાં પ્રભુ પણ પ્રેમ હોય તો ઘરમાં વિરાજે,આરોગે,લીલાનુભવ આપે.

૧૭૬. સ્નેહ સામીપ્યમાં સંભવે.

૧૭૭. મમતા માત્ર પોતાના પ્રભુમાં,સમતા સર્વત્ર!

૧૭૮. અસત્પુરુષોનાં કહેલાં વાક્યોથી પીડાતા મનનું સમાધાન કરી ન શકે તે સાધુ નથી.

૧૭૯. શરીરને અતિપ્રયત્નથી પીડ્યા વગર કરવામાં આવે તે "અનાયાસ" કહેવાય.

૧૮૦. પ્રભુ પ્રેરે તો વગર પ્રયત્ને કાર્ય થઈ જાય.

૧૮૧. પ્રભુ સ્વકીય ગણે ત્યારે દંડ દે,અપરાધ ભોગવાવી દે.

શ્રીહરિઃ

પરમપૂજ્ય શ્રીદાદાજીના પરમપૂજ્ય શ્રીમોટાભાઈ(શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી)ઉપરના કૃપાપત્રો ઉપરથીઃ

૧. પ્રભુકૃપાની ઓળખાણ અનુકૂલ સંયોગો દ્વારા જ થાય છે,પણ પ્રતિકૂલ સંયોગો પણ પ્રભુ-પ્રેરિત વા પ્રભુદત્ત છે;આ સિદ્ધાન્તનો પણ આદર થવો જોઈએ.

૨. દૃઢ વિશ્વાસ નહિ હોવાનું કારણ આજકાલ ભજન-ભક્તિ અન્ય-શેષે થાય છે.

૩. **“गणस्य अग्रतो न गच्छेत्”**-આપણે આગેવાની ન કરવી.વૈષ્ણવ-બંધુના નિર્ણયને માન આપવું.

૪. **“जलमें बसत कुमुदिनी चन्द्र बसे आकाश।**
जो जाके जीय में बसे सो ताही के पास॥”

૫. મહાપુરુષોની વાણીમાં અધ્યાહાર હોય છે,કારણકે મહાપુરુષો પણ પ્રભુની પેઠે પરોક્ષપ્રિય હોય છે.

૬. **“अस्मदीय पदार्थानां भोगः कार्यस्त्वयैव हि।”** “અમારા પદાર્થોનો ભોગ તમારે(ભગવાને)જ કરવો જોઈએ.”-આ વિનિયોગનો ઉત્તમપક્ષ છે.લોકાપવાદ તથા સંઘર્ષ ન થાય તેમ વિનિયોગ મધ્યમ વ્યવહારપક્ષ છે.

૭. આ કલિમાં ભક્તદ્વારા જ જીવનો ઉદ્ધાર છે.

૮. રજોગુણી ધનિક દ્વારા થતી સંસ્થા કે આશ્રમ પણ રજોગુણવાળાં જ થઈ જાય છે.

૯. કથા કરાવનારને શ્રવણનો લાભ મળતો નથી.માત્ર આવ્યા-ગયાની સરભરા અને વિવેકમાં જ સમય વ્યતીત થાય છે,માટે વ્યવહારને ગૌણ રાખીને કથા કરાવો.

૧૦. ભક્તિમાર્ગમાં દ્વાર વિના કાર્ય થતું નથી.

૧૧. બ્રહ્મ અભડાતું નથી;એ આપે દરેક વખતે કરી બતાવ્યું છે.

૧૨. ભગવાનની કેવી કૃપા છે!સેવા અને કથા દ્વારા સ્વરૂપનું દાન કરી રહ્યા છે.

૧૩. અધિકાર વિના ક્યાંય રુચિ થાય? અર્થાત્ ન જ થાય.

૧૪. “એક ભરોસો હરિ ભક્તનકો,દૂજો નંદકિશોર કો!”આ દૃઢ થયા વિના દાન થતું નથી.

૧૫. ભક્તિનિષ્ઠા વિના જોઈએ તેવો આનંદ પ્રાપ્ત થવો દુર્લભ છે.

૧૬. આપણા(માર્ગીય)પૂર્વજો ૮૪-૨૫૨ વૈષ્ણવો છે.તે હરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં પરાયણ હતા.

૧૭. પ્રભુ ભક્તેચ્છાપૂરક છે.ઉત્તમોત્તમ મનોરથો વા ઉત્તમ ઈચ્છાઓ પ્રભુની કૃપા સિવાય ઉદ્ભવતી નથી.પ્રભુ જેવું ફલ આપવાના હોય એવી જ ઈચ્છાઓ જીવ પાસે કરાવે છે.

૧૮. “શરણ પડ્યો સન્મતિ ના દીધી,જવા દીધો કુવાટે;
શી ગતિ થશે ગોકુલપતિ માહરી,ચિંતાતુર તે માટે !”

૧૯. ભક્તિમાર્ગમાં ભક્તનિષ્ઠ ભક્તિ જ પ્રધાન છે.

૨૦. શ્રીઠાકોરજી તો કાયદાબાજ છે.ભક્તો જ જનકલ્યાણમાટે વિચરી રહ્યા છે;અને પ્રભુની સન્મુખ જીવોને કરી રહ્યા છે.મંગલાચરણ બોલીને પાઠ કરવાનો પ્રારંભવાનું કારણ એ જ છે કે,શ્રીમહાપ્રભુજી મારા હૃદયમાં વિરાજે જેથી હું યથાર્થ બોલી શકું.

૨૧. બધી બાબતે એટલે લૌકિક-અલૌકિકમાં શરણ-દીનતા-તાપભાવ સિવાય પ્રભુને અન્યસાધન કરાવવું નથી.એવી લીલા માલુમ પડે છે.

૨૨. ઉત્તમ વસ્તુના જ પ્રભુ ભોક્તા છે.સેવામાં પ્રભુને સુખ થાય,-તે પુષ્ટિ;કેવળ નામસ્મરણ એ મર્યાદા.

૨૩. “એક ભરોસો હરિ ભક્તન કો,દૂજો નંદકિશોરકો” નંદકિશોર કરતાં ભક્તોનો પહેલો ભરોસો છે,પછી પ્રભુનો!
“ભક્તજન-પદ-રજ-પ્રતાપે સકળ સરીયાં કાજ”
ભક્તજન-પદ-રજ-પ્રતાપે જ બધું થાય છે.

૨૪. આ કલિકાલમાં એ કટુ અનુભવ થયા છે કે સત્સંગ-કથા-વાર્તા તથા સેવાદિના અર્થે પણ લોકાનુગત-ભક્તો અર્થાત સંસારિ-ભજનીકોનો સંગ ત્યાજ્ય છે.અતઃ શ્રીમદાચાર્યચરણ“-સ્વધર્માચરણં શક્ત્યા” આ

આજ્ઞા કરતા હશે. અર્થાત્ જેટલું પોતાનાથી બને તેટલું જ કરવું, સેવા-કથાર્થે પણ સંગ ત્યાજ્ય છે.

૨૫. અવતાર-દશામાં જ્ઞાન-ભક્તિ-આદિ સાધનની જરૂર નથી. પ્રભુ પ્રત્યક્ષ હોવાથી સ્વરૂપથી ઉદ્ધારે છે. પ્રભુની હાજરીમાં ભક્તોને સાધનનો શ્રમ કરવો પડે તે અવતારીને શોભે નહિ. અનવતાર-દશામાં તો ભક્તો જ ઉદ્ધારક છે.

૨૬. આત્મદષ્ટિ કે બ્રહ્મદષ્ટિ જગતમાં થઈ નથી, જેથી જ્યાં ત્યાં દોષજ્ઞ હોવાથી દોષ-દર્શન થાય છે.

૨૭. દંડ-શિક્ષા બે પ્રકારની છે. ડોક્ટરોને ફી આપવામાં આવે તે દંડ છે અને શરીરને કષ્ટ ભોગવવું પડે તે સજા કહેવાય.

૨૮. અતિપરિચયથી અવજ્ઞા થવા સંભવ છે.

૨૯. પ્રભુ કર્તું અકર્તું અન્યથાકર્તું સમર્થ છે.

૩૦. ફાવતું હોય, શરીર સારું હોય, તો સેવા કરે; નહિ તો નીકળી જાય. સેવામાંથી દૂર થઈને બહાર ખાનપાન કરે અને પાછા વ્રત કરી સેવામાં ન્હાય. આ તો મને યોગ્ય લાગતું નથી. પ્રાયઃ, વર્ણધર્મ હવે રહ્યો નથી, આશ્રમધર્મ પણ દેખાતો તો નથી.

૩૧. કોઈનું કામ પાડશો નહિ. કામ પાડવાથી તેના ગુણદોષનું ચિંતન-પરિચય થઈ જાય છે, કરવું પડે છે; પણ નિરપેક્ષતા નહિ હોવાથી તથા વૈરાગ્યના અભાવે સંગ સહજ થઈ જાય છે.

૩૨. બે દોષ મોટા છે, -એક દુઃસસર્ગ બીજો દુષ્ટાન્ન. જેનામાં જે દોષો હોય તે દોષવાળાનું અન્ન પેટમાં આવે એટલે અન્નદ્વારા એનામાં જે દોષો હોય તે ધીમે ધીમે આવ્યા વિના રહે નહિ.

૩૩. સ્વામીની સેવા કરનાર ગુલામને તો સ્વામીના સુખનો વિચાર કરવાનો હોય. હું સ્વામીની અમૂક સેવા કરું, -તેવું ગુલામમાં હોતું નથી. ગુલામ તો હલકી-નબળી સેવા પ્રાપ્ત થાય તે કરવા તત્પર રહે છે.

૩૪. "સજા દંડ દોનો દીયે કૃપા કરી ભગવન્ ;
શારીરિકી પીડા સજા દંડ દ્રવ્યકી હાન ;
મેરે જેસી પ્રભુકૃપા ભાગ્ય વિના નહિ હોય ;
સજા દંડ કે સાથમેં સન્મુખતા દઈ મોય"

૩૫. **"भगवत इदं भागवतम्"**-ભગવત્સંબંધી આ ભાગવત. ભગવદીયો વિના ભાવનું દાન નહીં થાય.

૩૬. હું તો નવા જમાનાને ગળે ઉતરી જાય એવો બ્રહ્મસંબંધનો અર્થ કરું છું, "પ્રભુને માટે યા હોમ થઈ જવું એનું નામ બ્રહ્મનો સંબંધ"

૩૭. લિખત કલમ સૂખ તયરણ યહી પ્રેમ કો મૂલ,
પ્રીત કરી સૂજ્યો નહિ વાકે શિર પે ધૂલ ;
કાહૂકો દિયો કછુ કાહૂ લંક લૂંટાય,
મોહિ કૃપા કર દીજિયે જબ નિકસે તબ હાય."

૩૮. પ્રભુ પ્રારબ્ધ-કર્મના ભોગને પ્રાયઃ દૂર કરતા જ નથી. પ્રારબ્ધ-કર્મના ભોગને દૂર કરવાનું સામર્થ્ય તો છે, પણ કાયદો નથી; તેથી વસુદેવ-દેવકીજીના કેટલાં પુણ્ય જેને ત્યાં પ્રભુ પ્રકટ થયા? છતાં કેદમાં દર્શન દીધાં, પણ માતા-પિતાને કેદમાંથી મુકત કર્યાં નહિ; વળી પાંડવો દેવતાના અવતાર હતા, વળી પરમભક્ત ફોઈના દીકરા હોવા છતાં ૧૪ વર્ષ વનવાસનું કષ્ટ દૂર ન જ કર્યું; આશ્વાસન આપવા ઘરે વખતોવખત પધારતા, ખબર લેતા, પણ મુદત પૂરી થયા વિના પાંડવોનું કષ્ટ દૂર કર્યું નહિ. સર્વકરણ-સમર્થ, સર્વ-ભવન-સમર્થ હોવા છતાં પણ!

૩૯. પોતાની ત્રુટિ અને પોતાના દોષોને યાદ કરવાથી તાપભાવ જાગ્રત રહે છે, આર્તિ સાથે અષ્ટાક્ષર લેવાય છે.

૪૦. સાધન-અવસ્થામાં તો જીવને સ્વદોષસ્ફુર્તિના કારણે ઉદ્વેગ-પશ્ચાત્તાપ થવો જોઈએ. જ્યાં સુધી પ્રભુ સાધનદશામાં જીવને રાખે ત્યાં સુધી તો સાધનદશાની નિવૃત્તિ નથી. અર્થાત્ પ્રમેયબળથી ફલ-દશાનું દાન ન થાય, ત્યાં સુધી તાપ-પરિતાપ-સ્વદોષસ્ફુર્તિ આવશ્યક છે જ. સુરદાસજીએ "મો સમ કૌન કુટિલ ખલકામી"-આ અસ્માદિકને શિખવવા જ એ દીનતાનાં, સ્વદોષસ્ફુર્તિનાં, પદો કર્યાં છે. શ્રીગુસાંઈજી "ચિત્તેન દુષ્ટો વચસાડપિ દુષ્ટઃ" ઈત્યાદિ વાક્યો પણ સ્વદોષની સ્ફુર્તિને માટે છે. પ્રભુ પ્રમેયબલથી ફલદશાનું દાન ન કરે, ત્યાં સુધી પરિતાપાદિની જરૂર છે. જ્યાં સુધી સાધનદશા છે ત્યાં સુધી રીતસર સેવા-સ્મરણ-કથા-ગુણગાન થવાં જોઈએ; અને પોતાના દોષોનો પશ્ચાત્તાપ થવો જોઈએ. જીવને સાધનનું અભિમાન ન થાય તે માટે.

૪૧. સેવા-સ્મરણાદિક કર્તવ્યમાં પ્રમાદ જીવને ન થાય,પોતાના કર્તવ્યનું ભાન રહે અને અભિમાન ન થાય.

૪૨. મારો સિદ્ધાન્ત છે કે,-

"તુલસી યહ સંસારમેં ભાત ભાત કે લોગ,
સબસે હિલમિલ ચાલીએ નદી નાવ સંજોગ."

૪૩. નિષ્ઠા એટલી બધી હોવી જોઈએ કે,ગમે તેવી આજ્ઞા,ગમે તેટલી વિપરીત રીતિ દેખાય,તૂટે-બદલાય-નહિ.પણ એક વખત પગે લાગ્યા, પૂજા કરી,તે પછીથી તે બદલાઈ જાય તો બધાય વર્ષોનું મીડું મૂકાઈ જાય.

૪૪. જ્યાં નિષ્ઠા હોય ત્યાં ગુલામ જઈ જવું.

૪૫. ભગવાનને જેનો ઉદ્ધાર કરવો છે એને સદ્બુદ્ધિ આપે છે.

૪૬. જે ભગવાનની સાથે જોડાએલા હોય,ભગવાનની ભક્તિ જેના હૃદયમાં હોય,એની સેવા કરવાની,તો પછી ભગવાનની સેવા ન થાય તો ચાલે!

૪૭. પ્રસાદ જીહ્વા-સ્વાદથી ન લેવો,આત્માની શુદ્ધિ માટે લેવો જોઈએ.

૪૮. ગાય વ્રજભક્ત છે;અને ગાય શ્રીગિરિરાજજી છે;એટલે ગાયની સેવા કરીને વ્રજભકતની સેવા કરું છું.

૪૯. ભગવાનના અને મહાન્ પુરુષોના ચરણસ્પર્શ શાથી કરવામાં આવે છે? આપણા શરીરના નીકળેલા ઓજસની આપણા શરીરની છાયા સુધીની ગતિ;અને મહાન્ પુરુષોના ઓજસ બહુ લાંબા મહાન્ હોય છે.

卐

શ્રીહરિઃ

પૂ.પા.પ.ભ.દાદાજીની ગો.વા.વિપિનભાઈએ કરેલી કથા નોંધ માંથીઃ

૧. શ્રીમહાપ્રભુજીનું નામ છે,- **"स्मृतिमात्रार्तिनाशनः"** શ્રીમહાપ્રભુજીના અનુયાયીએ સર્વપ્રકારના દુઃખમાંથી મુક્ત થવા માટે **"स्मृतिमात्रार्तिनाशनः"**-આ નામનું અનુસંધાન રાખવું જોઈએ.મનમાં પણ ઉક્ત નામનું અનુસંધાન રાખવાથી આપણા જ ઈષ્ટ શ્રીમહાપ્રભુજીના અનુસંધાનમાં દઢતા થશે માટે વૈષ્ણવોએ ભૌતિકાદિ દુઃખની નિવૃત્તિ માટે બીજા ઉપચાર આ વિસર્યા વિના કરવા.

૨. મનુષ્યના જીવનમાં સાદગીમય જીવન શી રીતે બને?તેવી કાળજી રાખવી જોઈએ.જેથી પ્રભુસેવા વગેરેમાં અનુકૂલતા થાય.સાદાઈ વિના સૂક્ષ્મ પાપ એવા બને છે કે તેની મનુષ્યને ખબર પડતી નથી.પ્રભુ પ્રેરણા કરે તો કોઈ એકાદ નિયમ પણ સાદાઈ માટે લેવાય તો સારું,પછી જેવી પ્રભુ-ઈચ્છા!

૩. નિષ્કામ નિર્હેતુક ભજન-સ્મરણ જીવ કરી શકતો નથી,તેથી વિલંબ થાય છે.સકામ લોકનષ્ટ થતાં પણ ભાવથી ભજન-સ્મરણ ચાલુ રાખે તો પ્રભુની કૃપા થાય.અનન્યચિંતવન કરનારનું યોગક્ષેમ પ્રભુ ચલાવે છે.પ્રભુના સુખમાટે સેવા કરવાની તીવ્ર-આર્તિ જાગૃત થાય તદર્થજ અષ્ટાક્ષર-આદિ જપ છે.

૪. નિઃસંગ રહી નામસ્મરણ કરવામાં જે આનંદ છે તે સમાજસેવામાં પણ નથી.**"अरतिर्जनसंसदि"** અર્થાત્ જનસમૂહમાં અપ્રીતિ!

૫. કૌટુંબિક સેવા પણ તટસ્થવૃત્તિ રાખી પ્રભુપ્રીત્યર્થ કરવી. નામસ્મરણનો નિયમ ચાલુ રાખવો.બ્રહ્મસંબંધ કર્યું ત્યારથી અલૌકિક સંબંધ પણ થયો છે,માટે દેહસંબંધની સાથે પ્રભુનો સંબંધ ભૂલવો ન જોઈએ.

૬. શિક્ષા કર્મની જુદી જુદી રીતે થાય છે,પ્રભુ તો સર્વદા હિત જ કરે છે;અને કરી રહ્યા છે;અને કરશે એ વિશ્વાસ ગુમાવશો નહિ;અને નામ-સ્મરણપૂર્વક માંદગી દરમ્યાન દવા પણ કર્યા કરવી,વિશ્વાસ પ્રભુનો રાખવો.પ્રયત્ન જરૂર કર્યા કરવો.પ્રભુ ઉપરનો વિશ્વાસ શિથિલ ન થવો જોઈએ.જો કેવલ ચિંતા થાય અને વિશ્વાસ છૂટી જાય તો એ ચિંતા નુકશાન કરનારી થઈ પડે છે.અવિશ્વાસ તો કદાપિ ન કરવો.

શ્રીહરિઃ

પરમપૂજ્ય શ્રીદાદાજીની શ્રીમદ્ભાગવત કથાનોંધ માંથીઃ

૧. ગૃહધર્મ કરતાં ભક્તિશાસ્ત્ર બળવાન્ છે,માટે દેહધર્મ કરતાં ભગવદ્ ધર્મ બળવાન્ છે.

૨. ભાવાત્મક ભગવાનની જ્યાં દૃષ્ટિ પડે ત્યાં જે ન્યૂનતા હોય તે પૂરી થાય છે,ભોગ-સેવામાં જે ન્યૂનતા હોય તે પોતાના સ્વરૂપ-બળથી ભગવાન્ પૂરી કરે છે.ત્યારે આપણું કાર્ય સ્વરૂપબલ કરે તેમાં નવાઈ શી?

૩. અસદ્વાસનાઓ બળી જાય છે,ત્યારે સદ્-ભાવના ઉત્પન્ન થાય છે.

૪. પ્રભુને અર્થે ઈન્દ્રિયોનું પોષણ કરવું,પણ ઈન્દ્રિયોના અર્થે પોષણ કરવું નહિ.

૫. શુદ્ધ હૃદયની નિશાની એ છે કે પ્રેમનાં અશ્રુ આવે.

૬. જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ત્યાં ભગવાનનો સંબંધ જોડી દેવો.જેમ વૃક્ષો જોયાં એટલે ભગવાનનાં રોમ છે,જ્યાં અધર્મ દેખાય ત્યાં ભગવાનનો બરડો છે,-તેમ વિચારવું.

૭. રખડતા ચિત્તે કરેલી સેવા કાંઈ ફલ આપતી નથી,પણ તે વ્યાવહારિક ભક્તિ છે.

૮. કામ-ક્રોધ પોતાનું મન બગાડે છે.રાગ-દ્વેષ પોતાનું અને પારકાનું જીવન બગાડે છે.

૯. જેના સંગથી તૃષ્ણા-નાશ થાય,તેવા સાધુપુરુષોનો સંગ કરવો.

૧૦. બીજાને માન આપો,તેથી ભગવાન્ પ્રસન્ન થાય.

૧૧. ભક્તિમાર્ગમાં ભગવાન્ જાણીને અજાણ્યા પણ થઈ જાય છે,! તેમને જેવો ખેલ કરવો હોય તેવો ખેલ કરે છે;બધા પાસે કરાવે પણ છે.

૧૨. ભગવદ્-ભક્તોની ગેરહાજરીમાં પુસ્તક-સેવન તથા નામ-સ્મરણ કરવું,બહિર્મુખતાથી દૂર રહેવું,તેમના કહેલાનું મનન કરવું.

૧૩. મૂર્ખને ઉપદેશ આપવો નહિ,કારણકે પરિણામે ક્લેશ જ થાય છે.

૧૪. અલ્પ તપઃવાળાને ભગવદ્ભક્તોની સેવા મળતી નથી.

૧૫. લૌકિક-અનુગ્રહથી જીવ સંસારમાં સુખી રહે છે.અલૌકિક અનુગ્રહમાં લોકમાં હારે-ફાવે નહિ,લોક બગડે,વેદ સિદ્ધ ન થાય,પણ તેમને બગડ્યાની ચિંતા હોય નહિ,પણ ત્યાંથી ચિત્ત વિરામ પામી ભગવાનમાં પહોંચે.

૧૬. આસુર-ભાવનાવાળાનાં ભક્તિ-જ્ઞાન એ બધું આવેશવાળું હોય છે,સ્થિર હોતું નથી.

૧૭. ભગવાનને સત્કારે તે દાસ;અને ભગવાનના પરિકર(ગાય વગેરે)નો સત્કાર કરે તે હરિદાસવર્ય કહેવાય,તેથી શ્રીગિરિરાજજી હરિદાસવર્ય છે.

૧૮. નમસ્કાર કરીને મંગળાચરણનું કારણ છે,ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરીને,હૃદયમાં પધરાવીને,પછી શરૂ કરવાથી જે વિષય ચર્ચવાનો હોય તે ભગવાન્ યથાર્થ ચર્ચે,ભગવાનનો આવેશ આવે,જીવને ભગવાનના સ્વરૂપનું ભાન થાય.

૧૯. અભિમાનથી કરેલી સેવા ભગવાન્ માનતા નથી.દાસભાવથી સેવા કરીએ ત્યારે આપણી સેવા માને છે.જેવાની સેવા કરીએ તેવા ગુણ આવે,એટલે ભગવાનની સેવા કરીએ તો ભગવાનના ગુણ આવે.

૨૦. ભગવાન્ પાસે કાંઈને કાંઈ લઈને જવું,ખાલી હાથે નહિ જવું. કોઈને કોઈ રીતે ભગવાનના સંબંધમાં આવવું.

૨૧. સેવા વિના સત્સંગ ફળતો નથી.પરમાર્થ માટે શરીર-મનનો અને ધનનો ભોગ ન અપાય ત્યાં સુધી સત્સંગ ફળતો નથી.

૨૨. ભગવાનની અને ભક્તોની સેવા આપણે તેમને અનુસરીને કરતા નથી,પણ આપણી પ્રકૃતિને જે રુચતું હોય તે પ્રમાણે કરીએ છીએ; તેથી ફળતી નથી.સેવામાં અલ્પભાષણ હોવું જોઈએ.બહુ બોલે અપરાધ થાય.મૌન રહે તેથી પણ અપરાધ થાય;માટે અલ્પભાષણ કરવું.

૨૩. ભગવદ્-યશઃ ગાવાથી તમામ ઈચ્છાઓ પૂરી થાય છે.

૨૪. અંતઃકરણની શુદ્ધિ નથી થઈ ત્યાં સુધી બધું નકામું છે.પોતાના દોષનું ચિન્તવન કરે,બીજાના દોષનું ચિન્તવન કરે નહિ;એટલે જુએ ખરો,પણ ઘૂંટે નહિ.સામાને સુધારવા પ્રયત્ન કરવો નહિ,પણ પોતાને સુધારવા પ્રયત્ન કરવો.

૨૫. જેના પર ભગવાનનો અનુગ્રહ હોય તેના ભગવદ્-ભજનના પ્રતિબંધો આપોઆપ દૂર થાય છે;અને જ્યાં ભગવદ્-ભજનમાં પ્રતિબંધ આવે છે,ત્યાં કૃપામાં વિલંબ છે;માટે ધીરજ રાખી સન્મુખ રહેવા પ્રયત્ન કરવો.સત્સંગને લઈને દોષો દબાઈ જાય,પણ નષ્ટ થતા નથી,સતત અભ્યાસ-પ્રયત્નથી નષ્ટ થાય.દોષો નષ્ટ ન થાય ત્યાં સુધી સ્વકર્તવ્ય છોડવું નહિ.

૨૬. દુ:સંગ ન લાગે માટે ભગવાનના નામનું કીર્તન કરવું,નામ-સ્મરણ-ભગવલ્લીલાનું સ્મરણ કરવું.

૨૭. વિષયોમાંથી મુક્ત થવા ભગવાનને ચિત્ત અર્પી દેવું.એના જેવું બીજું ઉત્તમ સાધન નથી.ચિત્તનો વ્યાપાર ભગવત્-સંબંધી થવો જોઈએ.

૨૮. ભગવાનની,ભગવદ-ભક્તો મહાન્ પુરુષોની,સેવા કરવાથી તેમનામાં રહેલા ગુણો આપણામાં સેવા દ્વારા આવે છે.

૨૯. ચરણારવિંદના સ્પર્શથી અધિકાર(યોગ્યતા,અને સાધન પ્રાપ્ત થાય છે.દક્ષિણ ચરણકમળ પ્રથમ,વામ ચરણકમળ પછી.દક્ષિણ ચરણ અધિકાર સિદ્ધ કરે છે.વામ ચરણ સાધન સિદ્ધ કરે છે.સર્ગ-લીલાથી દૈવી જીવોને માહાત્મ્ય સમજાય છે.આસુરી જીવોને મોહ થાય છે.

૩૦. આવેશી લક્ષણથી ઉત્તમ અધિકાર માનવો એ ભૂલ છે.સ્થાયી થાય ત્યારે ઉત્તમ અધિકાર થાય છે.ભાગવત શ્રદ્ધાથી સાંભળવું.

૩૧. હાજતો(ટેવો)આપણી શત્રુ બની ભગવાનથી વિમુખ કરાવે છે.

૩૨. સ્વચ્છંદે વર્તે નહિ,પણ પ્રમાણ સાચવીને શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ચાલે,તે મર્યાદા.

૩૩. સત્સંગ કરવાનું મુખ્ય પ્રયોજન સ્વદોષોનું ભાન થાય.પોતાના દોષોનું ભાન કરીને તેને છોડવાનો પ્રયત્ન કરે,એટલે અંત:કરણ શુદ્ધ થાય.

૩૪. જેના સ્વામી સર્વજ્ઞ છે,અંતર્યામી છે,તેવા દાસે પ્રાર્થના કરવાની ન જ હોય.

૩૫. જ્યાં સંસાર છે,કામ છે,ત્યાં ગુલામી કરવી પડે છે.

૩૬. ભક્તિમાર્ગનું પહેલું પગથિયું છે,-વિષયોનો ત્યાગ.

૩૭. પ્રભુમાં જેટલા ધર્મો છે,તેટલા પ્રેમમાં ધર્મો છે.

૩૮. શું મળી ગયું છે,કે હસવું?!

૩૯. પ્રેમનું પર્યવસાન પ્રભુ જ છે.

૪૦. સ્વકીયા કરતાં પરકીયામાં ત્રણ વિશેષતા છે.,-
(૧)પ્રિયતમનું નિરંતર ચિન્તવન(૨)પ્રિયતમને મળવાની તીવ્ર ઉત્કંઠા (ક્યારે મળશે?મળ્યા પછી જતા રહેશે?-એવો તાપભાવ.મળવા છતાં અતૃપ્તિ રહ્યા કરે.) (૩) પ્રિયતમમાં દોષ દર્શનનો અભાવ.

૪૧. પ્રેમ એટલે ઐક્ય.

૪૨. આપણે ભગવાનની સન્મુખ રહીશું તો ભગવાન્ જરૂર આપણું રક્ષણ કરે છે.

૪૩. બહિર્મુખ ભક્તો હોય તેમને શાસ્ત્ર અગર બીજા કોઈ ગ:મે તે કહે કે સમજાવે-,આ કરવું યોગ્ય છે,પણ તે કરી શકતા નથી,કારણકે તે બહિર્મુખ છે.

૪૪. ભગવત્કૃપાપાત્રને સત્ક્રિયાના અંકુર થયા સિવાય રહે નહિ.

૪૫. આપણે આપણા દોષો તરફ દૃષ્ટિ રાખીએ તો દોષો ધીરે ધીરે ઓછા થાય છે.

૪૬. ભગવદ્-ભક્તોનાં ચરિત્ર સાંભળવાથી દીનતા આવે અને સાધનનું અભિમાન ન આવે.

૪૭. સેવાનું અંગ સત્સંગ છે.સત્સંગ વિના સેવામાં અપરાધની શી રીતે ખબર પડે?

૪૮. જેને ભૂલ કરતાં પશ્ચાત્તાપ થાય,તેની ભૂલ કોઈ વખત સુધરે.

૪૯. દુંટિનો પશ્ચાત્તાપ-પરા.
હૃદયનો પશ્ચાત્તપ-પશ્યંતી.
ગળાનો પશ્ચાત્તપ-મધ્યમા.
જીભનો પશ્ચાત્તાપ-વૈખરી.
અંત:કરણનો પશ્ચાત્તાપ હોય તો ભગવાન્ મદદ કરે છે.

૫૦. પ્રેમ હોય ત્યાં ક્લેશ-દુ:ખ હોય નહિ.

૫૧. જેનું મન સ્વાધીન છે,તેને બધું સ્વાધીન છે.

૫૨. જ્યારે હૃદયને વૃન્દાવન બનાવીએ,ત્યારે ભગવાન્ તેમાં રમણ કરે છે.

૫૩. મહાપુરુષની રીત પ્રમાણે કરવામાં આવે,તેનું નામ-ભાવના! આપણે પોતાના મનથી કરીએ તેનું નામ-કલ્પના!

૫૪. અગ્નિ પોતાના સમાન કરી લે છે,તેમ જે ભક્ત પોતાના જેવા કરી શકે તે જ મોટો.

૫૫. ભગવાનની કોઈ ક્રિયામાં દોષારોપ થાય નહિ. Everything is placed in a proper place.ભગવાનની બધી કૃતિ સારી જ લાગવી જોઈએ.

૫૬. ગુરુના અનુગ્રહથી સર્વ સિદ્ધ થાય છે.

૫૭. ભક્ત જે કાંઈ કરે તે ભગવાનનો સંબંધ જાણી કરે છે.ભગવાનનો સંબંધ ભૂલવો નહિ.

૫૮. મોટાઓએ ભૂલ ન કરી હોત તો આપણને સુધરવાનું શી રીતે મળત?

૫૯. અનુગ્રહનો અર્થ મર્યાદાને તિલાંજલિ આપવી એવો નથી,પરંતુ મર્યાદાવાળો જેટલો ધર્મ પાળતો હોય તેથી કાંઈ વિશેષ કરી બતાવે,તેનું નામ અનુગ્રહ!

૬૦. આત્મનિવેદન ભક્તિ કોને કહેવી?જેમાં ભગવાન્ પ્રકટ થઈને માંગી માંગીને લે!

૬૧. આસુરી-સંપત્તિવાળા લૌકિક આસક્તિવાળાઓ મોહિત થયેલા હોય, તેમને ભક્તો-શાસ્ત્રો-ચેતાવે તો પણ મોહને લીધે તેઓ આસુરભાવને તાબે થાય છે.

૬૨. અલૌકિકમાં ક્રિયાનો વિસ્તાર ન કરવો,બની શકે તેટલું કરવું.મનમાં આનંદ બની રહે તેનું નામ સેવા;નહિ તો પરિશ્રમ!ક્રિયાનો વિસ્તાર કરવાથી ભાવ મરી જાય છે,માટે ભાવ રહે તેટલો વિસ્તાર કરવો.

૬૩. દરિદ્ર કોણ?-જેની વિશાલ તૃષ્ણા છે તે.

૬૪. સત્સંગ વિના ભગવાનમાં પ્રેમ થતો નથી.જે બહારના પદાર્થોમાં પ્રીતિવાળા છે તેમને ભગવાનમાં પ્રીતિ થતી નથી.

૬૫. સ્વદ્રોહ-આત્મદ્રોહ અહંતાને લઈને થાય છે.પરદ્રોહ ધર્મના પર્યવસાનામાં થાય છે.તેનું કારણ પણ અહંતા છે.

૬૬. અભિમાનીનાં સાધન ભગવાન્ સ્વીકારતા નથી.દાસાનુદાસ થઈને તન-ધન-મન-વચનથી સેવા કરવી.

૬૭. ભગવન્નામથી સંપૂર્ણ પાપનાશ થાય છે.માત્ર પ્રાયશ્ચિત્તથી સંપૂર્ણ પાપ નાશ પામતાં નથી.

૬૮. જે માર્ગમાં જે જીવનું વરણ હોય તે માર્ગીય પ્રાયશ્ચિત્ત કરવું.ભક્તે ભક્તિદ્વારા,જ્ઞાનીએ જ્ઞાનથી,કર્મીએ કર્માનુંરૂપ પ્રાયશ્ચિત્ત કરવું.

૬૯. જ્ઞાની ફક્ત સમજ રાખે છે,વિજ્ઞાની અનુભવ કરે છે.

૭૦. તપઃ સિવાય,મંત્ર સિવાય,મહાપુરુષના સંગ વિના,ભક્તિ વિનાઅંતઃકરણ શુદ્ધ થતું નથી.

૭૧. દીનતાવાળાને બીજાનો દોષ દેખાય નહિ.સામો કહે તે સાંભળે પણ બચાવ કરે નહિ.દીનતાવાળાનું ચિત્ત અહર્નિશ ભગવાનની સાથે કામ કરતું હોય છે.

૭૨. ભક્તિમાર્ગમાં પ્રેમથી ત્યાગ થાય છે.જ્ઞાનમાર્ગમાં દોષ-બુદ્ધિથી ત્યાગ કરવામાં આવે છે.

૭૩. જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ થયું નથી ત્યાં સુધી વારંવાર અષ્ટાક્ષરની છાપો મારવી.ભક્તિનો અર્થ સર્વ-ઈન્દ્રિયોને ભગવાનમાં યોજવી.

૭૪. આપણી ખામીઓનો પારાવાર પશ્ચાત્તાપ થવો જોઈએ.

૭૫. મનથી-વાણીથી-કાયાથી કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત મરતાં પહેલાં કરવું જોઈએ.

૭૬. ભગવાન્ પોતાના ભક્તોને જ શિક્ષા કરે છે,પારકાને શિક્ષા કરતા નથી.

૭૭. મોટા પુરુષની સેવાથી દંભ જિતાય છે.

૭૮. કથા-કીર્તન-દર્શન વગેરે ભગવત્સ્વરૂપ છે.તેમનામાંથી ચિત્ત

કાઢીને બીજામાં નાખીએ તો તેઓનો અનાદર થાય છે.તેમના તરફ આદર નથી,જો હોય તો ચિત્ત બીજે જાય નહિ.

૭૯. વ્રજની તમામ ચીજ,તૃણથી માંડીને પર્વત પર્યન્ત,વૃક્ષલતા ઔષધિ વગેરે બધું સ્વરૂપાત્મક છે.

૮૦. કોઈ મહાન્ પુરુષની સેવા કરવી,ભાગવતની સેવા કરવી. ભગવન્નામ દેવું,ભગવાનની સેવા કરવી.

૮૧. કોઈને દીધેલું ભગવાનની તીજોરીમાં જમા થાય છે,તેથી ઘટતું નથી.આપણી તીજોરીમાં રાખીએ છીએ,તેથી ઘટે છે.

૮૨. આનંદનું કારણ વૈરાગ્ય અને સંતોષ છે.

૮૩. મહાન્ પુરુષનો અપરાધ કરીને કોઈ સુખી થતું નથી.

૮૪. ગુણાનુવાદ કોઈ મહાન્ પુરુષના મુખથી સાંભળવા.

૮૫. શરણે આવ્યો એટલે ગમે તેવો દુષ્ટ હોય તો પણ તેને ક્ષમા થાય.

૮૬. આપોઆપ સદ્વાસના થાય ત્યારે જ ભક્તિને લાયક હૃદય થાય છે;તેથી હાલ જે ભક્તિ આપણે કરીએ છીએ તે વ્યાવહારિક ભક્તિ છે.

૮૭. નંદાલયની ભાવનાથી સેવા કરવી,પણ ગોપીજનના ભાવથી સેવા અંતઃકરણ શુદ્ધ ન થયું હોય તો ન કરવી.

૮૮. જેની સેવા કરે તેમાં તદ્રૂપ થઈ જાય,તેના સુખના વિચાર કર્યા કરે,તેનું નામ સેવા.

૮૯. મહાન્ પુરુષની કૃપા વિના બધાં સાધન નિષ્ફલ છે.

૯૦. મિત્ર કોણ?-જે પાપમાંથી બચાવે તે.

૯૧. મહાન્ પુરુષોની અવજ્ઞાથી કરેલી સેવા નષ્ટ થાય છે;અને મહાન્ પુરુષોના સમાદરથી સેવા ફલિત થાય છે.

૯૨. અતિથિ આવે તેને કાંઈ ન આપો તો તે તમારું પુણ્ય લઈ જશે.

卐

શ્રીહરિઃ

પૂ.પા.શ્રીદાદાજીના ચિ.સૌ.પન્ના પરના કૃપા પત્રો ઉપરથી(છૂટા કાગળો તથા ડાયરીમાંથી)

૧. દાસભાવનું વિસ્મરણ થઈ જવાથી,આપણને પ્રભુ જ્યાં જે રીતે રાખે તે સ્થિતિને પ્રસન્નતાપૂર્વક વધાવી લેતાં આવડતું નથી.

૨. માલિક જે રીતે રાખે તે રીતે રહેવામાં આનંદ માનીએ તો જ દાસભાવ જળવાય.

૩. શોક અજ્ઞાનજન્ય છે.તેને છોડવા પ્રયત્ન કરવો.

૪. કર્મજન્ય શિક્ષા એકવાર ભોગવ્યા પછી ફરી ભોગવવી પડતી નથી.

૫. દુઃખને પ્રભુના ઘરનો મહેમાન કે પરોણો માનીને તેનો આદર કરવા પ્રયત્નશીલ થવું જોઈએ.

૬. ધીરજ રાખીને ભટકતે ચિત્તે પણ,પ્રભુનું ભજન ચાલું રાખવું.

૭. પ્રભુએ આજુબાજુની કેટલી અનુકૂલતા આપી છે?,એ પ્રભુદત્ત અનુકૂલતાને જોઈને પ્રભુનો ઉપકાર માનતા શિખવું જોઈએ.

૮. ધૈર્યના અભાવે આવી પડેલાં દુઃખોથી પ્રભુ ભૂલાય એ સ્વાભાવિક છે,માટે સત્સંગની જરૂર ખરી.

૯. શરીરથી માંડીને શરીર સંબંધી જડ-પદાર્થો તથા ચેતનમાં,સગાં વહાલાં વગેરેમાં,મમતા રાખવા છતાં તેઓ પરલોકમાં આપણને કાંઈ જ મદદ કરી શકે તેમ નથી.

૧૦. પ્રભુ-નામ લેવાનો પરાણે પણ અભ્યાસ પાડવો જોઈએ.

૧૧. પ્રત્યક્ષમાં ભાવ શિથિલ થવા સંભવ છે,પણ પરોક્ષ-ભજનમાં તો મન ત્યાંનું ત્યાંજ વળગેલું રહે છે.

૧૨. પ્રાયઃ,મન બધાનાં સંકુચિત થઈ ગયાં છે.એક બીજાનું અંતર મળતું નથી.ઉપરથી બધા દેખાવ પૂરતા એક બીજા સાથે વ્યવહાર કરે છે.

૧૩. દીનતા સાથે સેવા અને દીનતા સાથે નામ-સ્મરણ પણ ફળીભૂત થાય છે.

૧૪. લોકોના ગુણ અને દોષ-બન્નેનો બહુ વિચાર કરવાથી આપણું હૃદય દૂષિત થાય છે.

૧૫. નીતિથી-રીતીથી-પ્રીતિથી મેળવેલું દ્રવ્ય સંતાનનો ઉત્કર્ષ કરે છે.અરીતિ-અનીતિ-અપ્રીતિથી મેળવેલું દ્રવ્ય અને તે દ્રવ્યથી કરેલું પોષણ સંતાનોનો અપકર્ષ કરે છે,અર્થાત્ પતન લાવે છે.

૧૬. પોતાને પ્રતિકૂળ હોય છતાં પણ બીજાને અનુકૂળ બને,તે સૌને પ્રિય થઈ પડે છે.

૧૭. કામ કરતાં પ્રભુસ્મરણની ટેવ પાડવા માટેનો આગ્રહ રાખવો.

૧૮. જીવને પોતાની મનમાની અનુકૂલતા પ્રાપ્ત થતાં જીવ પ્રભુની કૃપા માને છે;અને પ્રતિકૂલતામાં પ્રભુની કૃપા માનતો નથી.

૧૯. પ્રભુની મદદ વિના કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી.

૨૦. સેવા છૂટી જાય ત્યારે ભગવાનના નામ ઉપર જોર રાખવું;અને પ્રભુકૃપાએ શરીર સેવા લાયક થાય ત્યારે સેવા કરવી.

૨૧. સમય બહુ બારીક છે.આ સમયમાં ભલભલાનો ભાવ ટકી રહેવો બહુ જ કઠણ છે.પ્રાયઃ ભાવ શિથિલ જોવામાં આવે છે.માત્ર જિહ્વામાં જ ભાવ છે,ક્રિયામાં પ્રમાદ સિવાય કાંઈ જોવામાં આવતું નથી. બોલવામાં માત્ર જીભથી મીઠું બોલવાનું હોય છે,-કૃતિમાં મૂકવા માટે તો સ્વાર્પણની શક્તિ પ્રભુએ દાન કરી હોય તો જ ભાવ-શ્રદ્ધાને કૃતિમાં મૂકી શકાય છે.

૨૨. આ સમયમાં બહુ સાવધાન રહેવાનું છે.ઉપરની કૃતિથી ઝૂકી પડવા જેવું નથી.

૨૩. આજકાલ ભાવ-ધર્મ-ભક્તિ-સેવા-મનોરથ એ બધામાં સગવડતા મુખ્ય થઈ ગઈ છે.વ્યવહારમાં સ્વાર્થને લઈને સગવડ પ્રમાણે જ બધું થાય છે.તેમ અલૌકિકમાં પણ સગવડીઓ ધર્મ,સગવડીઓ ભાવ, સગવડીઆ શ્રદ્ધા દેખાય છે.સગવડ એટલે સ્વાર્થ.સગવડ હોય તે,સેવા-ધર્મ-ભાવ કરીએ;અગવડ હોય તો બધું જ છૂટી જાય;અને સગવડ થાય ત્યારે બધું ધર્મ-કર્મ-ભાવ-શ્રદ્ધા ચાલુ થઈ જાય.

૨૪. કામકાજમાં ચિત્ત પરોવાય ત્યારે પ્રભુ-સ્મરણ ભૂલી જવાય,

પણ જ્યારે પાછું યાદ આવે ત્યારે નામ-સ્મરણ ચાલું કરી દેવું.એવી રીતના અભ્યાસથી નામ-સ્મરણ આપોઆપ યાદ કરશે.

૨૫. પ્રભુએ સંજોગો આપ્યા છે.તે સંજોગોને ઉપાડ્યા વિના છૂટકો નથી.એ સહન નહિ કરીએ તો આગલા જન્મે પણ અધૂરું રહેલું લેણદેણ પાછું તો ભોગવવું જ પડશે.

૨૬. પ્રભુની તિજોરીમાં કઈ વસ્તુ નથી?બધી જ છે,છતાં આપણને આપણું ધારેલું-ઈચ્છેલું ન આપ્યું,તેનું કારણ પ્રારબ્ધ-કર્મનો ક્ષય કરવા માટે જ છે.

૨૭. મુખ્ય બે વ્યક્તિની એકતાની જરૂર છે.એક તો સેવા કરનાર અને એક વ્યવસ્થાપક.આ બન્ને જણને સેવાની સાચી સમજ હોય અને દેશ-કાલને સમજીને,પ્રભુના સુખના વિચારપૂર્વક વ્યવસ્થા કરવામાં આવે,તો પ્રભુ પ્રસન્નતામાં વિરાજે.

૨૮. આપણી ઈચ્છા તીવ્ર હોવાથી પ્રભુ તરફથી વિલંબ થાય છે.

૨૯. કોઈ પણ અનિષિદ્ધ રીતે મનુષ્યને સંતોષ આપી શકાય તો તે પ્રભુની સેવા છે.

૩૦. પ્રભુનો સંબંધ હૃદય સાથે દઢ ન થયો હોય તો દુઃખમાં જીવ ભગવાનથી વિમુખ થઈ જાય છે.

૩૧. માણસનું મનોબળ હોય તો દુઃખ બહુ લાગે નહિ.મનોબળ વગર રજ દુઃખ ગજ જેવું લાગે છે.

૩૨. સંસારનાં કામકાજ તટસ્થ રહીને અર્થાત્ સાક્ષિવત્ થઈને કરશો તો જ પ્રભુ-ભજન થશે;અને જો મમતાથી કરશો તો સંસારમાંથી છૂટવાનો વખત જ નહિ આવે.

૩૩. સમૂહમાં જઈને સેવા કરવાની લાલસા છોડી દેવી.

૩૪. અવસ્થા વગેરેના કારણે સેવા-પાઠ વગેરે-નિયમ ન કરી શકાતા હોય તો કાંઈ હરકત નથી,પણ ચિત્તથી સન્મુખતા પ્રભુમાં બનાવી રાખવી.

૩૫. કોઈની પણ સાથે બોલચાલમાં મીઠાશથી વર્તવું;અને વિનય ગુમાવવો નહિ.જ્યારે અહંભાવ આવે ત્યારે જ દીનતા અને વિનય હૃદયમાંથી અંતર્ધાન થઈ જાય છે.

૩૬. મોટા પુરુષો પાસે પ્રભુ જે ભૂલ કરાવે છે તે આપણને સમજ આપવા માટે જ કરાવે છે.એનો અર્થ એવો ન કરવો કે મોટાઓથી પણ ભૂલ તો થાય છે,એમ કરી પોતાની ભૂલ તરફ બેદરકારી રાખવી.પોતે પશ્ચાત્તાપ અને દીનતા રાખવાં.

૩૭. આજ-કાલ પ્રભુનાં લીલા-સ્થલોનો આનંદ,પોતાના શરીર તથા ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ નહિ હોવાથી,બધી જાતનાં સુખ યાત્રામાં પણ જોઈએ,અને તે જ પ્રમાણે યાત્રા કાઢનાર બધી જ તજવીજ રાખે,લોકોને ખુશ રાખવા માટે,એટલે આજની યાત્રા તે ખરી યાત્રા થતી નથી.એક રીતે ભગવાનના નામે મોજશોખ સાથે વ્રજમાં ફરવાનું થઈ પડ્યું છે.

૩૮. દીનતા,શરણ અને આર્તિ આ ત્રણમાંથી કોઈ એક ભાવનાપૂર્વક નામસ્મરણ થવું જોઈએ.

૩૯. અલૌકિક-કાર્યમાં લૌકિકવાળાની જ સહાયતા મોટા કાર્યમાં લેવી પડે.તેમાં લૌકિક અવશ્ય વધી જાય.

૪૦. આ સંસારમાં ધર્મ પણ સગવડીઓ,પ્રેમ સગવડીઓ,ભાવ સગવડીઓ,સેવા-કથા બધું જ સગવડ પ્રમાણે સૌ કરી રહ્યાં છે.

૪૧. કથા-ભક્તિમાર્ગની દષ્ટિએ કરવાની હોય,લોકદષ્ટિ પ્રમાણે નહિ.મને દુનિયામાં ચાલતી કથાની પદ્ધતિ પસંદ નથી.શાસ્ત્રીજીને પણ ચાલુ પદ્ધતિ પસંદ નથી.લૌકિક વ્યવહારમાં કથાની પછવાડે પોતાની વાહ વાહ માટે પૈસા બહુ ખરચે છે.લૌકિક વ્યવહાર વધવાથી મુખ્ય ઘરનાને તો કથા સાંભળવાનો વખત મળતો નથી.સન્માન અને સરભરામાં જ વખત પૂરો થાય છે.એવી કથા કરતાં દ્રવ્ય સારા કામમાં પ્રભુની તથા વૈષ્ણવ અને ગુરુસેવામાં કેમ ન વાપરવું?અનુકૂળ સંજોગો આવે એટલે માત્ર ભગવદ્-ગુણગાન-શ્રવણ કોઈપણ જાતની લૌકિક રૂઢિ સિવાય કથા કરાવવી.

૪૨. પ્રભુ દંડ-દાન પોતાના જનને જ આપે છે.જેને પ્રભુએ પારકો માન્યો,તેની તો ઉપેક્ષા જ કરે છે.

૪૩. બ્રહ્મસંબંધનો અર્થ,હું પોતે એવો માનું છું કે,પ્રભુને માટે યા-હોમ થઈ જવું!

૪૪. **"पर-चित्तानुवर्तनम् सेवा"**-જેની સેવા કરવાની હોય તેના ચિત્તને અનુસરીને ભોગ આપવો એનું નામ સેવા છે,-આ ખરો સેવાનો અર્થ છે.

૪૫. ચિંતા-આધિ-વ્યાધિ-ઉપાધિ જે કારણોથી ઉત્પન્ન થઈ હોય તે કારણોનો પરિત્યાગ કરવો જોઈએ.

૪૬. પોતાના સ્વાર્થે સ્નેહિ-સંબંધીને પરિશ્રમ આપવો એ મિત્રધર્મ નથી.

પરમપૂજ્યશ્રીદાદાજીના કૃપાપત્રો-ચોપડામાંથી

૪૭. સુખ:દુખ આપનાર બીજો કોઈ નથી,પોતાનાં કર્મ જ છે.મને બીજા દુ:ખ આપે છે,એવું માનવું એ કુબુદ્ધિ છે.

૪૮. સમજીને વિચારવું કે મને કોઈ પજવતું નથી,પણ મને પૂર્વે કરેલાં મારાં કર્મો જ કોઈને નિમિત્ત બનાવીને તેના દ્વારા ત્રાસ આપે છે.

૪૯. જે બીજાને દુ:ખ દે છે,તેને જ બીજાના તરફથી દુ:ખ થાય છે.

૫૦. વારંવાર વાંચવું અને મનન કરવું.કેવળ વાંચવાથી ફાયદો નથી.

૫૧. વડીલોને માન આપવું.આપણાથી નાના તરફ તિરસ્કાર ન થાય,તે ધ્યાનમાં રાખી તેમના તરફ દયા અને ક્ષમાની દષ્ટિથી જોવું.

૫૨. સારાં પુસ્તકો વિચારવાં તથા સારી સોબતમાં રહેતાં શીખવું. "દુષ્ટ-સંગ તેને જાણીએ જે ભૂલાવે ભગવંત"જેનાથી સંસાર વહાલો લાગે તેને દુષ્ટસંગ માનવો.

૫૩. કોઈપણ માણસ આપણને કાંઈપણ દુ:ખ આપતો નથી,તે તો નિમિત્ત-માત્ર છે.તેમાં મૂળ કારણ તો ભગવાન્ જ છે.આપણાં પૂર્વનાં પાપને લીધે,-ભગવાનની ઈચ્છાથી જ,સંબંધીઓ આપણને દુ:ખ દેતાં લાગે છે,પ્રતિકૂળ થાય છે,પજવે છે.તે આપણાં જ પાપનું ફળ છે.કોઈ દિવસ કોઈ ઉપર ગુસ્સે ન થતાં આપણા પાપ પર ગુસ્સે થવું.હવેથી નવાં પાપ ન થાય તેવું જીવન ગાળવું.

૫૪. શ્રીમદ્-ભાગવત વાંચતાં રહેવું.સાથે તેનું મનન કરતાં પોતાના મનના ખેલની સરખામણી કરતાં રહેવું.સરખામણી કર્યા સિવાય આપણા દોષોની ખબર પડે નહિ.જ્યાં સુધી પારકાના દોષો દેખાય છે ત્યાં સુધી આપણું હૃદય દોષવાળું છે.

આપણું હૃદય દોષવાળું છે.

૫૫. ભાવ વિના માલનો નફો નહિ આવે.ગમે તેટલો માલ ભર્યો હોય પણ ભાવ વધ્યા વ્રિના નફો મળતો નથી.તેમ,આ માર્ગમાં ભગવાન્ તરફ ભાવ વધ્યા વિના નફો એટલે ભગવત્- પ્રાપ્તિ થવાની નથી.

૫૬. આપણો જ ભાવ હોય તો જ ઠાકોરજી સર્વ કરણ-સમર્થ છે,- તેમ અનુભવાય.જો ભાવ ન હોય તો તે મૂર્તિ કે છબી જ લાગે.

૫૭. પ્રતિકૂળતા દેખાય તો હૃદય બગડે,ત્યાંથી ખસી જવું,પણ હૃદય બગાડવું નહિ.

૫૮. વ્યવહારમાં જતું કરવું,ક્ષમા આપવી.અપકાર ભૂલી જઈએ તો જ હૃદય બગડે નહિ;માટે આ ગુણો ખાસ કેળવવા,મનને ટેવ પાડવી. આખા કુટુંબની સાથે બેસીને આ વિચારનું મનન કરશો.

૫૯. ભગવાનનું માહાત્મ્ય જ્યાં સુધી મનમાં દઢ ન થાય ત્યાં સુધી વિશ્વાસ આવતો નથી.

૬૦. Vyavahar is the College of Parmarth વ્યવહાર પરમાર્થની મહાશાળા છે.

૬૧. જ્યાં સુધી સંસારની વસ્તુના ગુલામ હોઈશું ત્યાં સુધી આગળ વધાશે નહિ,માટે દેહ પૂરતા નિર્વાહથી ચલાવતાં શીખવું.મળે ત્યારે બધું વાપરવું,પણ ન મળે ત્યારે મનને ફાંફાં ન મરાવવાં.

૬૨. અકળામણ આવે તો પ્રભુ પાસે બેસીને અકળામણ કાઢવી.

૬૩. પ્રભુનું કર્તાપણું,પ્રભુના ઉપકારો,પ્રભુની દયા સ્મરવાં.દરેક કાર્યમાં પ્રભુ ભૂલાય નહિ.સંસારમાં તન્મય થઈને ગાંડાઘેલા થવું નહિ.

૬૪. તમારા મનથી જેટલી પ્રતિકૂળતા માનતા હશો,તે બધી પ્રતિકૂળતા તો પ્રભુને પ્રસન્ન કરવામાં સાધન બની રહેશે.પ્રભુને પ્રસન્ન કરવાનું સૌથી સહેલું સાધન તેથી આવતી દીનતા છે.

૬૫. કૂવાના પત્થરના કઠેરા ઘસાય છે,તો આપણે એક ટેવ પાડવાથી જીવન ઘણું જ ઊંચા પ્રકારનું થશે,બાકી પ્રભુની ઈચ્છા!દરેક કાર્યની શરૂઆતમાં પ્રભુની રજા લેવાની ટેવ પાડવી.

૬૬. ખાધા વિના સ્વાદ આવતો નથી,પેટ ભરાતું નથી,તેમ વાતો

કર્યે વડાં થવાનાં નથી,માટે એક વાર કરી જુઓ!

૬૭. ભક્તને ભગવાનના બળ ઉપર જીવવાનું છે.જ્ઞાનીને પોતાના આત્મબળ ઉપર જીવવાનું છે.

૬૮. જે તમારા સિંહાસન પર બેઠો છે.તે આખા જગતમાં વ્યાપી રહ્યો છે,-એમ સમજી કોઈને પીડા ન કરવી,-પણ બને તેટલો સૌને સંતોષ આપવો;પણ સંતોષ આપવા જતાં ભગવાન્ ન ભૂલાય એટલો વિવેક જરૂર રાખશો.

૬૯. નિરોધ વિનાની ભગવદ્વાર્તા-સત્સંગ-સેવા-ભગવન્નામ-સેવે તેને ભગવાન્ પણ ફળતા નથી.

૭૦. ઉત્સવ-મનોરથમાં જ્યાં સુધી નિરોધ હોય ત્યાં સુધી ભગવાન્ છે,અને તે અંગીકાર કરે છે.નિરોધ ગયો કે ભગવાન્ પણ અંતર્ધાન થાય છે;અને અંગીકાર પણ કરતા નથી.

૭૧. જેને નિરોધનું દાન થાય તેનું મન ભગવાન્ સિવાય બીજે ફાંફા ન મારે;અને ફાંફાં મારે ત્યાં સુધી તે લૌકિક છે.પોતે તર્યા ન હોય તે બીજાને શું તારે?

૭૨. કસોટી પરીક્ષા માટે હોતી જ નથી,પણ પોતાના ભક્તોમાં કાંઈક કસર હોય તે દૂર કરીને તેને વધારે ઊચ્ચ કોટીનો અને પરિપક્વ બનાવવાની અત્યંત કૃપા ભરેલી સહાયતા રૂપ જ હોય છે.

૭૩. ગમે તે સંપ્રદાયના પણ ભક્તોનાં ચરિત્રો ખૂબ મનનપૂર્વક વાંચવા.

૭૪. સેવા-સ્મરણ-સત્સંગ- જપ વગરે ગમે તેટલાં કરો પણ મનોવૃત્તિ પર અંકુશ નહિ હોય તો તે ફળરૂપ થતાં નથી.

૭૫. આત્મનિરીક્ષણ-"મેં શું કર્યું?-તે બરાબર છે કે નહિ?"-એવું તપાસવું.નિરીક્ષણ એટલે જોતા રહેવું,તપાસતા રહેવું.

૭૬. સંયમી મનુષ્ય સહજ સંકલ્પથી વૃત્તિને દોરી શકે છે.

૭૭. સુખમાં પણ દુઃખ માનનાર પામર જીવો અને દુઃખને પણ સુખ માનનારા મહાત્માઓ જ છે.જેને સર્વમાંથી આનંદ-અંશ જ ગ્રહણ કરવાની ટેવ પડે છે.

૭૮. મનોવૃત્તિ ઉદય પામે કે તરત સાક્ષિવત્ થવું અને પ્રભુ-ચરણમાં મદદ માંગવી.વૃત્તિની ઉપેક્ષા કરવી,તેના તરફ બેદરકાર રહેવું,-છેવટે કાંઈ ન બને તો પાંચ મીનીટ પછી કરીશ,તેમ કરીને ધક્કો મારવો.

૭૯. પ્રભુ પોતાના જનને લોક-વેદમાં સ્વસ્થ થવા દેતા નથી,નિશ્ચિન્ત થવા દેતા નથી.એ પ્રભુના અનુગ્રહની નિશાની છે.

૮૦. વિધિનું પાલન પૂરેપૂરું ભલે ન થાય,પણ નિષેધનું પાલન તો અવશ્ય થવું જોઈએ.

૮૧. પોતાના દેશનો ત્યાગ તથા કોઈ મહાવ્યાધિ-રોગ થાય,બંધુઓ સાથે વિરોધ થાય,ધનની હાનિ થાય,કોઈના તરફથી અપમાન થાય,આ મારા પ્રભુના અનુગ્રહ નિશાની છે-તેમ સમજવું.

૮૨. આપણું જીવન સેવા અને કથામાં જ વ્યતીત થવું જોઈએ,માટે આ ધ્યેય ન ચૂકાય,એ ખાસ ધ્યાન રાખવું.

૮૩. ઈન્દ્રિયોનું સુખ તો જે યોનિમાં જન્મ થશે ત્યાં પ્રાપ્ત જ છે-,માટે મનુષ્ય-યોનિ પ્રાપ્ત કરીને ઈન્દ્રિયોના સુખને માટે પ્રયાસ ન કરતાં પ્રભુ-ભજન માટે પ્રયાસ કરવો.તેમ ન કરી શકીએ તો આપણું પશુવત્ જીવન ગણાય.

૮૪. ઘર અને ધનમાં ભક્તો જ્યારે આસક્ત થાય છે,તેમ જ લાભ અને પૂજાવાના પ્રયત્નો જ્યારે ભક્તો કરે છે,ત્યારે શ્રીહરિ ક્રોધ કરે છે.

૮૫. ભજન ત્યારે જ દિસી આવે કે જ્યારે નવાં પાપ ન થાય.

૮૬. પ્રભુ જે સ્થિતિમાં મૂકે તેને વધાવી લેવામાં જ દાસ ધર્મ રહેલો છે;ન વધાવી લઈએ તો દાસધર્મ જાય છે.

૮૭. કાંઈ પણ કામ કરતાં વચમાં બે મીનીટની ફુરસદ મળે તો તેમાં ચિત્તને પ્રભુ પાસે લઈ જતાં શિખવું,દંડવત્ પ્રણામ કરીને પાછા ફરવું.એ પ્રકારે પ્રભુના સંબંધમાં આવવું.

૮૮. પ્રભુ જેના પર કૃપા કરવા માગે છે,તેને પ્રથમ પોતાના દોષોનું ભાન કરાવે છે,તેથી દીનતા આવે છે.જેવા છીએ તેવા દેખાવું,પણ કોઈને છેતરવું નહિ.

૮૯. ગુપચૂપ ઘરમાં રહી હરિ-સેવા-સ્મરણ કરવાનો આ વખત છે. ધર્મમાં પણ બહાર આડંબર વધશે,તે બધા બહુ જ થોડા વખતમાં અલૌકિક પૂંજી ખોવાના છે.

૯૦. પ્રાયઃ જીવ સેવા-સ્મરણ-આદિ જે કંઈ કરે છે તે પ્રભુ-મિલન અર્થે કરતો નથી."મારું શરીર સારું રહે,વેપાર રોજગાર સારો ચાલે, માન-પ્રતિષ્ઠા લોકમાં સારી જળવાય"-,એ રીતે લૌકિક-સુખની જ ઈચ્છાથી જીવ પ્રભુને યાદ કરે છે.નિષ્કામ,નિર્હેતુક ભજન-સ્મરણ જીવ કરી શકતો નથી,તેથી વિલંબ થાય છે.

૯૧. જેનો આશ્રય શિથિલ છે,તેનાં સાધન રાખમાં ઘી હોમ્યા બરાબર છે.

૯૨. લાંબો વખત થાય એટલે ધીરજ છૂટી જાય,એ સ્વાભાવિક છે. પોષણ વિના બુદ્ધિ સ્થિર રહેતી નથી.એટલે ટકી રહેવા માટે સત્સંગ રૂપી પોષણની અતિ-આવશ્યકતા છે.

૯૩. આપણી જેટલી શક્તિ છે તેટલી જ કસોટી પ્રભુ કરે છે.આગળ થયેલા ભક્તો જેવી કસોટી હાલમાં પ્રભુ કરતા જ નથી એ પ્રભુની દયાળુતા છે.

૯૪. પ્રભુ અને પ્રભુના નામનો આશ્રય રાખી દવા કરવી.કેવળ દવાનો આશ્રય રાખવો નહિ.

૯૫. પ્રભુ જેમ રાખે તેમ રહેવું.બબડાટ ન કરવો.બબડાટ કરનાર ખરો સેવક નથી.ખરો સેવક બબડાટ વગર જ પ્રભુ જેમ રાખે તેમ રહે છે.

૯૬. "જે તે હરિ કે ધામ,તહાં કામ ક્રોધ ક્રીડા કરે"-,આ એક ભક્તની ઉક્તિનાં યથાર્થ દર્શન અત્યારે વિશેષ થાય છે.સર્વત્ર કલિયુગે પોતાની સત્તા જમાવી દીધી છે.

૯૭. હવે તો,"કૃષ્ણદાસ પ્રભુ કી ગાય લીલા,મન મનોરથ કર લિયા",-એ સમય છે.

૯૮. શારીરિક હેરાનગતિ પ્રારબ્ધ-જન્ય હોવાથી એકલી દવા પણ કામ ન કરે.માત્ર પ્રભુ-સ્મરણ તેમાં રાહત આપે;પણ સમય વિના એટલે રોગના ભોગ પૂરા થયા વિના,પ્રભુ તેમાં કાંઈ કરે નહિ.પ્રારબ્ધના ભોગ

રોગને લઈ હેરાનગતિ દ્વારા ભોગવાય.

૯૯. પૂર્વે જાણ્યે-અજાણ્યે જેની ભૂલો થઈ હોય,જેનું ભક્તિમાર્ગમાં પ્રભુએ વરણ કર્યું હોય,તેવા પોતાના જીવને મળેલી શિક્ષા કાયદાની દૃષ્ટિએ પ્રભુ કરતા નથી;કિન્તુ ભક્તિમાર્ગમાં વરણ કરેલું હોવાથી ખાતાની શિક્ષા કરે છે.ખાતાની અને કાયદાની શિક્ષામાં ફરક હોય છે.ખાતાની શિક્ષામાં હેઠે ઉતારી નાખે.કાયદાની કલમે શિક્ષા નક્કી થાય તો ગુના પ્રમાણે દંડ અથવા કેદની શિક્ષા થાય,અને નોકરીમાંથી વિદાયગીરી મળી જાય.

૧૦૦. પ્રભુ તો સર્વદા હિત જ કરે છે;અને કરી રહ્યા છે;અને કરશે જ.એ વિશ્વાસ ગુમાવવો નહિ.નામસ્મરણ-પૂર્વક પ્રયત્નો પણ કર્યા કરવા.

૧૦૧. પોતાને કાંઈ પણ કરવું નથી અને ખાલી ખાલી કહ્યા કરે કે મારાથી કાંઈ બનતું નથી,-એ તો તદ્દન ખોટું છે,વાણીવિલાસ છે,દંભ છે.

૧૦૨. દાસનો ધર્મ છે કે-જે સ્થિતિમાં પ્રભુ મૂકે તે સ્થિતિને માનપૂર્વક વધાવી લેવી.

શ્રીહરિઃ

પ.પૂ.શ્રીદાદાજીના પત્રોમાંથી

૧. ભગવાનની આજ્ઞા પાળવી,આપને અનુસરવું,એ જ સેવા છે. ભગવાન્ સ્વતંત્ર છે.સ્વતંત્ર કર્તા તો ભગવાન્ જ છે.

૨. ભગવત્કૃપા પ્રાયઃ એના પર થાય,કે જે આજ્ઞા પ્રમાણે વર્તે, જિતેન્દ્રિય હોય,નિઃસ્પૃહ હોય,સંતોષી હોય,મદ-મત્સરથી રહિત હોય, નિઃસંગ હોય.

૩. ભગવાન્ સિવાય અન્યવસ્તુથી આપણને આનંદ થાય,તો જાણવું કે આપણને ભગવદાશ્રય દૃઢ નથી.

૪. દુઃખમાં ચિત્ત જાય,પણ ભગવાનને ભૂલે નહિ,તો અનુગ્રહ કહેવાય.ભલે પ્રયાસ કરે,પણ ભગવાનને આગળ કરીને કરે,ભૂલે નહિ,તો તે અનુગ્રહ છે.

૫. ભગવાનને પ્રસન્ન કરવાનું ટૂંકામાં ટૂંકું સાધન,-(૧)પ્રાણી-માત્ર ઉપર દયા,(૨)જે મળી આવે તેમાં સંતોષ,(વૈરાગ્ય)(લોભ નો અભાવ), (૩)ઈન્દ્રિય ઉપર કાબૂ,એટલે ઈન્દ્રિયોને ભગવત્-પરાયણ કરવી.

૬. ભગવાનની કૃપા હોય તો સ્વદોષનું ભાન થાય.જેને આવું ભાન નથી,તેને કૃપા થવામાં બહુ વિલંબ છે.અભિમાન હોય તેને પોતાના દોષોનું ભાન થતું નથી.

૭. દાગીનાની પેટી ખોવાય અને જેવી ચિંતા થાય તેવી ચિંતા પ્રભુનું ભજન ન થાય ત્યારે થવી જોઈએ.

૮. ભગવાનની કૃતિમાં હિત જ સમાયેલું છે.

૯. ભગવાન્ કૃપા કરવાના હોય ત્યારે તેને અનુકૂળ સંજોગોમાં મૂકી દે છે.

૧૦. ભગવદ્ધર્મો આપણામાં પ્રવેશ ન કરે ત્યાં સુધી આસુરભાવ ઓછો થતો નથી.

૧૧. ભક્ત ભગવાન્ ઉપર ઝઝૂમે છે.ત્યારે ભગવાન્ તેને મદદ કરે છે.તેને પડવા દેતા નથી,પણ સંભાળી લે છે.

૧૨. ભગવાન્ પાસે કાંઈને કાંઈ લઈને જવું,ખાલી હાથે ન જવું.ભેટ

આપવાનું કારણ-સંબંધમાં આવે,આપણને તે દ્વારા યાદ કરે.એમ કોઈને કોઈ રીતે ભગવાનના સંબંધમાં આવવું,પોતાની સત્તા-મમતા પ્રભુને સમર્પણ કરવાં.

૧૩. કોઈ પણ કર્મ ભગવાનને ભૂલીને ન કરવું;ભગવાનનું સ્મરણ કરીને,રજા લઈને,કરવું.

૧૪. ભગવાનમાં રુચિ હોય તે લૌકિક ને ધક્કો મારે છે.

૧૫. સેવા છોડીને સ્મરણનો વિચાર ન કરવો.

૧૬. સેવા સાથે સ્મરણ કરવું.

૧૭. અભિમાન હોય તો જ ઉગ્ર થવાય.

૧૮. મનથી થતા સંકલ્પ,બુદ્ધિથી થતા વિચાર,આંખ-આદિ ઈન્દ્રિયોની વૃત્તિયોને રજુ(પ્રભુ સન્મુખ)કરવાનો અભ્યાસ પાડવો.

૧૯. લૌકિક માટે શ્રીયમુનાજીને શ્રમ ન આપવો.

૨૦. પ્રભુ જેને પોતાના કરવા ધારે છે,તેને વૈરાગ્યનું દાન કરવા પ્રતિકૂલતા જ આપે છે.

૨૧. ચાતુરીનું કે જ્ઞાનનું અભિમાન મહાન્ નુકશાન કારક છે.

૨૨. એક-નિષ્ઠાવાળાની ભૂલ પ્રભુના દરબારમાં દરગુજર થાય છે.

૨૩. ઊંચે જવું હોય તો લૌકિક-વ્યવહાર પ્રારબ્ધ ઉપર છોડી દેવો. અનુકૂળ નિવડે તો આનંદ ન કરવો.પ્રતિકૂલ નીવડે તો પસ્તાવો ન કરવો. બધાની બુદ્ધિને પ્રભુ પ્રેરે છે,-ફેરવે છે.

૨૪. પ્રભુ લૌકિકની અનુકૂલતા આપે,તો અલૌકિક ખોરવાઈ જાય.તે માટે પ્રતિકૂલતા મળે એ જ અનુગ્રહ કહેવાય.

૨૫. લૌકિક-સંબંધ પ્રારબ્ધ પ્રમાણે જ બંધાવાનો છે.અનુકૂલતા વા પ્રતિકૂલતામાં નિમિત્ત પ્રારબ્ધ જ છે.

૨૬. બને તેટલું સ્મરણ અને સામાને અનુકૂલ બની સેવા કરવી એજ કૃપા મેળવવાનું સાધન છે.વ્યવહાર-શુદ્ધિની બાબતમાં ખાસ મતલબ એ છે કે પરમાર્થના માર્ગે જનારનો વ્યવહાર જૂઠ-પ્રપંચ-ખટપટવાળો ન હોવો જોઈએ.એ વ્યવહાર-શુદ્ધિનું લક્ષણ છે.જેટલો આવશ્યક વ્યવહાર હોય તે નિષ્પ્રપંચ હોવો જોઈએ.

૨૭. વ્યવહાર શુદ્ધ હોય તો જ પરમાર્થ સુધરે.વ્યવહાર એ પરમાર્થની મહાશાળા છે.પરમાર્થ બગાડીને વ્યવહાર કરવાનો હોય જ નહિ.જે વ્યવહાર પરમાર્થમાં નડતર-રૂપ હોય તે છોડવો જ જોઈએ.

૨૮. ભૂલ કબુલ કરવાની જ્યાં તૈયારી હોય અને જાણ્યા બાદ અમલમાં મૂકવાની તૈયારી હોય ત્યાં બીક ન રાખવી.

૨૯. સામાના ચિત્તને અનુસરવું એ જ સેવા.આ સેવા જેમ વધુ બને તેમ વધુ લાભ,-મનનું સાન્નિધ્ય એ જ સાચું સાન્નિધ્ય છે.

૩૦. સ્થાયિભાવ હોય તો લૌકિક માંગણી કરવાની જરૂર નથી અને જો આવેશિ ભાવ હોય તો જ ટકી રહેવાય તે પ્રભુ પાસે માંગણી કરવી સારી છે.

૩૧. માગણી કરવી એ સાધનદશાની વાત છે અને ન કરવી એ ઊંચી દશાની વાત છે,એ દશા ઉપર ઠેઠ સુધી ટકી રહેવાય તો લૌકિક માગણી કરવાની જરૂર નથી.

૩૨. પ્રારબ્ધનો ક્ષય તો ભોગથી જ થાય છે.વળી,પ્રારબ્ધ-ભોગ બીજી રીતે પ્રભુની ભક્તિ કરવામાં પણ સહાયક છે;એટલે પ્રારબ્ધનો એક રીતે આપણા ઉપર ઉપકાર છે.પ્રારબ્ધને ક્ષીણ કરવાનું સાધન આર્તિ છે,પ્રારબ્ધ સૌને ભોગવવું જ પડે છે.

૩૩. હરકતો અને પ્રતિબંધો વિના મનુષ્ય ઘડાતો નથી.પ્રભુ એક બાજુ હરકતો-પ્રતિબંધો દ્વારા પ્રારબ્ધને ક્ષીણ કરે છે;અને બીજી બાજુ પોતાના,કરવા દૃઢ કરવા,પ્રતિબંધો આપે છે હરકતો પૂર્વના પ્રારબ્ધને લઈને જ આપે છે.

૩૪. બધા આગળ નિર્દોષ થવાની તાલાવેલી રાખવી નહિ.

૩૫. પ્રારબ્ધ કર્મનો મોટો ઉપકાર સમજવો કે પ્રારબ્ધજન્ય હરકતોથી ઘડાઈને પ્રભુ તરફ જવાનો માર્ગ ખુલ્લો થાય છે.એ પ્રારબ્ધ પણ ગોડ સેન્ટ (GOD SENT) છે.

૩૬. લૌકિક-વ્યવહાર ભક્તિની વાડરૂપ છે.લૌકિક માટે પ્રભુને શા માટે શ્રમ આપવો?

૩૭. પ્રભુને જો અલૌકિક સુધારવું ન હોય તો અનુકૂલતામાં પણ ન

સુધારે અને સુધારવું હોય તો પ્રતિકૂલતામાં પણ સુધારે.

૩૮. કોઈ વખત લૌકિક કરતાં અલૌકિકથી વિમુખ થવું પડે તો આપણા અધિકારની ખામી જાણવી.

૩૯. સેવામાં પ્રભુનું સુખ, નામ-સ્મરણમાં આપણું સુખ છે.સેવા સાથે એવી ભાવનાથી નામસ્મરણ કરવું કે હૃદય શુદ્ધ થયે તત્સુખની સેવા થઈ શકે.લૌકિક કાર્યો અગર આગતા-સ્વાગતા આવી પડેલ કરવાં,ઉપસ્થિત ન કરવા.

૪૦. સામાના આત્માને શાંતિ મળવાથી તેના આશિષથી પ્રભુ આપણું સાંભળે એ માન્યતા લૌકિકમાં ભળતાં તટસ્થવૃત્તિ ન રાખી શકાય.એ આપણી લૌકિક આસક્તિ બતાવી આપે છે.

૪૧. લૌકિકના કડવાં અનુભવોથી લોકેષણા શિથિલ થશે.ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળતી ટકતી નથી.

૪૨. મોટાનો ક્રોધ સામાને સુધારવા માટે હોવાથી દોષરૂપ ગણાતો નથી.

૪૩. વાણી દ્વારા હૃદય(આશય) હાથમાં આવે(સમજાય)છે.પ્રભુ પોતાના જનનું હિત જ કરે છે,હિત કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ હિત જ કરશે,-એવો વિશ્વાસ રાખવો.

૪૪. અલૌકિકની પ્રાપ્તિ માટે લૌકિક કરવાનું આવે તો લૌકિકનો વાંધો નથી.લૌકિકનું પર્યવસાન અલૌકિકમાં આવવું જોઈએ.

૪૫. કેટલાક વિચારો ઊંચા આવે,પણ દેશ-કાલ અને અધિકાર-અનુસાર કેટલાક તો ધ્યેયમાં જ રાખવાના હોય અને કેટલાકને અમલમાં મૂકવાના હોય.ભાવ પ્રભુસન્મુખ થવા માટે રાખવો.દરેક બાબતનો અમલ કરવામાં પ્રભુને ભૂલવા નહિ.

૪૬. માનસિક અશાંતિ પ્રારબ્ધજન્ય હોય છે.

"કનૈયા બિન કો જાને મન કી"

૪૭. ઘરનાં કામકાજ તો કરંડીઆ જેવાં છે.એમાંથી કામકાજ ખૂટવાનાં નથી.એ આંધળો એટલે પાણી વિનાનો કૂવો છે.એની મમતા છોડીએ તો જ આપણે કાંઈક પ્રભુ-સંબંધી કરી શકીએ.આવી પડેલી ફરજ વેઠની પેઠે,નિર્લેપ રહીને,કરવી.

૪૮. જે બાબતો ઉદ્વેગ ઊભી કરતી હોય તે બધી બાબતોને,હરકતોને-પ્રતિબંધોને;પ્રભુની આ પણ એક લીલા છે;-એમ માનીને;પ્રભુને શરણે જવું,જેમ વધુ સહન કરીએ,તેમ વધુ સહન કરવાનું આવે,તો પ્રારબ્ધભોગ ક્ષીણ થાય છે.

૪૯. વ્યવહાર-વિરુદ્ધ કોઈ કાર્ય ન કરવું.વ્યવહારમાં પડ્યા વિના વ્યવહાર આવડે નહિ.આપણું ધાર્યું કદાપિ ન થવું જોઈએ.તેમ થવામાં પોતાની અહંતા ઘૂંટાય છે.પ્રભુની ઈચ્છાને આધીન થઈને રહેવું-,એ જ ઈષ્ટ છે.

૫૦. આપણો માર્ગ તાપાત્મક હોવાથી જે વસ્તુ તપીને મળે તે જ ઠરે છે;અને તપ્યા વિના મળે તે સ્થાયી થાય નહિ.દુનિયામાં બધાને અમૂક પરિસ્થિતિ ભોગવવી પડે છે,તેનું કારણ પોતે જ છે.હાથનાં કર્યાં હૈયે વાગી રહે,અને ગંભીર પરિસ્થિતિ ભોગવવી પડે છે.એમાં બીજું કોઈ નિમિત્ત નથી;માટે સહન કરવું જ જોઈએ.

૫૧. મારામાં ધારણા પ્રમાણેની લાયકાત નથી,એમ અંતઃકરણથી માનવું.એ આગળ વધવાની નિશાની છે.

૫૨. ભગવદ્-ધર્મ ગુપ્ત રહે તો સારું છે.એના રક્ષણ માટે લૌકિક-વૈદિકની વાડ રાખવી જોઈએ.

૫૩. આપણા માર્ગમાં તાપ જ મુખ્ય છે,ઈન્તેજારી મુખ્ય છે. પુષ્ટિમાર્ગમાં બાહ્ય-ત્યાગની જરૂર નથી,આંતર-ત્યાગ જોઈએ.સેવાનો અભ્યાસ રહેશે તો ભાવનું દાન થશે.

૫૪. પ્રભુ-પ્રેરણા વિના કોઈ પણ કાંઈ બોલી શકતું નથી.માટે પ્રભુ જ આપણા હિત માટે બીજી વ્યક્તિ દ્વારા વાણીના પ્રહારો કરાવે છે,માટે સહન કરવું; અને પ્રભુને ભૂલવા નહિ.નિર્દોષ દેખાવાની તાલાવેલીની જરાયે જરૂર નથી.સામાને કષ્ટ થાય એ આપણો ધર્મ નથી.

૫૫. હૃદય હમેશાં કોઈ આગળ ખોલવાનું હોતું નથી,કારણ-પ્રકટ કીયે રસ જાય.

૫૬. કોઈ પણ વ્યક્તિ સાથે દિન-પ્રતિદિન સંબંધ વધે,પછી અતિ

પરિચયે અવજ્ઞા થવાનો સંભવ રહે છે.માટે ક્યાં સુધી અસંભાવના-વિપરીત-ભાવના એ નિભાવી શકે તેમ છે,તે જોવું;અને ભવિષ્યમાં સામાની વિપરીત-ભાવના કે શંકા ઉપસ્થિત થવા સંભવ હોય તો સંબંધ ટૂંકાવી નાખવો જોઈએ.

૫૭. પ્રભુની ભક્ત પ્રત્યેની ઊંચી ભાવના જોઈ ભક્તે તો પોતાની અધમતા જ ઘૂંટવી કે,અરે! પ્રભુ ધારે છે તેવી યોગ્યતા ક્યારે પ્રાપ્ત કરાવશે?એવી દીનતા રાખવી.

૫૮. અધિરાઈ અને અવિશ્વાસનું સ્વરૂપ સરખું જ છે.એટલે, અધિરાઈના ઓથે અવિશ્વાસ હૃદયમાં ન પેસી જાય;તે ધ્યાનમાં રાખવું.

૫૯. (૧)આર્તિ રાખવી,(૨)મનોરથો મનથી કરવા,(૩)પ્રભુને શરણે જવું.

૬૦. (૧)પોતાના હાથે સેવા કરવી,(૨)જીભે નામ લેવું,(૩)ઊંચા મનોરથો કરવા,(૪)શરણભાવના કરવી.મનોરથો ઊંચામાં ઊંચામાં ઉઠે,તો જાણવું કે આપણો ઊંચો જ અધિકાર છે.સમય પ્રાપ્ત થયે પ્રભુ જરૂર કૃપા કરશે જ.જો ઊંચો અધિકાર ન હોય તો,પ્રભુ ઊંચા મનોરથો કરાવે જ નહિ.

૬૧. સત્સંગનો અમલ કરવા આર્તિ રાખવી.ભક્તિમાર્ગમાં આર્તિ જ મુખ્ય છે.પ્રભુની પ્રસન્નતાનું સાધન એકમાત્ર દૈન્ય જ છે.પ્રભુપ્રાપ્તિની આશાએ પ્રભુનું ભજન કરવું.પ્રભુપ્રાપ્તિ અર્થે પોતે કાંઈ જ કરી શકતા નથી-એવી દીનતા પ્રભુમાર્ગે આગળ લઈ જનારી છે.

૬૨. આર્તિ અને પ્રેમને નિકટનો સંબંધ છે.જ્યાં આર્તિ છે ત્યાં પ્રેમ છે;અને જ્યાં પ્રેમ છે ત્યાં જ પ્રભુ માટે આર્તિ થવા સંભવ છે.આર્તિનું દાન શ્રીમહાપ્રભુજીના હાથમાં છે.પ્રભુ જરૂર આર્તિનું દાન કરશે જ.

૬૩. મન દુનિયામાં ભટકે છે,-એટલું હૃદયમાં ભાન છે,એ પ્રભુકૃપાનું ચિહ્ન છે.પ્રભુકૃપા ન હોય તો,પોતાની ભૂલ દેખાય નહિ,અને કરીએ છીએ તે બરાબર છે,એવું અભિમાન ઘૂંટાય.કાંઈ બનતું ન હોય,મનને શાંતિ ન હોય,શું કરવું-શું ન કરવું?-એ સૂઝતું ન હોય,એ આર્તિ સાધનાત્મક છે.

૬૪. બને તેટલું નામ-સ્મરણ કરવું.નવરાશના સમયે પ્રભુને યાદ કરવા.સારા યા ખોટા વિચારો દર્શાવી પ્રભુની મદદ માંગવી.સદ્બુદ્ધિ માટે વિનંતી કરવી,જેથી ઊંચા પ્રકારનું જીવન ગાળી શકાય. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે-"વદદ્ભિરેવ સતતમ્"-આજ્ઞાનું પાલન થાય તો પણ બસ છે.

૬૫. સંસર્ગ-દોષથી બચાય એમ નથી,પણ ખાનપાનાદિમાં પરવશ થઈને મર્યાદાનો ત્યાગ ન કરવો.

૬૬. જેમ જેમ લૌકિક આવેશ વધે,તેમ તેમ અલૌકિકમાં પાછા પડાય; માટે લૌકિકમાં તો ન જ છૂટકે કરવા જેવું હોય તે જ કરવું.

૬૭. કોઈ લોકો અલૌકિક-માર્ગે જતાં આડે ન આવે અને નિંદા ન કરે-,એવી બીકથી આપણે આપણું અલૌકિક ન છોડવું,એ તો વીંછીના ભયથી સર્પના મુખમાં પડવા જેવું છે;કારણ વીંછીના ડંખથી પીડા થાય પણ માણસ મરે નહિ;અને સર્પના દંશથી તો અવશ્ય માણસ મરી જાય.

૬૮. લૌકિક-જીવો સ્વાર્થપ્રધાન હોય છે.તેમને સ્થાયિભાવ કદાપિ હોતો નથી;અને થવાનો પણ નથી,એ નક્કી છે;માટે જ આવી પડેલ બધી ફરજ અદા કરવી,પણ સાવધાન રહીને,અલૌકિક ગુમાવીને નહિ.

૬૯. પર-ઈચ્છાને માન આપતાં ધીરે ધીરે આસક્ત તો નહિ થઈ જવાય?-એમ સાવધાન રહેવાની ખાસ જરૂર છે;કારણ આપણું મન આપણને છેતરે છે;માટે લૌકિક-કાર્ય બહુ સાવધાનતાથી કરવા જેવું છે. લાગણીવશતા અને વાત્સલ્યવશતામાં જ્યારે ત્યારે લૌકિકમાં ઘસડાતા જવાય;અને પરિણામે આપણું ભગવન્નામ છૂટી જાય છે.સંસર્ગ-દોષમાંથી બચવા માટે જરૂર જેટલું જ સામાના સંગમાં આવવું અને ખાન-પાન-આદિમાં લૌકિક-કારણ બતાવી બચાવ કરવો.

૭૦. ભૂલો બતાવવાથી સામાના દુશ્મન થવાય,માટે ભૂલો ન બતાવતાં ધીરેથી અલગ થઈ જવું,જેથી સંબંધ ન બગડે.

૭૧. ગેરસમજથી,સંગદોષથી કે પ્રારબ્ધથી થતી ભૂલોને છૂપાવવી નહિ;અને ભૂલ ખરી હોય તો કહેનાર ઉપર દ્વેષ ન રાખવો.ભૂલ બતાવનારને મિત્ર માનવો,દુશ્મન નહિ.

૭૨. ખોટામાં ખરાની ભ્રાન્તિ તેમનું નામ મોહ છે.

૭૩. પ્રભુ સિવાય કોઈ પણ ઠેકાણે વિશુદ્ધ ભાવ ટકી શકે નહિ. દુનિયાના માણસોમાં સંયમ નહિ હોવાથી પરિણામ અશુદ્ધમાં જ આવે છે.લૌકિકમાં શુદ્ધિનું પરિણામ,અશુદ્ધિમાં જ આવે છે.સામાને આકર્ષણ થાય,તેવી વાણી બોલવી નહિ;અને એવું વર્તન કરવું નહિ,જેથી ઉપકાર પરસ્પર થવાથી ભવિષ્યમાં નુકશાન થવા સંભવે.

૭૪. સામાની વાણી-કૃતિ અથવા ઉપકારથી બંધન પ્રાપ્ત થતું દેખાય તો,ભલે સામાને ખરાબ લાગે,નારાજ થાય,છતાં વળગણ છોડવા માટે, કડવા શબ્દ કહેવામાં દોષ નથી.

૭૫. જ્યાં ધર્મ જતો હોય,લૌકિક-વૈદિક બગડતાં હોય,તો અંતરમાં આત્મદૃષ્ટિ રાખીને,ઉપરથી નિઃસંગ રહેવાય અને સામાનું આકર્ષણ ન થાય માટે આત્મદૃષ્ટિના વિચારથી,દુશ્મનાવટ થાય એવા કઠોર શબ્દ વાપરવા નહિ,પણ વચલો રસ્તો કાઢવો.

૭૬. બીજાના દોષ જાણવા છતાં,એનું કલ્યાણ ઈચ્છવા માટે,સંભાળી લેવા કે સ્વીકારી લેવા એનું નામ અનુગ્રહ કહેવાય.

૭૭. દેવલક એટલે જે સેવાના બદલામાં પૈસાની અપેક્ષા રાખે;તો એને અડકીને વસ્ત્ર સહિત સ્નાન કરવું પડે.

૭૮. હૃદય શુદ્ધ ભયે પીછે જો ભગવન્નામ લોગે તો,-"કૃષ્ણ નામ જબ તે સુન્યો રી આલી"-જેવો આનંદ આપશે;પણ જો ભટકતા ચિત્તે નામ લેશો તો તમારા પાપ કપાશે.ભટકતે ચિત્તે જો ભોજન કરીએ,તો ભોજનમાં સ્વાદ ઓછો આવે.

૭૯. "સ્વભાવો દુસ્ત્યજો નાથ,લોકાનાં યદસદ્ગ્રહઃ ।"-હે પ્રભો! જીવ સ્વભાવ-દુષ્ટ છે.જે સ્વભાવ-દુષ્ટ છે,એ કોઈ દહાડો બદલાય નહિ. તમે અમને સર્પયોનિમાં જન્મ આપ્યો છે અને તમે પછી કહો કે ફુંફાડો ન મારશો,એ કેમ બને?

૮૦. ભગવદ્-ભજન,પોતાના દોષની સ્ફુર્તિપૂર્વકનું કરવું.

૮૧. ભગવાન્ કૃપા ભક્ત દ્વારા જ કરે છે,સીધી રીતે નથી કરતા.

૮૨. જે બને એમાં હરામખોરી ન કરવી અને ન બને તેનો પશ્ચાત્તાપ કરવો.

૮૩. ભગવાને જીવને જ્યારે પોતાનામાંથી છૂટો પાડ્યો,તે ઘડીએ સંકલ્પ કર્યો છે,-"આ જીવને અમૂક કર્મ કરાવીને અમૂક ફલ આપીશ."

૮૪. તાપ હોય,આર્તિ હોય,તો જ કૃપા થાય છે.

૮૫. મિત્રના ધર્મ કહ્યા છે,-"નિજ દુઃખ ગિરિસમ રજ કરી જાને." પોતાનું પર્વત જેવું દુઃખ રજ સમાન જાણે અને મિત્રનું દુઃખ રજ સમાન હોય તેને પર્વત જેવું મોટું જાણે.જેના આવા ધર્મો નથી,તે માણસ શઠ છે. એની જોડે મિત્રતા ન કરવી.કુમાર્ગે જતો હોય એને રોકીને સારા માર્ગે વાળે એ મિત્ર કહેવાય."લેત દેત મન શંક ન લાઈ"આપવામાં-લેવામાં જરા યે શંકા ન હોવી જોઈએ.

૮૬. સેવક શઠ હોય,રાજા કૃપણ હોય,સ્ત્રી દુષ્ટ હોય અને મિત્ર કપટી હોય,એ ચારેય શૂળ જેવા છે.એમ શ્રીરામચન્દ્રજી સુગ્રીવને સમજાવે છે.

૮૭. બ્રહ્મ-સંબંધ એટલે પ્રભુના માટે યાહોમ થઈ જવું;આપણે ભગવાનને માટે યાહોમ થઈ શકતા નથી.આપણી સેવા સગવડીઆ, આપણું ભજન સગવડીઅું,આપણું નામ-સ્મરણ સગવડીઅું, આપણા મનોરથ સગવડીઆ,આપણી જાત્રા સગવડીઆ,ધર્મ સગવડીઓ,અપરસ પણ સગવડીઆ;બધું જ સગવડીઆ,સગવડ સિવાય બીજું છે શું ?

૮૮. "સજા-દંડ દોનો દિયે કૃપા કરી ભગવન્! "મારા પર કૃપા કરીને મને સજા અને દંડ બન્ને આપ્યાં છે.સજા એટલે શારીરિક પીડા-પાસું ન ફરાય!ઉઠાય નહિ,બેસાય નહિ,ઉભા ન થવાય,બાથરૂમ ન જવાય,આ ઓછી સજા છે?દંડ દ્રવ્યની હાનિ.કોઈ ગુનેગારને દંડ થાય,કોઈને સજા થાય;અને કોઈને દંડ અને સજા બન્ને થાય."મેરે જૈસી પ્રભુકૃપા ભાગ્ય બિન નહિ હોય;સજા દંડ કે સાથમેં સન્મુખ રાખ્યો મોય."

૮૯. "વાંચે પણ નહિ કરે વિચાર,તે સમજે નહિ સઘળો સાર." સમજીને વાંચતા નથી એટલે કશી આપણાને અસર થતી નથી.

૯૦. વિના માગે જો મિલે એ પહેલા નંબરની ભિક્ષા છે.

૯૧. "માગન ગયે સો મર ગયે,મગર મરે સો માગન જાય;

પહેલે હી તે જો મરે,તો હોતે હિ મર જાય."આ વાત સાચી પણ પાછળનો દોહો બદલી નાખ્યો છે.પૈસા છે,પણ આપતા નથી. "પહેલેં હી તે વો મરે જો હોતે હિ મર જાય."અમારા માગવા પહેલાં મરેલા જેવા સમજવા. "ઐસી કૃપા કરીએ પ્રભો મન માગન નહિ ધાય"- એવી કૃપા કરો પ્રભો!મારું મન માગવા માટે દોડા દોડી ન કરે! બાકી વાત સાચી છે.પહેલે હિ વો મરે જો હો તે હિ મર જાય.એટલે ભગવાને આપ્યું છે,તે નથી આપી શકતા?

૯૨. ગુરુ એટલે મોટા-વડીલો.

૯૩. વડીલો જે આજ્ઞા કરે,તેમાં પોતાની બુદ્ધિ લગાવવી નહિ,અને તર્ક-વિતર્કમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરવો.

૯૪. "મૂઠી બાંધકે આયે,મૂઠી ખોલકે જાયે!"

૯૫. સામાને મીઠાશથી મારવો હોય તો તેનાં વખાણ કરવાં,મોટાઈ ગાવી,તો એ ખુશખુશ થશે.

૯૬. વર્ણાશ્રમ-ધર્મ પાળે નહિ કે ભક્તિ પણ બરાબર કરે નહિ,એ ડબલ ગુનેગાર.

૯૭. શાસ્ત્ર સમજીને શાસ્ત્ર પ્રમાણે સાધન કરવું.

૯૮. પરોપકારના ધર્મો જો દુ:ખદાયી,સેવાવિરોધી,હોય તો એ પરોપકાર છોડી દેવો.

૯૯. જેમ કામી પુરુષને સ્ત્રી પ્રિય છે,લોભીને પૈસા પ્રિય છે,એવા ભગવાન્ વહાલા લાગવા જોઈએ.

૧૦૦. લોકેષણા,વિત્તેષણા અને દારેષણા ન હોવી જોઈએ.

૧૦૧. પ્રભુને ઉચિત-ધર્મના અધિકારી જીવો હવે બહુ રહ્યા નથી. શ્રીહરિરાયજી શ્રીમહાપ્રભુજી કહી ગયા છે,-"ભક્તિમાર્ગ સ્તિરોભૂતસ્તથા સંગઃ સતામપિ।"-પ્રભુને ધર્મને સમેટવો છે,કારણકે અધિકારી રહ્યા નથી.ભક્તિમાર્ગ અને સત્પુરુષોનો સંગ પણ તિરોહિત થયો છે.

૧૦૨. જિહ્વા-સ્વાદથી પ્રસાદ ન લેવો,આત્માની શુદ્ધિ માટે લેવો.

૧૦૩. પોતાના દોષોનો વિચાર નિત્ય કરવો જોઈએ.તાપ-ક્લેશ પણ થવો જ જોઈએ.સ્વદોષસ્ફુર્તિ વિના દીનતા આવે જ નહિ.દીનતાના પણ બે ભેદ છે,-એક ફલરૂપા અને એક સાધનરૂપા.

૧૦૪. જે ઈન્દ્રિયનું ભગવત્-કાર્ય સ્પષ્ટ ન દેખાય,ઈન્દ્રિય ભગવત્-કાર્ય ન કરતી હોય,એનો વિનિગ્રહ કરવો જોઈએ.

૧૦૫. "અગ્નિ"-બોલવાથી દઝાતું નથી,પણ અગ્નિ ઉપર પગ પડ્યો હોય તો દાઝી જવાય છે.રૂપ-ધ્યાન વિનાનું નામસ્મરણ પૂરેપૂરું નહિ ફળે.

૧૦૬. અનોસરમાં આપણે નામ-સ્મરણ કરવું.સેવામાં ભગવાન્ જીવને યાદ કરે છે.સેવામાં ભગવદ્-ભક્ત જે અર્પણ કરે,નિવેદન કરે,તે દ્વારા એ અર્પણ કરનાર ભક્તનું સ્મરણ થાય છે,માટે જ સેવા ફળરૂપા છે.

૧૦૭. જેને ભગવાનની સેવા કરવી હોય તેને પ્રકૃતિ ઉપર વિજય મેળવવો જોઈએ.જેને ભગવદ્-ભક્તની સેવા કરવી હોય તેણે તેમનો સ્વભાવ જાણી લેવો જોઈએ.

૧૦૮. ઈચ્છા દ્વેષ ઉભો કરે.ઈર્ષ્યા એ માનસિક દોષ છે.

૧૦૯. જેવું સુખ-દુ:ખ મને થાય છે,એવું સામાને થાય,-આવો વિચાર આનું નામ આત્મદષ્ટિ.આત્મદષ્ટિ બે પ્રકારની,-એકસિદ્ધ-દશાની અને બીજી સાધન-દશાની

૧૧૦. તમારા પુરુષાર્થથી સુખી છો કે ભગવાનની કૃપાથી?

૧૧૧. જ્યાં સુમતિ ત્યાં સંપત્તિ-,જ્યાં મતિ સુંદર નથી ત્યાં આગળ કુમતિ.

૧૧૨. "મમ કર્મની કથની થકી ભયભીત છું ગોકુલપતિ!"

૧૧૩. પ્રભુ પ્રસન્ન કરવા હોય તો ત્રણ વાત યાદ રાખવી-,

(૧)પ્રાણી માત્ર ઉપર દયા,-ચાહે બ્રાહ્મણ હોય,કે હરિજન હોય કે વાણીયો હોય,ગમે તે ન્યાતનો હોય,પણ દુ:ખી જો હોય તો એને આપણે આપણી શક્તિ પ્રમાણે મદદ કરવી જોઈએ.

(૨)જે કાંઈ ભગવાન્ આપણને મેળવી આપે એમાં સંતોષ.

(૩)ઈન્દ્રિય ઉપર કાબુ.એમને બહેકવા દેવી નહિ.શ્રીભાગવત એમ કહે છે કે,-જલ્દીમાં જલ્દી ભગવાનને પ્રસન્ન કરવા હોય તો આ ત્રણ ઉપાય

છે,પણ આ ત્રણ વસ્તુ અઘરી છે.લોભ ન છૂટે તો સંતોષ આવે નહિ. ભગવાન્ બધે વિરાજે છે,આખા વિશ્વમાં વ્યાપક છે એ ન સમજીએ ત્યાં સુધી આપણને દયા ન આવે.

૧૧૪. ભગવાન્ જ્યાં સુધી શિક્ષા ન કરે,ત્યાં સુધી અક્કલ ઠેકાણે આવવાની નથી.

૧૧૫. જેને કરવું છે તેને બધા રસ્તા છે;અને જેને નથી કરવું તેને એકેય રસ્તો ન મળે. અધિકાર પ્રમાણે રસ્તો ભગવાન્ જરૂર કરી આપે છે.

૧૧૬. જેને પોતાના દોષ દેખાય,એ બીજાના દોષ ઘૂંટે નહિ.બીજાના દોષ ઘૂંટવાનો અધિકાર નથી.બીજાનો દોષ ઘૂંટે એટલે સમજવું કે પોતાના દોષ દેખાતા નથી.એ દોષ ક્યારે સૂઝે?જ્યારે કોઈ સંતની કૃપા થાય.

૧૧૭. હે પ્રભો!ક્યાં તો કૃપા કરો કે દંડ કરો!તમને જે યોગ્ય લાગે તે કરો!

૧૧૮. જે માધુર્ય લીલા વ્રજમાં કરી છે,તે મથુરામાં કરી નથી,માટે વ્રજની અધિકતા છે.

શ્રીહરિ:

પ્રભુના અનુગ્રહનું સ્વરૂપ

શ્રીમુખ બોલ્યા શ્રીહરિ,
હોય જેને અતિશય અનુગ્રહ મારો રે ; ।
તેને અહીં સ્વપ્ને પણ સુખ નહીં, છે મૂલથી એ મારો ધારો ॥૧॥

મહાવ્યાધિ તેનું તન પીડું, પરદેશે ભટકાવું રે ; ।
સુહૃદ-બંધુ વિક્ષેપ કરાવું, વિનંતી ન મનમાં લાવું. અનુગ્રહ ॥૨॥

નિંદાવું અપમાન કરાવું, ચિત્ત ઉદ્વેગ ઉઠાડું રે; ।
ધનહાનિ લૌકિક-ક્લેશ, બહુ કષ્ટે કરી જિવાડું. અનુગ્રહ. ॥૩॥

સંચિતને ક્રિયમાણ દોષ, પ્રારબ્ધ ન સંભવે જેને રે ; ।
કુંતીસુત અતિવલ્લભ મુજને, જુઓ અતિદુઃખ તેને. અનુગ્રહ. ॥૪॥

પાપજનિત જો તાપ દાસનો, કેમ ન ટલે મુજ નામે રે ; ।
મુજ રુચિજનિત કષ્ટ નવ ચાલે, ઉપાય બલ તે ઠામે.અનુગ્રહ. ॥૫॥

અકળ અટપટી લીલામાંહી, કશું કહ્યું નવ જાય રે ; ।
કેટલાક જનને ચલાવું અનીતિ, તદપિ ન દુઃખી તે થાય.અનુગ્રહ. ॥૬॥

કરું ન થવાનું થવું મટાડું, હું સ્વતંત્ર સહુ ભાંતે રે ; ।
તદપિ નિજજન અહિત કદાપિ, નાજ કરું સહુ વાતે.અનુગ્રહ. ॥૭॥

મુજ ઈચ્છા નહીં શાસ્ત્ર નિયામક, મુજને ગમ્યો તે ન્યાય રે ; ।
કુકૃતિ ભક્ત કદિ નિજ રુચિ માનું, અવળું સવળું થાય.અનુગ્રહ. ॥૮॥

હું સર્વજ્ઞ કાલકર્માદિક મુજ, આધીન લ્યો જાણી રે ; ।
દયા પ્રીતમ શ્રીવલ્લભજન, નહીં દુભવું ધ્રુવવાણી.અનુગ્રહ. ॥૯॥

પુષ્ટિ-ભક્ત

દર્શને સ્પર્શને જેના, સત્સંગે સહવાસથી;
જાગતી હૃદયે પુષ્ટિ, પુષ્ટિભક્ત નમો નમઃ ૧

શુદ્ધ,સમૃદ્ધને તીર્થ, ખેડાનું બન્યું મંદિર;
પ્રેરણા સ્વાર્પણે જેના, પુષ્ટિભક્ત નમો નમઃ ૨

નિરોધરસ રેલાવી, શુકવાણી વિશારદે;
પીધાં પાયાં કથામૃતો, પુષ્ટિભક્ત નમો નમઃ ૩

અભિજ્ઞ શાસ્ત્ર સંગીતે,તલ્લીન હરિમાં થઈ;
કીર્તનો કરતા મીઠાં, પુષ્ટિભક્ત નમો નમઃ ૪

અસારે ખલુ સંસારે, મૈત્રી બાંધી નિભાવતા;
સ્વાર્થને અળગો રાખી, પુષ્ટિભક્ત નમો નમઃ ૫

સાક્ષી શ્રીકૃષ્ણની સેવા, સાક્ષાદ્ ભાવે બની શકે;
દેખાડ્યું આચરી જેણે, પુષ્ટિભક્ત નમો નમઃ ૬

સી-૧,રાજહંસ સોસાયટી
અમદાવાદ-૬

શ્રીઈન્દુભાઈ ચુનીલાલ પરીખ

શ્રીહરિઃ

કેવા હતા એ પ.પૂ. ભાઈ ?!

(પૂ.પા.પ.ભ.દાદાજીનાં અંતેવાસી શાં સેવારત મુ.સવિતાબેન શાંતિલાલ પરીખના લેખનમાંથી સંક્ષિપ્ત.)

કેવા હતા એ ભાઈ ?! ગુણગાન તેમનાં કેટલાં ગાઈએ ?! તેઓ પરમ-ભગવદીય, દૈવીજીવ હતા. ખેડા-બેઠક-મંદિરમાં તેમણે ખૂબ સેવા કરી. સેવા-રીત,શૃંગાર,વસ્ત્ર,સામગ્રી,કીર્તન વગેરેના યોગ્ય ક્રમ-સમન્વયનું તેમને ખૂબ જ જ્ઞાન હતું.તારસ્વરે-ઉચ્ચ કંઠે તે કીર્તનો કરતા. અવાજ તો ભાગોળે પહોંચે! પહાડી-રાગ છતાં મધુરતા તેમાં છલકાય ! સંગીતનું પણ તેમને પૂરું જ્ઞાન !

નાનપણથી ગરીબાઈમાં તેઓ ઉછરેલા. ખૂબ સાદા,છતાં ઉદાર!ખેડાના હોવા છતાં અમને તેમનો સહવાસ ખૂબ મોડો થયો, એ અમારાં કમભાગ્ય! મારા પતિ તો તેમના પર વારી જતા!વીસ વર્ષના પરિચયમાં પણ લાભ તો થોડો જ લેવાયો! અમે સૌ તેમને "ભાઈ" જ કહેતાં.પાછળથી સંબંધ ગાઢ થતો ગયો.

તેમના જેવી પુષ્ટિભક્તિવાળી શ્રીભાગવતકથા કરનાર ગુજરાતમાં કોઈ નહિ. શરૂઆતમાં સાત દિવસની સપ્તાહ કરતા,પાછળથી તો ભાગવતવૃત્તિ જ છોડી દીધી. પછી તો કથા મહિનો-દોઢ મહિનો ચાલે ! કથામાં સૌ પ્રથમ તેઓ શ્રીભાગવતજીનું પૂજન કરે. નિરાજન વખતે નીચે ઉતરીને ઊભા રહે.મુખ્ય-કોઈ-વ્યક્તિ (મનોરથી) વ્યાસપૂજન કરે. પછી કથારંભ થાય. પછી પૂજન કે અવાજ કાંઈ ન થાય. પ્રભુનાં ગુણગાન કરતાં તેમનાં મુખમાંથી અમૃત જાણે ઝર્યા જ કરે ! જાણે રસ પીધા જ કરીએ ! પછી જાણે કાંઈ બાકી જ ન રહે ! પણ આપણાં જેવાનાં સમજ અને આચારમાં ઉતરવું સહેલું છે ? તેમણે તો ઘણું આપ્યું,જેના પર જેવી પ્રભુની કૃપા હશે, જેવું ભાગ્ય હશે, તેવું ઝીલાયું હશે.

ખેડા-મંદિરે "ગોપીગીત"-પ્રસંગે,"**जयति तेऽधिकम्**"-કરતાં જ ભાઈ તો તલ્લીન થઈ ગયા ! ધ્રુસકે ધ્રુસકે રડતા જાય,કથા કરતા જાય !

છેવટે કથા બંધ કરવી પડી. નવસારી-કથામાં પણ, કંસવધ પછી શ્રીનન્દરાયજીને ગોકુલ પાછા જવાનું પ્રભુએ કહ્યું,-"તમે રે નંદજી ગોકુલ સંચરો રે, ઉતરવા યમુનાજીની ધાર જો; મારી માને નહિ હોય ગોઠતું રે,તમે રે ..."-કહેતાં તો,આ જ દશા થયેલી! વિરહ-વ્યાકુલતા થઈ રહી. બીજે દિવસે પણ, યશોદા-નંદજીને પૂછવાની વાત હતી,-"યશોદા પૂછે પીયૂને પ્રેમથી રે, કુંવરને ક્યાં મૂકીને આવ્યા જો ?મુખથી બોલે પણ બોલાય નહિ રે, યશોદા પૂછે..."પુનઃ એ જ વ્યાકુલતા થઈ!જાણે પોતે જોતા કે અનુભવતા હોય ?! દિવસો સુધી આ કથાની અસર રહે ! આવા તાદૃશી કથાકાર ક્યાં મળે ?!

મનમાં છે તે વાણીમાં નથી આવતું! શું લખું ? ! "હા ! ગોકુલકે રાજા!" -તેમના મુખમાં વિરહવ્યથાથી ગુંજતું જ હોય ! દેહ દૂર છતાં મન તો ત્યાં જ હોય.

ઉમરગામમાં મહાદેવલીલામાં શ્રીનન્દમહોત્સવ વખતે મહાદેવના વેશમાં,- "મેં જોગી જશ ગાયા રે બાલા,મેં જોગી જશ ગાયા,"-ગાતાં બે કલાક આવેશમાં અદ્ભુત રીતે. ભાઈ નાચેલા ! ખેડા-મંદિરે તો તેવા વેશ વગર પણ આવેશ-માત્રથી ખૂબ નાચેલા ભાઈ ! રાચેલા સૌ !

કેટલુંક લખાય ? પુસ્તકો ભરાય ! મને લખતાં આવડતું નથી. મારા પિતાના હરિશરણ થયા પછી પ.પૂ.ભાઈના સાનિધ્યમાં સાન્ત્વન, સન્માર્ગ,સેવા-સ્મરણ-સુખ મળ્યાં.છેલ્લાં દશ વર્ષથી તેઓ ગોકુલ રહ્યા. ત્યાં પણ મને લાભ મળેલો.જીવન જીવતાં,ભૂલોમાંથી બચતાં, પ્રભુને અનુકૂલ રહેતાં શીખવતા.૯૬ વર્ષ તેઓ જીવ્યા.મારું તો મન ધરાતું જ નથી ! જાણે સામે બેઠેલા ભાઈ ખસતા જ નથી ! આઠ કલાકનો નિત્ય નિયમ તે કરતા. ત્રણસો-ચારસો સર્વોત્તમજી-પાઠ પણ કરે. રોજ બે વાગે રાતે ઉઠે!તે તો નિકુંજમાં ગયા. તેમના સત્સંગમાંથી જીવનમાં અમે કાંઈક લાવીએ,તેવા આશીર્વાદ તેઓ વરસાવે.

卐

श्रीहरिः

॥ श्रीगोपीजन वल्लभाय नमः ॥

॥ श्रीमदाआचार्यचरणकमलेभ्यो नमः ॥

बुद्धिप्रेरक कृष्णस्य पादपद्मं प्रसीदतु ।
ध्यानासमर्थजीवानां अस्माकं सर्वदा स्वतः ॥

"શ્રીયમુનાજી તિહારો દરસ મોહિ ભાવે,શ્રીગોકુલકે નિકટ બહત હો, લહરન કી છબિ આવેં"-શ્રીમદ્ ગોકુળનું સ્મરણમાત્ર,જે ચિત્રસ્વરૂપ કે જે છબિ એક સામાન્ય માનવીના મનમાં ઉપજાવે એના કરતાં કાંઈક વિશેષ-તાદૃશ્ય અનુભૂતિ મેં મારા બાળપણમાં શ્રીમદ્ ગોકુલમાં રહીને પ્રત્યક્ષ માણી છે.પૂ.પા.પ.ભ.મારા નાનાજી શ્રીવ્રજવલ્લભજીના જ્યેષ્ઠ દીકરી પૂ.જમનાબેન અને એમના જ્યેષ્ઠ દીકરી પૂ.કમુબેનનો દીકરો હું એટલે પ.પૂ.શ્રીવ્રજવલ્લભજીનો પ્રદૌહિત્ર અને એ કુળમાં-એ ઘરમાં બિરાજતા મારા નાનાજીની કૃપાને કારણે બાળપણ શ્રીગોકુલમાં વીતેલું. પિતૃસુખથી વંચિત બાળકના જીવનઘડતર-કારકીર્દિ ઘડતરની ચિંતા પ.પૂ.નાનાજીને થઈ.પરિણામે માતૃશ્રી કમુબેન સાથે મને ખેડા આપશ્રીના જ વડવાળી શેરીના મકાનમાં રહેવા મોકલ્યો.કાંઈ સમજણ ન પડે એવી બાલ્યાવસ્થાનું આ ઝાંખું સ્મરણ.

પ.પૂ.મામાજી એટલે અમારા બીજા નાનાજી(મનથી માનેલા-અનુભવેલા) પૂ.શાસ્ત્રીજી શ્રીનવનીતપ્રિયજી(નડીઆદ)અને અમદાવાદ તથા ખેડાના પૂ.નાનાજીના ખાસ શિષ્યોને આપે મારું ધ્યાન-સંભાળ રાખવાની જવાબદારી સોંપેલી.ખેડામાં અમારી આજીવિકા માટે ખાસ એક નાણાંકીય ટ્રસ્ટ રચેલું,જેના થકી મહિને આવક મળી રહેતી.નાનપણથી જ સંઘર્ષમય જીવન.અભણ પણ ગણેલી માતાનું શ્રેષ્ઠ સંસ્કાર-સિંચન અને એક સૂત્ર કાંઈક સારું થયું,કાંઈક સફળતા મળી તો " પૂ.નાનાજી અને પૂ.મામાજીના આશીર્વાદથી ! "શાળામાં વેકેશન પડે એટલે શ્રીગોકુલ જવાનું.પ્રાતઃ શ્રીગોકુલનાથજીના મંદિરમાં મંગલાદર્શન-પછી પ્રભુશ્રી નવનીતપ્રિયજીના મંગલાદર્શન-શ્રીયમુનાપાન અને પછી ઘેર આવીને પ.પૂ.નાનાજી સાથે સત્સંગ.એક મહિનો રોજ સવારે દસ વાગ્યે પોસ્ટ-ઓફિસ ટપાલ લેવા

જવાનું.અનેક ટપાલો આપશ્રી પાસે અનેક સ્થળોથી આવે.એ આપ સંમુખ વાંચવાની અને પછી આપશ્રી એ ટપાલોના વિસ્તૃતમાં જવાબો લખાવે.ક્યારેય કંટાળો ન આવે-પ્રભુકૃપાથી અને ભગવત્‌સ્વરૂપ આપના આશીર્વાદથી !

બપોરે આપશ્રી માટે બનાવેલી છાશમાંથી પ્રસાદી મળી જતી.સાંજે પાંચ વાગ્યે અનુક્રમે શ્રીમંગલાચરણ,શ્રીયમુનાષ્ટક,શ્રીસર્વોત્તમસ્તોત્ર, નિત્યપાઠના બે-બે શ્લોક આપ સંમુખ મોઢે બોલવાનો ક્રમ પછી શ્રીગોકુલનાથજીના મંદિરમાંથી શયનદર્શન કરી પાછો ફરું એટલે મને પૂછે, "બોલ બેટા,ઠાકોરજી ક્યાં બિરાજેલા ? કયું કીર્તન પ્રથમ ગવાયું?"-કયાં પુષ્પોની માળા ઠાકોરજીએ ધારણ કરેલી?"-એમાંથી જ જાણવા મળ્યું ઉષ્ણકાલમાં પ્રભુ શ્રીગોકુલનાથજી શયન માટે ચોકમાં બિરાજે અને પ્રભુને પણ કોમલસ્વરૂપે જલ-પુષ્પની ઠંડક ખપે !

એકવાર ઉનાળાની રજાઓમાં પુનઃ શ્રીગોકુળમાં હતો.સંભવતઃ છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો હોઈશ.ખેડાથી અમારી જ શેરીના એક વૈષ્ણવ શ્રીગોકુલમાં પૂ.નાનાજીને દંડવત્ કરવા પધારેલા.આપે પૂછ્યું, "ભરત બરાબર અભ્યાસ કરે છે ને ?"પેલા વૈષ્ણવે કહ્યું, "એ તો ઉત્તરાયણ પર ધાબાની પાળી ઉપર ઉભો રહી પતંગ ચગાવે છે,પડી જાય તો ?" વૈષ્ણવ તો ગયા.આપે મને બોલાવ્યો અને ગુસ્સાથી કહ્યું, "મેં તને ત્યાં ભણવા મૂક્યો છે,તારી દુઃખી માનો તું આધાર છે,આમ નિષ્કાળજી રાખ્યે ન પોષાય !"મેં દંડવત્-પ્રણામ કરી ક્ષમા માંગી.હવે કોઈ ફરીઆદ નહીં આવે તેવી ખાતરી આપી,પણ આપની મારા માટેની ચિંતા-આદેશ-બોધ બધું જ બરાબર-કાયમ માટે સમજાઈ ગયા.ત્યારબાદ ધો.૧૨ (બોર્ડમાં)ખેડા કેન્દ્રમાં પ્રથમ અને અમદાવાદ કોલેજકાળમાં ગોલ્ડ-મેડાલીસ્ટ થયો ત્યારે આપશ્રીની અનુપસ્થિતિમાં કોને ગર્વ પમાડું?,એ વિચારે અત્યંત અફસોસ થયો.

આપશ્રીનાં ચરણ દબાવવા,માથે ક્રીમ ઘસવી અને મોડી રાત સુધી જ્યારે આપશ્રી પાઠ-માળા કરતા હોય ત્યારે ઊભાઊભા આપને પંખો કરવો-આ બધામાંથી એ નાની ઉંમરે-સહેજ પણ ખચકાટ વગર-સ્વભાવિક

કર્મ સમજીને કર્યા કરવાથી નિઃસ્વાર્થ સેવાના સંસ્કાર હાડમાં ઉતર્યા,જે માતૃશ્રીની ત્રણ વર્ષની કષ્ટદાયક માંદગી દરમ્યાન સહજ નિઃસંતાપ અમલમાં મૂકાયા.

આપશ્રીને દંડવત્ કરવા-સત્સંગાભિલાષી વૈષ્ણવો,શિષ્યો,ધર્માચાર્યો, સ્વયં પૂ.ગોસ્વામી બાલકો ઘેર પધારે ત્યારે આપના શ્રીમુખે શ્રીમદ્-ભાગવતના પ્રસંગો ઊંચા-ક્વચિત્ હર્ષાશ્રુ સાથેના-સ્વરે સાંભળવાનું અહોભાગ્ય સાંપડેલું.આપશ્રી છેલ્લાં થોડાં સમય જે શારીરિક કષ્ટપીડામાં પણ આનંદ-સાક્ષાત્ પ્રભુમિલનનો આનંદ-માણતા જે સહનશક્તિ મેં જોઈ છે,એ જોતાં તે વખતના દિલ્હીના પ્રખ્યાત ડોક્ટરો પણ ચમત્કાર માનતા અને સ્વેચ્છાએ નિયમિત આશીર્વાદનો લ્હાવો લેતા.

વ્યવસાયે શિક્ષક છું.પ્રભુકૃપાથી નિતિમત્તા,પ્રામાણિકતા અને કલ્યાણકારી વિદ્યાદાનથી સફળ પણ છું.(આ બધું સાંપ્રત સમયમાં ખૂબ કઠિન છે,પણ પ્રભુ શક્તિ-માર્ગ પ્રેરે જ છે.)ઘરમાં આપશ્રીના પધારાવેલું સ્વરૂપ બિરાજે છે.ખેડા બેઠકમંદિરમાં આપશ્રીનો કીર્તન-સત્સંગનો વારસો સાચવવાનો યથામતિ-યથાશક્તિ પ્રયત્ન પણ કરી રહ્યો છું.

ગુજરાતના વૈષ્ણવ-સમાજના ઘણા લોકો પોતાની સામેથી ઓળખાણ આપીને મને મળવા આવે છે અને ખૂબ કૃતજ્ઞતાપૂર્વક જણાવે છે કે મારા નાનાજીના પ્રયત્નોથી એમને નોકરી મળી છે કે આપના આશીર્વાદથી સાધન-સંપન્ન છે.ત્યારે અને આપશ્રીના નામસ્મરણમાત્રથી સર્વત્ર જે માન પ્રાપ્ત થાય છે તેનાથી ધન્યતાની લાગણી અનુભવું છું.ભગવદીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના મુખે જ્યારે આપના કથા દરમ્યાનના પ્રસંગો-અનુભવો સાંભળું છું,પ.પૂ. ગોસ્વામી બાલકોના શ્રીમુખે જ્યારે આપશ્રીના પ્રત્યે આદરભાવ સાંભળું છું,ત્યારે જે ભક્તિ-જ્ઞાન-સાક્ષાદ્ ભગવત્‌કૃપાથી વંચિત રહ્યો છું,તેની અંતઃકરણપૂર્વક અપાર ગ્લાનિ અનુભવું છું. ગુજરાતના ધનિક શ્રેષ્ઠિ કુટુંબોની ત્રણ-ત્રણ પેઢીઓ સુધી આજે પણ જ્યારે મારા પૂ.નાનાજી પ્રત્યેની આસ્થા,શ્રદ્ધા જોઉં છું ત્યારે સાચી સંસ્કારિતા, આધુનિકતાનાં પણ દર્શન થાય છે. "**वदद्भिरेव सततम्**", "**प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत् ।**" આ સિદ્ધાંતો જ જીવન બનાવે

છે.પ્રભુ જીવ બનાવે છે, પ્રભુભક્તિ જીવન બનાવે છે.શ્રી ગોકુલમાં જ બિરાજતા પ.પૂ.પરમ ભાગવત શ્રીવિજયકુમારજી શાસ્ત્રીજી પાસેથી હમણાં જ પૂ.નાનાજીનાં પધરાવેલાં દિવ્ય માળાજી નિત્યક્રમ માટે અનાયાસે જ પ્રાપ્ત થયા.એક વૈષ્ણવ પાસેથી પૂ.નાનાજી દ્વારા જ પધરાવાયેલો જૂનો હિંડોળો પણ પ્રાપ્ત થયો- જે શ્રી કૃષ્ણચરણાનુરાગ માટે આપશ્રીનો જ અધિકાર આ પામરને પ્રાપ્ત થયો છે.

આ જ રીતે અનંતોનંત પ્રભુકૃપા-ભગવત્‌કૃપા મારા પર, મારી ધર્મપત્ની અ.સૌ.નિરાલી અને સુપુત્રી ચિ.હાર્દી પર સદાય વરસતી રહે,હૃદયની ભાવભૂમિ પુષ્ટિફલાન્વિત બને, આ મન, કર્મ, વચન, બુદ્ધિ, વાણી - એ બધું જ પ્રેરનારા અને પુષ્ટાવનારા શ્રીબાલકૃષ્ણલાલજીના, શ્રીવ્રજવલ્લભજીના દાસધર્મ-રૂપે સાદર દંડવત્-પ્રણામ-જયશ્રીકૃષ્ણ કરતાં વિરમું છું.

લિ.ભગવત્‌કૃપાકાંક્ષી
ભરત વી.શાસ્ત્રીના
સાદર દંડવત્- ભગવત્સ્મરણ-
જયશ્રીકૃષ્ણ.